આપણે શુ કરવુ જોઇયે ?

મુનિશ્રી
[illegible]તપ્રભવિજયજી

પ્રકાશક:
શાહ જયંતિલાલ
આત્મારામ
અમદાવાદ

શ્રાવકે શું કરવું જોઈએ?

-મુનિશ્રી
મુક્તિપ્રભવિજયજી

પ્રકાશક : શાહ જયંતિલાલ આત્મારામ
અમદાવાદ

નામ :

શ્રાવકે શું કરવું જોઇએ ?

© લેખક

સંપાદક :

મુનિ શ્રી હેમભૂષણવિજયજી

મુનિ શ્રી દિવ્યભૂષણવિજયજી

પ્રાપ્તિસ્થાન – પ્રકાશક

શાહ જયંતિલાલ આત્મારામ

C/o 'કલ્યાણ' **સંજીવ બાગ**

નવા શારદા મંદિર રોડ,

અમદાવાદ – 7.

મુદ્રક :

સૌરાષ્ટ્ર ટ્રસ્ટ વતી,

મનુભાઈ બી. નાયક

'પ્રતાપ' પ્રિં. પ્રેસ.

પ્રતાપ સદન,

નાણાવટ, સુરત.

લેખક પરિચય

સિદ્ધાન્ત મહોદધિ, સ્વર્ગીય આચાર્યદેવ, શ્રીમદ્ **વિજય-પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના પટ્ટપ્રભાવક, વ્યાખ્યાન-વાચસ્પતિ, પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ **વિજયરામચન્દ્રસૂરી-શ્વરજી** મહારાજાના પટ્ટપ્રભાવક પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ **વિજય મુક્તિચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાના વિનેયરત્ન પૂજ્ય **મુનિરાજશ્રી જયકુંજર-વિજયજી** મહારાજના વિનેય-**મુનિશ્રી મુક્તિપ્રભવિજયજી**

આવૃત્તિ – પ્રથમ

નકલ – 3000

લેખક તરફથી

લખવા જેવું કશું છે નહિ છતાં પુસ્તકનો બધો યશ કોઈ મારે માથે ન ઢોળી દે એ માટે જ મનની વાત બહાર ખૂલ્લી મૂકવા આ પાનું રોકવું પડે છે.

શ્રાવકજીવનને ઉદ્દેશીને લખાયેલા આ પુસ્તકનું નામ છે, 'શ્રાવકે શું કરવું જોઈએ'? પુસ્તકના પ્રકાશક છે ધર્મપ્રેમી સુશ્રાવક શાહ જયંતિલાલ આત્મારામ. પુસ્તકના સંપાદક છે મુનિરાજશ્રી હેમભૂષણ વિજયજી મ. તથા મુનિરાજશ્રી દિવ્યભૂષણ વિજયજી મ., પુસ્તક અંગે તમામ માર્ગદર્શન આપનાર છે મારા વડિલબંધુ પૂ. મુનિરાજશ્રી પૂર્ણચન્દ્રવિજયજી મહારાજ.

આમ, આ આખા પુસ્તકના સર્જન પાછળ નજર નાખું તો મને મારૂં કશું જ દેખાતું નથી.

અનેક શાસ્ત્ર ગ્રંથોએ મને આધાર આપ્યો છે. પરમઉપકારી, ગચ્છાધિપતિ ગુરૂદેવે દૂર બેઠા બેઠા પણ આશીર્વાદનું બળ પુરૂં પાડયું છે. પૂજ્ય પાદ પ્રગુરૂદેવ આ. દેવ શ્રીમદ્ વિજયમુક્તિચન્દ્રસૂરીશ્વરજી મ. તથા પૂ. પિતાગુરૂ મુનિરાજશ્રીજયકુંજરવિજયજી મ.ની એકધારી કૃપા મળતી રહી છે અને પરમકૃપાળુ પૂ. આ. ભ. શ્રીમદ્ વિજયમહોદયસૂરીશ્વરજી મહારાજાએ પ્રેરણાનું ભાથું કયારે ય ખૂટવા દીધું નથી.

હું તો આ પુસ્તકમાં નિમિત્તમાત્ર છું. છતાં પુસ્તક પર વંચાતું મારૂં નામ, ઉપરોક્ત સહુની ઉદારદષ્ટિનું જ પરિણામ છે.

સંયમધર્મ સ્વીકારવાની અશક્તિથી જ શ્રાવકધર્મ સ્વીકારનાર શ્રાવક આ પુસ્તક દ્વારા પોતાના શ્રાવકપણાને ઉચ્ચતમ બનાવી, તક મળતાં સાધુપણું સ્વીકારી, સિદ્ધિપદની પગદંડીએ ચઢવા જરૂર પ્રયત્નશીલ બનશે એ જ શુભેચ્છા.

—મુનિ મુક્તિપ્રભવિજય

સંપાદક તરફથી

મહત્વનું ને મનનીય માર્ગદર્શન આપીને શ્રાવક-જીવનનો સથવારો બની જવાની યોગ્યતા ધરાવતા આ પુસ્તકના સંપાદક-સ્થાનેથી જણાવતા આનંદ થાય છે કે-જાણીતા લેખક અને કવિ પૂ. મુનિરાજશ્રી મુક્તિપ્રભવિજયજી મહારાજની કલમે આલેખાયેલા આ સાહિત્યને, પૂ. પરમકારૂણિક આચાર્યદેવ શ્રીમદ્‌વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાની ગીતાર્થ દૃષ્ટિ-તળેથી પસાર થવાનું સૌભાગ્ય મળ્યું છે. તદુપરાંત પૂ. આચાર્યદેવ શ્રીમદ્‌વિજયકનકચન્દ્ર સૂરીશ્વરજી મ., પૂ. આચાર્યદેવ શ્રીમદ્‌વિજયમહોદય સૂરીશ્વરજી મ. પૂ. મુનિરાજશ્રી કીર્તિયશવિજયજી મ. તથા મુનિરાજશ્રી શ્રેયાંસપ્રભવિજયજીમહારાજ આદિ અનેક મુનિવરોએ આ પુસ્તકને સંશોધી આપવાની કૃપા કરી છે.

સુશ્રાવક જયંતિલાલ આત્મારામની ભાવનાને સાકાર કરવામાં નિમિત્તમાત્ર બનવાનો અમને અવસર મળ્યો, અને એના દ્વારા આ રીતના સ્વાધ્યાયમાં સહભાગી બનવાનું ભાગ્ય મળ્યું-એનો આનંદ નાનોસૂનો નથી. આ આનંદની અનુભૂતિને શબ્દદેહ આપતા અંતે એટલી આશા વ્યક્ત કરવાની કે—

'શ્રાવકે શું કરવું જોઈએ'નું વાંચન-મનન શ્રાવકના દિલમાં સાચાં જૈનત્વનું જાગરણ કરી જાય એને એના અંતરમાં એક ભાવના-ગીત સતત ઘૂંટાતું રહે કે-**સંયમ કબહી મિલે સસનેહી પ્યારા!**

નગીનભાઈ પૌષધશાળા — **મુનિ હેમભૂષણ વિજય**
પાટણ, આસો સુદ ૧૦ — **મુનિ દિવ્યભૂષણ વિજય**

શાસન દિવાકર જૈનાચાર્ય
શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

શ્રાવકનું જીવન કમળનું જીવન !

કમળ કાદવમાં પેદા થાય, પાણીથી એ વધે, છતાં આ બંનેથી એ અલગ રહે ! શ્રાવક કર્મથી જન્મે, ભોગથી વધે, છતાં આ બંનેથી અલિપ્ત રહે ! શ્રાવક એટલે કમળ !

—શ્રીમદ્‌વિજયરામચન્દ્રસૂરીશ્વરજીમહારાજા

શ્રાવક એટલે કમળ ! કેટલી સચોટ, સુંદર અને સમજાણ-સાધ્ય આ વ્યાખ્યા છે ! શ્રાવક જો જીવન જીવી જાણે, તો એ કમળની જેમ અનેકને આદર્શ પૂરો પાડવા સાથે, અનેકના આકર્ષણનું કેન્દ્ર બનીને રહે !

કર્મના યોગે જેને જન્મવું પડ્યું છે અને પુણ્યના યોગે જેની સામે ભોગની ભાતીગળ દુનિયા ખડી કરી દીધી છે, એવા શ્રાવકને જળ-વમળ-મળભર્યા સરોવરમાં કમળની જેમ નિર્મળ જીવન જીવવાની મહત્વની માહિતી પૂરા પાડતા એક સંગ્રહ-ગ્રંથની ખોટ આ પ્રકાશન પૂરી પાડશે, એ નિઃશંક વાત છે.

મોક્ષ મેળવવા જેવો લાગી જાય, સંયમ લેવા જેવું જણાઈ જાય અને સંસાર છોડવા જેવો જચી જાય ! આ પછી જ શ્રાવક-જીવનની સાધનાનો સૂર્યોદય થઈ શકે. સંભવ છે કે-સંસાર છોડવા જેવો જણાય,

છતાં કર્મની પરવશતા એને સંસાર ન પણ છોડવા દે! આવી અવસ્થામાં શ્રાવકે શું કરવું જોઈએ? કેવું જીવન જીવવું જોઈએ? કે જેથી સંયમ-જીવનને રોકતી કર્મ પરવશતાની પક્કડ ઢીલી પડતી જાય! એનો વ્યવસ્થિત નકશો એટલે જ 'શ્રાવકે શું કરવું જોઈએ!'નું યથાર્થ નામ ધરાવતું આ પ્રકાશન!

જયવંતુ જિનશાસન તો અનેકાનેક અજોડ-વિશેષતાઓના વૈભવનું પ્રતીક છે. ભગવાન-ભાખ્યું મુનિ જીવન જ અજોડ નથી! ભગવાને જે શ્રાવક જીવન પ્રરૂપ્યું છે. એય અજોડ છે. શ્રાવક જીવન જીવનારે પણ ઘણો-ઘણો ત્યાગ-વિરાગ કેળવવાનો છે. માટે જ તો પંડિત શ્રી વીરવિજયજી મહારાજે 'શ્રાવક વ્રત સુરતરૂ ફળિયો!' એમ પૂજામાં ગાયું છે. શ્રાવક માટે એથી જ તો શાસ્ત્રે 'નિયમા વેમાણિયો હોઈ' કહીને એની સદ્‌ગતિ માટેની બાંહેધરી આપી છે. અને વંદિતા સૂત્રે એના માટે 'અપ્પોસિ હોઈ બંધો'નું વિધાન કર્યું છે. શ્રદ્ધા, વિનયવિવેક અને ક્રિયાનો જ્યાં સુમેળ છે, એવું આ શ્રાવકત્વ ઘરમાં-ઘરમાં અને ઘટ-ઘરમાં પ્રતિષ્ઠિત થાય-એવી આશા રાખવા સાથે લઘુબંધુ મુનિશ્રી મુક્તિપ્રભવિજયજીનો પુસ્તક લેખનનો આ પ્રયાસ, સહુ શ્રાવકો માટે શું કરવું જોઈએ? એનો માર્ગ દર્શાવતો રહે એ જ એક અભિલાષા સેવું છું.

શીતલવાડી જૈન ઉપાશ્રય
આસો વદ ૮ સુરત.

—**મુનિપૂર્ણચન્દ્રવિજય**

આચારનો અરીસો

વિશ્વના સર્વ જીવોનું આત્મકલ્યાણ થાય તે માટે મોક્ષમાર્ગના દાતાર શ્રી અરિહંત પરમાત્માએ જે માર્ગ દર્શાવ્યો તે જૈન ધર્મ.

આવા શ્રી જિનેશ્વર ભગવાનના ધર્મનો અનુયાયી તે જૈન. શ્રી વીતરાગ દેવની આજ્ઞાનો ધારક અને પાલક તે જૈન. શ્રી વીતરાગદેવના શાસનનો સાચો સેવક તે જૈન. દેવ–ગુરૂ અને ધર્મને સમર્પિત બુદ્ધિવાળો તે જૈન. રાગદ્વેષાદિ અંતરંગ શત્રુઓનો વિજય કરવાની ભાવનાવાળો તે જૈન.

વિષય અને કષાયને સંપૂર્ણ જીતનાર તે જિન. તેવા જિનના વચન પ્રમાણ કરનાર તે જૈન. પરમાત્માના વચનોનું શ્રવણ, તેનો વિવેક અને તે મુજબ યથાશક્તિ આચરણ કરવા કટિબદ્ધ રહેનાર તે જૈન.

જૈન, જાતિથી નહિ પણ ગુણથી થવાય છે. તેથી જ જન સામાન્ય અને જૈન વચ્ચે મોટું આંતરૂં પડે છે. જન અને જૈન વચ્ચેનો આવો ફરક આ ગ્રન્થમાં પૂજ્ય મુનિભગવંતે સુંદર રીતે બતાવ્યો છે.

સંસારમાં અનાદિકાળથી જીવ સ્વભાવ છોડી પરભાવમાં રાચે છે. એમાંથી મુક્ત થઈ સાચી દિશામાં પ્રગતિ કરી શકે તે માટે શ્રી જૈન-શાસનમાં '**ज्ञानक्रियाभ्यां मोक्षः**' એ સૂત્ર બતાવ્યું છે. જ્ઞાન અને ક્રિયા ઉભયના યોગથી જ મોક્ષ મળે છે એમ કહેતું જૈનદર્શન એ આત્મદર્શન છે. આત્મા સાથે પરમાત્મા, જીવ સાથે શિવ અને ખૂદ સાથે ખુદાનું મિલન કરી આપનાર આ દર્શન છે.

વિભાવદશામાંથી સ્વભાવદશામાં આવવા માટે, વિરાધકભાવમાંથી આરાધક ભાવમાં આવવા માટે, અનંતકાળની અજ્ઞાનદશાનો છેદ ઉડાડી, સહજાનંદી, સિદ્ધસ્વરૂપી એવું નિર્વાણપદ પ્રાપ્ત કરવા માટે શ્રી જિનેશ્વર ભગવંતોએ જે આચારમાર્ગ બતાવ્યો એ માર્ગને અનુસરનારો જીવ તે જૈન.

શ્રી જિનેશ્વરદેવને નમનારો, પૂજનારો, તેમના જ ધ્યાનમાં રહેનારો, તેમના ઉપદેશને, આચારને, આચારના ફળસ્વરૂપ સિદ્ધ પદને અને સિદ્ધપદની પ્રાપ્તિમાં સહાયભૂત થનાર સાધુધર્મને આદર આપનારો, હૃદયના બહુમાનપૂર્વક મન – વચન – કાયાથી પ્રણામ કરનારો તે જૈન, આવા જૈનને – શ્રી જિનેશ્વરદેવના અનુયાયીને 'શ્રાવક' નામથી પણ ઓળખવામાં આવે છે.

શ્રી વીતરાગ વર્ત્મના ઉપાસક અને આરાધક શ્રાવકે શું કરવું જોઈએ ? એની આ પુસ્તક ખૂબ જ ઉપયોગી માહિતી પૂરી પાડે છે.

શ્રાવકની કરણી, એનાં રોજનાં, રાત અને દિવસનાં, પર્વતિથિનાં, ચાતુર્માસનાં, અને વર્ષ આદિનાં કર્ત્તવ્યો અદા કરવાની વિવિધ ફરજોનું નિરૂપણ કરીને તે જૈન–શ્રાવક સામાન્ય જનથી કેવો વિશેષ રીતે

અલગ તરી આવે છે. અને વિશુદ્ધ એવી આત્મદશાને પામવા રૂડું અને રૂપાળું, હિતકર અને પ્રીતકર એવું સંયમી જીવન બનાવી શકે છે તેનો વિશદ વિચાર આમાં કરવામાં આવ્યો છે.

શ્રાવક જીવનનો સાર તો સ્વાધ્યાય અને સંયમરત એવું સાધુજીવન છે. સાધુજીવનનો સાર આત્માની સિદ્ધઅવસ્થા–વીતરાગ અવસ્થા છે. એટલે શ્રાવકમાંથી સાધુતા અને સાધુતામાંથી વીતરાગતા એ એનું ફળ છે.

આ ફળને આત્મસાત્ કરવા માટે, હૃદયમાં રહેલી સાચી તાલાવેલીને જગાડવા માટે આ ગ્રન્થ ખૂબ જ સહાયક બને એમ છે.

વિચારમાં હોય તે વર્તનમાં આવે તો જ દીપે. શ્રી જિને કહેલું તે જ સાચું અને શંકા વગરનું લાગે તો જ સમ્યગ્જીવન જીવાય. હોઠ અને હૈયાની એકતા જળવાય તો જ શ્રાવક જીવનની સાચી મીઠાશ મણાય.

કર્મનો નાશ અને એ દ્વારા ભવ – ભ્રમણનો વિનાશ કરવા માટે પ્રયત્નશીલ આત્મા, પરમાત્માની અનુપમ ભકિતનો હૈયામાં વાસ અને તે દ્વારા આત્માનો વિકાસ સાધવા ઇચ્છતો આત્મા મોક્ષના મુકામે પહોંચ્યા વિના રહે નહિ. સંસાર એ જીવ માટે રહેવા લાયક જગા નથી. રહેવા લાયક શાશ્વતું સ્થાન તો આનન્દધામ મોક્ષ જ છે. તેથી સંસારની પરંપરા-માંથી છૂટવા માટે વ્યાકુળ અને પ્રભુના ચીંધેલા સંયમમાર્ગે જવા આતુર જીવનાં હૈયામાં એ જ ભાવના રમ્યા કરે કે 'કયારે હું અહીંથી છૂટું...?' શકિત હોય તો એ સાધુપણું જ અંગીકારકરે, અને ન હોય તો અનન્ત કરૂણાના સાગર પરમાત્માને હૃદય સિંહાસન પર સ્થાપીને, પોતાના આત્માના ઉદ્ધાર અર્થે દેશવિરતિ ધર્મનો આરાધક બને, હેય ઉપાદેયનો વિવેક કરે. અતિમર્યાદિત જરૂરિયાતોવાળું સંતોષીજીવન જીવવા ઉદ્યમ-શીલ બને.

પુદ્ગલ પદાર્થોની પારાવાર આસક્તિમાં ફસાયેલા અને ત્યાગમાર્ગે સંયમશૂરા રહેવાની અશક્તિનો એકરાર કરતા આજના સત્ત્વહીન મમતાભર્યા જીવોને સમતાભર્યા સંયમી જીવનનો સ્વાદ લગાડે તેવી, ખુમારીભર્યું અને વીરતાભર્યું જીવન જીવવાની ઇચ્છા જગાડે તેવી, આત્માના અનંત સુખનો અનુભવ કરાવવા, બહિરાત્મા મટી, અંતરાત્મા બની પરમાત્માની કક્ષાએ પહોંચવા સુધીની પ્રેરણા પૂરી પાડે તેવી, ઘણી–ઘણી ઉપયોગી બોધપ્રદ બાબતો આ ગ્રંથમાં આપોઆપ વણાઈ ગઈ છે.

પ્રથમ છ કર્તવ્યમાં શ્રાવકે દિવસ, રાત્રિ, પર્વ, ચાતુર્માસિક, વાર્ષિક અને જીવનભરના કર્તવ્ય–કર્મોમાં શું કરવું જોઈએ ? તેનો વિશદ વિચાર કરવામાં આવ્યો છે. ત્યાર બાદ સમ્યક્ત્વમૂલ બારવ્રત; પ્રત્યેક માનવના જીવનમાં જરૂરી પાયા સમા પાંત્રીસ ગુણો, આહારશુદ્ધિ અંગે બાવીસ અભક્ષ્ય ત્યાગ આદિની સૂક્ષ્મ સમજ પણ પ્રસ્તુત પુસ્તકમાંથી પ્રાપ્ત થાય છે.

શ્રમણ જીવનનો આદર્શ પૂરો પાડનાર, સામાયિક જીવનનું દિવ્ય ઘડતર ઘડવામાં મદદ કરનાર, આત્મિક વિકાસમાં પ્રેરણાનું પીયૂષ પાનાર, આ પુસ્તકનું પૂજ્ય **મુનિરાજશ્રી મુક્તિપ્રભવિજયજી** મહારાજે કરેલું આલેખન, શ્રાવક જીવનના શ્રેયને સધાવનારું, જીવનમાં માંગલ્યનું પરોઢ જગાવનારું અને આત્માની અનંત ઋદ્ધિને પ્રગટ કરવા માટે જોઈતી જરૂરી ભૂમિકા પૂરી પાડવાનું ગૌરવ ધરાવે તેવું છે.

વિશેષ તો હું શું લખું ? પરમાત્માના શાસન પાસે હું તો એક સાવ પામર અને સાવ અજ્ઞાન બાળ છું. કુવાનો દેડકો સાગરની વિશાળતા ક્યાંથી માપી શકે ?

જન્મથી અજૈન પણ જિનેશ્વરદેવ પ્રત્યેના હૈયામાં જામેલા હાડોહાડ વિશ્વાસથી જૈન બનેલો હું જિનેશ્વર દેવોનો અને એમના ચીંધ્યા માર્ગે ચાલનારા સુવિહિત ગુરૂભગવંતોનો માનું એટલો ઉપકાર ઓછો છે. શ્રી તીર્થંકર પરમાત્માઓએ આવા અનુપમ ધર્મતીર્થની સ્થાપના ન કરી હોત ને આવા શુદ્ધ ધર્મની વિશ્વને અણમોલ ભેટ ન ધરી હોત તો અને શ્રી તીર્થંકર ભગવંતોએ સ્થાપેલા ધર્મને આપણા સુધી લાવવાનો મહાન ઉપકાર સુવિહિત ગુરૂદેવોએ ન કર્યો હોત તો આજ મારા જેવા પામર આત્માઓનો હાથ કોણ ઝાલત એ પ્રશ્ન છે.

જનમાંથી જૈન અને જૈનમાંથી જિનેશ્વરદેવના સાચા શ્રાવક બનવાના કોડ સેવતા મારા જેવા કૈંક પામરોમાં પ્રાણ પૂરવાનું શ્રેય આ પુસ્તકને પ્રાપ્ત થાય એવી આશા અને અભિલાષા.

Arts-Commerce College
Jamdusar-Gujarat
8-10-79.

પ્રો. કે. ડી. પરમાર

'શ્રાવકે શું કરવું જોઇએ?' પુસ્તક માટે ખાસ
પરમારાધ્યપાદ પરમશાસનપ્રભાવક વ્યાખ્યાન વાચસ્પતિ
ગચ્છાધિપતિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્
વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા
દ્વારા પ્રાપ્ત થયેલ મનનીય માર્ગદર્શન

મહાશ્રાવકની દિનચર્યા

આત્મમુક્તિનો અનુપમ રાજમાર્ગ :-

સારાય વિશ્વના જીવોને શ્રી જિનશાસનના રસીયા બનાવવાની ઉત્કૃષ્ટ ભાવનાના યોગે શ્રી તીર્થંકર–નામ કર્મની ત્રીજા ભવે નીકાચના કરી અન્તિમ ભવમાં ત્રણે જ્ઞાને સહિત જન્મ પામી, જ્ઞાન પ્રધાન જીવન જીવી, ચાર ઘાતી કર્મનો ક્ષય કરીને અનંત જ્ઞાન પ્રાપ્ત કરી, ઉત્કૃષ્ટ સિદ્ધિઓના શિખરે પહોંચ્યા બાદ પણ વિશ્વના જીવો સ્વપર કલ્યાણ સાધી શકે એવું શાસન સ્થાપિત કરનાર અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્મા અને તે તારકની આજ્ઞાઓની જ અખંડ આરાધના કરવા દ્વારા સ્વપર શ્રેય સાધી ગયેલા પરમ ઉપકારી પરમર્ષિઓ ફરમાવે છે

કે 'આત્મનિસ્તારનું અમોઘ સાધન એક માત્ર સમ્યગ્ ચારિત્ર છે. સંસારનો ત્યાગ કરી, મહાવ્રતોનું ધીરતાથી પાલન કરવું, ભિક્ષા માત્રથી જ જીવનનો નિર્વાહ કરવો, સમભાવમાં રહેવું અને અર્થી આત્માઓને ધર્મનો જ ઉપદેશ આપવો; એજ આત્મમુક્તિનો અનુપમ રાજમાર્ગ છે.'

દેશવિરતિધર્મ કોને માટે?...

પરંતુ સઘળાય આત્માઓ, એ રીતિએ સંસારનો ત્યાગ કરી મહાવ્રતોનું ધીરતાથી પાલન કરી, ભિક્ષા માત્રથી જીવનનો નિર્વાહ કરી અને ધર્મનો જ ઉપદેશ આપી જીવન વિતાવી શકતા નથી. શ્રી જિનેશ્વર દેવના શાસનને પામેલા દરેક આત્માને એવું સર્વવિરતિ જીવન પામવાની ઈચ્છા તો જરૂર હોય જ. સર્વવિરતિ પામવાની ઝંખના કાયમ હોય: પરન્તુ જે આત્માઓમાં એ જીવન જીવવાની શકિત નથી અથવા તો એ જીવનને પામવાની સામગ્રી જે આત્માઓને નથી મળી, તેઓ પણ થોડા ધર્મનું આરાધન કરી, ધીરે ધીરે શકિત કેળવી શકે અને સામગ્રી મેળવી શકે, એ માટે દેશવિરતિ ધર્મની આરાધના કરવા યોગ્ય છે. ધર્મનું પાલન મુકિતના હેતુથી કરવું જોઈએ.

મુકિત મેળવવાનું અનુપમ સાધન સર્વવિરતિ છે. પણ જેઓ એ સર્વવિરતિધર્મ ન સ્વીકારી શકતા હોય, તેઓએ દેશવિરતિ ધર્મનું પાલન કરવું જોઈએ. અને "ક્યારે એવી શકિત તથા સામગ્રી પ્રાપ્ત થાય, જેથી હું સર્વવિરતિ ધર્મની આરાધના કરી શકું" એવી ભાવના રાખવી જોઈએ.

દેશવિરતિમાં સર્વવિરતિની તાલીમ :

દેશવિરતિ ધર્મ, એ સર્વવિરતિ ધર્મની તાલીમ આપનાર છે. પાંચ અણુવ્રત આદિ બાર વ્રતોનું સ્વરૂપ અને શ્રાવકની દિનચર્યાનો જો બરાબર ખ્યાલ હોય, તો જરૂર એમ સમજાયા વિના રહે નહીં કે સર્વવિરતિ ધર્મ આરાધવાની અશક્તિ પૂરતો જ દેશવિરતિ ધર્મ છે અને એ દેશવિરતિ ધર્મ સર્વવિરતિ ધર્મની તાલીમ આપનારો છે.

દેશવિરતિની સર્વવિરતિ ધર્મમાં અનુરક્તતા :

કલિકાલસર્વજ્ઞ આચાર્યભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ પોતે રચેલા 'યોગશાસ્ત્ર' નામના ગ્રંથરત્નમાં પહેલાં શ્રી સર્વવિરતિ ધર્મનું વર્ણન કર્યા બાદ ઉપસંહાર કરતાં ફરમાવ્યું છે કે :-

"सर्वात्मना यतीन्द्राणा – मेतच्चारित्रमीरितम् ।
यतिधर्मानुरक्तानां, देशतः स्यादगारिणाम्" ॥ २ ॥

ભાવાર્થ : પૂર્વે કહેવાયું તે ચારિત્ર સર્વ પ્રકારે યતીન્દ્રોએ પાળવાનું છે, અને યતિધર્મમાં અનુરક્ત એવા શ્રાવકોએ એનું દેશથી પાલન કરવાનું છે.

અર્થાત્ સાધુ અને શ્રાવક બંનેના ધર્મ એક, દિશા એક, ફેર એટલો કે એક એ ધર્મનું સર્વથા પાલન કરી શકે અને બીજો એ ધર્મનું દેશથી પાલન કરી શકે. ધર્મનું દેશથી પાલન પણ વાસ્તવિક રીતિએ તે જ કરી શકે જે સર્વ પ્રકારે પળાતા ધર્મમાં અનુરક્ત હોય ! સર્વવિરતિ ધર્મમાં અનુરક્તતા આવ્યા વિના, એ ધર્મ તરફ પૂરતો આદરભાવ આવ્યા વિના, 'તરવાનો ઉત્તમમાં ઉત્તમ માર્ગ એ જ છે' એમ હૃદયમાં જચ્યા વિના દેશવિરતિ ધર્મનું યથાયોગ્ય પાલન થઈ શકતું નથી. આથી સ્પષ્ટ છે કે દેશવિરતિ ધર્મ સર્વવિરતિ ધર્મની તાલીમ આપનાર છે.

મહાશ્રાવક કોને કહેવાય ?

આ પછી સમ્યક્ત્વ, વ્યસન ત્યાગ અને દેશવિરતિ ધર્મમાં બાર વ્રતો અણુવ્રતો આદિનું વર્ણન કર્યા બાદ કલિકાલ સર્વજ્ઞ આચાર્ય ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા એ જ 'યોગશાસ્ત્ર' નામના ગ્રંથરત્નમાં 'મહાશ્રાવક કોને કહેવાય ?' એનું વર્ણન કરતાં ફરમાવે છે કે :-

"एवं व्रतस्थितो भक्त्या, सप्तक्षेत्र्यां धनं वपन् ।
दयया चाति दीनेषु, महाश्रावक उच्यते" ॥ २ ॥

ભાવાર્થ : આવી રીતિએ સમ્યક્ત્વ મૂલ બાર વ્રતોમાં રહેલો જે આત્મા 'શ્રી જિનમૂર્તિ – શ્રી જિન મંદિર અને શ્રી જિનાગમ તથા 'સાધુ – સાધ્વી – શ્રાવક – શ્રાવિકા' એ સાત ક્ષેત્રોમાં ભક્તિપૂર્વક અને અતિ દીનોમાં દયાપૂર્વક દ્રવ્યનો સદ્વ્યય કરે છે તે મહાશ્રાવક કહેવાય છે.

અર્થાત્–મહાશ્રાવક જેમ દૃઢતાથી બાર વ્રતોનું પાલન કરે છે તેમ પોતાની પાસે જે દ્રવ્ય હોય તેનો સાત ક્ષેત્રમાં ભક્તિપૂર્વક અને અતિ દીનોમાં દયાપૂર્વક વ્યય કરે છે.

ઉત્તમ ક્ષેત્રોમાં ધનવ્યય :–

આ પછીથી એ જ મહાપુરુષ એ જ ગ્રંથરત્નમાં એને જ અંગે ફરમાવે છે કે :—

"यः सद्बाह्यमनित्यं च, क्षेत्रेषु न धनं वपेत् ।
कथं वराकश्चारित्रं, दुश्चरं स समाचरेत्" ॥ ३ ॥

ભાવાર્થ : પોતાની પાસે વિદ્યમાન, બાહ્ય અને અનિત્ય એવા ધનને જે ઉત્તમ ક્ષેત્રોમાં વાપરી શકતો નથી તે બિચારો દુઃખે પાળી શકાય એવા ચારિત્રને કેવી રીતિએ આચરી શકશે ?

અર્થાત્ જેઓ પોતાની પાસે દ્રવ્ય વિદ્યમાન છતાં અને તે બાહ્ય તેમ જ અનિત્ય છે એમ જાણવા છતાં પણ ઉત્તમ ક્ષેત્રોમાં ધનનો સદ્વ્યય નથી કરી શકતા તેઓ સંસારનો સર્વથા ત્યાગ કેમ કરી શકે ? આ રીતિએ દ્રવ્યની મૂર્છાનો ત્યાગ કરવો અને વિદ્યમાન બાહ્ય અને અનિત્ય વસ્તુથી સ્વપર હિત સાધી લેવું એ મહાશ્રાવકનું ભૂષણ છે.

ધર્મને પામેલા આત્માઓ ઉત્તમ ક્ષેત્રોમાં ધનવ્યય કરવામાં કૃપણ હોતા નથી. જેઓ એ ધનને બાહ્ય માને, અનિત્ય માને, તજવા યોગ્ય માને તેઓ એનો ઉત્તમ ક્ષેત્રોમાં ઉદારતાથી સદ્વ્યય કરવાનું કેમ જ ચૂકે ? તેઓને તો એવા ઉત્તમ ક્ષેત્રોમાં જેટલું ધન થોડું વપરાય તેનું દુઃખ થવું જોઈએ. ધર્મને દીપાવવો હોય, અનુમોદનીય બનાવવો હોય,

એનું વાસ્તવિક ફળ પામવું હોય તો ધનસંપન્ન ધર્મીએ ધર્મકાર્યમાં ઉદારતા કેળવવી જોઈએ.

શ્રાવક ક્યારે, કયી રીતિએ ઉઠે?

આ પછીથી એજ મહાપુરૂષ મહાશ્રાવકની દિનચર્યાનું ટુંકમાં વર્ણન કરતાં ફરમાવે છે કે :-

"ब्राह्मे मुहुर्ते उत्तिष्ठेत् परमेष्ठिस्तुतिं पठन् ।
किं धर्मा? किं कुलश्चास्मि, किं व्रतोस्मी च स्मरन् ॥४॥

ભવાર્થ :-મહાશ્રાવકે બ્રહ્મમુહૂર્તે ઉઠવું જોઈએ. કયી રીતિએ ઉઠવું જોઈએ? તો કે પંચ પરમેષ્ઠિની સ્તુતિ કરતા અર્થાત્ શ્રી નવકાર મંત્રને ભણતાં ઉઠવું જોઈએ. તેમજ મારો ધર્મ શો છે? મારૂં કુળ કયું છે? મારા વ્રતો કયાં છે? એનું સ્મરણ કરતાં ઉઠવું જોઈએ.

પ્રાતઃકાળની જિન પૂજા :-

આ રીતિએ ઉઠી પ્રતિક્રમણ કર્યા બાદ પવિત્ર થઈને મહાશ્રાવકે પોતાના ઘરમાં રહેલા ચૈત્યમાં શ્રી જિનેશ્વરદેવની પુષ્પ, નૈવેદ્ય અને સ્તોત્રોથી પૂજા કરવી જોઈએ. ત્યારબાદ ત્યાં જ યથાશકિત પચ્ચખાણ કરીને મોટા દેવાલયમાં જવું જોઈએ. મોટા જિન મંદિરોમાં વિધિપૂર્વક પ્રવેશ કરીને શ્રી જિનેશ્વરદેવને ફરતી ત્રણ પ્રદક્ષિણા કરીને ત્યાં પુષ્પાદિથી શ્રી જિનેશ્વરદેવની પૂજા કરવી જોઈએ. અને તે પછીથી ચૈત્યવંદન આદિ દ્વારા ઉત્તમ સાધનોથી શ્રી જિનેશ્વરદેવની સ્તુતિ કરવી જોઈએ.

ગુરૂ પાસે પચ્ચખાણ પ્રકાશન :

તે પછી શ્રાવક ગુરૂની પાસે આવે અને નમસ્કાર આદિ પ્રતિપત્તિ-પૂર્વક પોતે જે પચ્ચખાણ કર્યું હોય તેનું ગુરૂ મહારાજની પાસે પ્રકાશન કરે.

ગુરૂની પ્રતિપત્તિ :-

ગુરૂ મહારાજને જોતાં જ ઉભા થઈ જવું. તેઓ પધારતા હોય તો

સામે જવું, મસ્તકે અંજલી જોડવી, ગુરૂ મહારાજનું આસન પોતે પાથરવું, ગુરૂ મહારાજ બેઠા પછી બેસવું, ભકિતથી વંદના અને સેવા કરવી, ગુરૂ મહારાજ જતા હોય ત્યારે તેમની પાછળ થોડે સુધી જવું. આવા પ્રકારે ગુરૂ મહારાજની પ્રતિપત્તિ કરવી. આવી પ્રતિપત્તિપૂર્વક ગુરૂ મહારાજ પાસેથી ધર્મનું શ્રવણ કરવું.

શ્રાવકની અર્થ ચિન્તા :-

પછી ત્યાંથી પાછા ફરીને, શ્રાવક ઉચિત સ્થાને જઈને ધર્મને બાધા ન પહોંચે તે રીતિએ અર્થચિન્તા કરે. અર્થાત્ – ગૃહસ્થને અર્થચિન્તા કર્યા વિના ચાલતું ન હોય માટે વ્યાપારાદિ યથાસ્થાને કરે, પણ એમાં ય એવું તો કાંઈ ન જ કરવું જોઈએ કે જેથી ધર્મને બાધા પહોંચે. આ અર્થચિન્તા એ અનુવાદ છે અને ધર્મને બાધા ન પહોંચાડવી એ વિધિ છે.

રહસ્ય વિચાર :

આ પછીથી શ્રાવક મધ્યાહ્ન કાળની શ્રી જિનપૂજા કરે. તે પછી ભોજન કરીને, શાસ્ત્રના અર્થોનાં રહસ્યોનો તેના જાણકારોની સાથે વિચાર કરે.

સંધ્યાકર્મ :

ત્યાર બાદ સંધ્યાકાળે દેવપૂજા તેમજ આવશ્યક કર્મ એટલે પ્રતિક્રમણ કરી શ્રાવક ઉત્તમ સ્વાધ્યાયને કરે.

અલ્પનિદ્રા :

શરીરની સ્થિરતા ટકે તેટલો કાળ સ્વાધ્યાયમાં વ્યતીત કરીને દેવ અને ગુરૂના સ્મરણથી પવિત્ર થઈને શ્રાવક પ્રાયઃ અબ્રહ્મનો ત્યાગ કરીને અલ્પનિદ્રા કરે. આ સ્થળે પણ અલ્પતાનું વિધાન છે પણ નિદ્રાનું વિધાન નથી. શ્રાવક જેમ પરસ્ત્રી ત્યાગી હોય તેમ સ્વસ્ત્રી સંતોષી હોય એટલે કે સ્વસ્ત્રીને વિષે પણ એ આસક્ત ન હોય. માટે

ભાગે શ્રાવક બ્રહ્મચર્યનું પાલન કરે. અને જેણે આવી રીતિએ દિવસનો ભાગ વીતાવ્યો હોય તે સહેજે વિષયથી વિમુખ જ હોય છતાં એ શ્રાવક છે, ગૃહસ્થ છે, માટે પ્રાયઃ શબ્દ વપરાયો છે. એ સર્વથા બ્રહ્મચારી જરૂર હોવો જોઈએ.

નિદ્રાભંગ વખતની વિચારણા :

જ્યારે નિદ્રાનો છેદ થાય ત્યારે શ્રાવક શ્રી સ્થુલભદ્ર આદિ સાધુઓએ કરેલી સ્ત્રીના શરીરની નિવૃત્તિનો પરામર્શ કરવા સાથે સ્ત્રીઓના અંગના સ્વરૂપનો વિચાર કરે. એ કઈ રીતિએ? તો કે સ્ત્રીઓના શરીરો નિરંતર મળ – વિષ્ટા – શ્લેષ્મ, મજ્જા અને હાડકાઓથી ભરપૂર છે, પણ સ્નાયુથી સિવાયેલ હોઈને એ ધમણની માફક બહારથી સુંદર લાગે છે. બાકી જો સ્ત્રીના શરીરનો બહાર અને અંદરના ભાગનો વિપર્યાસ કરવામાં આવે તો તે શરીરનું કામી પુરૂષોને ગીધ અને શીયાળીયાથી રક્ષણ કરવું પડે. જો સ્ત્રી રૂપ શસ્ત્ર વડે કરીને જ કામ જગતને જીતવાને ઈચ્છે છે તો એ મૂઢ મતિવાળો તુચ્છ એવા પીંછાને જ કેમ ગ્રહણ કરતો નથી? અહો સંકલ્પથી ઉત્પન્ન થતા આ કામે વિશ્વને વિડમ્બિત કર્યું છે તો એ કામના એ સંકલ્પરૂપ મૂલને જ હું ઉખેડી નાખું !

વધુ વિચારણા :-

આ ઉપરાંત તે શ્રાવક પોતાનામાં જે જે બાધક દોષો હોય તે તે બાધક દોષોની પ્રતિક્રિયાનો, દોષોથી મુક્ત થએલા એવા મુનિઓ ઉપર પ્રમોદને પામીને વિચાર કરે. અર્થાત્ અમુક દોષ મારામાં છે તે દોષ મુનિમાં નથી. તેમને ધન્ય છે અને મારે એ દોષ કાઢવા માટે એની પ્રતિક્રિયાનો સ્વીકાર કરવો જોઈએ. વળી સર્વ જીવોની દુઃખરૂપ ભવ સ્થિતિને ચિંતવતો શ્રાવક સર્વ જીવોને માટે સ્વાભાવિક સુખના સંસર્ગ-વાળા મુક્તિપદની ઈચ્છા કરે. અર્થાત્ સંસારમાં રહેવું એ જ સર્વ જીવોને માટે મોટામાં મોટું દુઃખ છે અને જ્યાં સુધી મુક્તિ સુખ ન મળે ત્યાં સુધી સંસારનું દુઃખ જવાનું જ નથી માટે સારાયે વિશ્વના

જીવોને સુખી જોવાને ઇચ્છતો શ્રાવક એમ વિચારે કે 'સૌ કોઈ મુક્તિ સુખને પામો !' આવી રીતિએ પોતાના દોષ નિવારણનો અને સંસારની દુઃખમયતા તથા મોક્ષની સુખમયતાનો વિચાર કર્યા બાદ, પોતે ગ્રહણ કરેલાં વ્રતોના પાલનમાં સ્થિર રહી શકે અને પુણ્યપુરૂષોની અનુમોદનાનો લાભ પામી શકે એવી રીતિએ વિચારે કે ઉપસર્ગના પ્રસંગોએ પણ વ્રત પરાયણતામાં દૃઢ રહેલા અને શ્રી તીર્થંકરદેવે પણ જેઓની પ્રશંસા કરી છે તે કામદેવ આદિ પુરૂષોને ધન્ય છે !

કામદેવ બાર વ્રતધારી શ્રાવક હતા અને દેવના ભયંકર ઉપસર્ગ છતાં પણ પૌષધ વ્રતમાં ચલિત થયા ન હતા. આથી ભગવાન શ્રી મહાવીરદેવે તેમની પ્રશંસા કરી હતી. શ્રી જિનેશ્વર જેના દેવ છે, દયા જેનો ધર્મ છે અને શ્રી જિનાજ્ઞામાં વર્તતા સુસાધુઓ જેના ગુરૂ છે એવા શ્રાવકપણાની કોણ પ્રશંસા ન કરે ?

શ્રાવકને કરવાના મનોરથો :-

શ્રાવકે કેવા મનોરથો કરવા જોઈએ તેનું વર્ણન કરતાં કલિકાલ સર્વજ્ઞ આચાર્ય ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા પોતે રચેલા "શ્રી યોગશાસ્ત્ર" નામના ગ્રંથરત્નમાં ફરમાવે છે કે :—

" जिन-धर्म-विनिर्मुक्तो, माभूवं चक्रवर्त्यपि ।
स्यां चेटोऽपि दरिद्रोऽपि, जिनधर्माधिवासितः " ॥ १ ॥

" त्यक्तसंगो जीर्णवासा, मलक्लिन्न कलेवरः ।
भजन्माधुकरीं वृत्तिं, मुनिचर्यां कदा श्रये " ॥ २ ॥

" त्यजन् दुःशील संसर्गं, गुरुपादरजः स्पृशन् ।
कदाहं योगमभ्यस्य, प्रभवेयं भवच्छिदे " ॥ ३ ॥

" महानिशायां प्रकृते कायोत्सर्गे पुराद्बहिः ।
स्तम्भवत्स्कन्धकषणं, वृषाः कुर्युः कदा मयि " ॥ ४ ॥

" वने पद्मासनासीनं, क्रोडस्थितमृगार्भकम् ।
कदा घ्रास्यन्ति वक्त्रे मां, जरन्तो मृगयुथपाः " ॥ ५ ॥

" शत्रौ मित्रे तृणे स्त्रैणे, स्वर्णेऽश्मनि मणौ मृदि ।
मोक्षे भवे भविष्यामि, निर्विशेषमतिः कदा " ॥ ६ ॥

" अधिरोढुं गुणश्रेणिं, निश्रेणिं मुक्तिवेश्मनः ।
परानन्दलताकन्दान्, कुर्यादिति मनोरथान् " ॥ ७ ॥

ભાવાર્થ : હું જૈન ધર્મથી રહિત ચક્રવર્તિ ન થાઉં પણ દાસ થાઉં, દરિદ્ર થાઉં, તો પણ હું શ્રી જૈન ધર્મથી વાસિત થએલો હોઉં! અર્થાત્ જૈન ધર્મથી વાસિત થવામાં મને દાસપણું કે દરિદ્રપણું મળતું હોય તો તે ભલે મળે પણ જૈન ધર્મથી રહિત ચક્રવર્તિપણું મારે જોઈતું નથી. કારણ કે જૈન ધર્મથી વાસિત થયેલ દશામાં દાસપણું અને દરિદ્રપણું પણ સુખપૂર્વક ભોગવી શકાય છે. તેમ જ સ્વપર શ્રેય સાધી શકાય છે. જ્યારે જૈન ધર્મથી રહિત ચક્રવર્તિપણું હોય તો ઉલટું તે વધુ પાપબન્ધનના કારણરૂપ નિવડી નરકે ધસડી જાય છે!

વળી

સંસારના સર્વ સંગોનો ત્યાગ કરી જીર્ણ વસ્ત્રવાળો. મલકિલન્ન શરીરવાળો અને માધુકરી ભિક્ષાવૃત્તિથી નિર્વાહ કરતો હું મુનિચર્યાનો ક્યારે આશ્રય કરીશ? અર્થાત્ આવા મુનિપણાને હું ક્યારે પામીશ?

દુઃશીલોના સંસર્ગનો ત્યાગ કરતો, ગુરૂના ચરણની રજનો સ્પર્શ કરતો અને મન, વચન, કાયારૂપ યોગને કાબૂમાં રાખવાનો અભ્યાસ કરતો હું ક્યારે ભવનો નાશ કરવામાં સમર્થ થઈશ? અર્થાત્ એમ વિચારે કે આવી આવી રીતિએ ભવનો નાશ કરાય છે. તો એવી સ્થિતિ ક્યારે પામીને હું મારા સંસારને છેદવા માટે સમર્થ થઈશ?

વધુમાં

મધ્ય રાત્રિએ શહેરની બહાર કાયોત્સર્ગમાં રહેલા એવા મને મારા શરીરને સ્તંભની માફક બળદો પોતાના સ્કન્ધોને ક્યારે ઘસશે? અર્થાત્ હું ક્યારે એવો શક્તિસંપન્ન થઈશ કે જ્યારે મધ્યરાત્રિએ હું નગરની બહાર કાયોત્સર્ગ ધ્યાને ઉભો હોઉં અને મારા શરીરને સ્તંભ માની

બળદો પોતાના સ્કંધોને મારા શરીરની સાથે ઘસે છતાં હું મારા ધ્યાનથી ચલિત ન થાઉં.

અને

વનમાં પદ્દમાસને બેઠેલા તેમજ ખોળામાં મૃગના બચ્ચાઓ રહ્યા હોય એવા મને ક્યારે મૃગ સમૂહના વૃદ્ધ યુથપતિઓ મારા મોઢાં ઉપર સુંઘશે ? અર્થાત્ હું ક્યારે એવી અવસ્થા પામીશ કે જ્યારે હું વનમાં પદ્દમાસને સ્થિર થઈને બેઠો હોઉં, મૃગનાં બચ્ચાં મારા ખોળામાં બેઠા હોય અને વૃદ્ધ મૃગ યુથપતિઓ મારા મોંઢાને સુંઘતા હોય, છતાં પણ હું મારા ધ્યાનથી લેશ પણ ચલિત ન થાઉં ? મારા ધ્યાનનો જરા પણ ભંગ ન થાય ?

તેમજ

શત્રુ ઉપર અને મિત્ર ઉપર, તૃણ-ઘાસ ઉપર અને સ્ત્રી ઉપર, સોના ઉપર અને પત્થર ઉપર તેમજ મણિ ઉપર અને માટી ઉપર તથા મોક્ષ ઉપર અને સંસાર ઉપર ક્યારે હું રાગદ્વેષ રહિત બુદ્ધિવાળો થઈશ ?

આ પ્રમાણે

મુક્તિરૂપ મહાલયની નીસરણી સમાન ગુણ શ્રેણિને ચઢવાને માટે શ્રાવક પરમ આનંદ રૂપ લતાના કંદ સમાન આવા મનોરથો કરે.

ઉપસંહાર :– આ બધું વિચારતાં, જૈન કુળોમાં કેવા રિવાજો હોવા જોઈએ, જૈન કુળોમાં કેવા આચારો અને વિચારો હોવા જોઈએ તેનો સ્પષ્ટ રીતિએ સુંદર ખ્યાલ આવી શકે તેમ છે. જે ઉત્તમ કુળોમાં આવા ઉત્તમ આચાર અને વિચાર પ્રચલિત હોય તે કુળો ઈતર દુનિયાને આદર્શરૂપ લાગ્યા વિના રહે નહિ. આજે જૈન સંઘની વાસ્તવિક ઉન્નતિ સાધવી હોય તો પહેલામાં પહેલી તકે વધુમાં વધુ પ્રયત્ન આવા આચાર અને વિચાર પ્રસરાવવાને માટે કરવા જોઈએ.

જ્યાં સુધી આચાર – વિચાર ખોવાયેલા હોય ત્યાં સુધી શુભ

સંસ્કારો પડવા દુઃસંભવિત છે. જૈન કુળોમાં આચાર-વિચાર બરાબર પ્રચલિત કરવાને માટે સાધુઓએ અને શ્રાવકોએ ખૂબ જહેમત ઉઠાવવી પડશે. એ મહેનતનું શુભ પરિણામ જોવાને માટે ખૂબ ધીરજ ધારણ કરવી પડશે. એને માટે ઘણા ઘણા દુન્યવી ભોગો દેવા પડશે. પરંતુ એમ કર્યા વિના છૂટકો નથી. જૈન સંઘની ઉન્નતિ માથેથી વેઠ ઉતારવા જેવી વાતો કરવાથી કે નાનકડી નકામી યોજનાઓ કે જે દેખાવમાં અજ્ઞાનીઓને સુંદર લાગે તેવી યોજનાઓથી નહિ થાય. જો સાચા શિક્ષણનો પાયો નાંખવો હોય તો આજ કરવા જેવું છે. આવા ઉત્તમ આચારો અને આવા ઉત્તમ વિચારો જૈન કુળોમાં પ્રસરે તો જૈન સંઘ કોઈ ઓર પ્રભાવવંતો બને! જૈન સંઘ એવી ઉત્તમ આદર્શ દશાને પામો એ જ એક શુભ કામના.

નગીનભાઈ પૌષધશાળા
આસો સુદ ૧૦
પાટણ

—વિજયરામચન્દ્રસૂરિ

卐

• સ્વ. પૂજ્ય પિતાશ્રી આત્મારામભાઈ •

પૂજ્ય પિતાશ્રી !

અગણિત ઉપકારોના ઋણમાંથી યત્કિંચિત્ મુક્તિની સંતોષાનુભૂતિ માણવા 'શ્રાવકે શું કરવુ જોઈએ ?'નું આ પુસ્તક આપની સ્મૃતિમાં પ્રગટ કરતા અમે આનંદ અનુભવીએ છીએ.

શાહ જયંતિલાલ આત્મારામ

ભાવશ્રાવકનું સ્વરૂપ

પૂજ્યપાદ, પરમશાસનપ્રભાવક, આચાર્યદેવ શ્રીમદ્
વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

નિરંતર શ્રી જિનવચનને શ્રવણ કરનાર, સાંભળીને સ્વપરનો વિવેક કરનાર તથા સ્વપરનો વિવેક કરી પરને છોડી સ્વને સાધનાર એ શ્રાવક છે. શ્રાવક નામને ધારણ કરવાથી અગર બાહ્ય સ્થળમાં શ્રાવકનુ ચિહ્ન માત્ર ધારણ કરવાથી શ્રાવકપણું આવતું નથી. શ્રાવકપણાનો આધાર શ્રાવકના ગુણોને ધારણ કરવા પર રહેલો છે. શ્રાવકના ગુણો શાસ્ત્રમાં ઘણા કહ્યા છે. તે બધા ગુણોનું વર્ણન કરવું અહિં અશક્ય છે તો પણ સાચું શ્રાવકપણું લાવનાર જે મુખ્ય ગુણો શ્રાવકના શાસ્ત્રે વર્ણવ્યા છે તેનો દરેક શ્રાવકે નિરંતર વિચાર કરવો જોઈએ તથા તદનુસાર પોતાનું વર્તન કરી શ્રાવકધર્મની આરાધના કરવી જોઈએ. ભાવ એટલે સાચા શ્રાવકના એ મુખ્ય ગુણો સમજવાની આજે ખાસ અગત્ય છે.

સાચા શ્રાવકપણાની પાછળ ઘણી જવાબદારીઓ રહેલી છે. માત્ર કુળથી કે જન્મથી શ્રાવકપણું મેળવ્યાથી કાર્યસિદ્ધિ થતી નથી, કાર્યસિદ્ધિ

સાચા શ્રાવકપણા પર અવલંબેલી છે. કુળશ્રાવક કે નામશ્રાવકોએ આજે ધર્મને જેટલી હાનિ પહોંચાડી છે તેટલી બીજાઓએ નથી પહોંચાડી. શ્રાવક નામ ધરાવતા છતાં શ્રાવકપણાને કોરે મૂકીને વર્તનાર આત્માઓ ધર્મને જેટલો વગોવે છે તેટલો બીજાઓ નથી વગોવતા. શ્રાવક તરીકે ગણાવા છતાં શ્રાવકપણાના ગુણોનો જેઓ વિચાર સરખો પણ કરતા નથી તેઓમાં શ્રાવકપણાનું લેશમાત્ર અભિમાન ન હોય એ તદ્દન સ્વાભાવિક છે. અને ધર્માભિમાન ગુમાવી દીધેલા આત્માઓ દેશાભિમાન કે જાત્યભિમાન આદિની મોટી મોટી વાતો કરે તેની કિંમત કાંઈ જ નથી. દેશ કે જાતિ એ ધર્મની પછી છે. ધર્મને એવફા નીવડી દેશ કે જાતિની સેવાના કોડ સેવવા એ નર્યું અજ્ઞાન છે. ધર્મ ધર્મમાં પણ તફાવત છે. શ્રી જિનેશ્વરદેવ જેવા ધર્મના કથક, ચતુર્દશ પૂર્વધરાદિ અને એકાદશાંગ આદિ ધરનાર પરમ નિઃસ્પૃહ અને કરુણાનિધાન મહર્ષિઓ જેવા ધર્મના સંરક્ષક, પાલક અને પ્રચારક જૈનશાસન સિવાય બીજે ક્યાં છે? તે મહર્ષિઓએ સંરક્ષેલું, સાચવેલું અને વારસામાં આપેલું જૈનપણું આજે મૌજૂદ છે. પણ એની હયાતિ કોના માટે છે? એની હયાતિ એની વફાદારી સ્વીકારનાર માટે છે–વફાદારી નહિ સ્વીકારનાર માટે એની હયાતિ યા બિનહયાતી સરખી જ છે. પરમ હિતકર છતાં વફાદારી નહિ સ્વીકારનાર આત્માને જૈનશાસન લેશભર હિતકરનાર નથી એ તદ્દન સાચું છે. જૈનત્વને જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરનાર આત્મા જ જૈનશાસનની સાચી મહત્તા જાણી શકે છે. શ્રાવકપણાના જે ગુણોનું વર્ણન અહીં કરવામા આવનાર છે, તે વિચારતાં માલુમ પડશે કે આજે ગણાતા જૈનસંઘનો મોટો ભાગ જૈનપણાથી તદ્દન અજાણ છે અને તેનું જ એ કારણ છે કે સંઘનો મોટો ભાગ પોતાના ધર્મનુ અભિમાન વિસર્યો છે. શ્રાવકના આ ગુણો સાચા જૈનત્વનું ભાન કરાવનારા છે. શ્રી તીર્થંકરદેવો અને શ્રી ગણધરદેવોએ કહેલા જૈનપણાને વફાદાર બનવું એ પ્રત્યેક જૈનની ફરજ છે. આ ગુણો એટલા બધા મહત્ત્વપૂર્ણ છે કે પ્રત્યેકના ઉપર મોક્ષ મહેલની

ઇમારત રચાયેલી છે. એક એક ગુણ ખસવાથી આખા મોક્ષમહેલની ઇમારત ખસી જાય તેમ છે.

એ ગુણોમાં મોક્ષ પ્રાપ્તિ માટે જે સદ્ગુણોની આવશ્યકતા છે તે સઘળા સદ્ગુણોને પ્રાપ્ત કરવાનું સામર્થ્ય આપણામાં છે. સાચા શ્રાવક બનવા ઇચ્છનાર પ્રત્યેક વ્યક્તિ આ ગુણોનો નિરંતર સ્વાધ્યાય કરે, આત્મા સાથે વિચાર કરે અને પ્રયત્નપૂર્વક એ ગુણોની અભિમુખ બને એ આ કથનનો ઉદ્દેશ છે.

શ્રાવકના એ અતિ મહત્વભર્યા ગુણો આ છે.

1. શ્રાવક સ્ત્રીઓને મોહની રાજધાની માને. સ્ત્રીના સ્નેહને નરકનો રાજમાર્ગ માને તથા તેને આત્મમાર્ગમાં વિઘ્નકર માની નિરંતર છોડવા યત્ન કરે.

2. શ્રાવક ઇન્દ્રિયોને ઉન્માર્ગગામી અને નિરંકુશ માને. ઇન્દ્રિયોની ચપલતાને વશ કરવા સદા જ્ઞાનાભ્યાસ કરે. તથા જ્ઞાનરૂપી રશ્મિઓથી ઇન્દ્રિય તુરંગમોને વશ કરે.

3. શ્રાવક લક્ષ્મીને અસાર માને, ક્લેશનું કારણ માને તથા તેને છોડવા પ્રયત્ન કરે.

4. શ્રાવક સંસારને દુઃખરૂપ માને, દુઃખનું કારણ માને તથા તેની આસક્તિ છોડવા પ્રયત્ન કરે.

5. શ્રાવક વિષય સુખોને ક્ષણિક માને. વિષતુલ્ય માને તથા તેના સેવનથી ગભરાતો રહે.

6. શ્રાવક આરંભસમારંભને નરકનાં કારણ માને. આરંભરહિત બનવાના મનોરથો સેવે તથા નિરારંભ આત્માઓનો રાગી બને.

7. શ્રાવક ગૃહવાસને પાશ સદૃશ માને, ગૃહવાસનો મોહ જીતવા અભ્યાસ કરે તથા ગૃહવાસના પાશમાંથી છૂટવા નિરંતર પ્રયત્ન કરે.

8. શ્રાવક સદ્ગુરૂને સંસારતારક માને. મન-વચન-કાયાથી તેમની ભક્તિ કરે, તથા પોતાની શ્રદ્ધાને સુદૃઢ બનાવે.

9. શ્રાવક લોકહેરીનો ત્યાગ કરે, લોકહેરીને ગાડરીઓ પ્રવાહ માને, તથા ધર્મની આરાધનામાં લોકહેરીને તિલાંજલિ આપે.

10. શ્રાવક પરલોકના માર્ગમાં આગમને જ પ્રધાન માને; મોક્ષમાર્ગનો સાક્ષી આગમ વચનો સિવાય અન્યને કદી ન માને તથા સર્વ ક્રિયા આગમોકત રીતિએ કરવા પ્રયત્ન કરે.

11. શ્રાવક દાન, શીલ, તપ અને ભાવ ધર્મનું શકિત અનુસાર આરાધન કરે. ધર્મનું આરાધન શકિતથી ઓછું પણ ન કરે તથા શકિતથી ઉપરાંત પણ ન કરે.

12. શ્રાવક ધર્મની પ્રાપ્તિને ચિંતામણિ અને કલ્પવૃક્ષની પ્રાપ્તિથી પણ અધિક માને. અજ્ઞાન આત્માઓના ઉપહાસથી ધર્મક્રિયાને છોડી ન દે તથા ધર્મક્રિયાનો મહિમા બીજાઓ આગળ ગર્જનાપૂર્વક પ્રકાશિત કરે.

13. શ્રાવક ધન માલ મિલ્કત સ્ત્રી પરિવાર આદિ પર અત્યંત રાગને ધારણ ન કરે. સંસારમાં સમદષ્ટિથી વર્તે.

14. શ્રાવક ધર્મમાં કદાગ્રહનો ત્યાગ કરે, મધ્યસ્થવૃત્તિથી સારા-ખોટાનો વિચાર કરે, સાચું ગ્રહણ કરે અને ખોટાને છોડી દે.

15. શ્રાવક સંસારના ભાવોને ક્ષણભંગુર માને. ત્યાગીઓની સેવા કરે તથા લક્ષ્મી આદિના સંસર્ગને ઓછો કરે.

16. શ્રાવક ભાવથી વિરતિના પરિણામોનું સેવન કરે, ભોગોનો ઉપભોગ પરની અનુવૃત્તિએ કરે તથા સંસારમાં ઉદાસીન ભાવે વર્તે.

17. શ્રાવક સંસારમાં વેશ્યાની માફક નિઃસ્નેહ વૃત્તિથી રહે, આજ અગર કાલ સંસારને છોડવાનો છે એવી ભાવનાપૂર્વક તથા ગૃહાદિકને પોતાનાં નહિ માનતાં પારકાં માનીને રહે.

ઉપરોકત સત્તર ગુણોથી ભરેલા શ્રાવક તે ભાવશ્રાવકની કોટિમાં આવે છે. ભાવશ્રાવકપણું પામીને શ્રી જિનશાસનની આરાધનામાં રકત બનીને શ્રાવકો આ સંસારમાં દીર્ઘ કાળ ભટકતા નથી. પ્રત્યેક શ્રાવકે, પોતે નામશ્રાવક મટી ભાવશ્રાવકપણાની કોટિમાં આવે, એ માટે ભગીરથ પ્રયત્ન સેવવો જોઈએ.

☆

પ્રકાશક તરફથી

સર્જન માત્ર સહેતુક હોય છે !

દરેક સર્જન પોતાની પાછળ સ્વતંત્ર એક નાનકડો ઇતિહાસ લઈને ઊભું હોય છે. જે ઇતિહાસ પરથી સર્જનની મૌલિકતાનું માપ નીકળી શકે છે.

આ પુસ્તકના સર્જનની પાછળ પણ આવો જ કોઈક ઇતિહાસ પડદા પાછળથી પુસ્તકના ખુલ્લા પાના પર આવવા મથી રહ્યો છે.

સં. ૨૦૩૪માં અમદાવાદ, દશાપોરવાડ સોસાયટીમાં પરમારાધ્યપાદ, પરમતારક, પરમશાસનપ્રભાવક, વ્યાખ્યાનવાચસ્પતિ, ગચ્છાધિપતિ, પૂજ્યપાદ, આચાર્યદેવ શ્રીમદ્ **વિજયરામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજા પોતાના વિશાળ શિષ્યપરિવાર સાથે ચાતુર્માસ બિરાજમાન હતાં. પ્રતિદિન પ્રવચન શ્રવણનો લાભ ઉઠાવવા સેંકડો ભાવિકો શહેર અને સોસાયટીમાંથી સમયસર આવી ગોઠવાઈ જતા હતાં. તીર્થંકરના સમવસરણની આ કાળમાં આછી–પાતળી ઝાંખી કરાવે એવી દેશનાની પર્ષદા જામતી હતી. તે દરમ્યાન પ્રતિદિન એ પ્રવચન શ્રવણ કરતાં

પૂજ્યપાદશ્રીના મુખે-'શ્રાવકે શું કરવું જોઈએ? કેવું જીવન જીવવું જોઈએ? રોજ શું કરવું જોઈએ? ક્યારે સુવું ને ક્યારે ઉઠવું જોઈએ?' વગેરે વાતો સાંભળતાં હૈયામાં એક ભાવના જાગી કે—'શ્રાવકોએ સવારથી ફરી રાત્રે સુતા સુધીમાં ભગવાનની આજ્ઞા મુજબ શું શું કરવું જોઈએ?' એની વિગતવાર સમજણ આપતું એકાદ સુંદર શાસ્ત્રીય પુસ્તક તૈયાર કરી છપાવવામાં આવે ને એને વાંચી જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરવામાં આવે તો એ પુસ્તક દ્વારા પોતાને અને સહુને પ્રેરણા મળે—અનેક આત્માઓને એ પુસ્તક ખૂબ જ ઉપયોગી અને ઉત્સાહવર્ધક બની અનેકનું એ જીવન સાર્થક બની જાય.'

હૈયાની આ ભાવનાને મેં અમારા કુટુંબના પરમઉપકારી, ધર્મદાતા, પરમગુરૂદેવ, પૂજ્યપાદ, વ્યાખ્યાનવાચસ્પતિ, ગચ્છાધિપતિ. હજારોનાં તારણહાર, આચાર્યદેવ શ્રીમદ્ **વિજયરામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાને જણાવતાં તેઓશ્રીએ પોતાના પટ્ટધર પ્રશાંતમૂર્તિ પૂજ્યપાદ, આચાર્યદેવ શ્રીમદ્ **વિજયમહોદયસૂરીશ્વરજી** મહારાજાને તથા સ્વર્ગસ્થ પૂજ્યપાદ, આચાર્યદેવ શ્રીમદ્ **વિજયજિતમૃગાંકસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યો પૂજ્ય **મુનિરાજ શ્રી હેમભૂષણવિજયજી** મહારાજા તથા પૂજ્ય **મુનિરાજ શ્રી દિવ્યભૂષણવિજયજી** મ.ને પુસ્તક તૈયાર કરવા અંગેની મારી ભાવના જણાવી.

તેઓશ્રીએ પોતે શક્તિમાન છતાં સમય આદિના અભાવના કારણે ગતવર્ષે પાટણ ચાતુર્માસ બિરાજમાન પ્રવચનપ્રભાવક, પૂજ્યપાદ. આચાર્યદેવ શ્રીમદ્ **વિજયમુક્તિચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન પૂ. **મુનિરાજ શ્રી જયકુંજરવિજયજી** મ.ના શિષ્યરત્ન પૂ. **મુનિરાજ શ્રી મુક્તિપ્રભ વિજયજી** મ. ને આ શુભકાર્ય તાકીદે પૂર્ણ કરવા પૂર્ણ આગ્રહ સાથે સોંપ્યું.

તેઓશ્રીએ ગચ્છાધિપતિ ગુરૂદેવશ્રીની ઇચ્છા, આજ્ઞા અને આશીવાદને સહર્ષ સ્વીકારી અનેક શાસ્ત્રગ્રન્થોનું અવલોકન કરી આ પુસ્તક

દસથી પંદર દિવસમાં જ તૈયાર કરી આપી અમારી પર મહાન ઉપકાર કર્યો છે.

વિશેષ આનન્દની વાત એ છે કે આ પુસ્તકનું સંપાદન પૂ. **મુનિરાજ શ્રી હેમભૂષણ વિજયજી** મ. તથા **મુનિરાજ શ્રી દિવ્યભૂષણ વિજયજી** મ. એ ખૂબ જ રસ લઈને સુંદર કરી આપેલ છે. તે બદલ અમે તેઓશ્રીના ઋણી છીએ.

વિશેષમાં આ પુસ્તક જેઓશ્રીની પુણ્યસ્મૃતિ અર્થે અમે પ્રકાશિત કરી રહ્યા છીએ તે પૂજ્ય **પિતાશ્રી આત્મારામભાઈનું** જીવન પણ અમારા માટે એક આદર્શ રૂપ હોઈ એમનું ટુંકું જીવન પણ અહિં મૂકવાની ઈચ્છા રોકી શકાતી નથી.

મારા પૂ. પિતાશ્રી **આત્મારામભાઈ** તથા પૂ. માતુશ્રી **સમરથબેન** અમારા આખા કુટુંબ માટે એક આદર્શ માત-પિતા હતાં.

પૂ. પિતાશ્રી આત્મારામભાઈનો જન્મ આશરે સં. ૧૯૯૬ માં ડાંગરવા ઉત્તર ગુજરાતની પુણ્યભૂમિ પર થયેલો. પહેલેથી જ મિલનસાર અને ઉદાર સ્વભાવને કારણે લોકપ્રિયતા એમને વરી ચૂકેલી.

ડાંગરવાથી મૂળવતન **અમદાવાદ** આવ્યા બાદ પરમકૃપાળુ, ગચ્છાધિપતિ, ગુરૂદેવશ્રીના **પ્રવચનશ્રવણ** અને **પરિચયથી** તેઓશ્રીના જીવનમાં ધર્મનું નવું પ્રભાત પ્રગટી ઉઠયું...

પોતે ધર્મ કરે અને ઘરના બધાયમાં ધર્મના **સંસ્કારો** રેડવા સતત પ્રયત્ન કરે.

રોજ સવાર થાય એટલે પોતાના પૌત્રો **કલ્યાણ, અશોક,** પૌત્રી **મૃણાલી** અને **જયશ્રી** આદિને પોતાની **સાથે** જિનમંદિરે લઈ જાય. ગુરૂમહારાજ પાસે વન્દન કરવા લઈ જાય.

તેમ જ પોતાની ત્રણ પુત્રીઓ **કુસુમબેન, શાંતાબેન, સરોજબેન** અને એમના બાળકોને દરેકને ધર્મના સંસ્કારો કેમ વધુને વધુ પડે એ માટે એમની મહેનત સતત ચાલુ રહેતી.

બીજી બાજુ **પુત્રવધુ શ્રી તારાબેન** પણ ઘરેથી વારસામાં ધર્મના સંસ્કાર લઈ આવેલ એટલે ઘરનું વાતાવરણ ધર્મમય બને એમાં એ પણ ખૂબ રાજી થતાં.

— પૂજ્યશ્રીના પરિચયમાં આવ્યા બાદ ૩૯ વર્ષની ઉંમરે જ પૂજ્ય પિતાશ્રીએ બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરેલ અને કાયમ માટે રાત્રિ ભોજન આદિનો ત્યાગ કરેલ.

— ધર્મમય અને નિવૃત્ત જીવન જીવવાની આંતરિક લાગણીને પૂર્ણ કરવા તેઓએ સિદ્ધગિરિની છત્રછાયામાં બે ચાતુર્માસ કરેલ.

— પાવનતીર્થશ્રી-શંખેશ્વરમાં નવપદ આરાધક સમાજ તરફથી આદેશ મેળવી સામુહિક ઓળીનું આરાધન કરાવી ઉદાર હાથે ધનનો સદ્વ્યય કરેલ.

— છેલ્લા દસ વર્ષથી એમનાં અંતરમાં એક જ રટણા રહેતી હતી 'ક્યારે ગુરૂમહારાજના દર્શન તથા એમની નિશ્રામાં ધર્મમય જીવન જીવવાનો મોકો મળે'!

— અમારા સહુના જીવનમાં ધર્મની જ્યોત જગાવનાર અને અમને સહુને પરમગુરૂદેવશ્રીનો ભેટો કરાવી આપનાર પૂજ્ય પિતાશ્રીનો ઉપકાર આંખ સામે આવતાં સહેજે એમના ચરણોમાં માથુ ઝૂકી જાય છે.

પણ, સંસારના નિત્યનિયમ પ્રમાણે આજ સુધી સંસારમાં સદાય રહેવાનો અમરપટ્ટો લખાવીને કોઈ આવ્યું નથી. જેનો જન્મ એનું મરણ નિયત જ છે. પૂજ્ય ઉપકારી પિતાશ્રીના ઉપકારનો આંશિક બદલો પણ વાળીયે એ પહેલાં તો સંસારના આ સનાતન નિયમ મુજબ

ચાર વર્ષ પૂર્વે તા. 5-1-1975 ના દિવસે આ અસાર સંસારને છોડી, **સમાધિપૂર્વક** નમસ્કાર મહામંત્રના સ્મરણ સાથે, ગુરૂમહારાજની રટણામાં, **અમને** સહુને મૂકી, એક માત્ર ધર્મને સાથે લઈ પરલોકને પંથે સિધાવી ગયાં.

તેઓ ગયા પણ તેઓશ્રીના ઉપકારની પાવન સ્મૃતિ હજુ પણ આંખની પાંપણ પર આવી પળે પળે કંઈ ને કંઈ પુણ્યકાર્ય કરવાની પ્રેરણા આપી જાય છે.

'શ્રાવકે શું કરવું જોઈએ ?' એ પુસ્તક એમની જ પાવન પ્રેરણાની અને એમણે અમારી ઉપર કરેલ ઉપકારની પાવન સ્મૃતિની દેન છે. ઉપકાર સ્મૃતિ નિમિત્તે આ પુસ્તક પ્રગટ કરતાં કંઈક ઋણ અદા કર્યાનો અમે હળવો **સંતોષ** અનુભવીયે છીએ.

— વિશેષમાં માત્ર એક મહિનાના ટૂંકા ગાળામાં આ પુસ્તક છપાવી પ્રકાશિત કરી આપવાના કાર્યમાં જેઓનો હાર્દિક સહકાર મળ્યો છે તેઓનો આભાર આ તકે માન્યા વિના રહી શકાતું નથી.

— આભારી છીએ...

શ્રીયુત શાંતિલાલભાઇ ચોકસી
બ્રાઇટ પ્રિન્ટર્સવાલા - સુરત

જેઓએ પહેલેથી માંડી છેલ્લે સુધી પોતાના **સમયનો** અને બુદ્ધિનો ભોગ આપી ખૂબ **સહાય** કરેલ છે.

— **આભારી** છીએ...

'પ્રતાપ' પ્રેસના મેનેજર **શ્રી મગનભાઇ દોટીવાલા,** જોઅ મેનેજર **શ્રી શશીકાંત દેસાઇ,** તથા **વિનોદ પારેખ, મોહનભાઇ, વોલ્ટરભાઇ,** ટાઇટલ પ્રિન્ટર **કિશનભાઈ** તથા ખંત દિલથી કામ પૂર્ણ કરી આપનાર કમ્પોઝીટરો આદિ સ્ટાફના.

— આભારી છીએ

પુસ્તક પ્રકાશનમાં અનેક રીતે સહયોગી થનાર **શા. પ્રકાશચન્દ્ર મણિલાલ, શા. રતનચન્દ્ર બાલુભાઇ નાણાવટી, શા. દિપકકુમાર મગનલાલ** તથા **નલિનકુમાર નાણાવટી** આદિ અંગત મુરબ્બીઓના.

— આભારી છીએ...

આ પુસ્તક છપાતા પહેલા જ તેની વારંવાર માંગણી કરી પુસ્તક પ્રકાશનના અમારા ઉત્સાહમાં અભિવૃદ્ધિ કરનાર નામી-અનામી મહાનુભાવોના.

— અંતમાં - આ પુસ્તક દ્વારા 'સાચું શ્રાવક જીવન જીવવાની' સહુ કોઇના હૈયામાં ભાવના અને તમન્ના જાગે એ જ એક આશા અને વિશ્વાસ સાથે.

લિ. પ્રકાશક

તા. 15-10-79 **શાહ જયંતિલાલ આત્મારામ**

(અમદાવાદ)

શ્રાવકે શું કરવું જોઈએ ?

—મુનિશ્રી મુક્તિપ્રભવિજયજી

આધાર ગ્રંથો

1. શ્રાદ્ધવિધિ પ્રકરણ
2. શ્રાદ્ધધર્મ દિપિકા
3. શ્રાવક પ્રજ્ઞપ્તિ
4. ચૈત્યવંદનભાષ્ય
5. ઉપદેશ પ્રાસાદ
6. યોગશાસ્ત્ર
7. ધર્મસંગ્રહ
8. પૂજા-પંચાશક

જન અને જૈન

જન અને જૈન વચ્ચે જમીન આસમાનનો તફાવત છે. જન જગતને માન આપે છે. જૈન જિનેશ્વરને માન આપે છે.

જન જનસેવામાં પ્રભુસેવા માને છે. જૈન પ્રભુસેવામાં જ સાચી સેવા માને છે.

એનાં લક્ષ્ય જુદાં છે. એના રાહ જુદા છે ! જન જમાનાના ચિંધ્યા ચીલે ચાલે છે. જૈન જિન શાસનના ચિંધ્યા ચીલે ચાલે છે. જન પણ કોઈ એવો બડભાગી હોઈ શકે છે જે આર્યસંસ્કારોથી વાસિત હોઈ સંસારથી છૂટવાની અને મોક્ષને મેળવવાની ઇચ્છાવાળો હોય પણ શ્રી વીતરાગ પરમાત્માના શાસનની પ્રાપ્તિ ન થવાથી જૈન ન બની શકવા છતાં જનમાં પણ સારી કક્ષાને (માર્ગાનુસારીપણાને અર્થાત્ સંયોગ મળે જૈન બનવાની ભૂમિકાને) પામેલો હોય, તેવો જન પણ જમાનાના ચિંધ્યા ચીલે નથી ચાલતો તો જૈનની તો વાત જ શી કરવી ?

જન જો જૈન બની જાય તો એના ભાગ્યનો મહાન

સિતારો છે. પણ જૈન જો જન બનવા માંડે તો એ એના મહાન દુર્ભાગ્યની નિશાની છે.

જમાનાની સામે પૂરે જનારો જ સાચો જૈન બની શકે છે ને જીવનભર પોતાના જૈનત્વને અણિશુદ્ધ રાખી શકે છે.

એ હિંમત જેનામાં નથી એનું જૈનત્વ હર ઘડી જોખમમાં હોય છે. એનું જૈનત્વ જનપ્રવાહમાં તણાઈ જવા જ સર્જાયુ હોય છે.

જૈન તો સદાય માથું ઊંચુ રાખી ગૌરવ લઈને ફરતો હોય કે 'હું જૈન છું....જિનેશ્વર ભગવાનનો અનુયાયી છું. જમાનાને અને મારે છૂટાછેડા છે. જે જમાનો જિનશાસનને વફાદાર એ જમાનો મારો. જે જમાનો જિનશાસનને બેવફા એની જોડે મારે ન સગપણ કે ન સંબંધ'!

આજે એ ગૌરવ, એ ખમીર અને એ ખંતદિલી જૈને પોતાનામાં લાવવાની જરૂર છે.

એ ગૌરવ એ ખમીર અને એ ખંતદિલીની ખોદાયેલી કબર પર ઊભો ઊભો પણ હાસ્ય વેરતો જૈન જગતને કે જૈનશાસનને કશું જ ન આપી શકે.

જમાનાવાદ અને જડવાદ સાથે જોડાયેલો જૈન, જૈનશાસનને કદિ વફાદાર નહિ રહી શકે.

જમાનાવાદ અને જડવાદ જનરંજન અને મનોરંજનમાં માને છે. જિનશાસન આત્મરંજન અને મનોભંજનમાં માને છે. એકની દિશા પૂર્વ છે તો બીજાની પશ્ચિમ છે!

'જગત રીઝે તો ય શું? ને ન રીઝે તો ય શું? મારો જિનેશ્વર રીઝે તો બસ!....આ ભાવ જ્યાં સુધી જૈનમાં જાગૃત ન થાય ત્યાં સુધી એ જૈન સાચા અર્થમાં જૈન બની શકવાની લાયકાત પણ નથી મેળવી શકતો.

કારણ કે રાગ-દ્વેષને જેણે સંપૂર્ણ જિત્યા છે એનું નામ 'જિન'! એ જિનનો જે અનુયાયી હોય તે 'જૈન'! અર્થાત્ રાગ-દ્વેષનો જે કટ્ટર દુશ્મન હોય. રાગ-દ્વેષની સામે જે જંગે ચડ્યો હોય તે સાચો 'જૈન'! આવો જૈન જગતને રીઝવી શકે જ નહિ. જગતને રીઝવવાના વિચારને પણ એ પાપ માને. 'જગત કદી કોઈનાથી સંપૂર્ણ રીઝ્યું નથી અને રીઝવાનું પણ નથી? એ એની સચોટ માન્યતા હોય.

વાત પણ તદ્દન સાચી છે. જગત-જે ભિન્ન ભિન્ન વ્યક્તિઓનું બનેલું છે, એને રીઝવવું એ કંઇ આપણા હાથની વાત છે? એકને રીઝવવા જતાં બીજો ખીજાય, બીજાને રીઝવવા જતાં પહેલો ખીજાય. શક્ય જ નથી કે આખું જગત એકી સાથે એક જ જણના હાથે રીઝી શકે: કારણ એ આપણને સ્વાધીન નથી પરાધીન છે. ત્યારે આપણો પોતાનો આત્મા જે આપણને સ્વાધીન છે એને રીઝવવાનું ચૂકી પરાધીન જગતને રીઝવવાનો વિચાર કરવો એ ફોગટ નહિ તો શું છે? અને આત્મા રીઝતાં પરમાત્મા રીઝેલા જ છે. કારણ '**अप्पा सो परमप्पा**' આત્માનું શુદ્ધ સ્વરૂપ એ જ પરમાત્મા છે!

આત્માને આંખ સામે રાખી ચાલે તે જૈન!
આત્માને આંખથી અળગો રાખી ચાલે તે જન!!

કમનસીબીની વાત છે કે જૈન આજે જન બનતો જાય છે. જૈનત્વને એણે નેવે મૂકવા માંડયું છે. પોતાના આદર્શોને પગતળે કચડીને ચાલવાનું એ શીખી રહ્યો છે અને આટલું હોવા છતાં એ પાછો પોતાને જૈન કહેવડાવવામાં સંતોષ અને ગૌરવ અનુભવી રહ્યો છે.

જગત કરતાં જાત કિંમતી લાગે તો જાતને ગુમાવીને જગતમાં પંકાવાની બદદાનત કદી જાગે નહિ. પણ આજે જાત કરતાં જગત તરફ સહુની આંખ વધુ ખેંચાય છે. ખુદ પોતાને માટે પોતાની જાતનો શું અભિપ્રાય છે એ જોવા કોઈ રાજી નથી દેખાતું, ત્યારે જગત શું અભિપ્રાય આપે છે એ જોવા સહુ તલપાપડ દેખાય છે.

જાતને જાતના ત્રાજવે તોળવી એ હોંશિયારી છે કે જાતને જગતના ત્રાજવે તોળવી એ હોંશિયારી છે?

— જાતને જાતના ત્રાજવે તોલે એ જૈન!
— જાતને જગતના ત્રાજવે તોલે એ જન!
— જાતને જગત ખાતર બગાડે તે જન!
— જાતને જાત ખાતર સુધારે તે જૈન!

જાતનું ગણિત જગતને સોંપીને ચાલનારો ક્યારે જીવનનું દેવાળું કાઢે એ કંઈ કહી ન શકાય!

જૈન કદિ જીવનનું દેવાળું કાઢે નહિ અને કાઢે તો તે સાચો જૈન નહિ. જૈન તો જીવન જીવતો જાય ને જીવાતા જીવનમાંથી જ નવજીવન મેળવતો જાય.

જગતમાં રહેવા છતાં જગતથી અલિપ્ત રહેવાની કલાનો સ્વામી એનું નામ જૈન!

આવો જૈન સાતે વ્યસનનો ત્યાગી હોય.

જુગાર કદી એ રમે નહિ!

માંસ કદી એ ખાય નહિ!

દારૂ કદી એ પીએ નહિ!

પરસ્ત્રીને એ રાગથી જુવે નહિ!

વેશ્યાનો સંગ કદી એ કરે નહિ!

ચોરી એના જીવનમાં હોય નહિ!

શિકારનું એને સ્વપ્ન ય આવે નહિ!

ભક્ષ્ય–અભક્ષ્યનો એને વિવેક હોય! ન ખાવાનું એ ખાય નહિ! ન પીવાનું એ પીએ નહિ. ન જોવાનું એ જુએ નહિ!

હાથ હૈયું અને હોઠ ચોકખા રાખી એ પોતાનું જીવન જીવતો જાય ને બીજાને આદર્શ પૂરો પાડતો જાય.

આગળ વધવા માટેના જ એના બધા પ્રયત્ન હોય. પાછળ પડવાની એની પાસે કોઈ વાત ન હોય.

આવો એ જૈન રાગ-દ્વેષ સામેના જંગમાં સદાય જવાંમર્દ બની આગળ ચાલતો હોય.

☆

આવો જૈન શું કરે ?

સાધુ થવાની ભાવના રાખે !

જૈન એટલે જિનેશ્વરદેવનો ઉપાસક. જિનેશ્વરના ઉપાસકને જિનેશ્વરદેવે કહેલા માર્ગ પર અતૂટ શ્રદ્ધા હોય. **तमेव सच्चं निस्संकं, जं जिणेहिं पवेईयं** ' તે જ આ જગતમાં સાચું અને શંકા વિનાનું છે કે જે જિનેશ્વરદેવે કહ્યું છે.... જિનેશ્વરદેવના કહેલા વચનમાં કે બતાવેલા માર્ગમાં ફેરફાર હોય નહિ ' આ વાત એની રગે-રગમાં વસી ગઈ હોય. જિનેશ્વરની આજ્ઞા એ જ એનું સર્વસ્વ હોય.

એના માથે સુદેવ હોય.
હૈયામાં સદ્ગુરૂ હોય.
આચરણમાં સદ્ધર્મ હોય.

એના અંતરમાં એક જ રટણ ચોવીસે કલાક ચાલુ હોય કે ' ક્યારે હું ભગવાનના શાસનનો સાધુ બનું ?'

કારણ, ભગવાને કહ્યું છે કે ' આ સંસાર એ રહેવા જેવું સ્થાન નથી. રહેવા જેવું સ્થાન એક માત્ર મોક્ષ છે. સંસાર

તો અઢારે પાપોનો અખાડો છે. સંસારમાં રહીને—સંસારને હૈયામાં રાખીને કોઈ મોક્ષે ગયું નથી, જતું નથી અને જશે નહિ.

મોક્ષ મેળવવો હોય એણે સંયમ લેવું જ રહયું. સંયમ લેવું હોય એણે સંસાર છોડવો જ રહ્યો.

સંસારમાં રહીને મોજ-મજાથી મોક્ષમાં જવાની ઈચ્છા એ ઝેર ખાઈને જીવતા રહેવાની ઈચ્છા બરાબર છે.

પ્રત્યેક જૈનના હૈયાની અને ઘરની દિવાલ પર એક વાત તો બરાબર કોતરાઇ જ ગઈ હોય કે આ જગતમાં—

'મેળવવા જેવો હોય તો એકમાત્ર મોક્ષ છે.

લેવા જેવું હોય તો એકમાત્ર સંયમ છે.

છોડવા જેવો હોય તો એકમાત્ર સંસાર છે.'

ડગલે ને પગલે જ્યાં પાપ પાપ અને પાપ જ છે એવા સંસાર પર જૈનને નફરત જાગ્યા વિના રહે નહિ. સંસારમાં એને પ્રેમ કરવા જેવું કશું જ ન લાગે. સંસાર એટલે પાપોનો રાફડો. સાપના રાફડામાં હાથ ન નંખાય તો પાપના રાફડામાં હૈયું શે' નંખાય....?

એના હૈયામાં એક જ ઝંખના હોય 'ક્યારે આ સંસારથી છૂટું ને સંયમના શ્વેત વસ્ત્રોમાં સજ્જ બની ભગવાનના શાસનનો અણગાર બની નિષ્પાપ એવું સંયમ જીવન જીવું.'

જેલમાં પૂરાયેલો કેદી જેમ 'ક્યારે લાગ મળે ને જેલમાંથી છટકું એવી ઇચ્છા ધરાવતો હોય એમ સાચો

જૈન પણ સંસારને જેલ માનતો હોય ને એમાંથી છૂટવાની તક જ જોતો હોય.

કર્મનો જેલર જ્યાં જીવનને પુત્ર–પત્ની આદિના સ્નેહનું દોરડું ગળામાં કચકચાવીને બાંધી દઈ રાંકડો બનાવી દઈ એનાં પ્રાણ લે છે.

હકીકત છે કે સંસાર એક ભયંકર જેલ નહિ તો બીજું છે શું....? સંસાર માંડેલા બધા કેદી છે.

કેદી ભાગી ન જાય એ માટે સતત ચોકી પહેરો રાખનારા છોકરાઓ એ 'જેલરો' છે. પત્ની એ પગમાં પડેલી લોખંડની બેડી છે. માલ મિલ્કત ને ધનનો રાગ એ હાથમાં પહેરાવાયેલ હાથકડી છે.

સંસારની જેલમાં ભૂલે ચૂકે માણસ એકવાર પૂરાયો પછી એને માટે બહાર નીકળવું ઘણું મુશ્કેલ થઈ પડે છે. ન કરવા હોય તોય એને ત્યાં પાપ કરવા પડે છે. ન બોલવું હોય તોય એને ત્યાં જુઠ બોલવું પડે છે. ચોરી કર્યા વિના કમાવાનું સદ્ભાગ્ય એને માટે દુર્લભ બની જાય છે. અબ્રહ્મનો તો એ અખાડો જ છે. પરિગ્રહ એ તો એ કેદખાનાની મુખ્ય પેદાશ છે. જ્યાં આ પાંચ પાપો હોય ત્યાં બાકી રહેલા તેર પાપોને આવવાનો પૂર્ણ અવકાશ રહે છે. આવા પાપમય સંસારમાં પાપો કરીને જીવન પુરૂં કરનારો પરભવમાં પછી સુખની ઈચ્છા રાખે તો એની ઈચ્છા ફળે જ શી રીતે ?

સુખી તે જ બની જકે જેના હૈયામાં સંસારનો સાચો વિરાગ જન્મી જાય. દુઃખમય સંસાર જ નહિ સુખમય સંસાર પણ છોડવા જેવો જ છે એમ જેને હાડોહાડ જચી જાય.

બેડી ભલે ને પછી એ સોનાની કાં ન હોય પણ ડાહ્યો માણસ બેડીને બેડી જ માને અને એને તોડવાનો જ એ પ્રયત્ન કરે.

સરકારની જેલમાં પૂરાયેલા કેદીને વરસ, બે વરસ, પાંચ વરસ કે જીવનભરની જેલની સજા હોય તો ય જીવનભર એને ખ્યાલ રહે છે કે 'હું કેદી છું.... જેલ એ મારું ઘર નથી. આ મને મળેલી સજા છે. હું અહિં પરાધીન છું.'

ત્યારે કમનસીબી છે સંસારની આ જેલની કે 'જેમાં પૂરાયેલો માણસ રંગ-રાગ ને મોજ-મજામાં 'પોતે કેદી છે ને સંસારની કેદમાં કો'કે પોતાને પૂર્યા છે' એ વાત જ ભૂલી જાય છે એટલું જ નહિ પણ સંયમને જેલ અને સંસારને જ મહેલ માની બેસી જીવન આખું એમાં જ મઝેથી પુરૂ કરે છે.

આવી ભૂલ જૈન ક્યારે પણ ન કરે. જૈન સદાય જાગૃત હોય. સંસારમાં ઘડીભર પણ રહેવા એ રાજી ન હોય. દિવસ-રાત એની એક જ ઝંખના હોય 'ક્યારે મારી આ કેદ તૂટે ને હું ભગવાનના શાસનની દીક્ષા લઉં.'

જેના હૈયામાં—'મેળવવા જેવો મોક્ષ છે, લેવા જેવી દીક્ષા છે અને છોડવા જેવો સંસાર છે' આ ત્રણ વાત જચે નહિ એના જેવો આ જગતમાં ભાગ્યે જ બીજો કોઈ દુર્ભાગી હશે ? એમ કહી શકાય !

પુણ્ય પહોંચતું હોય, લખપતિમાંથી કરોડપતિ થવાની તક હાથમાં હોય છતાં જેને કરોડપતિ થવાની ઝંખના જ

ન જાગે એને જગત શું કહેશે....? 'અભાગીઓ છે, આના ભાગ્યમાં કરોડપતિ થવાનું લખાયું જ છે ક્યાં....? નહિ તો આવી મઝેની હાથમાં આવેલી તક કોણ જતી કરે....?'

એમ જેનું શરીર સારું છે, સંસારમાંથી ધારે તો નીકળી શકે એમ છે, સારામાં સારી આરાધના કરી શકે એમ છે. આરાધના દ્વારા દૂર રહેલા મોક્ષને હથેલીમાં રમતો પણ કરી શકે એમ છે. છતાં જેને મોક્ષ મેળવવાની કે એ માટે સંયમ લેવાની ભાવના જ ન જાગતી હોય કે ભાવના જગાડવાનો પ્રયત્ન જ જેનો ન હોય એ જૈન હોવા છતાં એના જેવો અભાગી આત્મા આ સંસારમાં બીજો કોઈ નથી એમ જ્ઞાનીઓ કહે છે.

આવા અભાગી આત્માને પણ પોતાના દુર્ભાગ્યનું દુઃખ હોય....પોતાના હૈયામાં જામ થઈ ગયેલા સંસારના તીવ્ર રાગ પ્રત્યે તિરસ્કાર હોય. સંસારમાં રહેવા છતાં 'સંસારમાં રહેવું પડે છે' એને એ પોતાની કમનસીબી લેખતો હોય તો એને માટે પણ ઉદ્ધારનો માર્ગ સદંતર બંધ નથી થતો પણ ખૂલ્લો રહે છે.

☆

સાધુ ન થવાય તો શું કરે?

સાચો શ્રાવક બને

મેળવવા જેવો મોક્ષ લાગી પણ ગયો.
લેવા જેવું સંયમ જચી પણ ગયું.
છોડવા જેવો સંસાર સમજાઈ પણ ગયો.

આમ છતાં કોઈ અભાગી આત્મા સંસાર ન જ છોડી શકે, સંયમ ન જ લઈ શકે તો ભગવાનના શાસનમાં શું એને માટે કોઇ જ સ્થાન નહિ....? એણે ભગવાનના શાસનમાંથી રડતી આંખે શું રાજીનામું આપી નીકળી જ જવું પડે....? એના ઉદ્ધારનો કોઈ માર્ગ જ નહિ....?

ના, ભાવદયાના સાગર તીર્થંકર પરમાત્માઓએ એવા આત્માઓને પણ પોતાના શાસનમાં સ્થાન આપીને એમના ઉદ્ધારનો માર્ગ ખૂલ્લો રાખ્યો છે.

એવા અભાગી આત્માએ આંખમાં આંસુ લાવીને ભગવાનના શાસનના સુયોગ્ય ગુરૂભગવંત પાસે જઇને કહેવું કે:

'ભગવંત! ધન્ય છે આપ જેવાને કે સંસારની લોભામણી લાલચોમાં ન ફસાતા સંસારના ભોગ વિલાસ અને વૈભવોને દૂર ફગાવી દઇ આપ સંસારથી બહાર નીકળી ગયા' 'ધિક્કાર છે મને કે 'નીકળવા જેવું માનવા છતાં હું નીકળી નથી શકતો. આસક્તિ અને અશક્તિ મને અટકાવે છે. સંસારનો રાગ હજુ મને પજવે છે, સંસારનો સુખો હજુ મને મૂંઝવે છે.'

'સમજું છું કે સંસારમાં કોઈ મારૂં નથી છતાં 'ઘર મારૂં લાગે છે. પેઢી મારી લાગે છે. બંગલો મારો લાગે છે માલ મિલ્કત ને મોટર મારી લાગે છે. છોકરા અને છોકરાના છોકરાં ય મારા લાગે છે.' આ રાગના બંધનમાં ફસાયેલો હું શી રીતે ભગવાનના શાસનની દીક્ષા લઉં?

હું ઇચ્છું છું કે 'ક્યારે મારૂં એવું સદ્ભાગ્ય જાગે કે સંસારનો રાગ મારો ઓસરી જાય ને મારામાં એવો જોરદાર ભાવોલ્લાસ જાગી જાય કે ભગવાનના શાસનનું સંયમ લેવા માટે હું તલપાપડ બની જાઉં.'

'પણ, અભાગીયો છું હું કે "લેવા જેવું સંયમ લાગવા છતાં મારા મનમાં સંયમ લેવાની તીવ્ર ભાવના જ હજુ નથી જાગતી માટે એવો કોઈ માર્ગ બતાવો કે 'મારો સંસારનો રાગ ઘટતો જાય, મોક્ષનો રાગ વધતો જાય ને જલ્દીમાં જલ્દી સર્વવિરતિ ધર્મને હું સાધી શકું.'

એ વખતે ગુરૂભગવંત એના હૈયાની વેદનાને ઠારતા કહે કે: 'ગભરા નહિ. મોક્ષ તારે જોઈએ છે. સંસાર તને ખરાબ લાગે છે. સંયમ તારે લેવું છે પણ અશક્તિ અને

આસક્તિથી તું લઈ નથી શકતો તો તને પણ ભગવાનના શાસનમાં રહેવાનો અધિકાર છે. તારે માટે પણ મોક્ષ સુધી પહોંચવાનો માર્ગ ભગવાને બતાવ્યો છે જેનું નામ છે શ્રાવક ધર્મ! તારાથી સાધુ ન જ બની શકાય એમ હોય તો સાધુ કેમ જલ્દી બની શકાય એ માટે તું શ્રાવક ધર્મનો સ્વીકાર કર! સાચો શ્રાવક બન!

☆

શ્રાવક કોને કહેવાય ?

શ્રાવક એટલે 'સંસારનો દ્વેષી'!
શ્રાવક એટલે 'સંયમનો પ્રેમી'!
શ્રાવક એટલે મુક્તિનો અભિલાષી!

કરોડપતિ થવું તો બધાને હોય પણ બધા કરોડપતિ બની ન શકે—કરોડપતિ થવું એ કંઈ સહેલી વાત નથી. દુનિયાના કોઈ પણ લખપતિને પૂછીએ કે 'તારે શું થવું છે?' તો જવાબ એક જ હશે....'મારે કરોડપતિ થવું છે!'

બીજો પ્રશ્ન પૂછીએ....'કેમ કરોડપતિ થતો નથી....?' તો જવાબ મળશે 'ભાગ્ય નથી....દિવસ રાત એ માટે જ મહેનત કરૂં છું.-પેઢી ખોલું છું-માલ લાવું છું-માલ વેચું છું પણ હજુ ભાગ્ય ઉઘડતું નથી!'

એમ શ્રાવકને કોઈ પૂછે કે-'શું થવું છે....?' તો શ્રાવક પાસેથી એક જ જવાબ મળે કે 'સાધુ થવું છે!'

'કેમ થતો નથી....?' તો બીજો જવાબ મળે કે 'એટલું હજુ દુર્ભાગ્ય છે,' 'સાધુ થવા માટે જ મંદિરે જાઉં છું, ઉપાશ્રયે જાઉં છું, વ્યાખ્યાન સાંભળું છું, પૂજા કરૂં છું,

પ્રતિક્રમણ કરૂં છું, પણ હજુ તેવો ક્ષયોપશમ (ભાગ્ય) જાગ્યો નથી. તેવો ક્ષયોપશમ જાગશે ત્યારે છોડવા જેવો આ સંસાર છોડયા વિના રહીશ નહિ. પાપમય આ સંસારમાં રહેવું પડે છે એ મારા પરમદુર્ભાગ્યથી વાત છે'!

સંયમ માટે પોતાને અસમર્થ માનતો અને સંસારમાં રહેવું પડે છે એ પોતાની મોટામાં મોટી કમનસીબી છે એ વાતનો સ્વીકાર કરતો શ્રાવક પોતાના કુટુંબ માટે પોતાના દીકરા-દીકરી માટે શું ઇચ્છે?

આવો શ્રાવક એક જ ઇચ્છા રાખે કે.... 'મારૂં આખું કુટુંબ-મારા બધા જ દીકરા અને બધી જ દીકરીઓ ભગવાનના શાસનની દીક્ષા લે તો સારૂં.' મારૂં એવું સદ્ભાગ્ય કયારે જાગે કે હું એમને વર્ષીદાનના વરઘોડામાં પૈસા ઉછાળતા જોઉં. ચતુર્વિધ સંઘ વચ્ચે હજારોની માનવમેદની વચ્ચે મારા દીકરા-દીકરીને હાથમાં રજોહરણ લઈ નાચતા જોઉં. સંયમના શ્વેત વસ્ત્રોમાં સજ્જ થયેલા સહુ કોઈને '**ધર્મલાભ**'ની આશિષ આપતા જોઉં.'

શ્રાવકના પ્રયત્ન પણ એવા જ હોય, ઘરનું વાતાવરણ પણ એવું જ હોય, અને સંસ્કાર પણ એવાં જ હોય કે એ ઘરમાં જન્મેલો છોકરો આઠ વર્ષનો થતાં થતાં તો દીક્ષા માટે તલપાપડ બની જાય.

શ્રાવક પોતાના ઘરમાં કોઈને પણ દીક્ષાની ભાવના જાગે તો કદી પણ રોકે નહિ. એટલું જ નહિ પણ દીક્ષાની ભાવના જગવવા માટે જ એના પ્રયત્ન હોય, એ માટે એ પોતાના દીકરા-દીકરીને દરરોજ સાધુ-સાધ્વીજી પાસે ભણવા મોકલે....

૨

સ્કુલમાં ભણતા હોય તો વેકેશનમાં પણ સારા સંસ્કારો પડે ને એના ભાગ્યમાં હોય તો દીક્ષાની ભાવના હૈયામાં જાગે એ માટે સુયોગ્ય સાધુ પાસે રહેવા પ્રેરણા કરે.

દરરોજ પોતાના દીકરા–દીકરીને બોલાવી શ્રાવક પ્રેમથી કહે: 'લેવા જેવી દીક્ષા જ છે. એ જ માર્ગ સાચો છે. સુખી થવું હોય તો સંસારમાં પડવા જેવું નથી. સંસારમાં તો સવારથી સાંજ સુધી એકલી ગુલામી જ કરવાની છે. ખોટા માણસોની શેહ અને શરમમાં તણાઈ એમને સલામ ભરતાં ભરતા જ જીવવાનું છે. દેખીતો સોહામણો લાગતો સંસાર અંદર ઉતરતાં ખૂબ જ બિહામણો છે. ત્યારે પ્રભુના શાસનના સાધુ બનવું એટલે સુખીમાં સુખી જીવન જીવવું. ન કોઈ ચિંતા કે ન કાંઈ પંચાત! ન કોઈની શેહ કે ન કોઈની શરમ! તદ્દન નિષ્પાપ જીવન! દુઃખ થોડું સહેવાનું અને બદલામાં સુખ અનંતુ મેળવવાનું! રાજા–મહારાજાઓ ચક્રવર્તીઓ અને ઇન્દ્રો ય એમનાં ચરણોમાં પડે અને એમના સુખની ઈર્ષ્યા કરે....! માથે દેવ–ગુરૂ ને ધર્મ રાખવાનાં. સિવાય કોઈને નહિ! આ ભવમાં ય સુખ પરભવમાં ય સુખ અને પરમ્પરાએ જલ્દીમાં જલ્દી મોક્ષ! આવો માર્ગ કોણ ન સ્વીકારે? અમે તો સંસારમાં પડયા એ ભૂલ કરી પણ તમને સંયમ માર્ગે જવાની ભાવના થઈ જાય તો ય અમે ખુશ!'

આ રીતે સંસારમાં રહીને પણ સંયમની સામે જ મીટ માંડીને બેઠેલા શ્રાવકને પાપયોગે કદાચ જીવનભર સંસારમાં રહેવું પડે તો ય....

સંસાર જેને જેલ જેવો લાગ્યો છે.

સંસાર જેને ભૂંડો લાગ્યો છે.

સંસાર જેને છોડવા જેવો લાગ્યો છે.

સંસાર જેને દુર્ગતિનો દરવાજો લાગ્યો છે, એવો શ્રાવક સંસારમાં રહેવું પડે તો શી રીતે રહે ?

એવો શ્રાવક એક પાપથી કામ પતતું હોય તો ચાર પાપ ન કરે. ચારથી પતતું હોય તો આઠ ન કરે. ઓછામાં ઓછા પાપથી જીવન જીવવાની મહેનત કરે.

એની સ્થિતિ ધગધગતા લોખંડના તવા ઉપર પગ મૂકીને પસાર થવાની કોઈને શિક્ષા કરવામાં આવી હોય એવા માણસ જેવી હોય.

એ માણસ એક પગ મૂકવાથી પસાર થવાતું હોય તો બે પગ ન મૂકે. પગની એડી મૂકવાથી પસાર થવાતું હોય તો પગની પાની ન મૂકે. પગની આંગળીઓ જ મૂકવાથી પસાર થવાતું હોય તો પગની એડી ય ન મૂકે ને પગની પાની ય ન મૂકે.

શ્રાવક પણ સંસારમાં કેમ ઓછામાં ઓછા પાપથી જીવાય ને વધારેમાં વધારે ધર્મ થાય એ જ લક્ષ્યવાળો હોય.

આવા લક્ષ્યવાળો શ્રાવક થોડો પણ જે કંઈ ધર્મ કરે તે સારો કરે, વિધિપૂર્વક કરે, શાસ્ત્રમાં બતાવ્યા પ્રમાણે કરે.

દરેક વખતે એનો એક પ્રશ્ન હોય. 'મારે શું કરવું જોઈએ ને કેવી રીતે કરવું જોઈએ ?'

પૂજા કેટલી વાર કરવી જોઈએ ? કેવી રીતે કરવી જોઈએ ?

સામાયિકમાં શું કરવું જોઇએ? શું ન કરવું જોઈએ?

પ્રતિક્રમણ કેટલી વાર કરવું જોઇએ? ક્યારે કરવું જોઈએ?

મંદિરમાં શું કરવાથી લાભ થાય? શું કરવાથી નુકશાન થાય? ગુરૂ પાસે કેમ જવાય? કેમ બેસાય? કેમ ઉઠાય?

વિધિના પક્ષપાતી અને અવિધિના દ્વેષી શ્રાવકના હૈયામાં આ બધા પ્રશ્નો સતત જાગતા જ હોય તો એનું સમાધાન અને માર્ગદર્શન પણ એને મળવું જોઈએ.

એ સરળ માર્ગદર્શન આપવા જ મહાપુરૂષોએ શ્રાવકે શું કરવું જોઈએ? કેમ કરવું જોઈએ? ક્યારે કરવું જોઈએ? એ બધું સમજાવવા શ્રાદ્ધવિધિ આદિ અનેક ગ્રન્થોની રચના કરી શ્રાવકના કર્તવ્યોને છ વિભાગમાં વહેંચી દઈને એ કર્તવ્યો તરફ આંગળી ચિંધવાનું મહાન પુણ્યકાર્ય કર્યું છે. પ્રત્યેક સાધકે એ કર્તવ્યો જોઈને પોતાના જીવનમાં દેખાતી ખામીઓ અને ત્રુટીઓને દૂર કરી સાધુ ન જ થઈ શકાય તો સાધુ બનવા માટે સાચા શ્રાવક બનવાના દ્રઢ સંકલ્પને સિદ્ધ કરવો જોઈએ.

卐

– શ્રાવકના કર્તવ્યો

(1) દૈનિક કૃત્ય – દિવસે શું કરવું જોઈએ?

(2) રાત્રિક કૃત્ય – રાત્રે શું કરવું જોઈએ?

(3) પર્વ કૃત્ય – પર્વ દિવસે શું કરવું જોઈએ?

(4) ચાતુર્માસિક કૃત્ય – ચાતુર્માસમાં શું કરવું જોઈએ?

(5) વાર્ષિક કૃત્ય – વર્ષમાં શું કરવું જોઈએ?

(6) જીવન કૃત્ય – જીવનમાં શું કરવું જોઈએ?

☆

દૈનિક કર્તવ્ય

1. જાગવું
2. પ્રતિક્રમણ–સામાયિક
3. દેવદર્શન
4. ગુરુવંદન
5. ગૃહવ્યવસ્થા
6. વ્યાખ્યાન શ્રવણ
7. સ્નાનવિધિ
8. પ્રભુ પૂજા
9. ભોજન વિધિ
10. સુપાત્ર દાન
11. વ્યાપાર શુદ્ધિ
12. દેવપૂજન
13. પ્રતિક્રમણ
14. સ્વાધ્યાય–ભક્તિ

જાગવું

શ્રાવકે રાત્રિના ચોથા પ્રહરમાં સૂર્યોદય થવામાં જ્યારે ચાર ઘડી (૯૬ મિનીટ) બાકી હોય ત્યારે પંચપરમેષ્ઠિ–અરિહંત સિદ્ધ આચાર્ય ઉપાધ્યાય અને સાધુનું સ્મરણ કરતાં જાગ્રત થવું જોઈએ.

— જાગ્રત થઈને નાકની નાડી (સૂર.) જોવી. જે તરફની નાડી ચાલતી હોય તે તરફનો પગ પ્રથમ નીચે મૂકવો પછી પથારીનો ત્યાગ કરવો.

— રાત્રે પહેરેલા કપડાં બદલી શુદ્ધ કપડાં પહેરવાં. શરીરની અશુદ્ધિઓનો ત્યાગ કરવો. શૌચાદી ક્રિયા પણ આ પહેલા કરી લેવી જોઈએ.

— જાગ્રત થઈ નમસ્કાર સ્મરણ કરી ‘ હું કોણ છું ? મારી કઈ જાત છે ? મારૂં કયું કુળ છે ? મારા દેવ કોણ છે ? મારા ગુરૂ કોણ છે ? મારો ધર્મ કયો છે ? કરવા જેવું શું હું નથી કરતો ? ન કરવા જેવું શું હું કરૂં છું ? મારે શું કરવાનું બાકી છે ? બીજા મારૂં સારૂં કે ખરાબ શું જુવે છે ? હું મને કેવો જોઉં છું. મારા કયા દોષો હું સુધારતો નથી ? આજે કયી તિથિ છે ? કયા ભગવાનનું કલ્યાણક છે ? મારે શું કરવું જોઈએ ? આ બધો વિચાર કરી પ્રતિક્રમણ કરવા બેસે.

☆

પ્રતિક્રમણ

પ્રતિક્રમણ એટલે પાપથી પાછા હઠવું. પાપનું પ્રાયશ્ચિત કરવું. શ્રાવકે સવાર–સાંજ બે ટાઈમ અવશ્ય પ્રતિક્રમણ કરવું જ જોઈએ.

જાપ એ ઐચ્છિક કર્તવ્ય છે. પ્રતિક્રમણ એ આવશ્યક કર્તવ્ય છે. અવશ્ય કરવા યોગ્ય કાર્યને આવશ્યક કહેવાય છે. આવશ્યકને છોડીને ઐચ્છિક કર્તવ્ય કરનાર છતી શક્તિએ ભગવાનની આજ્ઞાની ઉપેક્ષા કરનાર બને છે.

જે ગોડાઉનમાં માલની એકલી આયાત જ હોય પણ નિકાસ ન હોય એ ગોડાઉન સંગ્રહથી ને સડાથી થોડા જ વખતમાં ગંધાઈ ઉઠે ને જીવાતોથી ખદબદી ઉઠયા વિના રહે નહિ.

શ્રાવક પણ સંસારમાં બેઠો છે ત્યાં સુધી એના જીવનમાં પાપોની સતત આયાત ચાલુ જ છે. પ્રતિક્રમણ દ્વારા દરરોજ એની નિકાસ ન થાય તો શ્રાવકનું જીવન પાપોની બદબૂથી ગંધાઈ ઉઠ્યા વિના રહે નહિ.

— પ્રતિક્રમણ ઉપાશ્રયમાં જઈને અથવા ઘરમાં એકાન્ત સ્થાનમાં પૌષધશાળા તરીકે જુદી કાઢેલ રૂમમાં બેસીને કરે.

— પ્રતિક્રમણ ન જ આવડતું હોય અથવા એવું જ કંઈ કારણ હોય તો સામાયિક કરે. બાર વ્રતધારી શ્રાવક અવશ્ય પ્રતિક્રમણ કરે. પ્રતિક્રમણમાં સામાયિકનો સમાવેશ થઈ જાય છે.

નોટ :—પ્રતિક્રમણ તથા સામાયિકમાં સ્થાપનાજી–ચરવલો–કટાસણું મુહપત્તિ તથા શુદ્ધ ધોતીયું ખેસ આદિ જોઈએ. સામાયિક પ્રતિક્રમણના વસ્ત્ર પણ સારા સફેદ અને સ્વચ્છ રાખવા જોઈએ.

— પ્રતિક્રમણ કરનારાઓમાં આજે ઘણાની પાસે ચરવલા જોવા મળતા નથી. પણ હકીકતમાં વિધિની દૃષ્ટિએ જોવા જઈએ તો કટાસણા વગર હજુ ચાલી શકે પણ ચરવલો તો અવશ્ય જોઈએ જ.

— પ્રતિક્રમણમાં ચરવલો અજાણતાથી પણ ખભા પર ન મૂકાય એનું ધ્યાન રાખવું જોઈએ. ખભા પર મૂકવાથી મોટો દોષ લાગે છે.

— પ્રતિક્રમણ બને ત્યાં સુધી વિધિ મુજબ ઊભા ઊભા કરવું જોઈએ.

— સૂત્રો શુદ્ધ અને સંપદાની જાળવણી સાથે બોલવાં જોઈએ.

— સૂત્રો બોલતી વખતે અર્થનું ચિંતવન આપમેળે સ્વાભાવિક થાય તેવો અભ્યાસ પાડવો જોઈએ.

☆

સામાયિક

શ્રાવકથી બની શકે તો ઓછામાં ઓછું દિવસમાં એક સામાયિક શ્રાવકે કરવું જ જોઈએ.

સામાયિક એટલે ૪૮ મિનીટ સુધી આત્માને આત્માના પોતાના ઘરમાં લાવી સ્થિર કરવો.

સામાયિક એટલે સંસારની આળ-પંપાળ અને જાળ-જંજાળના પાપથી ૪૮ મિનિટ સુધી મુક્તિ!

સામાયિક એટલે સમતાનો લાભ-! સમભાવની પ્રાપ્તિ!

સામાયિક વિના પ્રતિક્રમણ ન થાય. પૌષધ ન થાય. ઉપધાન ન થાય. દીક્ષા ન થાય. મોક્ષ ન થાય. દરેકમાં સામાયિક જોઈયે.

જગતના કોઈ ધર્મવાળા પાસે જઈને પૂછો કે....' મારે ૪૮ મિનીટ સુધી પાપ નથી કરવું ને સાધુ જેવા થઈને રહેવું છે....કોઈ યોજના છે....? બધા ધર્મવાળા વિચારમાં પડી જશે.

જૈનના એક નાના છોકરાને ય પૂછશું તો તરત કહેશે. ' એક સામાયિક કરો.'

સામાયિક ધર્મ એ જૈન જગતને મળેલી એક સર્વશ્રેષ્ઠ દેન છે. સામાયિકના પુણ્યની તોલે જગતનું કોઈ પુણ્ય આવી શકે એમ નથી.

પુણિયા શ્રાવકનું એક સામાયિક લેવા મહારાજા શ્રેણિકે આખું મગધનું રાજ્ય આપવાની વાત કરી પણ પુણિયા શ્રાવકે

કહી દીધું 'તમે કહો તો મારૂં આખું જીવન તમને આપી દઉં.... કહો તો મારૂં માથું કાપીને આપી દઉં....કહો તો મારા ઘરબાર વેચીને આપી દઉં....પણ હું મારા જીવતાં પ્રાણથી પણ વધુ પ્રિય એવું મારૂં સામાયિક ન આપી શકું ?

જે સામાયિક માટે પુણિયાએ મગધના સિંહાસનને પણ 'થૂ' કરી દીધું એ સામાયિક ખાતર આપણે ૨૪ કલાકમાંથી માત્ર ૪૮ મિનીટ શું ન આપી શકીએ ?

સામાયિકમાં બને ત્યાં સુધી શ્રાવકે....બે પ્રતિક્રમણ પાંચ પ્રતિક્રમણ, ચાર પ્રકરણ આદિનો નવો અભ્યાસ અને જુનાનો સ્વાધ્યાય આદિ કરી જ્ઞાન મેળવવા પ્રયત્નશીલ બનવું જોઈએ. ગોખવાની મહેનતથી કંટાળવું ન જોઈએ.

જ્ઞાન એ આત્માનો ગુણ છે. જ્ઞાની એક શ્વાસોશ્વાસમાં જે કર્મ ખપાવે છે એ અજ્ઞાની કરોડો વર્ષમાં નથી ખપાવી શકતો. માટે જ્ઞાનાભ્યાસમાં જ ચિત્ત લગાવવું જોઈએ.

એ માટે તદ્દન અશક્તિ હોય તો આત્માને ઉપકારી ધર્મગ્રન્થોનું વાંચન કરવું જોઈએ. એ પણ ન થઈ શકે એમ હોય તો છેવટે નવકારવાળી અપ્રમત્ત રીતે ગણવી જોઈએ.

સામાયિક બને ત્યાં સુધી ઉપાશ્રયમાં ગુરૂ સમક્ષ કરવાથી ચિત્તની શુદ્ધિ વધુ જળવાય છે.

卐

પ્રતિક્રમણ કર્યા બાદ શ્રાવક વાસક્ષેપ પૂજાને યોગ્ય શુદ્ધ વસ્ત્ર પહેરી પોતાની ઋદ્ધિ સમૃદ્ધિને યોગ્ય અલંકારો પહેરી દેવદર્શન માટે દહેરાસરમાં જાય.

દહેરાસરમાં પ્રવેશ કરતાં ત્રણ વાર નિસીહિ નિસીહિ નિસીહિ બોલે. નિસીહિ એટલે નિષેધ–ત્યાગ.

● પહેલી નિસીહિ :– દેરાસરના મુખ્ય બારણેપ્રવેશ કરતાં નિસીહિ....નિસીહિ....નિસીહિ એમ ત્રણ વાર બોલે. આ નિસીહિ સંસાર સંબંધી તમામ કાર્યો વિચારવા. બોલવા અને કરવાના નિષેધ માટે બોલવાની છે. મૂલનાયક ભગવાનના દર્શન થતાં જ 'નમો જિણાણં' કહી પંચાંગ પ્રણિપાત કરીને પૂજાની સામગ્રી સાથે બે હાથની આંગળીઓ ભેગી કરી હાથ જોડી યોગમુદ્રા પૂર્વક મનમાં ભગવાનના ગુણો વિચારતો ભવભ્રમણ નિવારવા પ્રભુની જમણી બાજુથી ભમતિમાં ત્રણ પ્રદક્ષિણા આપે.

પ્રદક્ષિણા આપતાં પૂર્ણ જયણા પાળે. પગ નીચે કોઈ જીવહિંસા ન થાય એનું ધ્યાન રાખે.

પ્રદક્ષિણાનો દુહો :

કાલ અનાદિ અનંતમાં, ભમીયો બહુ સંસાર,
એ ભવ ભ્રમણ નિવારવા, પ્રદક્ષિણા દઉં ત્રણ વાર.

જ્ઞાન દર્શન ચારિત્રની આરાધના અથવા જન્મ–જરા–મરણના નિવારણ માટે ત્રણ પ્રદક્ષિણા આપી દેરાસરમાં કોઈ

પણ સ્થળે આશાતના થતી દેખાય, કચરો પડેલો દેખાય તો એ બધું કામ વગર સંકોચે પોતે કરે, દેરાસરનું નામું-ઠામું પણ તપાસે ત્યાર બાદ ગભારા તરફ વાસક્ષેપ પૂજા કરવા જાય.

● બીજી નિસીહિ : ગભારાના પ્રવેશ-દ્વારમાં દર્શન કરવા અથવા વાસક્ષેપ પૂજા કરવા જતાં નિસીહિ નિસીહિ નિસીહિ એમ ત્રણ વાર બોલે. આ નિસીહિ દેરાસર સંબંધી કચરો કાઢવો આદિ અન્ય કાર્યના નિષેધ માટે બોલવાની છે.

ગભારામાં નિસીહિપૂર્વક પ્રવેશ કરી વિધિપૂર્વક ત્રણ પૂરા ખમાસમણા આપી મોઢે તથા નાકે ખેસ બાંધી વાસક્ષેપ પૂજા કરે.

● ત્રીજી નિસીહિ : સવારે દર્શન અથવા વાસક્ષેપ પૂજા કરી ચૈત્યવંદન શરૂ કરતા પહેલાં ત્રણવાર નિસીહિ નિસીહિ નિસીહિ બોલે. આ નિસીહિ, દ્રવ્ય પૂજાના નિષેધ માટે બોલવાની છે.

— ત્રણ વાર નિસીહિ બોલી ઉત્તરાસણ પૂર્વક યોગમુદ્રામાં બેસી મધુરવાણીથી ચૈત્યવંદન કરવું જોઈએ....ચૈત્યવંદન એ ભાવપૂજા છે. ચૈત્યવંદન પૂર્ણ કરી પચ્ચકખાણ લે.

— યોગમુદ્રા એટલે :—બે હાથની કોણી પેટ-ઉદર ઉપર મૂકવી, બન્ને હાથ કોશાકૃતિથી રાખવા, બન્ને હાથની આંગળીઓ પરસ્પર એકબીજાથી મેળવીને રાખવી, આનું નામ યોગમુદ્રા છે.

આ રીતે શ્રાવકે ભગવાનનાં દર્શન તથા પૂજા સવાર બપોર-સાંજ ત્રણવાર કરવા જોઈએ.

દર્શન કર્યા વિના શ્રાવક મોઢામાં પાણીનું ટીપું પણ ન નાંખે.

● સવારનાં દર્શન બાદ શુદ્ધ વસ્ત્રોથી વાસક્ષેપ પૂજા કરી શકાય. સ્નાન ન કર્યું હોય તો ભગવાનનો સ્પર્શ ન થવો જોઈએ.

● દર્શન કરતાં પુરૂષ જમણી બાજુમાં ઊભા રહી અને સ્ત્રી ડાબી બાજુમાં ઊભા રહી ભગવાનના દર્શન અથવા–ભગવાનની સ્તુતિ કરે.

● ભગવાનથી વધારેમાં વધારે ૬૦ હાથ દૂર અથવા ઓછામાં ઓછા નવ હાથ દૂર રહી દર્શન અથવા સ્તુતિ કરવી જોઈએ.

● દેવદર્શન બાદ શ્રાવકે ગુરૂવંદન કરવું જોઈએ.

● વાસક્ષેપ પૂજા માટે પણ વસ્ત્ર તરીકે શુદ્ધ ધોતી અને ખેસ જ રાખવા.

☆

ગુરૂવંદન

પ્રત્યેક શ્રાવકનો ધર્મ છે કે દેવદર્શન–પૂજનની જેમ શ્રાવકે ત્રિકાલ ગુરૂવંદન પણ કરવું જોઈયે.

—જો મુનિરાજનું સાનિધ્ય હોય તો ઉપાશ્રયમાં જઈને વંદન કરવું....સાનિધ્ય ન હોય તો ઉપકારી સુયોગ્ય સુવિહિત ગુરૂનો ફોટો ઘરમાં રાખી તેને પણ અવશ્ય વંદન કરવું જોઈયે.

દેવ અને ધર્મ તત્ત્વની જેમ જૈનશાસનમાં ગુરૂતત્ત્વની પણ ખૂબ જ મહત્તા છે. દેવને ઓળખાવનાર અને ધર્મને સમજાવનાર આ જગતમાં એક માત્ર ગુરૂ જ છે. શાસ્ત્ર તો ચોકખા શબ્દોમાં કહે છે.

‘સમકિત દાયક ગુરૂ તણો, પચ્ચુવયાર ન હોય.’

આપણું મિથ્યાત્વ વમાવી આપણામાં સમ્યક્ત્વનું બીજ રોપનાર ગુરૂના ઉપકારનો બદલો કોઈપણ રીતે વાળી શકવાની તાકાત આપણામાં નથી.

મંદિરમાં બિરાજમાન દેવાધિદેવ તીર્થંકર પરમાત્મા રાગદ્વેષથી રહિત છે....એ આપણે ભૂલતા હોઈયે તો સામેથી બોલાવીને આપણને કહેવાના નથી કે ‘તું કેમ આમ કરે છે....?

ત્યારે ધર્મ શાસ્ત્રોના પાના પર લખાયેલો છે. ગુરૂની આજ્ઞા વિના શાસ્ત્રો વાંચવાનો આપણને અધિકાર પણ નથી. એટલે ધર્મ પણ સ્વતંત્ર રીતે અકાર્ય કરતા આપણને હાથ પકડી અટકાવતો નથી.

ત્રણ તત્ત્વમાંથી એક ગુરૂ તત્ત્વ જ બોલતું છે કે જે ઉન્માર્ગે જતાં માણુસને આંગળી પકડી સન્માર્ગે લાવે. ભૂલ કરતાં માણુસને ભૂલ કરતો અટકાવી 'આમન કરાય આમ કરાય એમ કહી ભૂલની ખાઈમાં પડતાં માણુસને બચાવી લે. સંસાર સાગરમાં ઝંપાપાત કરતા માણુસને અધવચ્ચેથી હાથમાં ઝાલી લઈ ઉગારી લે.

આવા સુયોગ્ય ગુરૂ ભગવંતને દિવસમાં ત્રણુવાર વન્દન કર્યાં વિના શ્રાવકને ચેન ન પડે. પ્રથમ મુખ્ય આચાર્યને વન્દન કરીને પછી યથાશક્તિ પર્યાય પ્રમાણે ક્રમશઃ બધા મુનિઓને વન્દન કરવું જોઈએ.

ગુરૂ વંદન વિધિ :

ગૃહસ્થને યોગ્ય સારા શુદ્ધ વસ્ત્ર પહેરીને, ખેસ નાંખીને ગુરૂની પાસે જવું જોઈએ. ગુરૂ મહારાજના દર્શન થતાં જ 'मत्थएण वंदामि' કહેવું જોઈએ. ત્યાર બાદ ગુરૂ મહારાજથી ઓછામાં ઓછા સાડા ત્રણ હાથ દૂર ઊભા રહીને પહેલા બે ખમાસમણ દેવા પછી ઊભા ઊભા.

'ईच्छकार सुहराई (सुहदेवसि) सुख तप, शरीर निरावाध सुख संजम यात्रा निर्वहो छो जी? स्वामी शाता छे जी? भात-पाणीनो लाभ देजो जी! (આટલું કહી પદવી ધર ગુરૂમહારાજ હોય તો એક ખમાસમણ આપવું. નહિ તો સીધો આગળ પાઠ બોલવો) **इच्छाकारेण संदिसह भगवन् अब्भूट्ठिओमि अब्भिंतर–देवसिअं खामेउं ॥ इच्छं खामेमि देवसिअं ।**

આટલું ઊભા ઊભા કહેવું ત્યાર બાદ બન્ને ઢીંચણ જમીનને અડાવવા, જમણો હાથ જમીન પર જરા આગળ

કરવો, મસ્તકને જમીન પર અડાડવું અને ડાબો હાથ મુખની આગળ રાખીને—

" **जंकिंचि, अपत्तियं, परपत्तियं, भत्ते, पाणे, विणये, वेयावच्चे, आलावे, संलावे, उच्चासणे, समासणे, अन्तरभासाए उवरिभासाए, जंकिंचि मज्झ विणयपरिहिणं सुहुमं वा बायरं वा, तुब्भे जाणह अहं न जाणामि तस्स मिच्छामि दुक्कडम्** " ॥

આ પાઠ બોલીને ઊભા થવું, પછી એક ખમાસમણુ દઈને પચ્ચકખાણુ લેવું.

તા. ક. દિવસના બાર વાગ્યા પહેલાં વંદન કરવામાં આવે તો 'राईअं' અને બાર વાગ્યા પછી વન્દન કરવામાં આવે તો 'देवसिअं' કહેવું. આ વંદન રાત્રિ સમયે ન કરાય.

—સવારના નવકારશી આદિનું અને સાંજના ચોવિહાર તિવિહાર પાણુહાર આદિનું પચ્ચકખાણુ કરવું. કારણુ શ્રાવક અવશ્ય રાત્રિભોજનનો ત્યાગી હોય.

☆

ગૃહવ્યવસ્થા

આટલું કર્યા બાદ ઘર સંસારને અને ઘરવાસને હૈયાથી ભૂંડો માનતો શ્રાવક જરૂરિયાત જણાય તો ઘરે જઈને ઘરની વ્યવસ્થા કરે. અર્થાત્ ભોજન વસ્ત્ર સંબંધી કંઈ કામકાજ હોય તો વિવેકપૂર્વક પૂર્ણ કરે.

— નોકરો વગેરેને પોતપોતાના કામમાં નિયુક્ત કરે કારણ, સંસારમાં બેઠેલો શ્રાવક સંસાર તરફ દુર્લક્ષ્ય સેવે તો સંસારથી અને ધર્મથી ઉભયથી ભ્રષ્ટ થાય. લોકો એને અવ્યવહારૂ કહે. અને ધર્મની નિંદા કરે અને આગળ વધતા પગલે પગલે પૈસાની જરૂરિયાતવાળા એને અન્યાય અને અનીતિનો માર્ગ લેવાનો ય વખત આવે.

— ત્યારબાદ બની શકે તો પોતાનાથી થાય એટલી પ્રેરણા કરીને પોતાના ઘરના બધા જ સભ્યોને સાથે લઈ ગુરૂમહારાજ પાસે જિનમંદિરના રંગમંડપમાં અથવા તો ઉપાશ્રયે જ્યાં ગુરૂમહારાજ હોય ત્યાં વ્યાખ્યાન શ્રવણ કરવા આવે.

☆

વ્યાખ્યાન શ્રવણ

જિનવાણી શ્રવણ એ શ્રાવકજીવન માટે એક દિવસ પણ ન ચૂકાય એવું કર્તવ્ય છે.

ખેડૂતને જેમ પાણી વિના ન ચાલે એમ શ્રાવકને જિનવાણી વિના ન ચાલે.

જિનવાણી સાંભળતા એનું હૈયું સદા ઉલ્લસતું હોય. જિનવાણી સાંભળવા બધા કામ પડતા મૂકી શ્રાવક દોડયો દોડયો જાય. જિનવાણીમાં આખા ય જીવનને પલટી નાંખવાની અજબ તાકાત સમાયેલી છે.

એક જ દિવસના જિનવાણીના શ્રવણે શાલિભદ્રના જીવનમાં એવો પલટો લાવી દીધો કે 'સાત માળનો મહેલ' અપ્સરા જેવી આજ્ઞાંકિત બત્રીસ પત્નીઓ, અને આકાશમાંથી રોજ રોજ ઉતરતી નવ્વાણું પેટીઓ એને છોડવા જેવી લાગી ગઈ એટલું જ નહિ એ બધું ય એણે છોડી દીધું ને ભગવાન પાસે જઈ દીક્ષા લઈ વૈભારગિરિ પર અનશન કરી દીધું.

ફૂળની શય્યા પર સૂનારા એ શાળિભદ્રજી એક જ જિનવાણીના શ્રવણે પ્રભુની પાસે સંયમ સ્વીકારીને અનશન ગ્રહણ કરીને વૈભારગિરિની ધગધગતી શિલા પર હસતે મ્હોંએ સૂઈ ગયા ને જીવનનું કામ કાઢી ગયા.

દિ' ઉગે રોજની સાત સાત હત્યા કરનારો મહાપાપી અર્જુનમાળી! જિનવાણીના શ્રવણે એના જીવનમાં એવો પલટો લાવી દીધો કે મહાખૂની મટી એ મહામુની બની ગયો.

જિનવાણી જેવું જીવન સુધારનારૂં આ જગતમાં બીજું કોઈ તત્ત્વ નથી. એ સાંભળવા પ્રાપ્ત થયેલા સુઅવસરને શ્રાવક પોતાનું મહાન સૌભાગ્ય સમજે.

ખેડૂતને જેમ પાણી વિના ન ચાલે,
એમ જૈનને જિનવાણી વિના ન ચાલે.

વ્યાખ્યાન શ્રવણ કરવા આવેલ શ્રાવક વ્યાખ્યાનસભામાં ગુરૂમહારાજને બેઠેલા જોતાં જ હાથ જોડી **'मत्थएण वंदामि'** કહે ત્યાર બાદ વન્દન કરી. ખમાસમણ દઈ **'इच्छाकारेण संदिसह भगवन् वायणा संदिसाहुं ? इच्छं** કહી બીજું ખમાસમણ દઈ **'इच्छाकारेण संदिसह भगवन् वायणा लेशुं ? 'इच्छं'** કહી ત્રીજું ખમાસમણ દઈ **इच्छाकारेण संदिसह भगवन् वायणा प्रसाद करावशोजी'** આ ત્રણ આદેશ માંગી વ્યાખ્યાનસભામાં બેઠેલા ચતુર્વિધસંઘને હાથ જોડી પ્રણામ કરી ગુરૂમહારાજની આશાતના ન થાય એવી રીતે પોતાના સ્થાને બેસી જાય. અને હાથ જોડીને કોઈ અપૂર્વ વસ્તુ પોતાને પ્રાપ્ત થઈ રહી છે એમ માની એ રીતે ધ્યાનપૂર્વક સંપૂર્ણ વ્યાખ્યાન સાંભળે.

વ્યાખ્યાન સાંભળનાર શ્રાવકમાં આઠ ગુણો જોઈએ.

1. **શુશ્રુષા** – શાસ્ત્ર સાંભળવાની ઇચ્છા.
2. **શ્રવણ** – શાસ્ત્રનું શ્રવણ કરવું.
3. **ગ્રહણ** – ઉપયોગપૂર્વક સાંભળેલું ગ્રહણ કરવું.
4. **ધારણ** – ગ્રહણ કરેલું ભૂલી ન જવું, યાદ રાખવું.
5. **ઉહ** – ગ્રહણ કરેલ અર્થને તર્ક કરી ઘટાવવો.

6. **અપોહ** – સાંભળેલ વચનથી વિરૂદ્ધ વસ્તુનો ત્યાગ કરવો અથવા અપોહ એટલે પદાર્થનું તે તે ગુણપર્યાય પૂર્વકનું જ્ઞાન કરવું.

7. **અર્થવિજ્ઞાન**– સંદેહરહિત થઈ યથાર્થજ્ઞાન પ્રાપ્ત કરવું

8. **તત્ત્વજ્ઞાન** – સંદેહરહિત જ્ઞાનમાં 'આ એમ જ છે' એવો નિશ્ચય કરવો.

વ્યાખ્યાન શ્રવણ કરતી વખતે નીચેની વાતોનો અવશ્ય ખ્યાલ રાખવો જોઈએ.

1. પગને કેડની સાથે બાંધીને બેસવું નહિ.
2. પગ લાંબા કરીને બેસવું નહિ.
3. પગ ઉપર પગ ચઢાવીને બેસવું નહિ.
4. ગુરૂથી સાડાત્રણ હાથ દૂર બેસવું.
5. બિલકુલ પાછળ નહિ, બિલકુલ સામે નહિ, તથા બિલકુલ બાજુ પર નહિ, પણ એવી રીતે બેસવું કે ગુરૂમહારાજનું મુખ દેખાય, ગુરૂમહારાજની દષ્ટિ આપણી ઉપર પડે અને આવનારને વિઘ્ન ન થાય.
6. કોઈ આવનારની સાથે એકદમ વાતચીત ન કરે.
7. વ્યાખ્યાનમાં વિષય બદલાઈ જાય એવો અસંબંદ્ધ પ્રશ્ન ન પૂછે. એવો પ્રશ્ન વ્યાખ્યાન પૂર્ણ થયા બાદ ગુરૂ મહારાજ પાસે જઈ વિનયથી પૂછે.
8. વ્યાખ્યાનમાં પ્રશ્ન પૂછનાર શ્રાવક પણ હાથ જોડીને વિનયપૂર્વક 'ભગવન્ ! આ નથી સમજાતું કૃપા કરી સમજાવો' એ રીતે બહુમાનપૂર્વક પૂછે.

9. ગુરૂમહારાજ વ્યાખ્યાનમાં કોઈ શ્રાવક યોગ્ય કર્તવ્યની વાત, આજ્ઞા કે નિરવદ્ય આદેશ કરે તો 'તહત્તિ' કરી ઝીલી લે.

વ્યાખ્યાન બાદ જેણે સવારમાં પ્રતિક્રમણ ન કર્યું હોય તે ગુરૂને દ્વાદશાવર્ત (બે વાંદણા દઈને) વન્દન કરે અને યથાશક્તિ પોરસિ, સાઢ પોરિસી, બિયાસણ, એકાસણ, આયંબિલ આદિ પચ્ચકખાણ લે.

વ્યાખ્યાન બાદ ગુરૂમહારાજને આહારપાણી માટે પોતાને ઘરે પધારવા વિનંતી કરે અને સંયમ સાધનામાં ઉપયોગી વસ્તુઓનાં નામ આપી હાથ જોડીને કહે કે આમાંથી કોઈ પણ વસ્તુનો ખપ હોય તો મને લાભ આપો. ગોચરીનો સમય થયો હોય તો આગ્રહ કરીને પોતાને ત્યાં પોતે જાતે સાથે લઈ જાય ને ઉલ્લાસપૂર્વક લાભ લે.

☆

સ્નાનવિધિ

હવે મધ્યાહ્નકાલીન પ્રભુપૂજા કરવા માટે શ્રાવક સ્નાન કરે. જે ભૂમિ પર સ્નાન કરવા બેસે ત્યાં કીડીના નગરા, લીલફૂગ કે કુંથુઆ વગેરે ત્રસજીવો ન હોય અને ભૂમિ પણ ઉંચી-નીચી કે ખાડામાં પાણી ભરાઈ રહે એવી ન જોઈએ.

ત્રસ વિગેરે જીવોથી રહિત સરખી જમીન પર અચિત્ત પાણીથી, અચિત્ત ન હોય તો સારી રીતે ગાળેલા સચિત્ત પાણીથી ઉડતા જીવોની જયણાપૂર્વક ઓછામાં ઓછા પાણીથી સ્નાન કરે.

● અળગણ અથવા નિરર્થક વધુ પાણી કામમાં ન લેવું જોઈયે.

● તદ્દન વસ્ત્ર વિના નગ્ન થઈ કયારે પણ સ્નાન ન કરવું જોઈયે.

● સ્નાન કર્યા બાદ સ્વચ્છ અને સુગંધી વસ્ત્રથી શરીર સાફ કરવું જોઇયે.

● પછી પૂજાના વસ્ત્ર સિવાયના ઉન-શણ વગેરેના સુકા વસ્ત્રથી ભીનું વસ્ત્ર બદલવું અને પગ પૂરા ન સૂકાય ત્યાં સુધી ઊભા રહેવું.

● પછી પવિત્ર સ્થળે ઉત્તર દિશા સન્મુખ મુખ રાખી. પૂજાના કપડા પહેરે.

● પૂજા માટે પુરૂષોએ ધોતીયું અને ખેશ બે જ વસ્ત્ર પહેરવા જોઈએ....વધારે નહિ. (અંદર ચડ્ડી લંગોટ વગેરે નહિ.)

● સ્ત્રીઓએ કાંચળી સહિત ત્રણ વસ્ત્રોથી વધારે પહેરવા નહિ.

● પૂજાના વસ્ત્રો તદ્દન શુદ્ધ ઉંચામાં ઉંચી જાતના શ્વેત અને સુગંધયુક્ત રાખવા જોઈએ.

● દરરોજ તે વસ્ત્રો ધોવા જોઈએ. પસીનાવાળા વસ્ત્ર પહેરવાથી આશાતના થાય છે. કોઈના પહેરેલા કપડા ન પહેરે.

તા. ક. : હાલમાં સ્નાન કર્યા પછી કામળી વગેરેથી ભીના વસ્ત્ર બદલ્યા વિના જ પૂજાના કપડા પહેરવાનું, પહેરવાના સામાન્ય કપડાની સાથે પૂજાના કપડા મૂકવાનું, ગમે તેનાં પૂજાના કપડાં બીજા ગમે તેણે પહેરવાનું, કલાકોના કલાકો સુધી વિના કારણ પૂજાના કપડાં પહેરી રાખવાનું, ચાલુ પહેરવાના ધોતીયાં ધોવાયેલા હોય તો તેનાથી પૂજા કરવાનું, ફાટેલાં-જાડાં કે હલકી કિંમતના કપડા પૂજામાં પહેરવાનું, મુખકોશ માટે રૂમાલ વગેરે જુદા રાખવાનું, પૂજા માટે પહેરેલા કપડાથી જ પસીનો વગેરે લુંછવાનું, કપડાનાં છેડામાં ફૂલ, ચોખા, બદામ, ફળો વગેરે લઈ જવાનું. અંડરગ્રાઉન્ડ ચડ્ડી કે બનીયન પહેરી પૂજા કરવાનું, પૂજામાં પાટલુન બુશકોટ આદિ પહેરવાનું દિન-પ્રતિદિન વધતું જાય છે. આ બધી આશાતના તરફ સહુએ ધ્યાન આપવાની જરૂર છે.

પૂજા કરતા પણ આજ્ઞાપાલનની મહત્તા વધારે છે. આજ્ઞા પગ નીચે કચડાય ને પૂજા ચાલુ રહે એની કોઈ મહત્તા નથી. આ બધામાં મુખ્યતયા ઉતાવળ, ખર્ચ થવાનો ભય,

ગમે તે રીતે પુરૂં કરવાની વૃત્તિ, પ્રમાદ અને અજ્ઞાન જ કારણ છે. પણ આવા નજીવા કારણોથી થતી ભૂલો આપણે કરેલી પૂજાના ફળને ધોઈ નાંખે છે. અને ઉપરથી આશાતનાનું કાળું ટીલું કપાલે ચોંટાડે છે. પૂજાના આવા ઉત્તમ કાર્યમાં બેદરકારી વધવાથી બીજા જીવોને પણ પૂજા પ્રત્યે અણગમો કે અરૂચિ પેદા થાય છે અને એ બધું પાપ આપણને લાગે છે.

પૂર્વના મહાપુરૂષોએ આપણા હિત માટે કેટલાં ય કષ્ટો સહીને જાળવી રાખેલી અને આપણા સુધી પહોંચાડેલી અનુષ્ઠાનોની શુદ્ધિ, વિધિ અને મર્યાદાને પ્રાણાન્તે પણ જાળવી રાખવાનું આપણું કર્ત્તવ્ય છે.

આપણને મળેલો આ વિધિમર્યાદાનો અમર વારસો હાથે કરીને આપણે ખોઈ નાંખશું તો એ આપણી જ કમનશીબી લેખાશે.

☆

પ્રભુ પૂજા

વિધિપૂર્વક સ્નાન કરી વસ્ત્ર પહેરી ખેસના આઠપડથી મુખકોશ બાંધી શ્રાવક પ્રથમ પોતાને ઘરે દહેરાસર હોય તો ત્યાં અષ્ટપ્રકારી પૂજા કરવા જાય.

ત્રિકાલ પૂજામાં શ્રાવક સવારે વાસક્ષેપથી પૂજા કરી મધ્યાહ્નકાળે અષ્ટપ્રકારી પૂજા કરવા જાય.

પૂજા કરવાના સમયે સાત પ્રકારની શુદ્ધિ હોવી જોઈયે.

● અંગ વસન મન ભૂમિકા, પૂજોપકરણ સાર !
ન્યાય દ્રવ્ય વિધ શુદ્ધતા, શુદ્ધિ સાત પ્રકાર !!

1. **અંગ શુદ્ધિ :** પ્રથમ શરીર શુદ્ધ થાય તેટલું જ પાણી સ્નાન માટે વાપરે. તળાવમાં, નદીમાં, સરોવરમાં કે હોજમાં પડીને અથવા નળની ચકલી નીચે બેસી જઇ નહાવાથી અનેક જીવોની હિંસા થાય છે. પાણી ડોલમાં લઈ ગળીને સ્નાન કરી અંગની શુદ્ધિ કરે.

2. **વસ્ત્ર શુદ્ધિ** : પૂજાના વસ્ત્રો સ્વચ્છ શુદ્ધ અને જુદા રાખવા. તેનાથી માત્રું, સ્થંડિલ આદિ કરવા નહિ. સાંધેલા વસ્ત્ર વાપરવાં નહિ.

● પુરૂષોએ ધોતીયું ને ખેસ બેજ વાપરવાં. સ્ત્રીઓએ કાંચળી સહિત ત્રણ વસ્ત્રો વાપરવાં. પાટલુન, પેન્ટ, બુશકોટ વગેરે સીવેલા વસ્ત્ર ન વાપરવાં.

● આઠ પડ કરી ખેસ મોઢે અને નાકે બાંધવો. જેથી મુખ અને નાકનો શ્વાસ પ્રભુને પૂજા કરતાં સ્પર્શે નહિ.

3. **મન શુદ્ધિ :** પૂજા કરતા મનના ખરાબ વિચારો દૂર કરી જે જે પૂજા કરીયે તેના દુહા અને ભાવના ચિંતવવી.

4. **ભૂમિ શુદ્ધિ :** મંદિરમાં જઈ કચરો વગેરે હોય તો કચરો કાઢી ભૂમિ શુદ્ધ કરી પૂજાની વસ્તુઓ ગોઠવવી.

5. **ઉપકરણ શુદ્ધિ :** પૂજાની થાળી, વાટકી, કેસર, ધૂપ, દીપ, ચોખા, નૈવેદ્ય, ફૂલ વગેરે પૂજામાં વાપરવાની વસ્તુઓ ચોકખી, સારી, કિંમતી વાપરવી. શક્તિ ગોપવીને હલકી વસ્તુ વાપરવી નહિ, બધી વસ્તુ પોતાની જ વાપરવી. દેરાસરની નહિ.

6. **દ્રવ્ય સુદ્ધિ :** ધર્મકાર્યમાં વાપરવાના પૈસા, ન્યાયથી નીતિથી ઉપાર્જન કરેલા વાપરવા. પૂજા સ્વદ્રવ્યથી જ કરવી.

7. **વિધિ શુદ્ધિ :** પૂજા કરવા નીકળ્યા પછી, સંસારના વિચારો કરવા નહિ, સંસારના કામ માટે પાછાં જવું નહિ, સંસારને ભૂલી જઈ વિધિપૂર્વક અષ્ટપકારી પૂજા કરવાથી મહાન લાભ થાય છે.

પૂજાવિધિ :

1. દહેરાસરમાં પેસતાં 'નિસ્સીહિ' એમ બોલવું.

2. દૂરથી પ્રભુનું મુખ જોતાં જ બે હાથ ભેગા કરી મસ્તકે લગાડી મસ્તક નમાવી '**नमो जिणाणं**' (=જિનેશ્વરોને નમસ્કાર હો) એમ બોલવું.

3. પછી ભમતિમાં ત્રણ પ્રદક્ષિણા દઈ ભગવાનની ભાવવાહી સ્તુતિઓ બોલવી.

4. પછી પાટલા પર પદ્માસને બેસી પોતાના કપાલે તિલક કરે. પહેલા પોતાને કપાલે તિલક કરવાનો અર્થ એ છે કે 'હે ભગવાન્ ! તારી આજ્ઞા હું મારે માથે ચઢાવું પછી જ તારી પૂજા કરવાનો મને અધિકાર છે.

પહેલાના કાળમાં અને હજી પણ કેટલાક શ્રાવકો પોતાના ગળે, હૃદયે, નાભિ, કાન આદિ અંગો પર પણ તિલક કરતા હતા. અને એથી એ ભાવ સૂચિત કરતા હતા કે 'હે પ્રભુ ! મારું ગળું તમારા સિવાય બીજા કોઇના હૃદયથી ગુણ નહિ ગાય. મારા હૃદયમાં તમારા સિવાય બીજા કોઈને સ્થાન નહિ મળે, મારા કાન તમારા વચનો સિવાય કોઈ પાખંડીના વચન હૃદયપૂર્વક નહિ સાંભળે. મારી નાભિમાં તમારા સિવાય બીજા કોઈના નામનો અનાહત નાદ નહિ ચાલે.

5. પછી મૂલનાયક સન્મુખ જઈ પૂજા માટે 'નિસ્સીહિ' કહેવાપૂર્વક ગભારામાં પ્રવેશ કરવો. પ્રથમ મૂળનાયક ભગવાનની પૂજા કરી પછી અન્ય ભગવાનની કરવી.

(1) પહેલી જળપૂજા :

● જળપૂજા કરતા પહેલાં પ્રભુજીની મૂર્તિ ઉપરથી વાસી ફૂલ વગેરે યોગ્ય રીતે લઈને થાળ વગેરેમાં મૂકવા, પછી મોરપીંછી વડે પ્રભુજીની મૂર્તિ પર જીવજંતુ આદિ હોય તો દૂર કરવા. આજુબાજુ પબાસણ પર વાસી ફૂલ કચરો વગેરે હોય તો પૂંજણી વડે સાફ કરી પછી કળશ ભરવો.

● મૂર્તિ ઉપર કેસર વગેરે હોય તેને પાણીમાં કપડું ભીંજવી પોતા વડે સાફ કરવું, આમ છતાં કોઈ ખૂણામાં કેસર રહી જાય તો ધીમેથી વાળાકુંચી દ્વારા સાફ કરવું.

— હાલમાં વાળાકુંચીનો જે રીતે વપરાશ થાય છે તે ચોકખી ભગવાનની આશાતના છે. ભગવાનના નાક–કાન આંખ વગેરે પણ વાળાકુંચીના ઘસારાથી ઘસાઈ જાય છે. ભગવાનની મૂર્તિ એ સાક્ષાત્ જિનેશ્વર ભગવાન છે. આપણા કરતા પણ વધુ સુકોમલ એમની કાયા છે. ભગવાન પર ઘસાતી વાળાકુંચી કોઇ પાંચ જ મિનીટ આપણા શરીર પર ઘસે તો આપણા શરીર પર ઉઝરડા પડી જાય. આપણે એની ઉપર ગુસ્સે થઈ જઈચે....તો પછી ભગવાનના શરીર પર આ રીતે વાળાકુંચી ઘસવાથી કેટલું મોટું પાપ લાગે ?

કદાચ વાળાકુંચીનો ઉપયોગ કરવાની જરૂર લાગે તો ય એકાસણું કરતાં આપણા દાંતમાં કંઈ ભરાઈ ગયું હોય તો જેટલી સાવધાનીપૂર્વક સળીનો ઉપયોગ કરીયે એટલી સાવધાનીપૂર્વક ઉપયોગ કરવો જોઈએ.

● ત્યાર બાદ પંચામૃત 'દૂધ દહીં, સાકર, ઘી અને પાણી' ભેગા કરીને જિનપ્રતિમાનો પ્રક્ષાલ કરવો.

પ્રશ્ન : જળપૂજામાં દૂધ આદિ પંચામૃતથી શા માટે પ્રક્ષાલ કરવામાં આવે છે ?

જવાબ : ભગવાનના જન્માભિષેક વખતે દેવો ક્ષીરસમુદ્ર આદિમાંથી લાવેલા ક્ષીર–ઘૃત આદિ જેવા પાણીથી પ્રક્ષાલ કરે છે. એ પાણી દૂધ ઘી આદિ જેવું અત્યંત મધુર હોય છે. મનુષ્યો એ પાણી લાવી શકે નહિ. આથી દેવોની ભક્તિના અનુકરણ રૂપે જળપૂજામાં પ્રથમ પંચામૃતથી પ્રક્ષાલ કરવામાં આવે છે.

● પંચામૃતથી પ્રક્ષાલ કર્યા બાદ શુદ્ધ જળથી પ્રક્ષાલ કરવો.

જળપૂજાનો દૂહો :

જળપૂજા જુગતે કરો, મેલ અનાદિ વિનાશ;
જળપૂજા ફળ મુજ હોજો, માંગો એમ પ્રભુ પાસ.

ભાવના : મનમાં આ પ્રકારની ભાવના ભાવવી જોઈયે. 'હે પ્રભો ! આપને સ્નાન કરાવવાથી મારો કર્મરૂપી મલ દૂર થાઓ.

(2) બીજી ચંદન (કેસર બરાસ) પૂજા :

● પ્રક્ષાલ કર્યા પછી પ્રભુજીની મૂર્તિને મુલાયમ મલમલના ત્રણ અંગલુંછણા કરવા અને આજુબાજુનું પાણી સાફ કરવા જાડા પાટલુંછણાનો ઉપયોગ કરવો. ત્યાર બાદ ચંદન પૂજા નવ અંગે કરવી.

ચંદન પૂજાનો દુહો :

શીતળ ગુણ જેહમાં રહ્યો, શીતળ પ્રભુ મુખ રંગ
આત્મ શીતળ કરવા ભણી, પૂજો અરિહા અંગ.

ભગવાન :

હે પ્રભો : ચંદન વડે આપની પૂજા કરીને હું પણ એજ ચાહું છું કે 'જેવી રીતે ચંદન શીતલ છે તેવી જ રીતે મારૂં ચિત્ત કામક્રોધાદિ તાપોથી દૂર થઇ શાન્ત–શીતલ થઈ જાવ.'

નવ અંગે પૂજાનાં દુહા :

પ્રત્યેક અંગે પૂજા કરતી વખતે મનમાં નીચેના એકેક દુહા અગર એની ભાવના ચિંતવવી. કારણ પૂજા વખતે બોલવાનો નિષેધ છે.

1. **પ્રથમ અંગ :** જમણા તથા ડાબા પગનો અંગૂઠો.

દુહો– જલ ભરી સંપૂટ પત્રમાં, યુગલિક નર પૂજંત ।
ઋષભ ચરણ અંગૂઠડે, દાયક ભવજલ અંત ॥

ભાવના : હે પ્રભો ! આપના ચરણોની સેવા મને જન્મો-જન્મ પ્રાપ્ત થાઓ અને એ દ્વારા મારા ભવનો અંત થાઓ.

2. **બીજું અંગ :** જમણા તથા ડાબા પગનો ઢીંચણ.

દુહો– જાનુબલે કાઉસ્સગ્ગ રહ્યા, વિચર્યા દેશવિદેશ ।
ખડા ખડા કેવલ લહ્યું, પૂજો જાનુ નરેશ ॥

ભાવના : હે પ્રભો ! જેવી રીતે કાઉસગ ધ્યાનમાં ઊભા ઊભા આપે કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું તેવી જ રીતે આપનાં જાનુની પૂજા કરવા વડે મને પણ કેવલજ્ઞાન પ્રાપ્ત થાઓ !

3. **ત્રીજું અંગ :** જમણા તથા ડાબા હાથના કાંડા.

દુહો– લોકાન્તિક વચને કરી, વરસ્યા વરસી દાન ।
કરકાંડે પ્રભુ પૂજના, પૂજો ભવિ બહુમાન ॥

ભાવના : હે પ્રભો ! જેવી રીતે આપે આ હાથો વડે વાર્ષિક દાન આપ્યું તેવી જ રીતે આપનાં હસ્તોની પૂજા કરવા માટે મારામાં પણ એવી શક્તિ આપો કે જેથી 'હું પણ વાર્ષિક દાન આપું !'

4. **ચોથું અંગ :** જમણો તથા ડાબો ખભો.

દુહો– માન ગયું દોય અંશથી, દેખી વીર્ય અનંત ।
ભૂજા બલે ભવજલ તર્યા, પૂજો ખંધ મહંત ॥

ભાવના : હે પ્રભો જેવી રીતે આપ ભુજાઓના બલથી ભવરૂપી સમુદ્રને તરી ગયા તેવી રીતે આપની ભુજાઓના પૂજન વડે મારામાં પણ એ શક્તિ આવો કે 'હું સંસાર રૂપી સમુદ્ર પાર ઉતરી જાઉં !'

5. **પાંચમું અંગ :** શિખા – મસ્તક.

દુહો– સિદ્ધ શિલા ગુણ ઉજળી, લોકાંતે ભગવંત ।
વસીયા તેણે કારણ ભવી, શિરશિખા પૂજંત ॥

ભાવના : હે પ્રભો! જેવી રીતે આપ લોકની શિખા-અલોક સુધી પહોંચેલ છો તેવી જ રીતે આપની શિખાના પૂજન વડે મારી સ્થિતિ થાવ.

6. **છઠું અંગ :** ભાલ – કપાલ.

દુહો– તીર્થંકર પદ પુણ્યથી, ત્રિભુવન જન સેવંત ।
ત્રિભુવન તિલક સમા પ્રભુ, ભાલતિલક જયવંત ॥

ભાવના : હે પ્રભો ! આપની ભાલ પૂજા કરવા વડે આપની આજ્ઞા સદૈવ મારા મસ્તક પર રહો.

7. **સાતમું અંગ :** કંઠ.

દુહો– સોલપ્રહર પ્રભુ દેશના, કંઠે વિવર વર્તુળ ।
મધુર ધ્વનિ સુરનરસુણે. તેણે ગળે તિલક અમૂલ ॥

ભાવના : હે! પ્રભો! આપે ભવ્ય જીવોના હિત માટે સોલ પ્રહર જે કંઠથી દેશના આપી એ કંઠની પૂજા વડે મારામાં પણ એવી શક્તિ આવો.

8. **આઠમું અંગ :** હૃદય–છાતીનો મધ્ય ભાગ.

દુહો– હૃદયકમલ ઉપશમ બલે, બાળ્યા રાગ ને રોષ ।
હીમ દહે વન ખંડને, હૃદય તિલક સંતોષ ॥

ભાવના : હે પ્રભો ! ઉપશમના બલે આપે આપના હૃદયમાંથી રાગ અને રોષને બાળી નાંખ્યા છે એવી રીતે આપના હૃદયની પૂજા કરવાથી મારા પણ રાગ અને રોષનો નાશ થાવ' !

9. **નવમું અંગ :** નાભિ.

દુહો– રત્નત્રયી ગુણ ઉજળી, સકલ સુગુણ વિશ્રામ
નાભિકમળની પૂજના, કરતા અવિચલ ધામ ।।

ભાવના : હે પ્રભો ! જેવી રીતે આપનું નાભિકમળ રત્નત્રયીના ગુણોથી ઉજ્વલ બન્યું છે એવી જ રીતે આપની નાભિના પૂજનથી મારૂં પણ બનો !'

● આ રીતે નવ અંગે બિલકુલ મૌન રહી ભાવપૂર્વક પૂજા કરે. અહિં એટલું ધ્યાન રાખવું કે એકલા ચંદનની પૂજા અયોગ્ય છે. જ્યાં જ્યાં ચંદનપૂજા શબ્દ આવે છે ત્યાં કેસરમિશ્રિત ચંદન સમજવું. ચંદનનું પ્રમાણ વધારે હોવાથી એને ચંદનપૂજા કહેવાય છે. આજે કેટલાક એવો પ્રચાર કરે છે કે, 'શાસ્ત્રમાં કેસરપૂજા કહી જ નથી' માટે આ ખુલાસો કરેલ છે.

3. **ત્રીજી પુષ્પપૂજા :**

— ભગવાનને જે પુષ્પ ચડાવવાનાં હોય તે શુદ્ધ, સાફ, અને તદ્દન ખીલેલા તેમ જ સુવાસિત જોઈએ.

— પુષ્પની પાંદડીઓને છૂટી ન કરવી જોઈએ, તેનો છેદ પણ ન કરવો જોઈએ, તેમ તેની કળી પણ ન તોડવી જોઈએ.

૪

— હાથથી પડી ગયેલ, પગ લાગેલ, જમીન ઉપર પડેલ, આપણે પોતે ઉપભોગ કરેલ એવું ફૂલ પ્રભુ પૂજામાં વાપરવાથી મહાન આશાતના થાય છે.

—નીચ મનુષ્યોનો સ્પર્શ થયેલ, જીવડાઓએ ખાધેલ, અથવા ગંદા કપડામાં રાખેલ ફૂલ પણ પૂજામાં વાપરવાં ન જોઈએ.

● આ રીતે ઉત્તમ ધાતુના થાળમાં, ઉત્તમ જાતિના અખંડ અને નિર્દોષ સુગંધી પુષ્પો લઈને શ્રાવક પ્રભુની પૂજા કરે. પુષ્પો દ્વારા અંગરચના પણ કરે.

પુષ્પ પૂજાનો દુહો :

સુરભિ અખંડ કુસુમ ગ્રહી, પૂજો ગત સંતાપ ।
સુમન જંતુ ભવ્ય જ પરે, કરીએ સમકિત છાપ ॥

ભાવના : હે પ્રભો ! આપની પુષ્પ પૂજા વડે મારૂં જીવન પણ જ્ઞાન–દર્શન–ચારિત્ર અને પંચાચારના પંચરંગી ફૂલોથી સુગંધિત બનો.

ખાસ સમજવા જેવું :

પુષ્પ પૂજા કે પુષ્પો દ્વારા પ્રભુની અંગરચના માટે કાચા સૂતરના તાંતણાથી ધીમી ગાંઠ મારી પંચ પરમેષ્ટિના ૧૦૮ ગુણોનું સ્મરણ કરતા ૧૦૮ ફૂલોનો હાર બનાવવો અથવા જિનેશ્વર ભગવંતના ૧૦૦૮ લક્ષણની સંખ્યાને લક્ષ્યમાં રાખીને એક હજાર આઠ ફૂલોનો હાર બનાવડાવવો. અથવા વર્તમાન ચોવીશીના ચોવીશ તીર્થંકર, ત્રણ ચોવીશીના બ્હોત્તેર તીર્થંકર, વીશ વિહરમાન તીર્થંકર, ઉત્કૃષ્ટ કાળે વિચરતા એકસો ને

સિત્તેર તીર્થંકર, પાંચ ભરત ને પાંચ ઐરવત એ દસ ક્ષેત્રની દશ ચોવીસીના બસો ચાલીસ જિનેશ્વર, અથવા ત્રણ કાળની ત્રણ ત્રણ ચોવીસીના ગ્રહણ કરવા માટે ત્રણ ગણા કરતાં સાતસો ને વીસ સંખ્યા થાય તે બધાને યાદ કરતાં પુષ્પોનો હાર ગૂંથવો અને હાર ગૂંથતા જિનેશ્વર ભગવાનના ગુણોનું સ્મરણ કરવું.

હાર ન ગૂંથી શકાય તો ભગવંતના આઠ અંગ પર આઠ પ્રકારના કર્મના નામોચ્ચારપૂર્વક તે તે કર્મના નાશની માંગણી કરવા પૂર્વક અંગ પર ફૂલ ચઢાવે. અને નવમા અંગ ઉપર નવમા તત્ત્વની–મોક્ષની માંગણી કરતાં નવમું પુષ્પ ચડાવે.

શંકા : માણસની આંગળી કાપવાથી માણસને દુઃખ થાય છે એમ ફૂલ પણ વૃક્ષનું અંગ છે. એને તોડવાથી વૃક્ષને દુઃખ પહોંચાડવું એ તો મહાપાપ છે માટે પુષ્પપૂજા ન કરવી જોઈએ.

જવાબ : માળી બાગમાંથી ફૂલ તેની આજીવિકા માટે ચૂંટે છે. અને વિધિપૂર્વક સાચવીને લાવે છે. તેથી કીંમત ચૂકવીને પુષ્પ લેવામાં શ્રાવકને દોષ લાગતો નથી કારણ શ્રાવક પુષ્પના જીવોની દયાને માટે પુષ્પો ખરીદે છે.

— માળી પાસેથી ફૂલ ખરીદતાં શ્રાવક એ જ વિચાર કરે કે :– 'માળી પાસેથી હું ફૂલ નહિ લઉં તો તે કોઈ મિથ્યાત્વીઓને આપશે. એ આ ફૂલોને હોમકુંડમાં હોમશે ને બિચારા ફૂલોના જીવો એમાં બળીને ખાખ થઈ જશે. અથવા માળી પાસેથી કોઈ વિલાસી કે વ્યભિચારી પણ ફૂલ ખરીદીને લઈ જશે તો તે આ ફૂલોનો હાર કે ગુચ્છો બનાવી

તેની કોઈ રખાત, વેશ્યા કે પરસ્ત્રીને આપશે, અથવા એ જ ફૂલની શય્યા કરી તેની ઉપર વિલાસમાં આળોટશે, અથવા કોઈ સ્ત્રીના કંઠમાં કે અંબોડામાં આ ફૂલો જશે તો બીજાને પાપબંધમાં જ નિમિત્ત બનશે.

આથી માળી પાસેથી બીજો કોઈ ફૂલ લઈ જઇને અધર્મ આચરે તેના કરતા એ ફૂલો ખરીદીને હું તેનો ધર્મમાં ઉપયોગ કરૂં તે જ ઠીક છે. બકરો કસાઈના હાથમાં જાય અને એ જોતા રહેવામાં જે દોષ છે એ જ દોષ આ ફૂલો ન ખરીદવામાં મને લાગશે આથી ઉપેક્ષા કર્યા વિના મારે એ ફૂલો ખરીદી લેવા જોઇએ અને તેને ભગવાનનાં અંગ પર ચડાવી મહાન પુણ્યના ભાગીદાર બનાવવા જોઈએ.

આવી શુભ ભાવનાથી ફૂલો ખરીદી શ્રાવક ફૂલ પૂજા કરે.

4. ચોથી ધૂપ પૂજા :

પુષ્પ પૂજા પૂર્ણ કરી પ્રભુની ડાબી બાજુએ ઊભા રહી ધૂપદાનીમાં દશાંગ અથવા અષ્ટાંગ ધૂપ ધખાવીને પ્રભુ સન્મુખ ધૂપ કરે.

ધૂપ પૂજાનો દુહો :

ધ્યાન ઘટા પ્રગટાવીયે, વામ નયન જિન ધૂપ ।
મિચ્છત્ત દુર્ગંધ દૂર ટળે, પ્રગટે આત્મ સ્વરૂપ ॥

ભાવના : હે પ્રભો ! આપની સમક્ષ ધૂપ પ્રગટાવવાથી જેમ અશુભ પુદ્ગલો દૂર થાય છે ને સુગંધ ફેલાય છે તેમ આપની ધૂપ પૂજાથી મારા આંતરિક અશુભ વિચારો દૂર થાઓ, મારૂં જીવન સુગંધી બનો.

5. પાંચમી દીપક પૂજા :

ગભારાની જમણી બાજુ ઊભા રહી પ્રભુ સન્મુખ દીપક પૂજા કરે.

દીપક પૂજાનો દુહો :

દ્રવ્ય દીપ સુવિવેકથી, કરતાં દુઃખ હોય ફોક ।
ભાવ પ્રદીપ પ્રગટ હુવે, ભાષિત લોકાલોક ।।

ભાવના : હે પ્રભો ! આપની દીપક પૂજા કરવાથી મારા અંતરનો અજ્ઞાનનો અંધકાર દૂર થાઓ અને જ્ઞાનરૂપી દીપક પ્રગટ થાઓ !

6. છઠ્ઠી અક્ષત પૂજા :

સુંદર થાળમાં વીણેલા અખંડ ચોખા ભરીને પહેલા પ્રભુ સન્મુખ ઊભો રહે.

ત્યાર બાદ પાટલા ઉપર અથવા થાળામાં નન્દાવર્ત અથવા નીચે બતાવ્યા પ્રમાણે પ્રથમ સાથીયો કાઢે, સાથિયાના ઉપરના ભાગમાં ચોખાની ત્રણ ઢગલીઓ કરે, તેના ઉપરના ભાગમાં ચોખાથી અર્ધચન્દ્રાકાર કાઢી તેના મધ્યભાગમાં ઉપર ચોખાની સીધી લાઈન કરે.



અક્ષત પૂજાનો દુહો :

શુદ્ધ અખંડ અક્ષતગ્રહી, નંદાવર્ત્ત વિશાલ ।
પૂરી પ્રભુ સન્મુખ રહો, ટાળી સકલ જંજાળ ।।

ભાવના :

હે પ્રભો! આપની અક્ષત પૂજાથી મને જલ્દીમાં જલ્દી અક્ષય પદ પ્રાપ્ત થાઓ!

સાથિયાનો ભાવાર્થ :

સાથિયામાં કરાતાં ચાર પાંખડા ચાર ગતિના સૂચક છે, ઉપર કરાતી ત્રણ ઢગલીઓ જ્ઞાન-દર્શન-ચારિત્ર રૂપ રત્નત્રયની સૂચક છે. અર્ધચન્દ્રાકાર એ સિદ્ધશિલાનો સૂચક છે અને છેલ્લી ઉપરની લાઈન એ સિદ્ધશિલા ઉપર વસતા સિદ્ધભગવંતોની સૂચક છે.

સાથિયો કરવાનો ભાવ એ છે કે 'હે ભગવાન્! ચાર ગતિરૂપ સંસારમાં ભમી ભમીને હું થાકી ગયો છું. મને જ્ઞાન-દર્શન-ચારિત્રના ત્રણ રત્નો આપો જેથી સંસારમાંથી મારો છૂટકારો થાય અને સિદ્ધશિલા ઉપર જ્યાં તમે જઈને વસ્યાં છો ત્યાં હું પણ આવી વસું!'

સાથિયા કરતી વખતે બોલવાના દુહા :

ચિહુંગતિ ભ્રમણ સંસારમાં, જન્મ-મરણ જંજાળ,
અષ્ટકર્મ નિવારવા, માંગુ મોક્ષફળ સાર.

અક્ષત પૂજા કરતા થકાં, સફલ કરૂં અવતાર,
ફળ માંગુ પ્રભુ આગળે, તાર તાર મુજ તાર.

દર્શન - જ્ઞાન - ચારિત્રના, આરાધનથી સાર,
સિદ્ધશિલાની ઉપરે, હો મુજ વાસ શ્રીકાર.

ભાવાર્થ :

— ચાર ગતિમાં ભ્રમણ રૂપ આ સંસારમાં જન્મ પછી

મરણુ અને મરણુ પછી જન્મ એ ખરેખર જંજાળ છે. એ જંજાળ ત્યારે જ મટે કે આઠે કર્મનો હું નાશ કરૂં....હે પ્રભુ ! આઠ કર્મ નિવારવા અને જન્મ–મરણુની આ જંજાળથી છૂટવા હું સાથિયો કરૂં છું ને મોક્ષનું ફળ માંગુ છું.

— સાથિયા દ્વારા અક્ષત પૂજા કરતા હું મારા જન્મને સફલ કરૂં છું. હે પ્રમુ ! તારી આગળ હું બીજું કોઈ ફળ માંગતો નથી. એક જ માંગુ છું....મને આ સંસારથી તાર તાર અને તાર.

— હે પ્રભુ ! દર્શન–જ્ઞાન અને ચારિત્ર આ રત્નત્રયીના આરાધનથી મારો પણ સિદ્ધશિલાની ઉપર સદાને માટે વાસ હોજો.

7. સાતમી નૈવેદ્ય પૂજા :

ઉત્તમ થાળમાં પવિત્ર સર્વ જાતિના નૈવેદ્ય સાકર, પતાસા, મિઠાઈ તથા પોતાને ત્યાં જમવા માટે બનાવેલ તમામ રસોઈનો થાલ (માખી વગેરે પડે એમ હોય તો કપડાથી ઢાંકેલો) ચોખાના સાથીયા પર મૂકી નૈવેદ્ય પૂજા કરે.

નૈવેદ્ય પૂજાનો દુહો :

અણાહારી પદ મેં કર્યા, વિગ્ગહ ગઈય અનંત ।
દૂર કરી તે દીજીયે, અણાહારી શિવ સંત ॥

ભાવના : હે પ્રભો ! આહાર કરી કરીને હવે કંટાળી ગયો છું આપ અણાહારી બની શિવસુખ ભોગવી રહ્યા છે. અણાહારી એવા આપની મારા આહાર (નૈવૈદ્ય) દ્વારા પૂજા કરી હું આપની પાસે અણાહારી પદ માંગું છું !'

8. **આઠમી ફળ પૂજા :**

ત્યાર પછી સિદ્ધ શિલા ઉપરની ઢગલી પર બદામ, સોપારી, શ્રીફળ, કેરી, મોસંબી આદિ પાકાં ફળો વગેરે મૂકી ફળ પૂજા કરે.

ફળ પૂજાનો દુહો :

ઈન્દ્રાદિક પૂજા ભણી, ફળ લાવે ધરી રાગ
પુરૂષોત્તમ પૂજી કરી, માંગે શિવ ફલ ત્યાગ ।।

ભાવના : હે ! પ્રભો આપની ફળ પૂજા કરવાથી મને મારી તમામ આરાધનાઓનું સર્વોત્કૃષ્ટ ફળ મોક્ષ ફળ પ્રાપ્ત થાઓ' !

● આ રીતે પ્રભુની અષ્ટ પ્રકારી પૂજા પૂર્ણ કરી ભગવાનને ચામર વગેરે વીંઝી દ્રવ્ય પૂજા પૂરી કરે. જલ આદિ દ્રવ્યો દ્વારા થતી પૂજા દ્રવ્ય પૂજા કહેવાય છે. દ્રવ્ય વિના થતી ચૈત્યવંદન આદિ પૂજા ભાવપૂજા કહેવાય છે.

● દ્રવ્ય પૂજા કરીને 'નિસ્સીહિ નિસ્સીહી–નિસ્સીહી' કહી ચૈત્યવંદન કરે.

ચૈત્યવંદનની વિધિ :

પ્રથમ ઇરિયાવહી કરી પછી ત્રણ ખમાસમણ દઈ ઇચ્છા કારેલ સંદિસહ ભગવન્ ચૈત્યવંદન કરૂં'? 'ઇચ્છં' એમ કહી યોગમુદ્રાએ નીચે મુજબ બોલવું.

સકલ કુશલ વલ્લી — પુષ્કરા વર્ત મેઘો
દુરિત તિમિર ભાનુઃ કલ્પવૃક્ષોપમાનઃ ।
ભવ જલ નિધિ પોતઃ સર્વ સંપત્તિ હેતુઃ
સ ભવતુ સતતં વઃ શ્રેયસે શાન્તિનાથઃ ।।

પછી ચૈત્યવંદન કહી "જંકિંચિ" "નમુત્થુણં" "જાવંતિ ચેઈયાઈં" "ખમાસમણ" "જાવંત કેવિ સાહૂ" 'નમોઽર્હત્' કહી સ્તવન કહેવું પછી "જય વીયરાય" પૂર્ણ કહી ઊભા થઈ "અરિહંત ચેઇયાણં" 'અન્નત્થ' કહી એક નવકારનો કાઉસ્સગ કરી. પારી, 'નમોર્હત્' કહી થોય કહેવી. પછી એક ખમાસમણ દેવા પૂર્વક પચ્ચકખાણ બાકી હોય તો પચ્ચકખાણ લેવું.

● પ્રાર્થના :

પૂજા પૂર્ણ કર્યા બાદ ઘરે જતા પહેલાં દરરોજ પ્રભુને હૈયાશી એટલી પ્રાર્થના કરવી કે 'હે ભગવાન! તારા શાસનની દીક્ષા મને જલ્દીમાં જલ્દી મળો....' ત્યારબાદ મંદિરમાંથી બહાર નીકળે.

તા. ક. : ધ્યાનમાં રાખવું કે દહેરાસરમાં તેજ સ્તવનો કહેવા જોઈએ કે જેમાં ભગવાનની સ્તુતિ હોય, ગુણાનુવાદ હોય, આત્મનિન્દા અથવા ભગવાનને પ્રાર્થના હોય.

એવા સ્તવનો ન બોલવા જોઈએ કે જેમાં જીવને-મનુષ્યને ઉપદેશ આપ્યો હોય જેમકે-

"પંચમી તપ તુમે કરો રે પ્રાણી
જીમ પામો નિર્મળ જ્ઞાન રે."

આવાં સ્તવનો ભગવાન પાસે ન બોલવા જોઈએ કેમકે ભગવાનને કંઈ ઉપદેશ દેવાનો નથી.

પ્રભુ પૂજનનું ફળ :

उपसगाः क्षयं यान्ति, छिद्यन्ते विघ्नवल्लया ।
मनःप्रसन्नतामेति, पूज्यमाने जिनेश्वरे ॥

શ્રી જિનેશ્વરની પૂજા કરવાથી –

ઉપસર્ગોનો નાશ થાય છે. વિઘ્નોની વેલડીયો છેદાઈ જાય છે, અને મનની પ્રસન્નતા પ્રાપ્ત થાય છે.

● આ રીતે ઘર દેરાસરે પૂજા પૂર્ણ કરી શ્રાવક ગામના સંઘના મંદિરે જાય ને ત્યાં પણ વિધિપૂર્વક અષ્ટપ્રકારી પૂજા અને ભાવપૂજા કરે.

ત્રિકાળ પૂજા વિધિ

(૧) પ્રાતઃકાળ – સવારની પૂજા :

● સવારના સ્વચ્છ થઈ દેરાસર જઈ ધૂપ–દીપ–ચામર દર્પણ આદિથી તથા ગભારામાં જઈ વાસક્ષેપથી પૂજા કરવી. દેરાસર ન હોય તો અભિષેકવાળા ફોટાની વાસક્ષેપ પૂજા કરવી.

(૨) મધ્યાહ્નકાળની પૂજા :

● બપોરે અષ્ટપ્રકારી પૂજા અને ભાવપૂજા કરવી.

(૩) સંધ્યાકાળની પૂજા :

ધૂપ – દીપ – દર્પણ – ચામર – ગીત – સંગીત વાજિંત્રો વગેરેથી કરવી.

નોટ : સવાર બપોર ને સાંજ એ ત્રણ સંધ્યાએ ત્રિકાળ જિનપૂજા કરવી એ જ મુખ્યમાર્ગ છે. અપવાદ માર્ગે આજીવિકાના સાધનભૂત નોકરી, વ્યાપાર વગેરે કાર્યોને વાંધો ન આવે ને નીતિપૂર્વક પોતાનું જીવન જીવી શકે એ રીતે શ્રાવક પોતાને અનુકૂળ નિશ્ચિત કરેલા સમયે જિનપૂજા કરે.... પણ ત્રિકાળ પૂજાના લાભથી વંછિત ન રહે. એમ પૂજા પંચાશકમાં કહ્યું છે.

પૂજાના ત્રણ પ્રકાર :

અંગપૂજા : જે પૂજા ભગવાનના અંગને ઉદ્દેશીને થાય તે જળપૂજા, ચંદનપૂજા, પુષ્પપૂજા અને ધૂપપૂજા.

2. **અગ્રપૂજા :** જે પૂજા ભગવાનની આગળ ઊભા રહી કે બેસી કરાય તે દીપ, અક્ષત, ફળ નૈવૈદ્ય વગેરે.

3. **ભાવપૂજા :** દ્રવ્ય પૂજા કરતા ભાવ ઉત્પન્ન કરવાનો છે. તે માટે ભાવપૂજામાં ચૈત્યવંદન સ્તુતી સ્તવન બોલવાના છે. ભાવપૂજા વગરની દ્રવ્યપૂજા એકડા વગરના મીંડા જેવી છે માટે દ્રવ્યપૂજા બાદ ચૈત્યવંદન આદિ ભાવપૂજા અવશ્ય કરવી.

ભાવપૂજાના ત્રણ પ્રકાર :

1. **જઘન્ય ભાવપૂજા :**

'નમો જિણાણં' બોલી સ્તુતિ કરવી, સ્તુતિ કર્યા પછી ત્રણ ખમાસણ દઈ "અરિહંત ચેઇયાણં" "અન્નત્થ" બોલી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી સ્તુતિ બોલવી એ જઘન્ય ભાવપૂજા છે.

2. **મધ્યમ ભાવપૂજા :**

ઈરિયાવહી કરી 'ચૈત્યવંદન'–'નમુત્થુણં' 'સ્તવન' 'જય' 'વીયરાય' કરી 'અરિહંત ચેઇયાણં' કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી સ્તુતિ બોલાય તે મધ્યમ ભાવપૂજા છે.

3. **ઉત્કૃષ્ટ ભાવપૂજા :**

ત્રણ ચૈત્યવંદન પાંચવાર 'નમુત્થુણં' સ્તવન તથા આઠ થોયથી દેવવંદન કરવું તે ઉત્કૃષ્ટ ભાવપૂજા છે.

☆

જિનદર્શન-પૂજનમાં જરૂરી દશત્રિક

નિસીહી, પ્રદક્ષિણા, પ્રણામ, પૂજા, અવસ્થા - 5
દિશિત્યાગ, પ્રમાર્જન, આલંબન, મુદ્રા, પ્રણિધાન-10

1 **નિસીહીત્રિક :** ત્રણ વાર નિસીહી બોલવું.

પહેલી નિસીહી : નિસીહી એટલે ચાલુ ધર્મક્રિયા સિવાય અન્ય ક્રિયાનો ત્યાગ. મંદિરમાં જતાં સૌથી પહેલા મુખ્ય દ્વારમાં પ્રવેશ કરતા પહેલીવાર નિસીહી બોલવું. આ નિસીહીથી મંદિર સિવાયના સંસારના તમામ વ્યાપારોનો ત્યાગ થાય છે. પછી સંસારના કોઈ વિચારો કે વાતચીત થઇ શકે નહિ. જિનમંદિર સંબંધી કોઈ પણ કાર્ય-કાજો કાઢવો, પૂજારી નોકર વગેરેને સૂચના કરવી, વસ્તુ આઘી-પાછી મૂકવી, આશાતના દૂર કરવી વિગેરે ક્રિયા થઈ શકે છે.

બીજી નિસીહી :

ગભારામાં પેસતાં બીજીવાર નિસીહી કહેવું, આ નિસીહીથી મંદિરના કાર્યોનો પણ ત્યાગ થાય છે. પૂજા માટે ગભારામાં પ્રવેશ કર્યા પછી પૂજામાં જ ધ્યાન રહેવું જોઈએ.

ત્રીજી નિસીહી :

દ્રવ્ય પૂજા કર્યા પછી ભાવ પૂજા શરૂ કરતા પહેલા ત્રીજી નિસીહી બોલવી. આ નિસીહીથી દ્રવ્ય પૂજા સંબંધી બધી પ્રવૃત્તિનો મન-વચન-કાયાથી નિષેધ થાય છે. પછી ભાવ-પૂજારૂપ ચૈત્યવંદનમાં જ તલ્લીન બનવું જોઈએ.

2. **પ્રદક્ષિણાત્રિક :**

અનાદિકાળના ભવના ફેરા, દર્શન–જ્ઞાન–ચારિત્ર એ ત્રણની આરાધનાથી ટળે એ માટે ભગવાનને ત્રણ પ્રદક્ષિણા આપવાની છે. ત્રણ પ્રદક્ષિણા દેતાં ભવભ્રમણ આંખ સામે આવવું જોઈએ.

3. **પ્રણામત્રિક :**

(૧) અંજલિબદ્ધ પ્રણામ :

ભગવાનની મૂર્તિ જોતાં જ અથવા તો ભગવાનનું મંદિર જોતાં જ બે હાથ જોડી મસ્તક નમાવી 'નમો જિણાણં' બોલી પ્રણામ કરવા જોઈએ.

(૨) અર્ધાવનત પ્રણામ :

અડધું શરીર નમાવી બે હાથ જોડી પ્રણામ કરવા તે અર્ધાવનત પ્રણામ, ભગવાન સમક્ષ સ્તુતિ બોલતા પહેલાં આ પ્રણામ કરવા જોઈએ.

(૩) પંચાગ પ્રણામ :—

બે ઢીચણ, બે હાથ, એક મસ્તક આ પાંચ અંગ ભેગા કરી પ્રણામ કરવા તે પંચાંગ પ્રણામ! ચૈત્યવંદનાદિમાં જે ખમાસમણા આપવામાં આવે છે તે પંચાંગ પ્રણામ છે.

4. **પૂજાત્રિક :**

૧. અંગપૂજા : ભગવાનના અંગને ઉદ્દેશીને જે પૂજા થાય તે અંગપૂજા – જલ – ચંદન – પુષ્પપૂજા – ધૂપપૂજા !

૨. અગ્રપૂજા : ભગવાન સમક્ષ દૂર ઊભા રહી જે પૂજા થાય તે અગ્રપૂજા :–દીપ અક્ષત નૈવેદ્ય અને ફળપૂજા !

૩. ભાવપૂજા : દ્રવ્યપૂજા બાદ ચૈત્યવંદન સ્તુતિ વગેરે ભાવપૂજા છે.

5. અવસ્થાત્રિક :

ભગવાનની પિંડસ્થ, પદસ્થ અને રૂપાતીત એ ત્રણ અવસ્થાઓનું ચિંતન કરવું તે અવસ્થાત્રિક.

(૧) પિંડસ્થ : પિંડસ્થ અવસ્થામાં ભગવાનનો જન્મ–રાજ્ય અને શ્રમણ એ ત્રણ અવસ્થાઓ ચિંતવવી. જન્મ અવસ્થામાં ભગવાનને ઈંદ્રો મેરૂપર્વત પર લઈ જાય છે અને જન્માભિષેક કરે છે. ૫૬ દિક્કુમારિકાઓ ૬૪ ઇન્દ્રો આદિ દેવો ભગવાનની આટલી ભક્તિ કરે છે છતાં ભગવાનમાં જરીયે અભિમાન કે ગર્વ નથી આવતો. ભગવાન નિર્લેપભાવે રહે છે. વગેરે વિચારવું. રાજ્યાવસ્થામાં ભગવાન રાજ્ય કરતા હોવા છતાં વિરાગ ભાવે રહે છે. અનિચ્છાએ 'ચારિત્ર મોહનીય ખપાવવા જ રાજ્ય ચલાવે છે', વગેરે ચિંતવવું.

શ્રમણઅવસ્થામાં દીક્ષા લીધા પછી ભગવાન કેવા ઘોર પરીષહો અને ઉપસર્ગો સહે છે. અને ઘાતી કર્મો ખપાવી કેવલજ્ઞાન પ્રાપ્ત કરે છે. હું પણ પ્રભુના શાસનની શ્રમણાવસ્થા ક્યારે પ્રાપ્ત કરીશ' વગેરે વિચારવું.

(૨) પદસ્થ :

પદસ્થ અવસ્થા એટલે કેવલજ્ઞાન પછીની અવસ્થા, પદસ્થ અવસ્થામાં ભગવાન ત્રણે કાળનું ત્રણે લોકનું બધું જ જાણે છે. ધર્મતીર્થની સ્થાપના કરે છે. સમવસરણમાં બેસીને અખંડ દેશના આપીને જીવોનો કેવો ઉદ્ધાર કરે છે. વગેરે ચિંતવવું.

(૩) રૂપાતીત :

રૂપાતીત અવસ્થા એટલે સિદ્ધ અવસ્થા. ઘાતી અઘાતી સઘલા કર્મોને ખપાવી ભગવાન મોક્ષમાં જાય છે. હવે એમને જન્મ જરા કે મરણના કોઈ દુઃખ નથી. સદાય સુખમાં રહેવાનું છે. હું પણ ક્યારે એવો બનીશ? વગેરે વિચારવું.

4. દિશિત્યાગત્રિક :

ચૈત્યવંદન આદિમાં ભગવાનની મૂર્તિ જે દિશામાં હોય તે દિશામાં ભગવાન સમક્ષ દૃષ્ટિ રાખી બાકીની ત્રણે દિશામાં જોવાનો ત્યાગ કરવો જોઈએ.

7. પ્રમાર્જનાત્રિક :

ચૈત્યવંદન શરૂ કરતા પહેલા બેસવાની ભૂમિનું ત્રણવાર પ્રમાર્જન કરવું જોઈએ. પૌષધમાં રહેલ શ્રાવકે ચરવળાથી, સાધુએ રજોહરણથી, પૌષધરહિત શ્રાવકે બેસના દશીવાળા છેડાથી અને શ્રાવિકાએ સાડીના છેડાથી પ્રમાર્જન કરવું જોઈએ.

8. આલંબનત્રિક :

સૂત્ર, અર્થ અને મૂર્તિ આ ત્રણ આલંબન છે.

સૂત્ર આલંબન : ચૈત્યવંદનના સૂત્રો શબ્દો રહી ન જાય તે રીતે વ્યવસ્થિત બોલવા.

અર્થાલંબન : ચૈત્યવંદનના સૂત્રો બોલતા તેના અર્થમાં ઉપયોગ રાખવો.

મૂર્તિ આલંબન : ચૈત્યવંદન કરતા પ્રભુની સન્મુખ દૃષ્ટિ રાખી પ્રભુમાં જ ઉપયોગ રાખવો.

9. **મુદ્રાત્રિક :**

યોગમુદ્રા : દશ આંગળી ભેગી કરીને કમળના ડોડાકારે પોલા રહે એ પ્રમાણે બે હાથ જોડીને સહેજ નમેલા કપાળ નીચે રાખવા, તથા બંને હાથની કોણીઓ પેટ ઉપર રાખવી એ યોગમુદ્રા છે. ખમાસમણ, ચૈત્યવંદન, નમુત્થુણં આદિ આ મુદ્રામાં બોલાય છે.

(૨) **જિનમુદ્રા :**

ઊભા રહેતી વખતે બે પગ વચ્ચે, આગળના ભાગમાં ચાર આંગળ જેટલું અને પાછળના ભાગમાં ચાર આંગળથી કંઈક ઓછું અંતર રહે એ પ્રમાણે પગ રાખવા એ જિનમુદ્રા છે. ઊભા રહીને સૂત્રો બોલવાના તથા હાથ લાંબા કરીને કાઉસગ્ગ આ મુદ્રામાં કરવાનો છે.

(૩) **મુક્તાશુક્તિમુદ્રા :**

બે હાથ જોડી પોળા રાખવા, મોતીની છીપની જેમ-આકૃતિથી કપાળે હાથ અડેલા રાખવા એ મુક્તાશુક્તિ મુદ્રા છે. "જાવંતિ ચેઇયાઈ." "જાવંત કે વિ સાહુ" અને જયવીયરાય" આ ત્રણ પ્રણિધાન સૂત્રો આ મુદ્રામાં બોલાય છે.

10 **પ્રણિધાનત્રિક :**

મન વચન અને કાયા ત્રણેની એકાગ્રતા રાખવી એ પ્રણિધાનત્રિક છે.

● નોટ : પહેલી ચાર ત્રિક દ્રવ્ય પૂજામાં અને પછીની છત્રિક ભાવપૂજામાં સાચવવા ખાસ લક્ષ્ય રાખવું.

卐

આરતિ – મંગળદીવો

પ્રભુ પૂજા કરતી વખતે દીપક પૂજામાં આરતિ મંગળદીવો ઉતારવામાં આવે છે. તેનાથી આપણું બાહ્ય – આભ્યન્તર ઉભય કલ્યાણ થાય છે.

— સાંજે રાત પડે એ પહેલા આરતિ અને મંગળદીવો બન્ને અનુક્રમે ઉતારવામાં આવે છે....આરતિને શાસ્ત્રમાં આરાત્રિક પણ કહી છે. તેથી શરીરની તથા મનની પીડા દૂર થાય છે, મનને શાંતિ મળે છે. ધર્મઆરાધનામાં આગળ વધાય છે.

— આરતિમાં પાંચથી સાત ઘીના દીવા હોય છે. મંગળ-દીવામાં એક જ ઘીનો દીવો હોય છે. પ્રથમ મંગળદીવો પ્રગટાવી તેનાથી આરતિ પ્રગટાવાય છે. આરતિમાં શક્તિ પ્રમાણે કાંઈ પણ દ્રવ્ય મૂકવું જોઈયે.

આરતિ ખૂબ શાંતિથી આપણી ડાબી બાજુથી ઉંચે લઈ જઈ જમણી બાજુ ઉતારવી. આવી રીતે ઉતારીએ તેને 'સૃષ્ટિ' કહે છે. એથી ઉંધી રીતે ઉતારીએ તેને 'સંહાર' કહેવાય છે. એ રીતે ઉતારવાથી ઉતારનારનું અમંગળ થાય છે. પછી તે જ પ્રમાણે મંગળદીવો ઉતારી તેને પ્રભુ સન્મુખ મૂકવો (ઠારવો નહિ.) તે વખતે કપૂર પ્રગટાવવો જોઈયે. આરતિ-મંગળદીવો નાભિથી નીચે અને પ્રભુથી ઉંચે ન લઈ જવા જોઈયે. આરતિ મંગળદીવા વખતે આરતિ-મંગળદીવાનો પાઠ બોલવો જોઈયે તથા ઘંટ નગારા ઝાલર વાંજિંત્રો વગાડવા જોઈયે.

નોટ : આરતિમાં ૧૦૮ દીવા પણ હોઈ શકે છે.

૫

☆

દર્શન-પૂજન અંગે

વિશેષ સૂચનાઓ

(1) પુરૂષે ભગવાનની જમણી બાજુ અને સ્ત્રીઓએ ભગવાનની ડાબી બાજુએ ઊભા રહી પાછળનાઓને દર્શનમાં અંતરાય ન થાય એ રીતે દર્શન પૂજનાદિ કરવાં.

(2) પૂજા સ્વદ્રવ્યથી જ કરવાનો આગ્રહ રાખવો.

(3) મંદિરમાંથી નીકળતા ભગવાનને પૂઠ ન થાય તેનું ધ્યાન રાખવું.

(4) ચૈત્યવંદન સ્તવનાદિ ધીરેથી બીજાને અંતરાય ન થાય તે રીતે બોલવાં. ભગવાન પાસે સાંસારિક કોઈ ફળ ન માંગવું.

(5) પ્રક્ષાલ તથા અંગલુંછણા જાતે કરવાં, અંગલુંછણા પોતાના વસ્રને કે શરીરને અડી ન જાય તેનું ધ્યાન રાખવું.

(6) જમીન ઉપર પડેલા કે વાસી પુષ્પો ભગવાન ઉપર ન ચઢાવાય.

(7) પૂજા કર્યા પછી તુરત વસ્રો બદલી નાંખવા જોઈએ. પૂજાના કપડા પહેરી વ્યાખ્યાન શ્રવણ કે સામાયિક ન થાય.

(8) સાંધેલા વસ્ર ન પહેરાય. બીજાના પહેરેલા વસ્રથી પૂજા ન કરવી જોઈએ. વસ્રો ઉતારી અલગ અને વ્યવસ્થિત મૂકવા જોઈએ.

(9) પૂજાના વસ્રો દરરોજ ધોવા જોઈએ. જેથી સ્વચ્છ અને પવિત્ર રહે. અને ભગવાનની આશાતનાથી બચાય.

☆

ભોજનવિધિ

મધ્યાહ્નકાળની પૂજા પૂર્ણ કરી પ્રભુના ગુણગાન ચિંતવતો શ્રાવક ઘરે જઈ પૂજાના વસ્ત્ર વગેરે ઉતારી અલગ જુદા સ્થાને વ્યવસ્થિત મૂકી, 'શરીર વળગ્યું છે એટલે શરીરને ભાડું આપ્યે જ છૂટકો છે' એમ માની ક્ષુધાવેદનીયના ઉદયને શાન્ત કરવા અને ધર્મસાધનામાં શરીર સહાયક બને તો સારૂં એ માટે આંખ સામે અણાહારી પદને રાખતો વિવેકપૂર્વક ભોજન કરવા બેસે.

— પોતાના કુટુંબના તમામ લોકોની સાથે બેસીને શ્રાવક ભોજન કરે.

— ભોજનમાં ભક્ષ્યાભક્ષ્યનો વિચાર તથા વિવેક રાખી અભક્ષ્ય પદાર્થનો શ્રાવકે સર્વથા ત્યાગ કરવો જોઈએ.

— ઉત્પાતપૂર્વક ક્રોધાન્ધ થઈને, ખરાબ વચનોનો ઉચ્ચાર કરતા તથા દક્ષિણ દિશા તરફ મુખ રાખીને શ્રાવકે ભોજન ન કરવું જોઇએ. તેને લોકમાં રાક્ષસી ભોજન કહેવાય છે.

— શરીરની પવિત્રતા પૂર્વક, શુભ સ્થાનમાં બેસીને, દેવગુરૂનું સ્મરણ કરીને જે ભોજન કરવામાં આવે તેને લોકમાં મનુષ્ય ભોજન કહેવાય છે.

— સ્નાન, પ્રભુ પૂજા અને પૂજ્ય પુરૂષોને નમસ્કાર કરીને તથા સુપાત્રમાં – મુનિરાજ હોય તો તેમના પાત્રમાં વહોરાવીને અથવા સાધર્મિકને બોલાવી તેને સાથે બેસાડી જે ભોજન કરવામાં આવે તે ઉત્તમોત્તમ કહેવાય છે.

● ભોજનના સમયે શ્રાવક ઘરે આવતાં જ ઘરમાં પૂછે કે 'કોઈ મુનિરાજ લાભ આપવા આવી ગયા છે કે નહિ?'

જો સામેથી જવાબ મળે કે 'નથી આવ્યા' તો તરત જ મુનિરાજને બોલાવવા પોતે અથવા પોતાના પુત્ર આદિને મોકલે અને કહે. 'કોઈ પણ રીતે મુનિરાજને બોલાવી લાવજે. છ કાયના કુટ્ટામાંથી બનેલું આ વિષ ભોજન તો જ અમૃત ભોજન બને જો કોઈ મુનિરાજના પાત્રમાં એ પડે.'

— ત્યાર બાદ ભાગ્ય જાગતું હોય ને કોઈ મુનિરાજ પધારે તો મુનિરાજ પધારતાં જ ઘરના બધા છોકરા-છોકરીઓ અને પોતે ઊભા થઈ હાથ જોડી એકી સાથે 'મત્થએણ વંદામિ' કહી પ્રણામ કરે.

— ત્યાર બાદ 'પધારો લાભ આપો' કહી અંદર લઈ જઈ દરેક વસ્તુનું નામ આપવા પૂર્વક તે તે વસ્તુનો લાભ આપવા વિનંતી કરે. અને લાભ મળ્યેથી પોતાનું અહોભાગ્ય માની ખૂબ અનુમોદન કરે.

— ત્યાર બાદ મુનિને વન્દન કરી બને તો પોતે, નહિ તો પોતાના છોકરાને ઉપાશ્રય સુધી, શેરીના નાકા સુધી વળાવા મોકળે. ઘરના આંગણા સુધી તો બધાં જ વળાવા જાય.

● ગામમાં મુનિરાજ ન હોય તો ય શ્રાવક ભોજન સમયે 'સુપાત્રનો અકસ્માત પણ લાભ મળી જાય તો સારૂં' એ ઇચ્છાથી ગામ બહાર જઈ ઉંચી જમીન પર ચારે બાજુ નજર નાંખતો થોડી વાર ઊભો રહે. 'કદાચ' કોઈ મુનિરાજ વિહાર કરીને આવી જાય તો લાભ મળી જાય, એ ન બને

તો છેવટે શેરીના નાકે નહિ તો ઘરના દરવાજે તો અવશ્ય થોડીવાર મુનિરાજની રાહ જુએ જ !

● આમ છતાં મુનિરાજનો યોગ પ્રાપ્ત ન જ થાય તો કોઈ સાધર્મિકને આમંત્રણ આપી સાથે બેસી જમે.

● જમવા બેસતા પોતાના કપાળ પર ત્રણ ટકોરા મારી મનમાં બોલે કે. 'ખરેખર! દુર્ભાગ્ય મારૂં કે આજે આ વિષભોજનને મુનિરાજના પાત્રમાં વહોરાવી હું અમૃતભોજન ન બનાવી શક્યો.'

● ત્યાર બાદ કોઈ પણ વસ્તુની પ્રશંસા કર્યા વિના શ્રાવક ભોજન કરે.

● ભોજન સમયે શ્રાવકે મૌન રહેવું જોઈયે. બોલવું જોઈએ નહિ.

● ભોજન વખતે અગ્નિકોણ, નૈઋત્યકોણ અને દક્ષિણ દિશાનો ત્યાગ કરવો જોઈયે, અર્થાત્ આ દિશાઓ તરફ મુખ રાખીને ન બેસવું જોઈએ.

● સંધ્યાકાળ–રાત્રિકાળ, ગ્રહણકાળ અને સ્વજનનું મડદું પડ્યું હોય ત્યારે ભોજન ન કરવું જોઈયે.

● દીન અને યાચકોની ભોજન સમયે ઉપેક્ષા ન કરવી જોઈયે. શ્રાવક અર્ધી રોટલી પણ ઓછી ખાઈને ભીખારીને આપે.

● જાતિભ્રષ્ટ કે નીચ માણસોની સાથે ભોજન ન કરવું જોઈયે.

● ભોજન સમયે કે અન્ય સમયે પણ શ્રાવકના ઘરના

દ્વાર કદિ બંધ હોય નહિ....શ્રાવકનું ઘર અભંગદ્વાર હોય તો જ શોભે. અનુકંપાદાનમાં પણ શ્રાવક પાછો ન પડે.

● ઉત્તમ શ્રાવક કાયમ એક વાર જ ભોજન કરતો હોય. નિત્ય એકાસણુ કરતો હોય.

● ભોજન કરીને ઉઠતા એકાસણુ–બિયાસણુ આદિ હોય તો તિવિહારનું નહિ તો મુઠસી–ગંઠસી આદિનું પચ્ચકખાણ કરે. તે પચ્ચકખાણુ કરનારને મહિનામાં અઠ્ઠાવીસ ઓગણત્રીસ ઉપવાસનો લાભ મળે છે....આવો લાભ શ્રાવક ન ગુમાવે.

● પચ્ચકખાણુ પોતે લઈ ગુરૂમહારાજનો યોગ હોય તો ગુરૂમહારાજ પાસે જઈ વંદન કરી ફરી પચ્ચકખાણુ લે.

☆

વ્યાપાર શુદ્ધિ

પૈસાને પાપ માનનાર શ્રાવક પૈસા મેળવી આપનાર પેઢીને, દુકાનને અને બજારને પણ પાપ જ માને.

પાપ ભૂંડું છે તો પૈસો પણ ભૂંડો છે.

પૈસો ભૂંડો છે તો પેઢી પણ ભૂંડી છે. દુકાન પણ ભૂંડી છે. બજાર પણ ભૂંડો છે. એમાં કોઈ શંકાને સ્થાન જ નથી.

સાપને ઝેરી માનનાર માણસ સાપના રાફડાને ય ઝેરીજ માને. રસ્તે ચાલતાં રૂપિયા બે રૂપિયાના સીક્કાં ખીસામાંથી પડીને સાપના દરમાં કે રાફડામાં જાય તો ડાહ્યો માણસ કદી હાથ નાંખી એને કાઢવાની હિંમત કે મહેનત ન કરે પણ જવા જ દે. હા, હજાર બે હજાર પાંચ હજાર કે દસ હજારની નોટ ઉડીને સાપના રાફડાના કાણામાં ઘૂસી ગઈ હોય અને એ ય દેખીતી હોય તો માણસ રાફડામાંથી એને ખેંચી કાઢવા મહેનત કરે પણ એ વખતે ય એટલો સાવધ હોય કે વાત ન પૂછો. કારણ એ જાણે છે કે 'આ સાપનો રાફડો છે.' એકાદ સાપ નહિ ને સાપનો કણો ય બહાર નીકળી ડંખ દે તો પ્રાણ જ જાય.

શ્રાવક પણ પેઢીને કે દુકાનને પાપનો રાફડો જ માને. ચોરી, જુઠ, અસત્ય, માયામૃષા આ બધા પાપોને રહેવાનું સ્થાન એટલે પેઢી-બજાર !

પૈસા વિના ઘરસંસાર નભવો શક્ય જ નથી. અને પોતે ઘરસંસાર માંડીને બેઠેલો છે એટલે પૈસા કમાવા પેઢી કે

દુકાન પર ગયા વિના એને ચાલે એમ જ નથી તો એ શી રીતે જાય ?

— હસતો હસતો ન જાય. રોતો રોતો જાય....કારણ પોતે જાનના જોખમે પાપના રાફડામાં હાથ નાંખવા જઈ રહ્યો છે.

— ત્યાં ગયા પછી પણ ચોરી જૂઠ–અન્યાય. અનીતિના પાપો પોતાને ડંખી ન જાય એ માટે સતત સાવધ હોય.

— નોકરી કરવા જનાર શ્રાવક નોકરીમાં પણ એટલો જ સાવધ હોય, ઓછું કામ કરી વધારે પગાર લેવાની એની વૃત્તિ ન હોય.

— પેઢી પર બેસેલો શ્રાવક આંખ સામે પૈસાને નહિ પણ ધર્મને જ રાખે. પૈસા કમાય તો પણ ધર્મમાં વિરોધ ન આવે એ રીતે જ કમાય, ન્યાય અને નીતિને કયારે પણ નેવે ન મૂકે.

— બજારમાં શ્રાવક માટે એવી છાપ હોય કે 'એ કદિ' અનીતિ કરે જ નહિ ? 'બ્લેક એન્ડ વ્હાઇટ' બે ચોપડા એના હોય નહિ. ધોળે દા'ડે ગમે તે પૂછે તો....' ચોપડા ખુલ્લા મૂકી દઈ બતાવવાની એની તૈયારી હોય....ઇન્કમટેક્ષ સેલટેક્ષ કે કોઈ ટેક્ષમાં એ ચોરી કરે નહિ. ચોરી કરાવે નહિ. ચોરી કરનારને સારો માને નહિ. કદાચ ચોરી થઈ જાય તો એના આત્મામાં સતત એનું દુઃખ હોય.

— વેપારમાં શ્રાવક વ્યવહાર શુદ્ધિને કયારે પણ ન ચૂકે.

દ્રવ્યથી વ્યવહારશુદ્ધિ : જીવોની હિંસાના સંભવવાળો

અનાજ-કરિયાણા આદિનો વ્યાપાર ન કરે. પંદર કર્માદાનનો ત્યાગ કરે. તૈયાર વસ્ત્ર, સુતર, નાણું-સોનું, રૂપું આદિપ્રાયઃ નિર્દોષ વસ્તુનો જ વ્યાપાર કરે. મહાઆરંભ સમારંભવાળી મીલો, જીનો. ફેક્ટરીઓ ન ચલાવે.

જે ચીજો નજરે ન જોઈ હોય કે પરીક્ષા ન કરી હોય તેવી ચીજો ન ખરીદે.

● વસ્તુ સામુદાયિક હોય, જેના માલિક ઘણા હોય, એ વસ્તુની ખરીદી પણ એકલા ન કરતા ઘણા વેપારીઓની સાથે કરે. ઘણાની સહાય હોવાથી આપત્તિ ન આવે. આવે તો ય ખોટો આરોપ ન આવે.

ક્ષેત્રથી વ્યવહારશુદ્ધિ :

—શ્રાવકનો વ્યાપાર એવા સ્થલે હોય કે જ્યાં સ્વરાજ્ય, પરરાજ્ય, માંદગી, વ્યસન આદિના ઉપદ્રવ ન હોય.

— જ્યાં જિનેશ્વરનું મંદિર હોય. ઉપાશ્રય હોય. સાધર્મિકોનો સહવાસ હોય. સાધુઓનાં ચાતુર્માસ થતા હોય.

— શ્રાવકની ઉઘરાણી પણ એવા સ્થળે જ હોય જ્યાં મંદિર-ઉપાશ્રય સાધુઓનું આવાગમન વગેરે ચાલુ હોય.

કાળથી વ્યવહારશુદ્ધિ :

પર્યુષણાની તથા ચૈત્ર-આસો મહિનાની ત્રણ અઠ્ઠાઈઓ તથા પર્વતિથિઓમાં વેપાર બંધ રાખવો જોઈએ. તથા વર્ષાદિ જે જે ઋતુમાં જે વેપાર કરવાથી વિશેષ હિંસા થતી હોય તે તે ઋતુમાં તે તે વેપારનો ત્યાગ કરે....ત્યાગ ન કરી શકે તો જયણા જાળવે.

ભાવથી વ્યવહારશુદ્ધિ :

— શ્રાવક લેવા દેવાના કાટલાં જુદા ન રાખે. ખોટા તોલમાપ ન વાપરે. માલમાં ભેળસેળ ન કરે.

— લેતી વખતે છેતરીને વધારે ન લે. આપતી વખતે છેતરીને ઓછું ન આપે. અર્થશાસ્ત્ર પણ કહે છે કે 'પ્રામાણિકતા એ ગ્રાહકોને દુકાને ખેંચી લાવનાર લોહચુંબક છે.'

— મનમાં જુદુ, વચનમાં જુદુ અને આચરણમાં જુદુ શ્રાવક કદી ન રાખે. સેમ્પલ બીજું બતાવે અને માલ બીજો આપે એવું ન કરે.

— ક્રૂર લોકો સાથે ઉધાર વેપાર કરે નહિ. ઉધાર વેપાર કરવો પડે તોય સત્યવાદીઓની સાથે જ કરે.

— ધર્મના સોગંદ ક્યારે પણ ન ખાય.

— વ્યાજનો વેપાર કરે નહિ. કરવો પડે તો જેટલી રકમ ધીરે તેથી વધુ કિંમતના ઘરેણાં વગેરે અનામત લઈને ધીરે જેથી વ્યાજ વસુલ કરવામાં ક્લેશ, વૈર, ધર્મ અને જાનહાનિ ન થાય. સામો માણસ પોતે જ વ્યાજ આપી અનામત લેવા દોડયો દોડયો આવે.

— વ્યાજ પણ ઉચિત એટલે દેશ કાળ પ્રમાણે શાહુકારી વ્યાજ લે. અધિક ન લે.

— પોતે બીજાના પૈસા વ્યાજે લીધા હોય તો લેણદારની મુદત પૂર્ણ થયા પહેલાં ભરી દે. કદાચ કર્મયોગે વ્યાપારમાં લાભ ન થયો હોય ને મુદત પ્રમાણે આપી શકે એમ ન હોય તો લેણદારને અસંતોષ અને અવિશ્વાસ ન થાય એ રીતે ધીરે ધીરે ભરપાઈ કરી આપે.

— દેવું જો અધુરૂં રહે તો ભવાન્તરમાં ચાકર પાડા, બળદ ઉંટ, ગધેડા આદિનો અવતાર પામીને પણ લેણદારને ત્યાં દેવું પૂર્ણ કરવું પડતું હોવાના ઉદાહરણો સંભળાય છે તે સંભવિત હોવાથી કદાચ દેવું ચૂકવતાં ઘરનો નિર્વાહ મુશ્કેલ હોય તો તુરત શરમ મૂકીને લેણદારને ત્યાં નોકરી ચાકરી કરીને પણ પૂર્ણ કરી દે.

— પોતે લેણદાર હોય ને દેવાદાર અશક્ત હોય તો શ્રાવકનું કર્તવ્ય છે કે એ માંગે નહિ, પણ આશ્વાસન આપીને કહે કે 'જ્યારે તારી સગવડ થાય ત્યારે આપજે' અને તેમ છતાં પણ જો તું ન આપી શકે તો હું મારૂં લેણું ધર્માદા કરૂં છું.' અર્થાત્ ધર્મવ્યય તરીકે ગણું છું....તું આજથી મુક્ત છે. જેથી લેણદાર દેવાદારનો સંબંધ ભવાંતરમાં પણ એકબીજાને વૈરનું નિમિત્ત ન બને.

— શ્રાવક સાધર્મિક સાથે જ વ્યાપારનો વ્યવહાર રાખે જેથી વેપારમાં ધીરેલું ધન પાછું ન આવે તો ય ધર્માદા કરી શકે ને સાધર્મિક ભક્તિનો લાભ મેળવી શકે.

— શ્રાવક સટ્ટો, જુગાર કે લોટ્રી કદી લગાવે નહિ. સટ્ટામાં કમાનારાને એક દિવસ સટ્ટામાં જ બધું ખોવાનો વખત આવે એવો સંભવ છે.

— સગા-સંબંધી મિત્ર કે જેની સાથે ખૂબ પ્રેમનો સંબંધ હોય એની સાથે લેવડદેવડનો વ્યવહાર ન કરે.

— સાક્ષી વિના થાપણ મિત્રના ઘરે પણ ન મૂકે અને સાક્ષી વિના કોઈની થાપણ પોતે પણ ન રાખે.

— વેપારમાં–ખરીદવામાં કે વેંચવામાં ક્યાંય અન્યાય–અનીતિ કે દુર્બુદ્ધિ ન જાગે માટે પ્રારંભમાં નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરે અને ગૌતમસ્વામિ આદિનું નામ જપે.

— શ્રાવક ભાગીદાર બનાવે તો ઉત્તમ શ્રાવકને જ બનાવે જેથી એના પુણ્યથી ય પોતે કમાય ને પોતાને સદ્ભાવના જાગે.

— આ રીતે વેપાર કરતો શ્રાવક વેપાર વખતે નક્કી કરે કે આનાં નફામાંથી આટલો નફો કે આટલો ભાગ હું દેવ–ગુરૂની સેવામાં વાપરીશ.

— ધન મેળવવા ઉદ્યમ કરતો શ્રાવક હંમેશા 'સાત ક્ષેત્રમાં ધન વાપરવાનાં' મોટા મોટાં મનોરથો કરે ને જ્યારે ધન મળે ત્યારે ધર્મકાર્યમાં વાપર્યા વિના રહે નહિ.

— આનો અર્થ એ નથી કે 'ધર્મ કરવા માટે શ્રાવક ધન કમાય' પણ, આનો અર્થ એ છે. કે ધન કમાય તો ધર્મમાં વાપર્યા વિના ન રહે.

— વ્યાપારનું ફળ વૈભવ છે. વૈભવની સફળતા સુપાત્રદાનમાં છે તે સિવાય વ્યાપાર અને વૈભવ બન્ને ય દુર્ગતિના કારણ છે.

— શ્રાવક મૂડી પ્રમાણે વેપાર અને કમાણી પ્રમાણે ખર્ચ કરે. લાખની મુડીમાં બે લાખનો વ્યાપાર ન કરે. હજારની કમાણીમાં દોઢ હજારનો ખર્ચ ન કરે.

— એક સ્થલે લખ્યું છે કે, સામાન્ય મધ્યમ વર્ગનો શ્રાવક પણ 'કમાણીનો ચોથા ભાગનો સંગ્રહ કરે, ચોથો ભાગ વ્યપારમાં રોકે, ચોથો ભાગ ધર્મ અને જીવન

જરૂરિયાતમાં ખર્ચે, ચોથો ભાગ આશ્રિતો (જેનું ભરણપોષણ કરવા જેવું હોય) માટે ખર્ચે

— ત્યારે શ્રીમંત શ્રાવક જેને પુણ્યાનુબંધિ પુણ્યથી લક્ષ્મી મળે જ જાય છે તે કમાણીનો અર્ધો ભાગ કે તેથી પણ વધારે ભાગ ધર્મકાર્યમાં ખર્ચે....અને બાકીના ભાગમાંથી તુચ્છ એવા ભોગાદિ કાર્યો ઓછામાં ઓછો પાપ બંધ થાય એ રીતે કરે.

— આ પ્રમાણે વ્યવહાર શુદ્ધિથી શુદ્ધ ઋદ્ધિ ધર્મકાર્યમાં વાપરવાથી ધર્મઋદ્ધિ બને છે, નહિ તો ભોગઋદ્ધિ કે પાપ-ઋદ્ધિ બની આત્માને દુર્ગતિમાં લઈ જાય છે.

— વ્યવહારશુદ્ધ જીવન બનાવવા–માર્ગાનુસારીના પાત્રીસ ગુણો તરફ શ્રાવકે અવશ્ય લક્ષ્ય આપવું જોઈયે....જે આગળ બતાવ્યા છે.

— નોટ : કોઈ પણ ધર્મશાસ્ત્રો વેપાર કરવાનો ઉપદેશ આપે જ નહિ....અને એ ઉપદેશ આપવાની જરૂર પણ નથી. જેમ ભૂખ્યા માણસ વગર કહ્યે ભોજન કરવા દોડ્યા જ જવાના છે કારણ અનાદિકાળની આહારસંજ્ઞા એનામાં સુતેલી છે, એમ સંસારી જીવો, વગર ઉપદેશે ધન કમાવા પ્રયત્ન કરવાના છે. એમાં એને ઉપદેશની જરૂર નથી. પરિગ્રહસંજ્ઞા એનામાં પડેલી જ છે.

અહીં જે વિધાન કે ઉપદેશ અપાયો છે તે ધન કમાવાનો નહિ પણ ધન કમાતા, ધર્મ ન ચૂકાય, નીતિ ન મૂકાય, વ્યવહાર ન ભૂલાય એનો જ અપાયો છે એ ખાસ ખ્યાલ રાખવું.

ઉપદેશ નિરવદ્ય વસ્તુનો જ અપાય સાવદ્યનો નહિ !

卐

સાન્ધ્ય ભોજન

ઉત્કૃષ્ટથી શ્રાવક નિત્ય બ્રહ્મચર્યનું પાલન કરનારો હોય, સચિત્ત આહારનો ત્યાગી હોય અને નિત્ય એકાસણું કરનારો હોય.

પણ, બધા શ્રાવકો એકાસણું કરવા શક્તિમાન ન હોય. કોઇની શક્તિ પહોંચતી હોય પણ ભાવ ન પહોંચતા હોય, એવો શ્રાવક પણ બિયાસણું અથવા ઓછામાં ઓછી નવકારશી તો કરતો જ હોય. રાત્રિભોજન તો શ્રાવક ક્યારે પણ કરે જ નહિ.

એવો શ્રાવક સાંજ પડતા પહેલા વેપારથી નિવૃત્ત થઈ જ જાય. ગમે તેવો ધંધો કે ઘરાકી ચાલતી હોય પણ ધર્મમાં બાધા પહોંચે એ રીતે એ ધંધો ન જ કરે.

ધંધાથી નિવૃત્ત થનાર એ શ્રાવકને સાંજે જો ભોજન કરવાનું હોય તો સૂર્યાસ્તને ચાર ઘડી બાકી હોય ત્યારે જ એ ભોજન આદિ કરી લે. મોડું ન કરે.

— સૂર્યાસ્ત થયા પછી અજવાળામાં જમનારને પણ રાત્રિ ભોજનનું પાપ લાગે છે.

— સૂર્ય હોય છતાં અંધારામાં જમનારને પણ રાત્રિ ભોજનનું પાપ લાગે છે.

— સાંકડા–અંદર ન દેખાય એવા વાસણમાં જમે તો પણ રાત્રિ ભોજનનું પાપ લાગે છે.

કોઈ પણ રીતે રાત્રિભોજનનું પાપ ન લાગે એ રીતે ભોજન કરી સૂર્યાસ્ત પહેલા જ પાણહાર, ચોવિહાર, તિવિહાર આદિનું પચ્ચકખાણ કરી લે. ત્યાર બાદ સમય વધારે હોય તો સ્વાધ્યાય કરે.

☆

દર્શન–પૂજન

ત્રિકાલ પ્રભુપૂજાનો નિયમવાળો શ્રાવક લગભગ સન્ધ્યાનો સમયે સૂર્યાસ્તથી અંતરમુહૂર્ત પહેલાં પૂર્વ કહેલ વિધિ પ્રમાણે જિનમંદિરે જાય અને ધૂપ–દીપ–ચામર આદિથી પૂજા કરી, ચૈત્યવંદન કરે.

— આરતિ મંગળ દીવો સમય થયો હોય તો ઉતારી લે. ને સાંજનું દેવસિપ્રતિક્રમણ કરવા ગુરૂમહારાજ હોય તો પૌષધશાળામાં જાય.

નોટ : આથી બને ત્યાં સુધી શ્રાવકે પ્રતિક્રમણ પહેલાં જ દર્શન ચૈત્યવંદન કરી લેવું જોઈએ એ વાત નક્કી થાય છે.... કારણ પ્રતિક્રમણ પછી રાત્રે જયણા પળાય નહિ.

કોઈ વિશિષ્ટ લાભ આદિનું કારણ હોય તો વાત જુદી છે.

— ચૈત્યવંદન કર્યા બાદ ચોવિહાર તિવિહાર આદિનું પચ્ચકખાણ દેરાસરમાં પોતે લઈ લે.

— ગુરૂમહારાજ હોય તો ગુરૂમહારાજ પાસે જઈ વન્દન કરી ફરી પચ્ચકખાણ છે.

— ઓછામાં ઓછું નવકારથી અને તિવિહારનું પચ્ચકખાણ તો શ્રાવક કરે જ.

— પચ્ચકખાણ કરી પછી પ્રતિક્રમણ કરવા બેસે.

☆

પ્રતિક્રમણ

પ્રતિક્રમણ એટલે પાપોથી પાછા હઠવું. પાપોનું પ્રાયશ્ચિત કરવું....શ્રાવકે સવાર–સાંજ અવશ્ય પ્રતિક્રમણ કરવું જ જોઈ એ.

શ્રાવક મંદિરે દર્શન–ચૈત્યવંદન પચ્ચકખાણ કરી પૌષધ-શાળામા ગુરૂમહારાજ પાસે જઈ મૂલ વિધિ પ્રમાણે સૂર્ય જ્યારે અડધો આથમતો હોય એ વખતે વંદિત્તુ આવે એ રીતે સામાયિક લઈ પ્રતિક્રમણ શરૂ કરે.

પ્રતિક્રમણમાં આવતા છ આવશ્યકમાં બરાબર લક્ષ્ય આપે.

પ્ર. આવશ્યક એટલે શું? તે કેટલાં છે?

જ. આવશ્યક એટલે અવશ્ય કરવા યોગ્ય કરણી! તે ૬ છે.

(1) સામાયિક (2) ચઉવીસત્થઓ
(3) વાંદણા (4) પડિક્કમણું
(5) કાઉસ્સગ્ગ (6) પચ્ચક્ખાણ

પ્ર. છ આવશ્યકનો અર્થ શું....? પ્રતિક્રમણમાં તે કયાંથી કયાં સુધી ગણાય છે?

1. સામાયિક :–જેનાથી સમતાનો લાભ થાય તે પહેલું આવશ્યક. તે દેવસી પ્રતિક્રમણ ઠાયા પછી કરેમિભંતેથી પંચાચારની આઠ ગાથાનો કાઉસ્સગ્ગ કરીએ ત્યાં સુધી ગણાય છે.

2. ચઉવીસત્થો – લોગસ્સ :–જેમાં ચોવીસ ભગવાનના નામોનું સ્મરણ કરાય છે તે બીજું આવશ્યક! તે પંચાચારની આઠ ગાથાનો કાઉસ્સગ્ગ કર્યા પછી લોગસ્સ કરીએ છીએ ત્યાં સુધી ગણાય છે.

3. **વાંદણા :** જેમાં ગુરૂમહારાજને વંદન કરવામાં આવે છે તે ત્રીજું આવશ્યક. તે ત્રીજા આવશ્યકની મુહપત્તિ પડિલેહી બે વાંદણા દેવાય છે ત્યાં સુધી ગણાય છે.

4. **પ્રતિક્રમણ :** જેમાં લાગેલા પાપોનો પશ્ચાતાપ કરી માફી માગવામાં આવે છે તે ચોથું આવશ્યક! 'ઇચ્છા'થી 'દેવસિઅં આલોઉં'થી 'આયરિય ઉવજ્ઝાયે' સુધીનું ગણાય છે.

6. **પચ્ચક્ખાણ :** અવિરતિપણાનો ત્યાગ જેમાં થાય તે છઠ્ઠું આવશ્યક, પચ્ચક્ખાણ કરાય છે તે.

પ્રતિક્રમણ પાંચ છે :

1. **દેવસી :** દિવસના પાપ ધોવા જે સાંજે કરાય છે તે.

2. **રાઈય :** રાત્રિનાં પાપ ધોવા જે સવારે કરાય છે તે.

3. **પક્ખી :** પંદર દિવસના પાપ ધોવા દર ચૌદસે કરાય છે તે.

4. **ચોમાસી :** ચાર મહિનાના પાપ ધોવા ચોમાસી ચૌદસે કરાય છે તે.

5. **સંવચ્છરી :** આખા વર્ષના પાપ ધોવા સંવચ્છરીએ કરાય છે તે.

આ રીતે દિવસે લાગેલા પાપોનું પ્રાયશ્ચિત્ત કરવા છ આવશ્યકમય પ્રતિક્રમણ વિધિપૂર્વક—લક્ષ્યપૂર્વક બધી ક્રિયા ઊભા ઊભા કરવા પૂર્વ શ્રાવક પૂર્ણ કરે.

નોટ :—બને ત્યાં સુધી ગુરૂમહારાજનો સંયોગ હોય તો ગુરૂમહારાજ પાસે જઈને ગુરૂસાનિધ્યમાં જ પ્રતિક્રમણ કરે.

૬

— ઘરે પ્રતિક્રમણ કરે અને જો સ્થાપનાચાર્યજી ન હોય તો ધાર્મિક પુસ્તકાદિ નવકાર–પંચિંદિયથી સ્થાપીને સામાયિક લે અને સામાયિક પૂર્ણ થયા બાદ નવકાર ગણીને તે ઉત્થાપી લે.

— સૂર્યાસ્ત સમયે વંદિત્તુ આવે એ રીતે પ્રતિક્રમણ કરવું એ ઉત્સર્ગ માર્ગ છે....અપવાદથી (સકારણે) દૈવસિક પ્રતિક્રમણ દિવસના ત્રીજાપ્રહરથી (સાંજથી) અર્ધરાત્રિ (રાતના સાડાબાર) સુધી કરી શકાય. રાત્રિપ્રતિક્રમણ પણ અપવાદથી અર્ધરાત્રિથી માંડીને બીજા દિવસના સૂર્યોદય પછીના મધ્યાહ્ન સુધી એટલે દિવસના લગભગ બાર વાગ્યા સુધી કરી શકાય.

— આથી એ નક્કી થાય છે કે ગમે તેવા સંજોગોમાં પણ શ્રાવકે બે વાર સવાર–સાંજ પ્રતિક્રમણ કરવું જ જોઈયે.

— સામાયિક પારી ચૌદનિયમ ધારનાર શ્રાવક પહેલા ન સંક્ષેપ્યા હોય તો ચૌદનિયમ સંક્ષેપી નવા નિયમ ધારી લે. ને દેશાવગાસિકનું પચ્ચકખાણ લઈ લે. હકીકતમાં પ્રતિક્રમણ પહેલા જ નિયમો સંક્ષેપી નવા નિયમ ધારી પચ્ચકખાણ લઈ લેવું જોઈએ.

☆

સ્વાધ્યાય – ગુરૂભકિત

શ્રાવક પ્રતિક્રમણ કરીને સ્વાધ્યાયની શરૂઆત કરે. સ્વાધ્યાય કરવાનું શ્રાવકને ખાસ વિધાન છે. સ્વાધ્યાયમાં શ્રાવક પોતે ભણી ગયેલ જીવવિચારાદિ પ્રકરણો, ત્રણ ભાષ્યો, છ કર્મગ્રંથો આદિનું પુનરાવર્તન કરે, તથા શ્રાદ્ધ વિધિ આદિ જે ગ્રન્થોનું દિવસે અધ્યયન કર્યું હોય તે યાદ કરી જાય તેની પર અનુપેક્ષા કરે. મનને સ્થિર કરવા અનાનુપૂર્વી નવકારવાળી આદિ ગણે.

સ્વાધ્યાયથી મન અશુભ ધ્યાનમાં જતું રોકાય છે. શુભ ધ્યાનમાં જોડાય છે. સંસાર પ્રત્યે વૈરાગ્ય જન્મે છે. અને આત્મા ચારિત્ર ગ્રહણ કરવાને તત્પર બને છે.

પણ આ બધા ય ઉપકરના મૂળમાં તો ગુરૂ ભગવંત જ છે. એટલે સ્વાધ્યાય કરી, જે કંઈ ન સમજાતા વિષયો સંબંધી પ્રશ્નો પૂછવા હોય તો પૂછી શ્રાવક ગુરૂમહારાજની સેવા ભકિત કરે. શરીર આદિની શુશ્રુષા કરે. હાથ–પગ આદિ દબાવે. ગુરૂમહારાજ તો આ બધી સેવામાં નિઃસ્પૃહ જ હોય પણ શ્રાવક પોતાનું કર્તવ્ય સમજી કર્મની નિર્જરા માટે સેવા શુશ્રુષા કરે.

આ પ્રમાણે ગુરૂ ભકિત કરીને સુખ સાતા પૂછીને 'ત્રિકાલ વંદના' (રાતની ત્રણે વખતની વંદના હોજો) કહીને શ્રાવક સુવા માટે પોતાના ઘરે આવે.

શ્રાવકના દૈનિક કૃત્ય અહિં પૂરા થાય છે.

☆

રાત્રિક-કર્ત્તવ્ય

1. ધર્મજાગરણ
2. સુકૃતાનુમોદન
3. દુષ્કૃત નિંદા
4. ચાર શરણ સ્વીકાર
5. સાગારઅનશન
6. અલ્પ નિદ્રા
7. રાત્રિ ચિંતન
8. મનોરથ સેવન
9. રાત્રિ પ્રતિક્રમણ

રાત્રિ-કર્તવ્ય

શ્રાવકના રાતના કર્તવ્યની શરૂઆત અહિંથી થાય છે. ઉપાશ્રયેથી પ્રતિક્રમણ-સ્વાધ્યાય અને ગુરૂભકિત કરીને ઘરે ગયેલો શ્રાવક સૂતા પહેલા આખા કુટુંબને ભેગું કરે.

— કુટુંબને પુત્ર-પુત્રી સ્વજન આદિને ભેગા કરી એ લોકો સાંસારિક કામકાજમાં પડેલા સવારે વ્યાખ્યાન શ્રવણના લાભથી વંચિત રહી જતા હોય તો એમને પણ વ્યાખ્યાનમાં પૂ. ગુરૂમહારાજ પાસે સાંભળેલી ધર્મદેશનાની વાતો તેમ જ ધર્મનો ઉપદેશ આપી સન્માર્ગે વાળવા એ શ્રાવકનું કર્તવ્ય છે.

— શ્રાવક ધર્મોપદેશમાં એવી સુંદર વાતો સમજાવે કે આખા ઘરનું વાતાવરણ ધર્મમય ને વૈરાગ્યમય બની રહે. સંસારની અસારતા સમજાવે, સંયમની મહત્તા સમજાવે, ગૃહસ્થધર્મના નિયમો બતાવે અને કોઈ પણ રીતે કુટુંબને ધર્મમાર્ગે વાળે.

— પાપ કરતા કે સંસારમાં રાચતા એવા પોતાના પુત્ર-પુત્રીને બાપ કશું ન કહે કે કશું ન સમજાવે તો પુત્ર-પુત્રી જે કંઈ પાપ કરે એના અર્ધા ભાગીદાર મા-બાપ પણ બને છે.

— આ રીતે ધર્મશ્રવણ કરાવી એક પહોર રાત્રિ વીત્યા બાદ અલ્પનિદ્રાવાળો શ્રાવક પોતાના સૂવાના સ્થાને જાય અને અરિહંત અને ઉપકારી ગુરૂઓનું સ્મરણ કરતો કામ-વાસનાને તિરસ્કારની દૃષ્ટિથી જોતો શ્રાવક પ્રાયઃ બ્રહ્મચર્યને ધારણ કરવાની ભાવના સાથે અલગ શય્યામાં સૂએ.

સૂતી વખતે શ્રાવક શું કરે ?

પોતાને સંથારા પોરસિ આવડતી હોય તો સંથારા પોરસિનો ભાવ વિચારે. સાધુ અથવા પોસાતી પોરસિ ભણાવતા હોય તો સાંભળે.

પોતે જે કંઈ દુષ્કૃત કર્યાં હોય તેની નિન્દા કરે. પોતે જે કંઈ સુકૃત કર્યાં હોય તેની અનુમોદના કરે. જગતના તમામ જીવોને મન વચન કાયાથી ખમાવે.

ત્યાર બાદ ' અરિહંત, સિદ્ધ, સાધુ અને કેવલિ ભાષિત ધર્મ આ ચારનું મને શરણું હોજો ' એમ શરણ સ્વીકારી–અઢારે પાપસ્થાનકની ચાલોચના કરી નીચેની ગાથા બોલે.

जई मे हुज्ज पमाओ, इमस्स देहस्सिमाइ रयणीए ।
आहारमुवहिदेहं, सव्वं तिविहेण वोसिरिअं ॥

અર્થ : જો મારા આ શરીરનો રાત્રે પ્રમાદ થાય અર્થાત્ કદાચ રાત્રે ઉંઘમાં મારૂં આયુષ્ય પૂર્ણ થાય તો સર્વ પ્રકારનો આહાર, સર્વ ઉપધિ–પરિગ્રહ, અને આ મારૂં શરીર એ સર્વેને ત્રિવિધે વોસિરાવું છું.'

આ રીતે નમસ્કાર મહામંત્ર ગણવા પૂર્વક ઉપરની ગાથા ત્રણ વાર ગણીને સાકાર એટલે સંકેતપૂર્વકના અનશનને સ્વીકારી પાંચ વાર અથવા સાતવાર નમસ્કાર મહામંત્ર ગણી અલગ શય્યામાં જ શયન કરે.

— સ્ત્રી વગેરેની સાથે સુવાથી અનાદિ કાળથી અંતરમાં પડેલી વિષયવાસના – કામવાસના જાગી ઉઠતાં હૈયું વિકારી બને છે માટે આત્મામાં કામવાસના જાગૃત થાય એવા કોઈ પણ નિમિત્ત ન આપે.

— ગૃહસ્થ હોવાથી કદાચ એકાન્તે બ્રહ્મચર્ય ધારણ ન કરી શકે તો પણ શક્ય હોય તેટલું બ્રહ્મચર્ય ધારવાની ભાવના રાખે, પર્વતિથિ વગેરેમાં તો અવશ્ય બ્રહ્મચર્ય પાળે જ!

રાત્રે નિદ્રામાંથી જાગી જાય તો શું કરે?

શ્રાવક રાત્રે જાગી જાય તો કામવાસનાને મારવા માટે સ્ત્રીનાં શરીરની અપવિત્રતા – અશુચિતા આદિનો વિચાર કરે અને અખંડ બ્રહ્મચર્યના ઉપાસક – જંબૂસ્વામિ – સુદર્શન શેઠ– સ્થૂલભદ્ર મહારાજ, વિજયશેઠ-વિજયા શેઠાણી–રાજુલ–રહનેમિ આદિના દ્રષ્ટાન્તો વિચારી મનને વૈરાગ્યથી તરબોલ કરી દે.

ખાસ સૂચના :—ઘણા વિચારકોનું કહેવું છે કે માણસ સૂતી વખતે મનમાં જે વાસના રાખીને સૂઈ જાય છે તે જ વાસનામાં પાછો જાગૃત થાય ત્યાં સુધી રહે છે. માટે સૂતી વખતે મોહનો સર્વથા ત્યાગ કરી વૈરાગ્યની ભાવના ભાવતાં જ સૂવે. જેથી ખરાબ સ્વપ્ન આદિ આવે નહિ. અને સારા જ સ્વપ્નો આવે. કદાચ સોપક્રમ આયુષ્ય હોવાથી રાતના ઉંઘમાં મરણ થાય તો ય શુભગતિ થવાનો સંભવ રહે.

સવારે વહેલાં જાગી જાય તો શું કરે?

વહેલી સવારે ઉઠી ગયેલો શ્રાવક શુભ સંકલ્પ અને શુભ મનોરથો સેવે.

—ઉઠીને એ અનુમોદના કરે કે 'ખરેખર હું ભાગ્યશાળી છું. જ્યાં આટલા જિનમંદિરો છે. ત્યાં મારો વસવાટ છે. જ્યાં સાધુઓનાં સતત ચાતુર્માસ થાય છે એવા નગરમાં મારો વેપાર ધંધો છે. જ્યાં આજુબાજુ સાધર્મિકોના જ ઘર છે એવી વસ્તીમાં મારૂં ઘર છે!

—એવું ચક્રવર્તીપણું મળતું હોય તોય મારે ન જોઈએ કે 'જે ચક્રવર્તીપણું જૈન ધર્મથી રહિત હોય. એ કરતાં તો હું ઈચ્છું છું કે ભલે હું દરિદ્ર બનું, ભલે હું કોઇનો નોકર પણ જૈન ધર્મ મને પ્રાપ્ત થવો જોઈએ.'

— આગળ વધતાં મૈત્રી પ્રમોદ કારૂણ્ય તથા માધ્યસ્થ્યની ભાવના ભાવે.

— ત્યારબાદ પૂર્વના મહાપુરૂષોને આંખ સામે લાવીને એવી ભાવના ભાવે કે.

આ બધા મહાપુરૂષોની જેમ હું પણ કયારે સંસારને લાત મારીને સાધુપણું સ્વીકારીને નિર્દોષ ગોચરીથી મારો નિર્વાહ કરીશ.

— એવો અવસર મને કયારે મળશે કે ગુરૂકુળવાસમાં શાસ્ત્રાધ્યયન કરીને હું ગીતાર્થ બની ગુરૂ આજ્ઞા લઈને જંગલમાં એકલો મધ્યરાત્રિએ કાઉસગ્ગ–ધ્યાન કરીશ કે જે વખતે કાઉસગ્ગમાં ઊભેલા મને થાંભલો માની કોઈ બળદ પોતાની ખાંધ ઘસતો હશે છતાં હું નિશ્ચલ રહીશ.

— એવો સુંદર અવસર કયારે આવશે કે–જંગલની અંદર પદ્માસને બેસીને એકાગ્રતાપૂર્વક હું પ્રભુનું ધ્યાન ધરતો હોઈશ ને મારી આજુબાજુ નાનાં નાનાં નિર્દોષ હરણીયા નિર્ભય બનીને મારા મુખને સૂંઘતા આમતેમ રમતા હશે.

આવી શાન્તિ–આવી સમાધિ મને કયારે પ્રાપ્ત થશે.

— આ રીતે સંયમની ભાવના ભાવતો શ્રાવક પોતાની કમનશીબીની નિન્દા કરતો બાલ્યવયમાં દીક્ષિત થયેલા સાધુઓની અનુમોદના કરે.

— જેઓએ બાલ્યવયમાં જ આનંદપૂર્વક ચારિત્રધર્મનો સ્વીકાર કર્યો છે એવા બાલમુનિઓને ધન્ય છે....ખરેખર તેઓનો જન્મ સફળ છે. હું તેવા ઉત્તમ મુનિઓનો દાસ છું! તેમના ચરણોમાં હું નમસ્કાર કરૂં છું, મારા જીવનમાં પણ એવો ઉત્તમ દિવસ ક્યારે આવશે કે હું પણ ચારિત્રને પ્રાપ્ત કરીશ.

● શ્રાવક આવા શુભ મનોરથો રાતના સૂતા,–સવારના ઉઠતાં, તથા અડધી રાતે જાગી ઉઠતાં સેવે. ત્યાર બાદ સમય થતાં રાતે પ્રતિક્રમણ કરે.

— શ્રાવકનું રાત્રિક કર્તવ્ય અહિં પુરૂં થાય છે.

☆

પર્વ – કર્ત્તવ્ય

1. પૌષધ
2. ઉપવાસ
3. દાન
4. શીલ
5. તપ
6. ભાવ
7. અહિંસા
8. જયણા
9. પ્રભાવના

પર્વ-કર્ત્તવ્ય

ધર્મ એ દરરોજ આરાધવાની ચીજ છે. કોઈ સમય એવો નથી કે જે સમય શ્રાવકને માટે ધર્મ કરવા જેવો ન હોય. આમ છતાં સંસારની આળપંપાળને માયા જાળમાં ફસાયેલો શ્રાવક દરરોજને માટે અમુક વિશેષ ધર્મની આરાધનાઓ પોતાની આસક્તિથી કે અશક્તિથી ન કરી શકતો હોય તો એને પણ પર્વના દિવસો-પર્વતિથિઓમાં દરરોજ જે આરાધના કરતો હોય એથી કંઈક વિશેષ આરાધના અવશ્ય કરવી જોઈએ.

— પર્વનાં દિવસોમાં વિશેષ આરાધના કરવાનું કારણ એ પણ છે કે પ્રાયઃ કરીને આગામી ભવનું આયુષ્ય પર્વના દિવસોમાં બંધાતું હોય છે. એ દિવસોમાં શ્રાવક સંસારમાં રચ્યો-પચ્યો હોય, બજારમાં ભટકતો હોય કે દુકાન ખોલીને બેઠો હોય તો એ વખતના એના વિચારો-અધ્યવસાયો પણ એ રીતના જ ચાલતા હોય....એ જ વખતે એને કોઈ ખરાબગતિનું આયુષ્ય બંધાઈ જાય તો એની કરેલી ધર્મારાધના પર પાણી ફરી વળે અને મરીને દુર્ગતિમાં ન જવું હોય તો ય જવું પડે.

માટે શ્રાવકે પર્વના દિવસોમાં નીચેની ક્રિયાઓ અવશ્ય કરવી જોઈયે.

1. પૌષધ કરવો જોઈયે.

2. એ ન બને તો દસ સામાયિક કરી દેશાવગાસિક કરવું જોઈયે.

3. ઉભયટંક પ્રતિક્રમણ કરવું જોઇયે.

4. લીલોતરીનો ત્યાગ કરવો જોઇયે.

5. બ્રહ્મચર્યનું પાલન કરવું જોઇયે.

6. ઉપવાસ આદિ દરરોજ જે કરતાં હોય એથી કંઇને કંઈ વધારે તપ કરવો જોઇયે.

7. આરંભ સમારંભનો ત્યાગ કરવો જોઇયે.

8. બજારે કે દુકાને ન જવું જોઈયે.

9. દલવું, ખાંડવું, લીંપવું આદિનો ત્યાગ કરવો જોઇયે.

10 સ્નાત્રપૂજા, ચૈત્યપરિપાટી, સુપાત્રદાન, સર્વમુનિઓને વન્દન, વ્યાખ્યાન શ્રવણ આદિ વિશેષ કરવું જોઇયે.

11 કપડા ન ધોવા જોઈયે.

12 દરરોજ કરતાં હોય એથી કંઈને કંઈ વિશેષ આરાધન કરવું જોઈયે.

પ્રશ્ન : મહિનામાં પર્વતિથિ કેટલી આવે છે?
જવાબ : બાર

પ્રશ્ન : કયી કયી? **જવાબ :** બે બીજ, બે પાંચમ, બે આઠમ, બે અગ્યારસ, બે ચૌદસ અને પૂનમ તથા અમાસ!

આ બાર તિથિમાંથી શ્રાવક બારે તિથિ લીલોતરી આદિનો ત્યાગ કરે. નહિ તો દસ તિથિ અને એ પણ ન બને તો પાંચ તિથિ અવશ્ય ત્યાગ કરે.

દસતિથિ : બે પાંચમ (સુદ–વદ) બે બીજ, બે આઠમ, બે અગ્યારસ, બે ચૌદસ!

પાંચ તિથિ : સુદ પાંચમ, બે આઠમ અને બે ચૌદસ.

● આ પર્વતિથિઓ માસિક છે.

વાર્ષિક પર્વતિથિઓમાં જ્ઞાન પાંચમ, મૌન એકાદશી, દિવાળી, સંવત્સરી, આસો તથા ચૈત્રીની શાશ્વતી અઠાઈ, ત્રણ ચોમાસીની ત્રણ અઠ્ઠાઈ તથા પર્યુષણાની અઠ્ઠાઈ કુલ છ અઠ્ઠાઈના દિવસો, ત્રણ ચોમાસીના ત્રણ દિવસો આ બધા પર્વ દિવસો છે.

આ ઉપરાંત જિનેશ્વર દેવોના ચ્યવન, જન્મ, દીક્ષા, કેવલ અને મોક્ષ એ પાંચ કલ્યાણકના દિવસો પણ પર્વદિવસો છે.

● બીજની આરાધનાથી સાધુ ધર્મ તથા શ્રાવક ધર્મ અથવા શ્રુત અને ચારિત્રની આરાધના થાય છે.

● પંચમીની આરાધનાથી પાંચ જ્ઞાનની આરાધના થાય છે.

● અષ્ટમીની આરાધના આઠ કર્મોના ક્ષય માટે છે.

● અગ્યારસની આરાધનાથી અગ્યાર અંગરૂપ શ્રુતની આરાધના થાય છે.

● ચૌદસની આરાધનાથી ચૌદપૂર્વની આરાધના થાય છે.

શ્રાવકે અવશ્ય પર્વદિવસોનું આરાધન કરી શ્રાવક ધર્મ દિપાવવો જોઇએ.

પર્વકર્ત્તવ્ય અહિં પૂર્ણ થાય છે.

☆

ચાતુર્માસિક કર્ત્તવ્ય

1. નિયમગ્રહણ
2. દેશાવગાસિક
3. સામાયિક
4. અતિથિસંવિભાગ
5. વિવિધ તપશ્ચર્યા
6. અધ્યયન
7. સ્વાધ્યાય
8. જયણા-પાલન

ચાતુર્માસિક-કર્ત્તવ્ય

ચોમાસાનાં દિવસો એ ધર્મ આરાધનાનાં મુખ્ય દિવસો છે. ચોમાસું આવે એટલે ખેડૂત જેમ ખુશ ખુશ થઈ જાય તેમ શ્રાવક પણ ખુશ ખુશ થઈ જાય.

ખેડૂતની આંખ સામે ચાર મહિનામાં ઉતરનારો અનાજનો મબલખ પાક હોય.

શ્રાવકની આંખ સામે ચાર મહિનામાં થનારો સાધના-આરાધનાનો મબલખ પાક હોય.

ખેડૂતને જેમ પાણી વિના ન ચાલે એમ શ્રાવકને ચોમાસું આવ્યું કે જિનવાણી વિના ન ચાલે.

ખેડૂત ધરતી પર અનાજનાં બી વાવે.

શ્રાવક દાન, શીલ, તપ અને ભાવના બી વાવે.

— ચોમાસું આવે એટલે શ્રાવકની આરાધના એકદમ વધી જાય.

— દરરોજ એકવાર પૂજા કરતો હોય તો ચોમાસામાં ત્રણ વાર કરે.

— દરરોજ એકવાર વન્દન કરતો હોય તો ચોમાસામાં ત્રણવાર કરે.

— દરરોજ એક ગુરૂમહારાજને વન્દન કરતો હોય તો ચોમાસામાં બધાને વંદન કરે.

— દરરોજ એક વિગઈ ત્યાગ કરતો હોય તો ચોમાસામાં બે-ત્રણ કરે.

— દરરોજ વ્યાખ્યાન ન સાંભળતો હોય તો ચોમાસામાં અવશ્ય સાંભળે.

— ચોમાસામાં બહાર ગામ જવાનું બંધ રાખે.

— ચોમાસામાં દરરોજ ઉભયટંક પ્રતિક્રમણ શરૂ કરી દે.

— કાયમના જે નિયમો હોય એ ચોમાસામાં ચાર મહિના પૂરતા કરી લે અને અંદર રાખેલી છૂટો કાઢી નાંખે. અથવા ઓછી કરે.

— ચોમાસામાં ચૌદ નિયમો ધારે.

— ચોમાસામાં બારે વ્રતોમાં છૂટ ઓછી કરે, પરિમાણ પણ ઘટાડે.

— દરેક ઘરકામમાં આરંભ-સમારંભ જીવહિંસા અને જીવોત્પત્તિ ન થાય એ માટે ચોમાસું બેસતાં પહેલાંથી જ તકેદારી રાખે.

— પાણી દિવસમાં બે ત્રણવાર ગાળે! ઘી તેલ આદિનાં વાસણ બરણી વગેરે ઉઘાડા ન મૂકે.

— ચોમાસામાં પર્વ તિથિએ અવશ્ય પૌષધ-પ્રતિક્રમણ કરે.

— ચોમાસામાં ચાર મહિના ગુરૂ મહારાજ પાસે અવશ્ય નવો અભ્યાસ કરે. છેવટે દરરોજ એક ગાથા પણ કરે. અને જુનાનો સ્વાધ્યાય કરે.

— જિનમંદિર, પૌષધશાળા, સામાયિકશાળા ભોજનગૃહ વલોણાના સ્થાને, ખાંડવાના સ્થાને, પીસવાના સ્થાને, ચુલા ઉપર, પાણીઆરા પર, સુવાની જગ્યા પર આ દસે ઠેકાણે જીવરક્ષા માટે ચંદરવો બાંધે.

— ઘરની આગળ નિગોદ વગેરે ન થાય તેનું ધ્યાન રાખે.

— નીગોદ કે લીલોતરી પર પગ મૂકીને ન ચાલે.

— કષાયજયતપ, ઇન્દ્રિયજય તપ, અઠ્ઠાઈ, પંદર ઉપવાસ સોલ ઉપવાસ, માસક્ષમણ આદિ વિશેષ તપો કરે.

— છેવટે દરરોજ નવકારશી, ચોવિહાર તો અવશ્ય કરે જ.

— શકય હોય તો ચોમાસામાં ચારે મહિના ઉપાશ્રયમાં જ સંથારા પર સૂવે ને સવાર–સાંજ પ્રતિક્રમણ કરે.

— અતિથિસંવિભાગ વ્રત કરે.

— રાયણ–આંબા વગેરે ફળોનો ત્યાગ કરે. ભાજીપાલો –પાન વગેરે ખાવાનો ત્યાગ કરે.

— ચોમાસામાં દરરોજ ઓછામાં ઓછાં એક સાધર્મિકને જમાડે.

— ઘર–મંદિર કે પૌષધશાળામાં જે કંઈ સમારકામ કરાવવું હોય તે ચોમાસુ બેસતાં પહેલાં કરાવી લે.

— ટુંકમાં ચાતુર્માસના ચાર મહિનામાં બને તેટલી વધુ આરાધના અને બને તેટલી ઓછી હિંસા થાય એ માટે અવશ્ય લક્ષ્ય આપે.

— ચાતુર્માસમાં બને તેટલા વધુ નિયમો ગ્રહણ કરી શ્રાવકે એનું પાલન કરવું જોઇએ ને જીવનને એ દ્વારા ધર્મમય બનાવી જલ્દી સંયમધર્મ પ્રાપ્ત થાય ને પૂર્ણ અહિંસાનું પાલન થાય એ માટે શ્રાવકે પ્રયત્નશીલ બનવું જોઇએ.

ચાતુર્માસિક કર્તવ્ય અહિં પૂરા થાય છે.

☆

૭

વાર્ષિક-કર્ત્તવ્ય

1. સંઘપૂજન
2. સાધર્મિક ભક્તિ
3. ત્રણ યાત્રા
4. સ્નાત્રોત્સવ
5. દેવદ્રવ્યની વૃદ્ધિ
6. મહાપૂજા
7. રાત્રિ જાગરણ
8. શ્રુતજ્ઞાનપૂજા
9. ઉદ્યાપન
10. શાસન પ્રભાવના
11. પ્રાયશ્ચિત્ત-આલોચના

વાર્ષિક-કર્ત્તવ્ય

શ્રાવકે દર વર્ષે (1) સંઘ પૂજા, (2) સાધર્મિક ભક્તિ, (3) ત્રણ પ્રકારની યાત્રા, (4) જિનમંદિરમાં સ્નાત્રમહોત્સવ, (5) દેવ દ્રવ્યની વૃદ્ધિ, (6) મહાપૂજા, (7) રાત્રિજાગરણ, (8) શ્રુતજ્ઞાનની પૂજા, (9) ઉજમણું, (10) શાસનની પ્રભાવના, (11) પ્રાયશ્ચિત-આલોચના, આ અગ્યાર કર્ત્તવ્યો અવશ્ય શકિત ગોપવ્યા વિના કરવા જોઇયે.

1. **સંઘપૂજા :** એટલે સાધુ-સાધ્વીજી મહારાજોને ભાવપૂર્વક પોતાના ઘરે લઈ જઈને નિર્દોષ આહાર વહોરાવવો. ચારિત્રની વૃદ્ધિ માટે અને રક્ષા માટે તેમને જરૂરી એવી સામગ્રી (કપડાં, કામળી, પાતરા આદિ સાધુપયોગી ચીજો) વહોરાવવી, પુસ્તકો વગેરે વહોરાવવા, શ્રાવક શ્રાવિકાઓનું ઉચિત બહુમાન કરવું. વરસમાં ઓછામાં ઓછું એકવાર સંઘપૂજન કરવું. સમગ્ર સંઘનું બહુમાન સોનામહોર, રૂપિયા, તિલક આદિથી કરવું તે ઉત્કૃષ્ટ સંઘપૂજન છે. સૂતરની નવકારવાળી આદિથી કરવું તે જઘન્ય સંઘપૂજન છે. સકલ સંઘનું બહુમાન ન થઈ શકે તો સાધુ-સાધ્વીજી મહારાજને મુહપત્તિ વગેરે નાની વસ્તુ વહોરાવીને અને શ્રાવક શ્રાવિકાને સોપારી-બદામ આદિ આપીને પણ બહુમાન કરવું. આર્થિક પરિસ્થિતિ ખૂબ જ ખરાબ હોય તો પુણિયા શ્રાવકની જેમ ભકિત કરવાથી પણ સંઘપૂજનનું કર્ત્તવ્ય અદા થાય છે.

2. **સાધર્મિકભક્તિ :** શ્રાવકે દર વર્ષે પોતાના સાધર્મી ભાઈ-બેનોનું વાત્સલ્ય શકિત પ્રમાણે અવશ્ય કરવું

જોઈએ. પ્રેમથી ઘરે આમંત્રણ આપી જમાડવા જોઈએ. સામાન્ય સ્થિતિવાળા સાધર્મિકની વિશિષ્ટ પ્રકારે ભક્તિ કરવી જોઈએ. બધા શ્રાવક-શ્રાવિકાનું વાત્સલ્ય-ભક્તિ કરવાની શક્તિ ન હોય તેમણે પણ ઓછામાં ઓછા એક બે શ્રાવક શ્રાવિકાઓની તો અવશ્ય ભક્તિ કરવી જોઈએ.

● પોતાને ત્યાં જન્મ-લગ્ન આદિ પ્રસંગો વખતે સાધર્મિકને યાદ કરી આમંત્રણ આપી એમનાં પગ ધોવા, સુવર્ણ અથવા ચાંદીના થાળ વગેરેમાં જમાડવા આ દ્રવ્યસાધર્મિક વાત્સલ્ય છે.

● ધર્મકાર્યમાં સાંસારિક અગવડને કારણે ધર્મ ન કરી શકતા શ્રાવકોને તેમની અગવડો દૂર કરી, સગવડો આપી, ભૂલી ગયેલા કર્તવ્યોને યાદ કરાવી ધર્મકાર્યમાં જોડવા તે ભાવસાધર્મિક વાત્સલ્ય છે.

● આપત્તિમાં આવેલા સાધર્મિકનો પોતાની તમામ શક્તિ વાપરી ઉદ્ધાર કરવો જોઈએ.

● શાસ્ત્રોએ તો સ્પષ્ટ શબ્દોમાં લખ્યું છે કે :—

'જેણે ગરીબોનો ઉદ્ધાર કર્યો નથી, સાધર્મિકોનું વાત્સલ્ય કર્યું નથી, અને હૃદયમાં વીતરાગ પ્રભુને ધારણ કર્યા નથી તે ખરેખર પોતાનો જન્મ હારી ગયો છે !'

— માટે અવશ્ય સાધર્મિકવાત્સલ્ય કરવું જોઈએ.

3. **ત્રણ યાત્રા :** દરવર્ષે શ્રાવકે અવશ્ય ત્રણ યાત્રા કરવી જોઈએ. આ યાત્રાના ત્રણ પ્રકાર છે. (1) જિનયાત્રા (અઠ્ઠાઈ મહોત્સવ) (2) રથયાત્રા (3) તીર્થયાત્રા.

1. **જિનયાત્રા :** શ્રાવકે દર વર્ષે ઓછામાં ઓછો એક અઠ્ઠાઈ મહોત્સવ ધામધૂમપૂર્વક કરવો જોઈએ. જેમાં ગીત વાજિંત્ર સ્તુતિ સ્તવનોથી ભગવાનની ભક્તિમય વાતાવરણ બની જાય, જે મહોત્સવમાં સાધર્મિકોને અને ગરીબોને દાન વગેરે આપવું, તપ કરવો તથા સુંદર વસ્ત્રો ધારણ કરી પ્રભુભકિતના મહોત્સવને દીપાવવો જોઈયે. જૈનેતરોના હૃદયમાં પણ ભગવાન વસી જાય એવું કરવું જોઈએ.

2. **રથયાત્રા :** રથયાત્રા એટલે ભગવાનનો વરઘોડો.... જેમાં સુવર્ણ અથવા ચાંદીના રથમાં પ્રભુ પધરાવી સ્નાત્ર મહોત્સવ સાથે, બેન્ડ વાજાની સાથે આખા ય નગરમાં મહોત્સવપૂર્વક ભગવાનનો રથ ફેરવવો. પાછળ ગરીબોને દાન આપવું. આગળ ઈન્દ્ર ધ્વજા રાખવી. આવી રથયાત્રા–ભગવાનનો વરઘોડો વરસમાં એકવાર તો સ્થિતિ સંપન્ન શ્રાવકે અવશ્ય કાઢવો જોઈએ.

3. **તીર્થયાત્રા :** શત્રુંજય, ગિરનાર, સમેતશિખર, પાવાપુરી, તથા તીર્થંકરોના કલ્યાણકોનાં સ્થળો પણ તીર્થ ગણાય છે. આ તીર્થની દર વર્ષે શકિતપ્રમાણે વિધિપૂર્વક યાત્રા કરવી જોઇએ. છેવટે એક બે તીર્થોની તો યાત્રા અવશ્ય કરવી જોઈયે. તીર્થયાત્રા બને ત્યાં સુધી છ'રી પાળી કરવી જોઇયે.

4. **સ્નાત્ર મહોત્સવ :** શ્રી જિનેશ્વર ભગવાનની સ્નાત્ર-પૂજા દરરોજ, દરરોજ ન બને તો પર્વના દિવસે, તે પણ ન બને તો છેવટે વરસમાં એકવાર તો વાજીંત્રો–ગીત આદિ આડંબર સાથે જિનમંદિરમાં સકલસંઘને બોલાવી ભણાવવો જોઇએ.

5. **દેવદ્રવ્ય–વૃદ્ધિ :** શ્રાવકે દેવદ્રવ્યની વૃદ્ધિ કરવા માટે દર વર્ષે સંઘમાળ, (તીર્થમાળા) ઉપધાન વગેરેની માળ ઉછામણી બોલીને પહેરવી જોઇયે. તથા જિનપ્રતિમા માટે મુગટ વગેરે આભરણો, ચંદરવા પુઠીયા વગેરે શકિત પ્રમાણે જિન-મંદિરમાં મૂકવાં જોઈયે.

6. **મહાપૂજા :** દરેક પર્વના દિવસે અથવા દર વરસે જિનાલયમાં મહાપૂજા ભણાવવી. પ્રભુના સર્વ અંગોએ સુંદર આભૂષણોથી અંગરચના વગેરે કરવી જોઇયે.

7. **રાત્રિજાગરણ :** તીર્થયાત્રાના સમયે, કલ્યાણકોનાં દિવસે, રાત્રિજાગરણ કરીને પ્રભુના ગુણ ગાવાં, સંગીત–નૃત્ય આદિ કાર્યક્રમો દ્વારા વીતરાગ ભકિતમાં સહુ તલ્લીન થાય એવું કરે. રાત્રિજાગરણમાં પ્રભુ ભક્તિ નિમિત્તે આજે ભાવનાઓ રખાય છે પણ સમયની કોઈ મર્યાદા એમાં રહેતી નથી. રાત્રે પહેલા પ્રહર સુધી જ ભાવના ચલાવાય.

ભાવના પછી ચા – પાણી નાસ્તો ન કરાય. ભાવનામાં પ્રભુના ગુણગાન કે આત્મનિંદાના સ્તવનો સિવાય ભાવનાને નામે કથાખ્યાનો–કથાગીતો અને ભગવાન આગળ ઉપદેશ રૂપે બોલવું આદિ અયોગ્ય છે. ભાવના એ ભકિતનો કાર્યક્રમ મટી મનોરંજનનો કાર્યક્રમ ન બની જાય એનો ખાસ ખ્યાલ રાખવો આવશ્યક છે.

8. **શ્રુતપૂજા :** શ્રુતજ્ઞાનનાં સાધનોની બરાસ આદિથી પૂજા દરરોજ શકય છે છતાં ન થાય તો વરસમાં એકવાર અવશ્ય કરવી.

9. **ઉદ્યાપન (ઉજમણું) :** નવપદની ઓળી અથવા અગ્યારસ, પાંચમ અથવા તો અન્ય તપસ્યા નિમિત્તે વરસમાં ઓછામાં ઓછું એકવાર ઉજમણું કરવું જોઇયે. ઉજમણામાં તે તે તપના ઉપવાસ વગેરેની સંખ્યા પ્રમાણે જ્ઞાન-દર્શન ચારિત્રનાં સાધનો, છોડો, જિનપૂજાના સાધનો આદિ મૂકવું જોઇએ.

ઉજમણાથી, કરેલી તપસ્યા પર કલશ ચઢે છે. રત્નત્રયીની આરાધનાના ઉપકરણો ઉજમણામાં મૂકવાથી પૂ. સાધુ-સાધ્વી સંઘને નિર્દોષ વસ્ત્ર-પાત્રાદિ વહોરાવવાનો લાભ પ્રાપ્ત થાય છે.

10 **તીર્થ પ્રભાવના :** જૈન શાસનની પ્રભાવના માટે શ્રાવકે અવશ્ય વરસમાં એકવાર ધામધુમથી ગુરૂમહારાજનો નગર:પ્રવેશ મહોત્સવ તથા સંઘને પહેરામણી પ્રભાવના વગેરે કરવું જોઈએ.

— નગર પ્રવેશ મહોત્સવમાં નગરનાં તમામ બેન્ડવાજા સાથે ખૂબ જ આડંબરથી ચતુર્વિધસંઘે સાથે મળીને ગુરૂની સામે જઈ ગુરૂનો સત્કાર વન્દન વગેરે કરવાપૂર્વક ભવ્ય રીતે નગરપ્રવેશ કરાવજો જોઈએ.

શ્રાવકે 'નગર પ્રવેશ કરાવવો જોઈએ' એ વાત વ્યવહાર ભાષ્ય આદિ સિદ્ધાન્તમાં પણ લખી છે.

પ્રભાવક સાધુ માટે પણ એ વિધાન છે કે નગરમાં સીધા પ્રવેશ ન કરતા, પહેલા ગામના આગેવાનોને કહેવડાવે. જેથી સંઘને પ્રવેશ મહોત્સવનો લાભ મળે અને શાસનની અપૂર્વ પ્રભાવના થાય. શાસનની પ્રભાવના કરવાથી તીર્થંકરપણાનું ફળ પ્રાપ્ત થાય છે.

11 પ્રાયશ્ચિત્ત-આલોચના : ગુરૂ મહારાજનો યોગ હોય તો ઓછામાં ઓછું વરસમાં એકવાર પ્રાયશ્ચિત્ત-પાપોની આલોચના લેવી જોઈયે.

પાપોનું પ્રાયશ્ચિત કરવું એ એક મહત્વનું કર્તવ્ય છે. પાપોથી મુકત થવા માટે ગુરૂ મહારાજ પાસે જઈ પાપની કબૂલાત કરી પ્રાયશ્ચિત માંગવું જોઈએ. કોઈ પણ પાપ હૃદયમાં રાખવું ન જોઈયે. અને જે પ્રાયશ્ચિત આપે તે શકય એટલું જલ્દી પૂર્ણ કરી આપવું જોઈએ. જેથી આત્મા શુદ્ધ બને છે.

આ અગ્યારે વાર્ષિક કર્તવ્યો યથાશકિત હરેક શ્રાવકે હર વર્ષે કરવા જોઈયે.

વાર્ષિક કર્તવ્ય અહિં પૂરા થાય છે.

☆

જીવન-કર્ત્તવ્ય

1. જિનમંદિર બંધાવવું જોઈએ.
2. ગૃહમંદિર રાખવું જોઈએ.
3. જિનબિમ્બ ભરાવવું જોઈએ.
4. પ્રતિષ્ઠા કરાવવી જોઈએ.
5. દીક્ષા અપાવવી જોઈએ.
6. પદવી અપાવવી જોઈએ.
7. આગમ લખાવવા જોઈએ.
8. પૌષધશાળા બંધાવવી જોઈએ.
9. પ્રતિમા વહન કરવી જોઈએ.

જિનમંદિર

સુખી અને શ્રીમંત શ્રાવકે જીવનમાં શું શું કરવું જોઈએ? એના કર્તવ્ય શું છે? એ આ વિભાગ બતાવે છે.

સુખી શ્રાવકે જીવનમાં ઓછામાં ઓછું એક સુંદર જિનમંદિર બંધાવવું જોઈએ.

જિનમંદિર બંધાવવું એ એક મહાન પુણ્યનું કાર્ય છે. શાસ્ત્રોમાં એનું એટલું ફળ વર્ણવ્યું છે કે જેની કલ્પના પણ ન આવે.

એક ગ્રન્થમાં ત્યાં સુધી લખ્યું છે કે—મંદિર બંધાવનાર શ્રાવક મંદિરમાં વપરાયેલ લાકડા વગેરેમાં જેટલા પરમાણું છે તેટલા લાખ વરસો સુધી સ્વર્ગનું સુખ પામે છે.

હકીકતમાં જોવા જઈએ તો પણ સમજાય એવી વાત છે કે જિનેશ્વર દેવોનો આપણી ઉપર કેટલો બધો ઉપકાર છે....? એ ઉપકારનો બદલો વાળવા ખાતર એક શું હજારો મંદિર બંધાવીએ તો પણ ઓછાં છે. પૈસા તો ફેંકી દેવા જેવી ચીજ છે. એનો સંગ્રહ કરવા કરતા એનો સદુપયોગ જ કરવો જોઈએ.

જિનમંદિર બંધાવનારે શુદ્ધ ભૂમિ પર લાકડાં, પત્થર, ઈંટ આદિ સારામાં સારી વસ્તુ લાવી, કારીગરોને ઠગ્યા વિના સંતોષ આપી, શુભ અધ્યવસાય સાથે પળાય એટલી જયણા પાળી જિનમંદિર બાંધવું જોઈએ.

યુદ્ધ કરનારાઓને અને રાજ્ય કરનારાઓને ઇતિહાસ ભૂલી જાય છે પણ અમર સ્થાપત્યો મૂકી જનારને સદાય યાદ કરે છે.

પૈસાને પાણીની જેમ રેલાવી આબુ, રાણકપુર, તારંગા, સિદ્ધગિરિજી અને બીજા અનેક સ્થળે મંદિર બાંધી જનાર સંપ્રતિ રાજા, કુમારપાળ મહારાજા, વિમલમંત્રીઅને ધન્નાશા પોરવાડ આદિને આજે પણ લોકો યાદ કરે છે એનું કારણ એમણે બંધાવેલા જિનમંદિરો છે.

— જિનમંદિરનિર્માણની મહત્તા જો સમજાઈ જાય તો આજકાલ પોતાના ગામમાં કે પોતાની સોસાયટીઓમાં નૂતન–જિનમંદિર બાંધવા દેવદ્રવ્યની રકમ લેવા ટીપ કે અરજીઓ ન કરવી પડે. દેવદ્રવ્ય મુખ્યતયા જિર્ણોદ્ધાર માટે છે. સોસાયટીમાં કે ગામમાં બે બે પાંચ પાંચ લાખના બંગલા બાંધનાર શ્રીમંતો ભગવાનના દર્શનનો લાભ પોતાને મળે એ માટે મંદિર બાંધવાનું હોય અને પોતાની શકિત હોય છતાં ય બહાર ભીખ માંગવા નીકળે તો એ પોતાની શ્રીમંતાઇ માટે એક મહાન કલંક ગણાય એ વાત ભૂલવી ન જોઈએ.

— જિનમંદિર એ તો સંસારના તાપમાં સલગતા સંસારીઓ માટે એક અનોખું શાન્તિધામ છે.

ગૃહમંદિર

આરસપાષાણનું ભવ્ય અને વિશાળ જિનમંદિર બંધાવવાની તાકાત ન ધરાવતા શ્રાવકે પણ ઘરમાં ગૃહમંદિર તો અવશ્ય રાખવું જ જોઈએ.

— જે ઘરમાં ભગવાન જેવા ભગવાનનો વાસ થાય એ ઘરમાં વસનારનાં પુણ્યનો આ વિશ્વમાં જોટો નથી.

— ઘરમન્દિર કરવાથી ઘરમાં દરેકને પૂજા આદિના સંસ્કાર પડે છે. પુણ્યશાળી એવા ચતુર્વિધ સંઘના પુણ્ય પગલાથી એ ઘર સદાય પવિત્ર બનતું હોય છે. ઘરમાં જુદા રૂમમાં એ શકય ન હોય ને જુદા સુંદર કબાટમાં પણ દિશા અને રાશિ વગેરે જોઈ શ્રાવકે અવશ્ય ધાતુની પ્રતિમા રાખવી જોઇયે. આશાતના ન થાય એની તકેદારી રાખવી જોઇયે.

આજકાલ અશાતનાના ભય નીચે નવા ગૃહમંદિરો થતા અટકી ગયા ને જુના ગૃહમંદિરો ય નીકળી જવા લાગ્યાં.

સોસાયટીઓમાં વિશાળ બંગલા બાંધીને, બંગલામાં શો રૂમ, ડ્રોઈંગ રૂમ, બાથરૂમ, આદિ અનેક રૂમો કાઢનારા શ્રાવકોએ પોતાના ઘરમાં ગૃહમંદિર ન હોય તો શરમાવું જોઇએ.

ગૃહમંદિર રાખનાર શ્રાવકે એટલું અવશ્ય ધ્યાન રાખવું કે બધી સામગ્રી પોતાના પૈસાથી જ લાવવી. એ વસ્તુ ઘરનાં ઉપયોગમાં ન લેવી. ચઢાવેલા ચોખા સોપારી વગેરે વેચવાથી જે દ્રવ્ય આવે તે બીજા જિનમંદિરમાં પોતાના નામે ન આપે પણ દેવ દ્રવ્ય છે એમ કહી આપે. નૈવેદ્ય ફળ વગેરે ઘરના નોકરને કે પૂજારીને પગાર રૂપે કે ભેટ રૂપે પણ ન આપે. પરંતુ મુખ્ય જિનાલયમાં આપી દે.

卐

જિનબિમ્બ

શ્રાવકે પોતાના જીવનમાં એક જિનબિમ્બ તો અવશ્ય ભરાવવું જ જોઈયે.

જિનબિમ્બ ભરાવનાર શ્રાવક પોતે ભરાવેલ જિનબિમ્બ દ્વારા હજારો વર્ષો સુધી કેટલાંયે ભાવિકોના સમ્યક્ત્વને નિર્મલ કરવાનું પુણ્ય ઉપાર્જન કરે છે.

— જિનબિમ્બ ભરાવનારને દરિદ્રતા–દૌર્ભાગ્ય–અપમાન–રોગ–શોક આદિ આવતા નથી, આવ્યા હોય તો દૂર જતા રહે છે.

— જિનબિમ્બ વિધિપૂર્વક, કારીગરોની મનની પ્રસન્નતા જાળવીને, ધૂપ – દીપ આદિ પ્રગટાવીને ન્યાયોપાર્જિત ધનથી ભરાવવું જોઇએ. અને પ્રમાણ આદિ લક્ષણોથી યુકત હોવું જોઇએ.

— પાષાણનું જિનબિમ્બ ભરાવવા અશક્ત શ્રાવકે પંચ ધાતુનું પણ નાનું બિમ્બ ભરાવી પોતાનું જીવન કર્ત્તવ્ય પૂર્ણ કર્યાનો સંતોષ માનવો જોઈએ.

— ભરાવેલ જિનબિમ્બ કે બંધાવેલ જિનમંદિર પૂર્ણ થતાં ગુરૂ અને સંઘ સમક્ષ આવી જાહેર કરવું જોઈએ કે 'આ જિનમંદિર કે જિનબિમ્બ ભરાવવામાં થોડું પણ ધન અન્યાયથી બીજાનું વપરાયું હોય તો તેનું ફળ તેને પ્રાપ્ત થાવ.'

— જિનબિમ્બ અને જિનાગમ એ તો સંસારની પેલે પાર સિદ્ધશિલામાં લઈ જનાર પુલ છે. એથી જ તો શ્રી વીરવિજયજી મહારાજે પૂજામાં પણ લખ્યું કે.

'દૂષમકાળ જિનબિમ્બ જિનાગમ' ભવિયણકું અધારા'

☆

પ્રભુ પ્રતિષ્ઠા

જિનમંદિર–જિનબિમ્બ ભરાવ્યા બાદ શ્રાવકે જિનબિમ્બની તરત જ પ્રતિષ્ઠા કરાવવી જોઈએ.

જિનમંદિર તૈયાર થયા બાદ પ્રતિષ્ઠા લંબાવવી ન જોઇયે.

શ્રાવક જિનમંદિરની પ્રતિષ્ઠા વખતે આમંત્રણ પત્રિકા દ્વારા ગામોગામના સંઘને આમંત્રણ મોકલે, અષ્ટાહ્નિકા મહોત્સવ રાખે, ગુરૂ મહારાજનો ભવ્ય નગર પ્રવેશ કરાવે. બહાર ગામથી જે આવે તેનું સ્વાગત–સન્માન અને ભકિત કરે. ગરીબોને દાન આપે, લોકોને ખૂબ ખૂશ કરે, ગીત સંગીત અને નૃત્યોના ઠાઠમાઠ સાથે આઠે દિવસ પૂજા ભણાવે. પ્રભાવના તથા સુંદર અંગરચના કરે. સવાર બપોર–સાંજ ચોઘડીયા વગડાવે. અઢાર અભિષેક તથા શાન્તિસ્નાત્ર આદિ મહાપૂજા પૂર્વક પ્રતિષ્ઠા કરાવે ને પોતાના જીવનને ધન્ય બનાવે.

— બને ત્યાં સુધી આઠ દિવસનો મહોત્સવ કરવો જેનાથી એ પ્રતિમા લાંબાકાળ સુધી પૂજાય અને શાસનની ઉન્નતિ વધે. એ ન બને તો પાંચ દિવસનો અને એ ન બને તો ત્રણ દિવસનો મહોત્સવ તો અવશ્ય કરવો જ જોઈએ.

દરેક શ્રાવકે જીવનમાં એકાદ પ્રતિષ્ઠા કરાવવાનો અવશ્ય લાભ લેવો જોઈએ.

મંદિરમાં ભગવાનની પ્રતિષ્ઠા એ માટે કરવાની છે કે હૃદય મંદિરમાં ભગવાનની અને ભગવાનના શાસનની પ્રતિષ્ઠા થાય.

☆

દીક્ષા-મહોત્સવ

શ્રાવકે જીવનમાં પોતે કદાચ દીક્ષા ન લઈ શકે તો પણ ધામધૂમ સાથે મહોત્સવ આમંત્રણ-પત્રિકા આદિ કાઢી ગુરૂમહારાજને આમંત્રણ આપી, હજારો લોકોની વચ્ચે પોતાના પુત્ર-પુત્રી, ભાઈ-ભત્રીજા આદિ સ્વજનને કે મિત્ર આદિના પરિવારને દીક્ષા અપાવવી જોઈએ.

— દીક્ષાનો મહોત્સવ એવી ઉદારતાથી ઉજવે કે એ મહોત્સવ જોવા આવેલાને ય હૈયામાં દીક્ષા લેવાના ભાવ જાગી જાય.

— ત્રણ ખંડના માલિક કૃષ્ણમહારાજાએ પોતાની પુત્રીઓને સંસ્કાર નાંખીને પ્રેરણા કરીને દીક્ષા અપાવી હતી. એ માટે કડક પ્રયત્નો પણ કર્યાં હતાં.

— શ્રાવક પણ નાનપણથી જ ઘરમાં એવા સંસ્કાર નાંખે કે એ ઘરમાં જન્મ લેનારને દીક્ષાના ભાવ જાગી જ જાય. પોતાને ત્યાંથી કોઈ દીક્ષા ન લે તો બીજાને પણ પોતાના ઘરેથી વરઘોડો ચઢાવી દીક્ષા અપાવે.

— શ્રાવક પોતાના ઘરમાં શો કેસમાં સાધુના ઉપકરણો પાત્રા તરપણી કપડા રજોહરણ વગેરે દેખાય એ રીતે રાખે ને સવારના પહોરમાં પુત્ર-પુત્રીને સાથે લઈ ત્યાં જઈ ઉપકરણોને હાથ જોડી પગે લાગી પોતે પણ પ્રાર્થના કરે અને પુત્ર-પુત્રી પાસે પણ કરાવે કે-'હે ભગવાન! તારા શાસનનું સાધુપણું અમને કયારે મળશે....?

'શો કેસ'ના એ કબાટ પર સારા અક્ષરે લખાવવું જોઈએ.

'સંયમ કબહી મિલે સસનેહી.'

☆

પદવી – દાન

શ્રાવક પોતાના જીવનમાં પોતાના ઉપકારી ગુરૂ ભગવંતને અથવા બીજા સુયોગ્ય ગુરૂને ગણિ પદવી, પંન્યાસ પદવી કે આચાર્ય પદવી ધામધૂમ પૂર્વક આપવાનું શાસન પ્રભાવનાનું કામ કરે.

યોગ્ય ગુરૂને યોગ્ય પદે સ્થાપવા એ પણ શ્રાવકનું એક કર્તવ્ય છે.

પદ પ્રદાનનો પ્રસંગ પણ શ્રાવક એવો ભવ્ય ઉજવે કે મહોત્સવમાં આવનારા પદની મહત્તા સમજીને જાય, પદનું ગૌરવ વધે, સાથે સાથે પોતાના ગુરૂ મહારાજનું પણ ગૌરવ વધે.

પદ પ્રદાન વખતે ગુરૂ મહારાજને તથા અન્ય સાધુ–સાધ્વીઓને પણ શકિત અને ભાવના પ્રમાણે ગુરૂપૂજન આદિ કરી કામળી કપડા પાત્રા આદિ ઉપકરણ વહોરાવે.

— મહામંત્રી વસ્તુપાળે પોતાના જીવનમાં એકવીસ ગુરૂ ભગવંતને ધામધૂમ સાથે આચાર્ય પદવી અપાવી હતી. અને શાસનની મહા પ્રભાવના કરી હતી.

પ્રત્યેક શ્રાવક પણ પોતાના જીવનમાં આવી કોઈ તક મળે ત્યારે ઝડપી લે અને જીવનનું એક કર્તવ્ય અધુરૂં ન રહી જાય એ માટે પ્રયત્નશીલ રહે.

☆

આગમ-લેખન

શ્રાવકે પોતાના જીવનમાં ઓછામાં ઓછું એક આગમ-શાસ્ત્ર તો અવશ્ય લખાવવું જોઈએ.

પોતાની શક્તિ હોય તો સુવર્ણના અક્ષરે, એ ન બને તો ચાંદીના અક્ષરે, એ ન બને તો સુંદર શાહીથી તાડપત્રી અથવા સારામાં સારા કાગળ પર શુદ્ધ અક્ષરોથી, અશુદ્ધિ વગેરે દોષો ન રહે તેની કાળજીપૂર્વક કલ્પસૂત્ર આદિ આગમો અથવા નવસ્મરણ આદિ સ્તોત્રો કે જિનેશ્વર ભગવાનનાં ચરિત્રો વગેરે લખાવવાં જોઈએ.

— આ રીતે આગમ વગેરે સંપૂર્ણ લખાયા બાદ શ્રાવક બેન્ડવાજા સાથે ચતુર્વિધ સંઘને સાથે લઈ ધામધૂમથી ગુરૂ-મહારાજની પાસે જઈ ગીતાર્થ એવા ગુરૂભગવંતનું પૂજન, બહુમાન વગેરે કરી એ આગમ વહોરાવી વ્યાખ્યાનમાં વાંચવા વિનંતી કરે અને વંચાય ત્યારે પોતે પ્રેમપૂર્વક સાંભળે, સાંભળનારનું બહુમાન આદિ કરે.

શાસ્ત્ર પણ આ વાતની સાખ પૂરતાં કહે છે કે,

'જેઓ જૈનશાસનના આગમગ્રન્થો પુસ્તકો લખાવે છે, લખાવીને ગુરૂ પાસે વંચાવે છે. તેનું રક્ષણ કરવામાં ખૂબ રસ ધરાવે છે તેઓ મનુષ્યભવ અને દેવભવના સુખ ભોગવી મોક્ષનાં અનંત સુખ પ્રાપ્ત કરે છે.'

☆

૮

પૌષધશાળા

જીવનમાં શ્રીમંત શ્રાવકે એક પૌષધશાળા-ઉપાશ્રય પણ બંધાવવો જોઈએ.

—શ્રાવક પોતાની ધર્મ આરાધના અને સાધર્મિકોની ધર્મઆરાધના માટે જ ઉપાશ્રય બંધાવે, ઉપાશ્રય બંધાવનાર શ્રાવકને એ ઉપાશ્રયમાં જ્ઞાન-દર્શન-ચારિત્રની થતી તમામ આરાધનાઓનો અપૂર્વ લાભ મળે છે.

પોતાના માટે બંધાવેલ ઉપાશ્રયમાં શ્રાવક સાધુ-સાધ્વીને વિનંતી કરી ચાતુર્માસ કરાવી અથવા શેષ કાલમાં વિનંતી કરીને વસતિદાનનું મહાન પુણ્ય પણ પણ પ્રાપ્ત કરી શકે છે.

—સાધુ પણ શ્રાવકે પોતે પોતાને માટે બંધાવેલ ઉપાશ્રયમાં રહી શકે છે ને જ્ઞાન-દર્શન ચારિત્રની સુંદર આરાધના કરી શકે છે.

—શ્રાવક પોતે જે ગામમાં રહેતો હોય ત્યાં પૌષધશાળા હોય અને જરૂર ન હોય તો જે સ્થલે પૌષધશાળા ન હોય ત્યાં બંધાવી આપી પણ પોતાનું કર્તવ્ય અદા કરી શકે છે.

નોટ : જિનમંદિર જિનબિમ્બ. પૌષધશાળા આદિ બંધાવનાર શ્રાવકે એટલું લક્ષ્ય રાખવું કે એ કાર્ય આત્માને આંખ સામે રાખી કરવું પોતાની નામના માટે ન કરવું. લાખના ઉપાશ્રયમાં ૨૫ કે ૫૦ હજાર આપી પોતાની તકતી લગાવવી એ બધું અયોગ્ય છે.

☆

પ્રતિમાવહન

શ્રાવકે પોતાના જીવનમાં શ્રાવકની અગ્યાર પ્રતિમાનું પણ વહન કરવું જોઈએ....અહિં માત્ર પ્રતિમાના નામ જ આપ્યા છે. પ્રતિમાની સમજ ગુરૂ પાસે મેળવીને પ્રતિમા વહન કરવી.

1. **દર્શન પ્રતિમા**
2. **વ્રત પ્રતિમા**
3. **સામાયિક પ્રતિમા**
4. **પૌષધ પ્રતિમા**
5. **કાયોત્સર્ગ પ્રતિમા**
6. **બ્રહ્મચર્ય પ્રતિમા**
7. **સચિત્ત પરિહાર પ્રતિમા**
8. **આરંભ પરિહાર પ્રતિમા**
9. **પ્રેષણ ત્યાગ પ્રતિમા**
10. **ઉદ્દિષ્ટ પરિહાર પ્રતિમા**
11. **શ્રમણભૂત પ્રતિમા**

આ રીતે શ્રાવક પોતાના જીવનકર્તવ્યોને પૂર્ણ કરવા પોતાનાથી બને તેટલા વધુને વધુ પ્રયત્ન કરે ને શ્રાવક-જીવનના આદર્શભૂત સંયમ જીવનને પ્રાપ્ત કરીને જ સંતોષ માને.

☆

અંતિમ આરાધના

આ રીતે દિનકૃત્ય આદિ છએ કૃત્યોની આચારણાપૂર્વક શ્રાદ્ધધર્મને દીપાવતો શ્રાવક તક મળે તો સાધુ બન્યા વિના રહે જ નહિ.

આમ છતાં જીવનભર કર્મના યોગે સાધુપણું ન જ લઈ શકે તો....

મરણકાળ જ્યારે નજીક આવે ત્યારે છેવટે સંલેખના કરી, ચારિત્રનો સ્વીકાર કરી, ચારે આહારનો ત્યાગ કરવા સાથે સંપૂર્ણ સંસારનો ત્યાગ કરે.

એક દિવસ શું એક અંતર્મુહૂર્ત પણ ભાવથી ચારિત્ર પ્રાપ્ત કરનાર આત્મા જો તે ભવમાં મોક્ષ સુખ પ્રાપ્ત ન કરે તોય વૈમાનિક દેવ તો જરૂર થાય છે.

અંતિમ અવસરે પણ ચારિત્ર ન લઈ શકાય તો મનને શત્રુંજય આદિ તીર્થોનાં ધ્યાનમાં એકાગ્ર કરી, ચારે આહારનો ત્યાગ કરી, ગુરૂમહારાજ હોય તો એમને બોલાવી એમની સમક્ષ અતિચારોની આલોચના કરી, બધું વોસિરાવી, વ્રત ઉચ્ચારી, દુષ્કૃત નિંદા કરી, સુકૃત અનુમોદના કરે, અરિહંતાદિ ચારના શરણ સ્વીકારી નમસ્કાર મહામંત્રમાં ચિત્ત પરોવી નમસ્કાર ધ્યાનમાં જ દેહ છોડે.

આવો આરાધક આત્મા સાતથી આઠ ભવમાં દેવ અને મનુષ્યપણાના સુખો પામી મોક્ષની મંઝિલ સર કરે છે. શ્રાવકનાં જીવન કર્તવ્ય અહિં પૂર્ણ થાય છે.

卐

સમ્યક્‌ત્વમૂલ બાર વ્રત

સંસાર સાગરમાં ડુબતા જીવોને ઉગારી લેવા ભગવાને ધર્મતીર્થની સ્થાપના કરી.

ધર્મતીર્થની સ્થાપના કરતાં સંસારથી અને સર્વકર્મોથી મુક્ત થવા સર્વપ્રથમ સર્વવિરતિધર્મ-સાધુધર્મ બતાવ્યો........જેમાં પાંચમહાવ્રતોનું પાલન કરવાનું હોય છે. અને જે અતિદુષ્કર છે.

એ સાધુધર્મ ગમતો હોવા છતાં, લેવાની ઈચ્છા હોવા છતાં એ લેવા માટે અસમર્થ આત્માઓ માટે ભગવાને દેશવિરતિધર્મ-અર્થાત્‌ શ્રાવકધર્મ બતાવ્યો. જેમાં પાંચ અણુ વ્રતો ત્રણ ગુણવ્રતો-અને ચાર શિક્ષાવ્રતો=કુલ બાર વ્રતોનું પાલન કરવાનું હોય છે. એથી સર્વવિરતિની અભિલાષાવાળા શ્રાવકે બારવ્રત સમજીને અવશ્ય ગ્રહણ કરવા જ જોઈએ.

બાર વ્રતો

– પાંચ અણુવ્રત

1. સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ વ્રત
2. સ્થૂલ મૃષાવાદ વિરમણ વ્રત
3. સ્થૂલ અદત્તાદાન વિરમણ વ્રત
4. સ્થૂલ મૈથુન વિરમણ વ્રત
5. સ્થૂલ પરિગ્રહ પરિમાણ વ્રત

– ત્રણ ગુણવ્રત

6. દિશા પરિમાણ વ્રત
7. ભોગોપભોગ પરિમાણ વ્રત
8. અનર્થદંડ વિરમણ વ્રત

– ચાર શિક્ષાવ્રત

9. સામાયિક વ્રત
10. પૌષધ વ્રત
11. દેશાવગાસિક વ્રત
12. અતિથિ સંવિભાગ વ્રત

સમ્યક્ત્વ

કોઇ પણ ધર્મક્રિયાની વાસ્તવિક સફલતાનો આધાર સમ્યક્ત્વ–સમ્યગ્દર્શન છે. સમ્યક્ત્વ એ ધર્મક્રિયાનો પ્રાણ છે.

સમ્યક્ત્વ વિનાનું —જ્ઞાન સાચું જ્ઞાન નથી બનતુ.
દર્શન સાચું દર્શન નથી બનતું
ચારિત્ર સાચું ચારિત્ર નથી બનતું.

સમ્યક્ત્વ વિનાની ધર્મક્રિયાથી વાસ્તવિક કાંઈ જ લાભ પ્રાપ્ત થતો નથી. ધર્મક્રિયાનો સાચો લાભ તો જ પ્રાપ્ત થાય જો આપણે સમજીને સમ્યક્ત્વવ્રત ઉચ્ચરીયે અને સમ્યગ્દર્શન પામીએ.

સમ્યક્ત્વ એટલે સાચી શ્રદ્ધા–સુદેવ સુગુરૂ ને સુધર્મ પર અડગશ્રદ્ધા–અડગવિશ્વાસ એનું નામ સમ્યક્ત્વ કે સમ્યગ્દર્શન છે.

સમ્યગ્દર્શનવાળો શ્રાવક કદિ કોઈની પણ શેહ કે શરમમાં તણાયા વિના જગતના ચોગાન વચ્ચે ઊભો રહીને કહી શકે કે.

1. જિનેશ્વરદેવ સિવાય બીજા કોઇને દેવ હું માનતો નથી.
2. જિનેશ્વરદેવના સુસાધુ સિવાય બીજા કોઈ સાધુને હું નમતો નથી.
3. જિનેશ્વર દેવના ધર્મ સિવાય બીજા કોઈ ધર્મ પર મને શ્રદ્ધા નથી.

☆

સમ્યક્ત્વના ત્રણ નિયમો

1. વીતરાગ (રાગાદિ સર્વ દોષથી રહિત) શ્રી અરિહંત ભગવાન જ સુદેવ છે. તે સિવાય અન્ય કોઈ દેવ-દેવીઓને સુદેવ તરીકે હું માનીશ નહિ, પૂજીશ નહિ, વન્દન-નમસ્કાર પણ કરીશ નહિ.

2. સ્ત્રી અને સંપત્તિનો સ્પર્શ પણ નહિ કરનારા, ભૌતિક ઇચ્છાઓથી રહિત અને પાંચ મહાવ્રતોનું પાલન કરનાર, એક માત્ર મોક્ષમાર્ગનો જ શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે ઉપદેશ આપનાર, 'જ્યોતિષ કે યંત્ર-મંત્ર-તંત્રના ઉન્માર્ગને ન સેવનાર અને ન ઉપદેશનાર એવા સુસાધુ જ સુગુરૂ છે. તે સિવાય અન્ય કોઈને સુગુરૂ તરીકે હું માનીશ નહિ, પૂજીશ નહિ, વન્દન-નમસ્કાર કરીશ નહિ.

3. વીતરાગ-સર્વજ્ઞ પરમાત્માએ કહેલો ધર્મ જ સુધર્મ છે. તે સિવાય અન્ય કોઈ પણ ધર્મને ધર્મ તરીકે હું સ્વીકારીશ નહિ, તેના પર્વ ઉજવીશ નહિ, તેની કોઈ પણ ધર્મક્રિયા કરીશ નહિ.

● આ ત્રણ તત્ત્વો પર અતૂટ શ્રદ્ધા-વિશ્વાસ રાખવો. તેનું જ નામ સમ્યક્ત્વ કે સમ્યગ્દર્શન છે. સમ્યક્ત્વ ગુણ પ્રગટાવવા કે પ્રગટેલ સમ્યક્ત્વગુણને સ્થિર રાખવા નીચેના નિયમોનું ચુસ્તપણે પાલન કરવું જોઇએ.

卐

સમ્યક્ત્વના પાંચ નિયમો

1. શ્રી અરિહંત ભગવાનના વચનમાં કદી શંકા કરવી નહિ.

2. શ્રી અરિહંત ભગવાને કહેલા ધર્મ સિવાય બીજા કોઈ પણ ધર્મની ઈચ્છા પણ ન કરવી.

3. ધર્મના ફળમાં જરા પણ શંકા ન રાખવી. અર્થાત્ હું જે ધર્મક્રિયા કરું છું તેનું ફળ મને મળશે કે કેમ ? એવી શંકા ન રાખવી. કર્મનિર્જરા રૂપ ધર્મક્રિયાનું ફળ મને અવશ્ય મળશે એવી દૃઢ શ્રદ્ધા રાખવી.

4. અરિહંત ભગવાને કહેલા ધર્મ સિવાય અન્ય કોઈપણ ધર્મ માનનારની – કરનારની પ્રશંસા નહિ કરવી.

5. અરિહંત ભગવાને કહેલા ધર્મ સિવાય અન્ય ધર્મ માનનાર–કરનાર ગૃહસ્થ કે સંન્યાસી વિગેરેનો પરિચય–સંગ કરવો નહિ. સાંસારિક વ્યવહારના કારણે તેવા ગૃહસ્થોનો પરિચય સંગ કરવો પડે તો પણ તેવા સંન્યાસી વગેરેનો પરિચય–સંગ તો ન જ કરવો જોઈએ.

☆

મિથ્યાત્વના છ પ્રકાર

સમ્યક્ત્વથી વિપરીત મિથ્યાત્વ કહેવાય છે. મિથ્યાત્વના પ્રકારો જાણીને તેનો ત્યાગ કરવો જોઈએ. જુદી જુદી એપેક્ષાએ મિથ્યાત્વના જુદા જુદા અનેક ભેદો છે. તેમાં પ્રસિદ્ધ છ પ્રકાર છે.

1. **લૌકિક દેવગત :**–અજ્ઞાન લોકોએ માનેલા વિષ્ણુ, મહાદેવ, શિવ, આદિ દેવોને પૂજવા, પ્રણામ કરવા વગેરે.
2. **લૌકિક ગુરૂગત :**–અજ્ઞાન લોકોમાં મનાતા તાપસ, સંન્યાસી, આદિને નમસ્કાર કરવા વગેરે.
3. **લૌકિક ધર્મગત :**–હોળી, બળેવ, વગેરે લૌકિક પર્વોને ધર્મની બુદ્ધિએ માનવા.
4. **લોકોત્તર દેવગત :**–અરિહંત ભગવાનની આ લોક કે પર લોકના સાંસારિક સુખ માટે પૂજા–ભક્તિ કરવી વગેરે.
5. **લોકોત્તર ગુરૂગત :**–સ્ત્રી અને સંપત્તિના સ્પર્શથી પણ રહિત ત્યાગી ગુરૂઓની આ લોકના કે પરલોકના સાંસારિક સુખ માટે પૂજા–ભક્તિ કરવી.
6. **લોકોત્તર ધર્મગત :**–અરિહંત ભગવાને કહેલો ધર્મ આ લોકનાં કે પરલોકના સાંસારિક સુખ માટે કરવો. દરેક જૈને આ છ પ્રકારના મિથ્યાત્વનો ત્યાગ કરવો જોઈએ.

☆

સમ્યક્ત્વના છ આગારો (છૂટ)

કોઈ કટોકટીના પ્રસંગે કે કોઈ તેવા વિશેષ સંયોગો ઉપસ્થિત થતાં કુદેવ, કુગુરૂ કે કુધર્મને નમસ્કાર આદિ કરવા પડે તો સમ્યક્ત્વનો ભંગ ન થાય એ માટે નીચે પ્રમાણે છ આગારો = છૂટ રાખવામાં આવે છે. —જેથી સમ્યક્ત્વની શુદ્ધિ બની રહે.

1. **રાજાભિયોગ :** રાજા કે નગરના માલિકની આજ્ઞાથી કરવું પડે.
2. **ગણાભિયોગ :** લોક સમુદાયના બળાત્કારથી કરવું પડે.
3. **બળાભિયોગ :** ચોર આદિના બળાત્કારથી કરવું પડે.
4. **દેવાભિયોગ :** કુલદેવતા આદિના બળાત્કારથી કરવું પડે.
5. **ગુરુનિગ્રહ :** માતા - પિતા આદિ ગુરુ = વડીલના બળાત્કારથી કરવું પડે.
6. **વૃત્તિકાંતાર :** આજીવિકાના કારણસર કરવું પડે.

આ છ કારણોથી કુદેવાદિને કાયાથી નમસ્કાર વગેરે કરવાની ફરજ પડે તો પણ હૃદયમાં તો સુદેવાદિ પ્રત્યે જ બહુમાન - ભક્તિભાવ રાખવો જેથી સમ્યક્ત્વની શુદ્ધિ બની રહે.

☆

બાર વ્રતોનું સ્વરૂપ

1. સ્થૂલ હિંસાનો ત્યાગ :–આ વ્રતમાં નિષ્કારણ, નિરપરાધીત્રસ, (હાલતા ચાલતા) જીવોની **સંકલ્પપૂર્વકની** મારી નાંખવાની બુદ્ધિ પૂર્વકની હિંસાનો ત્યાગ કરવામાં આવે છે.

1. આ વ્રતમાં ત્રસ અને સ્થાવર એ બે પ્રકારના જીવોમાં ત્રસ જીવોની જ હિંસાનો ત્યાગ કરવામાં આવે છે. ગૃહસ્થ-પણામાં સ્થાવર (કાચું પાણી, લીલી વનસ્પતિ વિગેરે) જીવોની હિંસાનો ત્યાગ અશક્ય છે.

2. તેમાં પણ સંકલ્પથી એટલે કે મારવાની બુદ્ધિથી હિંસાનો ત્યાગ કરવામાં આવે છે. મારવાની બુદ્ધિ ન હોવા છતાં ખેતી, રસોઈ, કારખાના આદિ પ્રવૃત્તિમાં અજાણતાં કે સહસા વિગેરે કારણોથી ત્રસ જીવો મરી જાય તો તે આરંભ–જન્ય હિંસાનો ત્યાગ થતો નથી.

3. તેમાં પણ નિરપરાધી જીવોની જ હિંસાનો ત્યાગ કરવામાં આવે છે. કોઈ બદમાસ માણસ સ્ત્રીની લાજ લેતો હોય, ઘરમાં ચોર પેઠો હોય, હિંસક પ્રાણી હુમલો કરે, કુતરું કરડવા આવે, રાજા હોય તો શત્રુની સામે લડવું પડે, સૈનિક હોય તો રાજા–આદિની આજ્ઞાથી લડવું પડે, આવા પ્રસંગોમાં ગૃહસ્થથી અપરાધીને યથાયોગ્ય શિક્ષા આદિ કરતાં સ્થુલહિંસા થઈ જાય તો તેમાં થતી હિંસાનો ત્યાગ થતો નથી.

4. તેમાં પણ નિષ્કારણ હિંસાનો ત્યાગ છે. અર્થાત્ નિરપરાધી હોવા છતાં કારણસર પ્રમાદી પુત્ર આદિને, યોગ્ય કામ ન કરનાર નોકર આદિને કે અપલક્ષણા બળદ આદિને લાકડી આદિ મારવાનો પ્રસંગ આવે તો તેનો નિયમ નથી.

ગૃહસ્થની દયા એક આના (સવાછ નયા પૈસા) જેટલી

સાધુની દયાને રૂપિયા જેટલી કહીએ તો ગૃહસ્થની દયા એક આના જેટલી છે. (1) સાધુઓને ત્રસ અને સ્થાવર એ બંને પ્રકારના જીવોની હિંસાનો ત્યાગ હોય છે; જ્યારે ગૃહસ્થને ત્રસ જીવોની હિંસાનો ત્યાગ હોય છે આથી સાધુ કરતાં ગૃહસ્થની દયા અડધી–આઠ આના જેટલી રહે છે. (2) ત્રસ જીવોની હિંસા બે રીતે થાય છે. (૧) સંકલ્પપૂર્વ-મારવાની બુદ્ધિથી હિંસા કરવી. (૨) આરંભજન્ય ખેતી–રસોઈ, કારખાન વિગેરેમાં હિંસા થઈ જાય. આમાં ગૃહસ્થ સંકલ્પપૂર્વકની જ હિંસાનો ત્યાગ કરી શકે છે, આરંભજન્ય હિંસાનો ત્યાગ કરી શકતો નથી. આથી આઠ આનામાંથી પણ અડધી–ચાર આના જેટલી દયા રહે છે. (૩) સંકલ્પપૂર્વકની હિંસા, અપરાધીની અને નિરપરાધીની એમ બે પ્રકારની છે. તેમાં ગૃહસ્થને નિરપરાધીની હિંસાનો ત્યાગ થાય છે; અપરાધીની હિંસાની છૂટ રહે છે. એટલે કે અપરાધીને સંકલ્પપૂર્વક શિક્ષા કરવાની છૂટ રહેતી હોવાથી ચાર આનામાંથી પણ અડધી બે આના જેટલી દયા રહે છે. નિરપરાધી જીવોની હિંસા પણ સકારણ અને નિષ્કારણ એમ બે રીતે થાય તેમાં ગૃહસ્થને નિષ્કારણ હિંસાનો ત્યાગ થાય છે, સકારણ હિંસાની છૂટ હોય છે. આમ બે આનામાંથી પણ અડધી એટલે એક

આના જેટલી દયા રહે છે એથીસ્તો **ગૃહસ્થને નિષ્કારણ નિરપરાધી ત્રસ જીવોને સંકલ્પપૂર્વક મારવાની બુદ્ધિથી મારવા નહિ એવી પ્રતિજ્ઞા હોય છે.**

ફળ : આ વ્રતના પાલનથી જીવદયાનું વિશેષ પાલન થાય છે. હિંસા સંબંધી ક્રુર પરિણામના પાપથી બચી જવાય છે. દરેક પ્રવૃત્તિમાં જીવદયાનું લક્ષ્ય રહે છે. અને ઉપયોગ પ્રધાન જીવન બને છે.

2. સ્થૂલ અસત્યત્યાગ

આ વ્રતમાં કન્યા સંબંધી; ગાય સંબંધી, ભૂમિ સંબંધી; ન્યાસ–થાપણ વિષયક અને ખોટી સાક્ષી; એ પાંચ અસત્યોનો ત્યાગ કરવામાં આવે છે.

1. **કન્યા અસત્ય** :–સગપણ વિગેરે પ્રસંગે કન્યા સંબંધી ખોટું બોલવું, દા. ત. કન્યાના અમુક અંગમાં ખોડ–ખાપણ કે ડાગ હોવા છતાં કન્યાનું શરીર સારું છે. એમ કહેવું, કન્યા ભોઠ હોવા છતાં શાણી છે એમ કહેવું અથવા શાણી હોય તો ભોઠ કહેવી ઈત્યાદિ અહીં કન્યા શબ્દથી માત્ર કન્યા અસત્યનો જ નહિ, પણ દ્વિપદ (બે પગવાળા) સર્વ સ્ત્રી–પુરૂષો સંબંધી સર્વ પ્રકારના અસત્યનો ત્યાગ થાય છે. આથી કન્યા અસત્યમાં પુત્ર નોકર વિગેરે સંબંધી અસત્યનો પણ સમાવેશ થઈ જાય છે.

2. **ગાય વિષયક અસત્ય** : ગાય સંબંધી અસત્ય બોલવું. દા. ત. ગાયના અંગમાં અમુક પ્રકારનો રોગ હોવા છતાં તેને રોગ રહિત કહીને અન્યને ઠગવાનો પ્રયત્ન કરવો

વિગેરે. અહીં ગાય શબ્દથી ચતુષ્પદ (ચાર પગવાળા) ભેંસ, બળદ વિગેરે સઘળા પશુઓ સંબંધી અસત્યનો સમાવેશ થઈ જાય છે. ઉપલક્ષણથી પક્ષીઓ અને જલચર એવા કાચબા વિગેરે સંબંધી પણ અસત્યનો ત્યાગ સમજી લેવો.

3. **ભૂમિ અસત્ય :** જમીન સંબંધી અસત્ય બોલવું. દા. ત. જમીન ફળદ્રુપ ન હોવા છતાં ફળદ્રુપ છે એમ કહીને અન્યને ઠગવાનો પ્રયત્ન કરવો. ઘર વગેરે પારકાના હોવા છતાં પોતાના છે એમ કહેવું વગેરે.

અહીં ભૂમિ શબ્દથી અપદ એટલે કે ધન, રાચરચીલું, વસ્ત્ર આદિ સર્વ સંપત્તિ સંબંધી અસત્યના ત્યાગનો સમાવેશ થઈ જાય છે.

4. **ન્યાસ અપહાર :** ન્યાસ એટલે મૂકવું. અપહાર એટલે લઈ લેવું. કોઈએ રક્ષણ માટે ધન કે બીજી કોઈ વસ્તુ સોંપી હોય પછી તે લેવા આવે ત્યારે તેં મને આપી જ નથી. અથવા વધારે મૂકી હોવા છતાં આટલી જ મૂકી છે. એમ કહેવું અથવા મૂકેલી વસ્તુને બદલી નાખીને તું આ વસ્તુ મને આપી ગયો હતો વિગેરે રીતિએ મૂકેલી વસ્તુ માટે અસત્ય બોલવું. જો કે આ ચોરીનો જ એક પ્રકાર છે. છતાં એ ચોરી અસત્ય બોલીને કરાતી હોવાથી એમાં અસત્ય વચનની મુખ્યતા હોઈને એનો અસત્યમાં સમાવેશ કર્યો છે.

5. **કૂટ સાક્ષી :** કૂટ એટલે ખોટી લેવડ દેવડ વગેરેમાં ખોટી સાક્ષી પૂરવી – ખોટી સાક્ષીથી સામાને પાપ વિષયક

પ્રેરણા મળતી હોવાથી કૂટ **સાક્ષી અસત્યને** ઉપરના ચાર અસત્યોથી જુદું ગણાવ્યું છે.

અસત્યના અનેક પ્રકાર છે. પણ આ પાંચ પ્રકારના અસત્યથી આધ્યાત્મિક અને વ્યાવહારિક એ બંને દૃષ્ટિએ ઘણું જ નુકશાન થાય છે. આથી ગૃહસ્થે આ સ્થૂલ પાંચ અસત્યોનો અવશ્ય ત્યાગ કરવો જોઈએ. આ અસત્યોથી કેટલીકવાર પોતાના કે પરના પ્રાણ જવાનો પણ પ્રસંગ ઉપસ્થિત થાય, પરસ્પર વૈમનસ્ય ઉભું થાય એથી ભવોભવ વેરની પરંપરા શરૂ થાય છે, તેમ જ લોકમાં પોતાના પ્રત્યે અવિશ્વાસ પેદા થાય વિગેરે અનેક રીતે નુકશાન થાય છે. પરિણામે વ્યવહાર ધર્મ પણ બગડે છે. અને એને લઈને માતા–પિતા–કુળ તેમ જ ધર્મને પણ કલંક લાગે છે.

સૂચના :– કોઈનો જીવ બચાવવા અસત્ય બોલવું પડે તો તેનો આમાં સમાવેશ થતો નથી કારણ કે તે વસ્તુતઃ અસત્ય નથી. અસત્યનો ત્યાગ પણ અહિંસાના પાલન માટે જ છે. એટલે જો અસત્યથી પણ કોઈ જીવ બચતો હોય તો તે પરમાર્થથી સત્ય જ કહેવાય છે.

ફળ :– અસત્યના ત્યાગથી આપણા પ્રત્યે સૌને વિશ્વાસ જાગે છે. અસત્યના યોગે થતા કલેશ, કંકાસ, મારામારી, દુશ્મનાવટ આદિ અનેક અનર્થોથી બચી જવાય છે. તેમજ સત્યના પ્રતાપે જનમાન્ય બની લોકપ્રિય બનાય છે—

3. સ્થૂલ અદત્તાદાન વિરમણ વ્રત

આ વ્રતમાં જેને વ્યવહારમાં ચોરી કહેવામાં આવે છે. જેમકે ખીસું કાપવું, કોઈના ઘરના તાળા તોડીને તેની

માલિકીની વસ્તુ પૂછ્યા વિના ઉપાડી લેવી, દાણચોરી કરવી, ઇન્કમટેક્સ બચાવવો વિગેરે મોટી ચોરીનો ત્યાગ થાય છે. (રસ્તામાંથી પથ્થર, ઘાસ, આદિ લેવું વગેરે સૂક્ષ્મ ચોરીનો ત્યાગ થતો નથી.)

ફળો :–ચોરી કરનાર બહારથી ગમે તેમ વર્તતો હોવા છતાં અંદરથી ફફડતો હોય છે. પકડાઈ જવાના ભયથી, મારું ચોરીનું પાપ કોઈ જાણી જશે એવા કારણે તેના હૃદયમાં ફફડાટ હોય છે. આથી આ વ્રત લેનાર સદાય નિર્ભય રહે છે. તથા લોકાપવાદ. અપકીર્તિ, રાજદંડ આદિ, અનેક અનર્થોથી બચી જાય છે. અને લોકમાન્ય બને છે.

4. સ્થૂલ મૈથુન ત્યાગ :

આ વ્રતમાં સ્વપત્ની સિવાય અન્ય સ્ત્રી સાથેનો મૈથુનનો ત્યાગ કે પરસ્ત્રી સાથે મૈથુનનો ત્યાગ એમ બે રીતે નિયમ થાય છે. અહીં પરસ્ત્રી એટલે પરની – બીજાની સ્ત્રી એવો અર્થ હોવાથી પરસ્ત્રીના ત્યાગમાં કુમારિકા, વિધવા, વેશ્યા વિગેરેનો ત્યાગ થતો નથી. કારણ કે કુમારિકા વિગેરે વર્તમાનમાં કોઈની સ્ત્રી નથી. જ્યારે સ્વપત્નીથી અન્ય સ્ત્રીના ત્યાગમાં કુમારિકા વિગેરેનો પણ ત્યાગ થઈ જાય છે.

ફળ : જીવન સદાચારી બને છે. પરસ્ત્રીગમનના મહાન પાપથી અને એનાથી ઉત્પન્ન થતા લોકાપવાદ, પ્રાણનાશ, રાજદંડ–અપયશ આદિ અનેક અનર્થોથી બચી જવાય છે. મન ધીમે ધીમે વિકાર રહિત બનવાથી જીવ સાત્ત્વિક આનંદ અનુભવે છે. વિશેષમાં આ વ્રત લેનારે સ્વસ્ત્રીમાં પણ

૯

સંતોષનો ભાવ કેળવીને પર્વતિથિએ વિષયસેવનનો ત્યાગ કરવો જોઈએ.

5. સ્થૂલ પરિગ્રહ ત્યાગ

વ્યક્તિ કે વસ્તુ ઉપરની માલિકી એ **પરિગ્રહ** કહેવાય ગૃહસ્થ જીવન જીવવામાં અત્યાવશ્યક જીવન જરૂરીયાતોને છોડીને આ વ્રતમાં બાકીનાનો ત્યાગ કરવામાં આવે છે.

આ વ્રતમાં દાસ-દાસીઓ, ગાય-ભેંસ વિગેરે અપેક્ષિત વ્યક્તિઓને રાખી શેષનો ત્યાગ કરવામાં આવે છે.

વસ્તુ માલિકી પણ બે પ્રકારે છે. (1) સ્થાવર અને (2) જંગમ. તેમાં સ્થાવરભેદે મકાન-ખેતર-કારખાના-બાગ-ઉપવન વિગેરેનો સમાવેશ થાય છે. જંગમભેદમાં સોનુ-રૂપું, ઝવેરાત-પ્રચલિત નાણું વિગેરેનો સમાવેશ થાય છે.

સુજ્ઞ ગૃહસ્થોએ મકાન-કારખાના વિગેરેની સંખ્યા તેમજ સોનુ-રૂપું-ઝવેરાત વજનમાં કે કિંમતના રૂપમાં જરૂર પુરતું રાખી શેષનો ત્યાગ કરવો જોઈએ. કારણ કે જેમ જેમ પરિગ્રહ વધે તેમ તેમ લોભ સાથે અનેક દૂષણો જીવનમાં વધે. સુખની સામગ્રીની આશા અને સંબન્ધથી જીવન વધુ ને વધુ વિકારી બનતા સાત્ત્વિકતા નાશ પામે છે. પરિગ્રહની મમતા યોજનાબદ્ધ પાપ કરવાની પ્રેરણા આપે છે અને તેમાં જો આયુષ્ય બંધાઈ જાય તો દુર્ગતિ નિયમા થાય છે. તેથી બિનાવશ્યક પરિગ્રહથી બચવા સુશ્રાવકોએ પ્રયત્ન કરવો જોઇએ.

પ્રશ્ન : પરિગ્રહનો નિયમ લેતી વખતે મકાનની કિંમત ૫૦ હજાર હોવાથી નિયમની ગણતરીમાં ૫૦ હજાર રૂપિયા ગણ્યા હોય, પણ પાછળથી મકાનની કિંમત વધીને લાખ

રૂપિયા થાય તો નિયમની ગણતરીમાં મકાનના ૫૦ હજાર રૂપિયા ગણાય કે લાખ રૂપિયા ગણાય ?

ઉત્તર : ૫૦ હજાર રૂપિયા ગણાય. કારણ કે જેમ આજે કિંમત વધી તેમ આવતી કાલે ઘટી પણ જાય એટલે એના ઉપર ભરોસો ન મૂકાય. હા, જો મકાન વેચી નાખે અને તેના લાખ રૂપિયા આવે તો નિયમની ગણતરીમાં લાખ ગણાય. કારણ કે હવે તેમાં વધઘટ થવાની નથી.

ફળ : સંતોષ આવે છે. જીવન સ્વસ્થ બને છે. મન અનેક ચિંતાઓથી મુક્ત બને છે....

6. દિશાપરિમાણ વ્રત

પૂર્વ આદિ દશ દિશાઓમાં અમુક હદ સુધી જ જવું. તેથી બહાર ન જવું. એ પ્રમાણે દરેક દિશામાં જવાની હદનો નિયમ કરવો તે દિશા પરિમાણ. દા. ત. કોઈપણ દિશામાં ૧૦૦૦ માઈલથી દૂર ન જવું. અથવા કોઈપણ દિશામાં ભારતથી બહાર ન જવું. આમ આ વ્રતમાં દિશાનું પરિમાણ નક્કી થતું હોવાથી આ વ્રતને દિશા પરિમાણ વ્રત કહેવામાં આવે છે.

ફળ : દિશા પરિમાણના અનેક ફળો છે. તેમાં બે ફળ છે (1) ધારેલ દિશાની બહાર થતી સર્વ પ્રકારની હિંસા આદિ પાપોનો ત્યાગ થાય છે. પોતે ન જાય, પોતે હિંસા આદિ ન કરે, છતાં જો દિશાની હદનું નિયમન ન કર્યું હોય તો ત્યાં થતી સર્વ પ્રકારની હિંસા-આદિનું પાપ અવિરતિના પરિણામે લાગે છે. કારણ કે નિયમ ન કરવાથી તે હિંસા

આદિનું અનુમોદન રહેલું છે. (2) લોભ અને રંગ-રાગ મર્યાદિત બને છે. હદનું નિયમ ન થયા પછી તે હદમાં ગમે તેટલો આર્થિક લાભ થવાનો હોય કે ગમે તેવી મજા માણવા જેવી હોય તો પણ ત્યાં ન જઈ શકાય. એટલે લોભને અને રંગ-રાગને મર્યાદિત બનાવ્યા વિના આ નિયમ ન લઈ શકાય. આ નિયમ લીધા પછી અનેક પ્રકારના પ્રલોભનોની-ઇચ્છાઓની સામે ટકી રહેવાનું સાત્ત્વિક બળ મળે છે.

7. ભોગપભોગ પરિમાણ વ્રત :

એક જ વાર ભોગવી શકાય તેવી વસ્તુનો ઉપયોગ તે ભોગ. દા. ત. આહાર, પુષ્પ, વગેરે. વારંવાર ભોગવી શકાય તેવી વસ્તુનો ઉપયોગ તે ઉપભોગ. દા. ત. વસ્ત્ર, આભૂષણ વગેરે. જેમાં ભોગ અને ઉપભોગનું પરિમાણ રાખવામાં આવે તે ભોગપભોગ પરિમાણવ્રત. આ પ્રમાણે ભોગપભોગ પરિમાણ શબ્દનો શબ્દાર્થ છે. ભાવાર્થ આ પ્રમાણે છે. અતિસાવદ્ય (બહુ હિંસાવાળી) વસ્તુઓનો સર્વથા ત્યાગ અને અલ્પ સાવદ્ય (અલ્પ હિંસાવાળી) વસ્તુઓનો ઉપયોગ પરિમાણથી કરવો તે ભોગોપભોગ પરિમાણ વ્રત. આ વ્રતનો નિયમ બે રીતે કરવામાં આવે છે. (1) ભોજન સંબંધી, (2) કર્મ (-ધંધા) સંબંધી. ભોજનમાં બાવીશ-અભક્ષ્ય, બત્રીશ-અનંતકાય, રાત્રિભોજન, ચલિતરસ તથા સચિત્ત વસ્તુઓનો સર્વથા ત્યાગ કરવો જોઈએ. કારણ કે આ વસ્તુ-ઓના ઉપયોગથી બહુ પાપ લાગે છે. અલ્પ પાપવાળા ભોજનથી નિર્વાહ થતો હોય તો આવી બહુ પાપવાળી

વસ્તુઓનો ઉપયોગ શા માટે કરવો ? આમ છતાં આ બધી વસ્તુઓનો ત્યાગ ન થઈ શકે તો જેનો ઉપયોગ કરવો પડતો હોય તે સિવાયની વસ્તુઓનો તો અવશ્ય ત્યાગ કરવો જોઈએ. તથા અલ્પ પાપવાળી વસ્તુઓમાં પણ જેનો ઉપયોગ ન કરવાનો હોય કે જેનો ઉપયોગ ન કરવાથી ચાલી શકે તેમ હોય તે વસ્તુનો ત્યાગ કરવો જોઈએ. જેથી નિરર્થક પાપથી બચી જવાય. આ માટે "**सचित्त-दव्व-विगई...** એ ચૌદ નિયમો દરરોજ ધારવાથી બિન ઉપયોગી વસ્તુઓનો ત્યાગ અને ઉપયોગી વસ્તુઓનું પરિમાણ સહેલાઈથી થઈ શકે છે."

આ ચૌદ નિયમોના પાલનથી નિરર્થક પાપોથી તો બચાય છે, તદુપરાંત જીવન સુંદર બને છે. તથા આધ્યાત્મિક અને શારીરિક કેટકેટલા લાભો થાય છે. તે તો એ નિયમોનું પાલન કરનાર જ સમજી શકે છે. ચૌદ નિયમો આગળ જોવાં.

● ધંધામાં પંદર પ્રકારના કર્માદાન (–પાપ વેપાર)નો ત્યાગ કરવો જોઈએ. બધાનો ત્યાગ ન થઈ શકે તો જે બિન જરૂરી હોય તેનો અવશ્ય ત્યાગ કરવો.

ફળ : આ વ્રતથી જીવનમાં સાદાઈ અને ત્યાગ આવે છે. આનાથી આધ્યાત્મિક દૃષ્ટિએ તો લાભ છે જ, પણ તદુપરાંત શારીરિક, માનસિક, આર્થિક, વિગેરે દૃષ્ટિએ પણ ઘણો લાભ થાય છે.

૮. અનર્થદંડ વિરમણવ્રત :

અર્થ એટલે પ્રયોજન, જેનાથી આત્મા દંડાય–દુઃખ

પામે તે દંડ, પાપ સેવનથી આત્મા દંડાય છે, દુઃખ પામે છે. માટે દંડ એટલે પાપ સેવન. પ્રયોજનવશાત્, સકારણ પાપનું સેવન તે અર્થદંડ, પ્રયોજન વિના, નિષ્કારણ પાપનું સેવન તે અનર્થ દંડ.

ગૃહસ્થને પોતાનો તથા સ્વજન આદિનો નિર્વાહ કરવો પડે છે. આથી ગૃહસ્થ પોતાના તથા સ્વજન આદિના નિર્વાહ માટે જે પાપ કરે તે સપ્રયોજન – સકારણ હોવાથી અર્થદંડ છે. ત્યારે જેમાં પોતાના કે સ્વજનાદિકના નિર્વાહનો પ્રશ્ન જ ન હોય તેવું પાપ સેવન તે અનર્થદંડ છે. અર્થાત્ જેના વિના ગૃહસ્થાવાસ ન ચલાવી શકાય તેવું પાપ સેવન તે અર્થદંડ અને જેના વિના ગૃહસ્થાવાસ સહજ ચાલી શકે તેવું પાપસેવન તે અનર્થદંડ છે.

અનર્થદંડના મુખ્ય ચાર પ્રકાર છે : (૧) અપધ્યાન, (૨) પાપકર્મોપદેશ, (૩) હિંસકાધિકરણાપર્ણ, (૪) પ્રમાદાચરણ. આ ચાર પાપો ન કરવામાં આવે તો ગૃહસ્થાવાસ ચલાવવામાં (જીવનનિર્વાહમાં) કોઈ જાતનો વાંધો ન આવે.

1. **અપધ્યાન :** અપધ્યાન એટલે દૂર્ધ્યાન-અશુભ વિચારો. શત્રુ મરી જાય તો સારૂં, શહેરના લોકો મરી જાય તો સારૂં, દેશમાં દુષ્કાળ પડે તો સારૂ; રોગીઓ વધી જાય તો દવાની ખપત સારી રહે તેમજ અમુક રાજાએ અમુક રાજાને જીત્યો તે સારૂં થયું, અમુક દેશના લોકો હિંસાને યોગ્ય છે, હું વડાપ્રધાન બનું તો સારું,! ઇત્યાદિ અશુભ વિચારો અપધ્યાનમાં છે. આવા વિચારોથી પોતાના કોઈ કાર્યની સિદ્ધિ થતી નથી અને નિરર્થક પાપ બંધાય છે.

2. પાપ કર્મોપદેશ :

લડાઈ કરવી જોઈએ, મત્સ્યોદ્યોગનો ફેલાવો કરવો જોઈએ, વર્તમાન જમાનામાં કાપડની મિલો વિના ન ચાલે, માટે કાપડની મિલો તૈયાર થવી જોઈએ. વિજળી ઉત્પન્ન કરવી જોઈએ. વહાણો તૈયાર કરો. તમારી કન્યા વિવાહને યોગ્ય થઈ ગઈ છે માટે જલ્દી પરણાવી દો. વરસાદ સારો થયો છે માટે વાવણી શરૂ કરો. આવા સર્વ પ્રકારનો પાપ-કાર્યોનો ઉપદેશ તે પાપકર્મોપદેશ છે. વિવેક વિના છાપું વાંચનારાઓ કે રેડિયો સાંભળનારાઓ નિરર્થક કેટલું ય અપધ્યાન કરે છે. અને છાપું વાંચીને; રેડિયો સાંભળીને T.V. જોઈને ગમે તેની પાસે ગમે તે રીતે છાપાની અને રેડિયાની કે T.V. ની વાતો કરનારા પાપકર્મનો કેટલો ઉપદેશ કરે છે. તે આના ઉપરથી સમજી શકાય તેમ છે.

3. હિંસકાર્પણ :

જેનાથી હિંસા થાય તેવી વસ્તુ અન્યને આપવી. દા. ત. હથિયાર, ઝેર, અગ્નિ, ખાંડણી-ઘંટી વિગેરે. દાક્ષિણ્યતાના *કારણે પાપ કર્મનો ઉપદેશ કરવાનો પ્રસંગ આવે કે હિંસા* થાય તેવી વસ્તુ આપવી પડે તો તે માટે નિયમમાં તેટલા પૂરતી છૂટ રાખવી પડી હોય તો પણ બને ત્યાં સુધી તે છૂટનો ઉપયોગ ન કરવો પડે તેની કાળજી રાખવી.

4. પ્રમાદાચરણ :

કુતૂહલથી ગીત સાંભળવા, કોમેન્ટ્રી સાંભળવી, નૃત્ય નાટક કે સિનેમાનું નિરીક્ષણ કરવું, બોકસીંગ (મલ્લયુદ્ધ) વિગેરે

રમતો જોવી, વારંવાર કામશાસ્ત્રનું વાંચન કરવું, તળાવ આદિમાં સ્નાન કરવું, વૃક્ષની શાખા હિંડોળા વગેરે ઉપર હિંચકવું, કુકડા આદિ પ્રાણીઓને પરસ્પર લડાવવા, બાજુમાં ચાલવાની જગ્યા હોવા છતાં વનસ્પતિ કે નિગોદ ઉપર ચાલવું, વનસ્પતિ ખૂંદવી, નિષ્કારણ પાંદડું-પુષ્પ, ડાળખી વિગેરે તોડવું છેદવું,-સ્ત્રીકથા,-ભકતકથા, દેશકથા અને રાજકથા એ ચાર વિકથાઓ કરવી, તેલ આદિનાં વાસણ ઉઘાડાં રાખવાં, દેડકાં આદિ પ્રાણીઓને મારવા, નિષ્ઠુર અને મર્મ વચનો બોલવા, ખડખડાટ પેટ ભરીને હસવું, નિંદા કરવી, કાર્ય થઈ જવા છતાં સગડી,-ચૂલો,-બત્તી, નળ, પંખો વિગેરે ચાલુ રાખવા, છાણાં, લાકડાં, કોલસા, ધાન્ય, પાણી વિગેરેનો જોયા વિના ઉપયોગ કરવો, ખાસ કારણ વિના દિવસે ઊંઘવું, સખ્ત વ્યસનો સેવવા વિગેરે પ્રમાદ-આચરણ છે. જુગાર, માંસ, મદિરા, વેશ્યા, શિકાર, ચોરી, પરસ્ત્રીસેવન, આ સાત વ્યસનોના સેવનથી દુર્ગતિ થાય છે.

આ સાત વ્યસનોની જેમ આજના છાપાં, રેડિયો, નોવેલ, નાટક, સિનેમા, હોટલ, અને કલબ વિગેરેના વ્યસનો પણ મહાન અનર્થ કરનારા છે.

આ ચાર પ્રકારના અનર્થદંડના સેવનથી પોતાને કોઈ લાભ થતો નથી. બલ્કે નિરર્થક પાપકર્મનો બંધ થાય છે. આ વ્રતમાં સૂક્ષ્મતાથી ત્યાગ ન થઈ શકે તો પણ સ્થૂલરૂપે સાત વ્યસન, નૃત્ય, નાટક, સિનેમા, ખેલ, તમાશા, રેડિયો, કોમેન્ટ્રી, બોકસીંગ, વિગેરેનો તો અવશ્ય ત્યાગ કરવો જોઇએ.

ફળ : આ વ્રતથી અનેક પ્રકારનાં નિરર્થક પાપોથી બચી

જવાય છે. જીવન સંસ્કારિત બને છે. તામસ અને રાજસ વૃત્તિ દૂર થાય છે. સાત્ત્વિક વૃત્તિ પ્રગટ થાય છે. અને સહેજે માર્ગાનુસારી જીવન પ્રગટે છે.

7. સામાયિક વ્રત

સમ એટલે સમતા. આય એટલે લાભ. જેનાથી સમતા પ્રગટે તે સામાયિક. સર્વ સાવદ્યયોગોને એટલે કે પાપ–વ્યાપારોનો ત્યાગ કર્યા વિના સમતાની અનુભૂતિ ન થાય. એથી જ આ વ્રતમાં સર્વ પાપ–વ્યાપારોનો ત્યાગ કરવામાં આવે છે. અમુક કાળ સુધી (ધારણા પ્રમાણે બે ઘડીનાં સામાયિકમાં જેમકે) દ્વિવિધ–ત્રિવિધથી (મન, વચન, અને કાયા એ ત્રણથી ત્રિવિધથી, પાપ ન કરું અને ન કરાવું એ દ્વિવિધથી) સર્વ પાપ વ્યાપારોનો ત્યાગ તે સામાયિક કહેવાય છે. વર્તમાન કાળે આ વ્રતમાં બે ઘડી સુધી સર્વપાપ વ્યાપારોનો ત્યાગ–કરવામાં આવે છે એટલે બે ઘડી સુધી દ્વિવિધ ત્રિવિધથી સર્વ પાપ વ્યાપારોનો ત્યાગ તે સામાયિક. આ વ્રતનો સ્વીકાર કરનારે દરરોજ એક સામાયિક કરવાનો નિયમ લેવો જોઈએ. રોજ ન બની શકે તો વર્ષમાં અમુક સામાયિક કરવા એવો નિયમ લેવો જોઈએ.

ફળ : આ વ્રતથી મોક્ષ સુખની વાનગી રૂપ સમતાનો અનુભવ થાય છે. ગૃહસ્થ હોવા છતાં સાધુ જેવું જીવન જીવવાનો અનુભવ થાય છે. અનેક પ્રકારના પૂર્વસંચિત પાપાનો નાશ થાય છે. અને રત્નત્રયી એટલે કે જ્ઞાન–દર્શન–ચારિત્રની આરાધના થાય છે કે જેને જ્ઞાનીઓ મુક્તિમાર્ગ તરીકે ઓળખાવે છે.

10. દેશાવગાસિક વ્રત :

છઠ્ઠા દિશાપરિમાણ વ્રતમાં જવાની જે હદ નક્કી કરી હોય તેમાં પણ દરરોજ યથાયોગ્ય અમુક દેશનો (– ભાગનો) સંક્ષેપ કરવો તે દેશાવગાસિક. દા. ત. દરેક દિશામાં ૧૦૦૦ માઈલથી દૂર ન જવું એમ છઠ્ઠા વ્રતમાં નિયમ છે, તો આ વ્રતમાં દરરોજ ૧૦૦ માઈલ, ૨૦૦ માઈલ, એમ જેટલું જેટલું જવાની જરૂર હોય, સંભાવના હોય, તેટલો જ દેશ છુટો રાખી બાકીનાનો નિયમ કરવો અર્થાત્ હજારમાંથી પણ ૧૦૦, ૨૦૦, માઈલ વગેરે સંખ્યા નકકી કરી બાકીના માઈલનો ત્યાગ કરવો.

આ વ્રતમાં દિશા પરિમાણ વ્રતના સંક્ષેપની જેમ પાંચ અણુવ્રત, ભોગોપભોગપરિમાણ અને અનર્થદંડવિરતિ એ સાત વ્રતોનો પણ સંક્ષેપ કરવાનું વિધાન છે, આથી ભોગપભોગપરિમાણ વ્રતમાં ધારેલા ચૌદ નિયમોનો પણ યથાશકય સંક્ષેપ કરવો જોઇએ.

વર્તમાન કાળે આ વ્રતમાં ઓછામાં ઓછા એકાસણાના તપ સાથે ૧૦ સામાયિક કરવાનો રિવાજ છે. સવાર–સાંજ પ્રતિક્રમણના બે અને બીજા આઠ એમ દશ સામાયિક થાય છે. આથી આ વ્રત ગ્રહણ કરતી વખતે ‘ હું વર્ષમાં અમુક (પાંચ–દશ....) દેશાવગાસિક કરીશ’ એવો નિયમ કરવામાં આવે છે. પૂર્વે કહ્યું તેમ એક દિવસ દશ સામાયિક કરવાથી એક દેશાવગાસિક થાય છે. આથી નિયમમાં જેટલા દેશાવગાસિક ધાર્યા હોય તેટલા દિવસ, પૂર્વે કહ્યું તેમ દશ દશ સામાયિક કરવાથી આ વ્રતનું પાલન થાય છે.

ફળ : આ નિયમથી દિશા પરિમાણ વ્રતમાં જે હદ છૂટી હોય તેનો સંકોચ થઈ જાય છે. આથી દિશા પરિમાણ વ્રતમાં જે લાભ છે. તે લાભ આ વ્રતમાં વિશેષ રૂપે થાય છે. વિશેષમાં સાધુજીવન જીવવાની કલા હસ્તગત થાય છે. પરિણામે ચારિત્રમોહનીકર્મનો ક્ષયોપશમ થવાના પરિણામે સર્વવિરતિ પણ પ્રાપ્ત થાય છે.

11. પૌષધવ્રત :

આહાર, શરીરસત્કાર, અબ્રહ્મ અને સર્વ પાપ વ્યાપારો, એ ચારનો ત્યાગ તે પૌષધવ્રત. આ વ્રત દિવસ પૂરતું કે દિવસ–રાત્રિ સંબંધી લેવામાં આવે છે. ચાર પ્રકારના ત્યાગમાં આહાર સિવાયના ત્રણનો ત્યાગ સર્વથા કરવામાં આવે છે જ્યારે આહારનો ત્યાગ સર્વથા અથવા શકિતના અભાવે દેશથી (–અંશે) પણ કરવામાં આવે છે. જો ચોવિહાર ઉપવાસ કરવામાં આવે તો આહારનો સર્વથા અને તિવિહાર ઉપવાસ કે આયંબિલ આદિ કરવામાં આવે તો દેશથી–અંશથી ત્યાગ થાય છે. આ વ્રત ગ્રહણ કરનારે આઠમ આદિ પર્વ-તિથિએ પૌષધ લેવાનો નિયમ લેવો જોઇએ. દરેક પર્વતિથિએ પૌષધ ન થાય તો વર્ષમાં અમુક ૫–૧૦– ૨૦ પૌષધ કરવા એવો નિયમ કરવો જોઈએ.

ફળ : આ વ્રતથી સાધુધર્મનો અભ્યાસ થાય છે. કષ્ટ સહન કરવાની શક્તિ આવે છે. શરીરનો મમત્વભાવ ઘટે છે. બાહ્ય સંસારના સંબંધથી મુક્ત બનવાના પરિણામે સાચી આત્મિક શાંતિનો અનુભવ થાય છે. આત્મરમણતા વધે છે; રાગાદિ અભ્યંતર શત્રુઓ મંદ પડે છે.

12. અતિથિસંવિભાગ વ્રત :

તિથિ, પર્વ વગેરે લૌકિક વ્યવહારનો જેમણે ત્યાગ કર્યો છે તેવાં સાધુ ભગવન્તો અતિથિ છે. પ્રસ્તુતમાં શ્રાવક ધર્મનો અધિકાર હોવાથી – અતિથિરૂપે અરિહંત ભગવાને કહેલા ચારિત્ર ધર્મની આરાધના કરનારા સાધુઓ સમજવા જોઈએ. **અતિથિનો** – સાધુનો સંવિભાગ કરવો, એટલે કે તેમને સંયમમાં જરૂરી આહાર – પાણી, વસ્ત્ર – પાત્ર – વસતિ આદિનું ભક્તિથી અર્પણ કરવું. સાધુઓને ન્યાયથી મેળવેલ વસ્તુનું દાન કરવું જોઈએ. તે પણ વિધિપૂર્વક એટલે દેશ, કાળ, શ્રદ્ધા, સત્કાર, ક્રમ અને કલ્પનીય આદિના ઉપયોગપૂર્વક કરવું જોઈએ. તે આ પ્રમાણે.

(1) **દેશ :** આ દેશમાં અમુક વસ્તુ સુલભ છે કે દુર્લભ? વગેરે વિચાર કરીને દુર્લભ વસ્તુ અધિક પ્રમાણમાં આપવી વગેરે. (2) **કાળ :** સુકાળ છે કે દુષ્કાળ? શિયાળો છે કે ઉનાળો? વિગેરે વિચાર કરીને દુષ્કાળ હોય તો વધારે વહોરાવવું વગેરે (3) **શ્રદ્ધા :** વિશુદ્ધ અધ્યવસાયથી 'આપવું પડે છે માટે આપો એવી બુદ્ધિથી નહિ પણ ભક્તિ કરવી એ મારૂં કર્ત્તવ્ય છે. એમનો મારા ઉપર મહાન ઉપકાર છે મારે પણ એ રસ્તે જ જવાનું છે, તેમને આપવાથી હું સાધુ માર્ગે જવા સમર્થ બની શકુ!' વિગેરે વિશુદ્ધ ભાવનાથી આપવું. (4) **સત્કાર :** આદરથી આપવું. નિમંત્રણ કરવા જવું. ઓચિંતા ઘરે આવે તો ખબર પડતાં સામે જવું.–રોમાંચિત બનીને વહોરાવ્યા બાદ થોડે સુધી વળાવવા જવું. વિગેરે સત્કારથી દાન કરવું. (5) **ક્રમ :** શ્રેષ્ઠ વસ્તુ પ્રથમ આપવી.

પછી સામાન્ય-ચાલુ વસ્તુ આપવી અથવા દુર્લભ વસ્તુનું કે તે કાળે જરૂરી વસ્તુનું પહેલું નિમંત્રણ કરવું. પછી બીજી વસ્તુઓનું નિમંત્રણ કરવું. અથવા જે દેશમાં જે ક્રમ હોય તે ક્રમે વહોરાવવું. (6) **કલ્પનીય :** કલ્પનીય એટલે સાધુઓને ખપી શકે તેવી આધાકર્મ આદિ દોષોથી રહિત સંયમમાં ઉપકારી વિગેરે ગુણોથી યુકત વસ્તુ કલ્પનીય કહેવાય છે.

વર્તમાન કાળે ચોવિહાર યા તિવિહાર ઉપવાસથી રાત દિવસનો પૌષધ કરી બીજે દિવસે એકાસણું કરી અને સાધુ જે વસ્તુ વહોરે તે વસ્તુઓ પોતે એકાસણામા વાપરી એ પ્રમાણે અતિથિસંવિભાગવ્રત કરવામાં આવે છે. આ વ્રત લેનારે વર્ષમાં એક, બે, ત્રણ, ચાર, એમ જેટલા દિવસ અતિથિ સંવિભાગ કરવો હોય તેટલા દિવસની સંખ્યા નક્કી કરી લેવી જોઈએ.

— આ વ્રતમાં સાધુભગવંત, જે વસ્તુ વહોરે તે જ વાપરવી જોઈએ. જે વસ્તુ વાપરવી હોય તે વહોરાવવી એ હકીકતમાં બરાબર નથી.

ફળ : આ વ્રતના પાલનથી દાનધર્મની આરાધના થાય છે. સાધુઓ પ્રત્યે પ્રેમ-બહુમાન અને ભક્તિભાવ વધે છે. સાધુને દાન આપીને સંયમ ધર્મની અનુમોદના દ્વારા જીવ લઘુકર્મી બની નિકટના ભવોમાં શાશ્વતસુખનો ભોકતા બને છે.

આ બારવ્રતોના અણુવ્રત, ગુણવ્રત અને શિક્ષાવ્રત એમ ત્રણ વિભાગ છે. તેમાં પ્રથમ પાંચ વ્રતો અણુવ્રતો છે.

પ્રથમના પાંચ વ્રતો અણુવ્રતો કેમ છે તેના કારણો:

(1) મહાવ્રતોની અપેક્ષાએ નાના વ્રતો હોવાથી અણુ= નાના વ્રતો તે અણુવ્રતો (2) ગુણોની અપેક્ષાએ સાધુઓથી ગૃહસ્થો નાના હોવાથી અણુના=નાનાના વ્રતો તે અણુવ્રતો. (3) ઉપદેશ સમયે મહાવ્રતોના ઉપદેશ પછી આ વ્રતોનો ઉપદેશ આપવામાં આવતો હોવાથી અનુ=પછી (મહાવ્રતોની પછી) ઉપદેશાતા વ્રતો તે અણુવ્રતો.

પછીના ૬, ૭, ૮ એ ત્રણ વ્રતો ગુણવ્રતો છે. કારણ કે તે વ્રતો અણુવ્રતોમાં ગુણ=લાભ કરે છે. એ ત્રણ: વ્રતોથી પાંચ અણુવ્રતોનું પાલન સરળ બને છે, વધારે સારી રીતે પાલન તેનું થાય છે. છેલ્લા ચાર વ્રતો શિક્ષાવ્રતો છે. કારણ કે એ વ્રતોના પાલનથી સંયમધર્મની શિક્ષા–અભ્યાસ (પ્રેક્ટીસ) થાય છે.

આ પ્રમાણે વિસ્તારથી બારવ્રતો વાંચી, ગુરૂમહારાજ પાસેથી સમજીને નીચે પ્રમાણે સંક્ષેપમાં લઈ શકાય.

☆

સંક્ષેપમાં બારવ્રત લેવાની સમજ

સમ્યક્ત્વ : વીતરાગ ભગવાન જ મારા દેવ છે. પાંચ મહાવ્રતોનું પાલન કરનારા અને વીતરાગે કહેલા ધર્મની જ પ્રરૂપણા કરનારા સુસાધુઓ જ મારા ગુરૂ છે. વીતરાગ ભગવાને કહેલો ધર્મ જ મારો ધર્મ છે. (વ્યવહારમાં તેવા પ્રસંગે ન છૂટકે કુદેવાદિને નમસ્કારાદિ કરવા પડે તો તેની જયણા. ધર્મબુદ્ધિએ તો માનવા જ નહિ)

પહેલું વ્રત : નિરપરાધી હાલતા-ચાલતા જીવોને મારવાની બુદ્ધિથી નિષ્કારણ મારીશ નહિ.

બીજું વ્રત : કન્યા આદિ સંબંધી પાંચ મોટા જુઠાણાનો ત્યાગ કરું છું.

ત્રીજું વ્રત : ખીસું કાપવું, તાળું તોડવું, લૂંટ કરવી, દાણચોરી કરવી, ભેળસેળ કરવી, વિગેરે મોટી ચોરીનો ત્યાગ કરું છું.

ચોથું વ્રત : પરસ્ત્રીનો ત્યાગ કરું છું.

પાંચમું વ્રત : અમુક પ્રમાણથી વધારે જંગમ અને સ્થાવર સંપત્તિ રાખીશ નહિ.

છઠ્ઠું વ્રત : હિંદુસ્તાનથી બહાર જઈશ નહિ.

સાતમું વ્રત : બાવીસ અભક્ષ્ય, બત્રીશ અનંતકાય, ચલિતરસ, રાત્રિ ભોજન, અને અમુક કર્માદાનનો ત્યાગ કરું છું.

આઠમું વ્રત : નાટક-સિનેમા, બોકસિંગ, (મલ્લયુદ્ધ) રેડિયો,-ટી. વી. વિગેરેનો ત્યાગ કરું છું.

નવમું વ્રત : બાર મહિનામાં અમુક સામાયિક કરીશ.

દશમું વ્રત : બાર મહિનામાં અમુક દેશાવગાસિક કરીશ.

અગિયારમું વ્રત : બાર મહિનામાં અમુક પૌષધ કરીશ.

બારમું વ્રત : બાર મહિનામાં અમુક અતિથિસંવિભાગ વ્રત કરીશ.

અહીં સામાન્યથી સમજાવવા માટે સંક્ષેપથી આ પ્રમાણે નમુનારૂપે બતાવ્યું છે. દરેક વ્રતમાં અનેક અપવાદ–છૂટ પણ છે. એટલે અહીં વિસ્તારથી લખેલા બાર વ્રતો વાંચીને ગુરૂ-મહારાજ પાસે સમજીને છૂટ રાખવી હોય તો કયા વ્રતમાં કયી અને કેટલી છૂટ રાખી શકાય તે પૂછીને, પોતાને જે જે વ્રતમાં જે જે અપવાદ–છૂટ રાખવાની હોય તેની સાથે નોંધ કરવા સ્વતંત્રરૂપે પોતાની બાર વ્રતની નોટ બનાવવી જોઈએ. વ્રતો લીધા પછી દરરોજ નોટનું વાંચન કરી જવું જોઈએ. બની શકે તો પંદર દિવસે, મહિને, ચાર મહિને, છેવટે વર્ષમાં એકવાર તો અવશ્ય શાંતિથી નોટનું વાચન કરવું જોઈએ. જેથી પોતે કેવી રીતે વ્રતો લીધા છે. તે ખ્યાલમાં રહે અને વ્રતોનું સારી રીતે પાલન થઈ શકે. વ્રતોને લીધા પછી યાદ ન રાખવાથી વ્રતોનો ભંગ થવાનો સંભવ છે.

☆

૧૫ – કર્માદાન

1. **ઈંગાલકર્મ :** ચુનો ઇંટ–નળીયા, કુંભાર, ભાંડભુંજા હોટલો, ફાર્મસીઓ, વગેરે ભઠ્ઠીથી થતાં કાર્યો કરવા કરાવવા તે. તેનો વેપાર કરવો નહિ.

2. **વનકર્મ :** ખેતી – વાડી – બગીચા બનાવવા અને ફળ – ફૂલ શાક અનાજ આદિ વનસ્પતિનો વ્યાપાર કરવો તે.

3. **સાડીકર્મ :** ગાડી – ગાડાં – મોટર – ટ્રક – જહાજ વિમાન આદિ વાહનો તૈયાર કરાવવા ને તેનો વેપાર કરવો તે.

4. **ભાડીકર્મ :** ગાડી, ઘોડા, મોટર, સાયકલ, રિક્ષા વિગેરે ભાડે ફેરવવાનો ધંધો કરવો તે.

5. **ફોડીકર્મ :** કુવા, તળાવ, સરોવર, બંધ, બોરીંગ વોટર વર્કસ વિગેરે જમીન ફોડાવવાનો વેપાર કરવો તે.

6. **દંત વાણિજય :** કસ્તુરી, હાથીદાંત, મોતી, હાડકાં, ચામડાં, શીંગડા, ખાતર વિગેરે તેમજ ત્રસ જીવોને મારી તેના અંગનો વેપાર કરવો તે.

7. **લાખ વાણિજય :** લાખ, ગુંદર, સાબુ, ખાર, હરતાલ, રંગો આદિનો વેપાર કરવો તે.

8. **રસ વાણિજય :** મધ, માંસ, માખણ, ઘી, તેલ, દુધ, ગોળ, ખજૂર, આદિનો વેપાર કરવો તે.

9. **કેશ વાણિજય :** પશુ–પંખીના કેશ, પીંછા, ઊન વગેરેનો વેપાર કરવો તે.

૧૦

10. **વિષ વાણિજય :** અફીણ, ઝેર, સોમલ, દારૂગોળો, ઉપલક્ષણથી બંદુક, તલવાર, ભાલા, તીર, કારતુસ, હળ, કોદાળી, પાવડા વગેરેનો વેપાર કરવો તે.

11. **યંત્ર પિલણ કર્મ :** મીલ, જીન, સંચા, ઘાણી, ઘંટી વિગેરે પીલવાનો ધંધો કરવો તે.

12. **નિર્લાંછન કર્મ :** પશુ–પંખીના પૂંછડાં કાપવાં, ડામ દેવા, પીઠ ગાળવી, ખસી કરવી વિગેરે કરવું તે.

13. **દવ કર્મ :** દવમાં, સીમમાં, ખેતરમાં, જંગલમાં, અગ્નિદાહ દેવો તે. જંગલ બાળીને કોલસા આદિ તૈયાર કરવા તે.

14 **શોષણ કર્મ :** કુવા, તળાવ, સરોવર, ટાંકા, ભોંયરા વિગેરે પાણીનું શોષણ કરવું તે.

15. **અસતી પોષણ કર્મ :** કુતરા, બિલાડા, મેના, પોપટ, વેશ્યા સ્ત્રીઓ પોષવી કે વેશ્યાદિને ભાડાથી મકાન વિગેરે આપવા તે.

* આજીવિકા ચાલે અને નિષ્પાપ જીવન જીવાય તે રીતે શ્રાવક વ્યાપાર, વ્યવહાર કરે. પાપનો ડંખ રાખી યથાશક્તિ નિયમો લઈ વિરતિવંત શ્રાવક શી રીતે બનાય? તેનું લક્ષ રાખવું. લોભાદિના કારણે બધા નિયમો ન લેવાય તો પણ યથાશકિત ઓછા–વત્તા નિયમો લઈ પંદર કર્માદાનનો તો શ્રાવકે અવશ્ય ત્યાગ કરવો જોઈએ.

☆

ચૌદ નિયમ ધારવાની સમજ

આવશ્યકતા

આ નિયમો ધારવાથી જીવ ઘણા પાપના બંધનથી મુકત થાય છે, અને થોડા બંધનમાં રહે છે. ઉપયોગમાં ન આવે તેવી વસ્તુઓનો પણ ત્યાગ ન કરવાથી તેઓના આરંભ-સમારંભના વિના કારણે પાપ લાગે છે, તે પાપોથી તે સંબંધી અવિરતિજન્ય કર્મબન્ધ થાય છે. તેવા કર્મબંધથી પાછા હઠવા માટે દરેક શ્રાવકોએ અને શ્રાવિકાઓએ નીચે બતાવેલ ચૌદ નિયમ ધારવાની પૂરી જરૂર છે.

ચૌદ નિયમ ધારવાની ગાથા

सच्चित्त-दव्व-विगइ-
वाणह-तंबोल-वत्थ-कुसुमेसु ।
वाहण-सयण-विलेवण-
बंभ-दिसि-न्हाण-भत्तेसु ॥१॥

અર્થ : "1. સચિત્ત, 2. દ્રવ્ય, 3. વિગઈ, 4. ઉપાનહ, 5. તંબોલ, 6. વસ્ત્ર, 7. કુસુમ, 8. વાહન, 9. શયન, 10. વિલેપન, 11. બ્રહ્મચર્ય, 12. દિશા, 13. સ્નાન, અને 14. ભક્ત, એ ચૌદ વસ્તુઓમાં નિયમ ધારવા.

નિયમ ધારનારે નિરંતર સવાર અને સાંજે નિયમ ધારવા. સવારના ધારેલા નિયમ સાંજે સંક્ષેપીને રાત્રિ માટે નવા લેવા, અને રાત્રિના ધારેલા નિયમ સવારના સંક્ષેપીને દિવસ માટે નવા લેવા, તે નીચે લખેલી હકીકત વાંચવાથી બરાબર **સમજાઈ જશે.**

1. **સચિત્ત :** સચિત્ત એટલે જીવવાળી વસ્તુ. જેટલી ચીજ વાવવાથી ઊગે તે જ્યાં સુધી અચિત્ત ન થાય ત્યાં સુધી સચિત્ત કહેવાય. જેમકે કાચું શાક, કાચું પાણી, કાચું મીઠું, ઘઉં, ચણા, તલ, લીલવણ વગેરે. તે અચિત્ત થઈ જાય ત્યાર પછી સચિત્ત ગણાય નહિ. કેટલીક ચીજોમાંથી બી કાઢી નાખ્યા બાદ બે ઘડી પછી અચિત્ત થાય છે. જેમકે પાકી કેરીમાંથી ગોટલી જુદી કર્યા પછી બે ઘડીએ રસ, કકડા વિગેરે અચિત્ત થાય છે. તેવી રીતે બીજી વસ્તુનું પણ સમજવું.

સચિત્તનો નિયમ ધારતાં કોઈ એક પણ સચિત્ત ન વાપરવું હોય તો તેણે ધારવું કે આજે મારે સચિત્તનો ત્યાગ. અને સચિત્ત વાપરવું હોય તો તેણે ૧–૨–૩–૪ કે ૫ જેટલાં સચિત્ત ખાવાં હોય તેટલાં અથવા તેથી પણ એક બે વધારે રાખવાં. આ પ્રમાણે સચિત્તનો નિયમ ધારવાથી તેને તેટલા જ સચિત્તનું પાપ રહે છે. બાકીના ચૌદ રાજલોકમાં જેટલાં સચિત્ત અનાજ વિગેરે હોય તે તમામના પાપથી મુકત થવાય છે.

વિશેષમાં અવ્રતી અપચ્ચક્ખાણીને તમામ ક્રિયાઓ લાગે છે. તેથી જેટલામાંથી પોતે મુકત થયો તેટલાનો પાપ બંધ ઓછો થાય છે આ પ્રકારે સમજી લેવું.

1. **દ્રવ્ય :** જેટલી ખાવાની ચીજ મોઢામાં નખાતી હોય દ્રવ્ય. તે જેટલી ચીજની ઈચ્છા હોય તેટલી રાખવી. ૨૦–૨૫–૩૦–૪૦ એમ જેવી ઈચ્છા. પણ બનતાં સુધી થોડાં દ્રવ્ય રાખવાં. ઈચ્છાનો નિરોધ કરવો. અર્થાત્ જરૂરી દ્રવ્ય રાખી શેષનો ત્યાગ કરવો જોઈએ.

3. **વિગઈ :** એટલે છ વિગઈ. ૧. દૂધ, ૨. દહીં, ૩. ઘી, ૪. ગોળ, ૫. તેલ, ૬. કડા વિગઈ. આ છ વિગઈ જાણવી. તેમાંથી રોજ એકનો અથવા બે ત્રણનો ત્યાગ કરવો. એક દિવસે દૂધ, બીજે દિવસે દહીં, એવી રીતે વારાફરતી વિગઈ ત્યાગ કરવી.

જો મૂળથી (સર્વથા) વિગઇ ત્યાગ કરવી હોય તો તે વિગઈની બનેલી કોઈપણ ચીજ ખવાય નહિં. જેમકે ઘી ત્યાગ હોય તો ઘીની બનેલી કોઈપણ ચીજ ન ખપે. એવી રીતે દરેકને માટે સમજવું. નીવીયાતું છુટું રાખવું હોય તો કાચી વિગઈ ત્યાગ કરવી.

(૧) દૂધની વિગઈ કાચી ત્યાગ હોય તો કાચું દૂધ, (એકલું દૂધ જેની કોઈ ચીજ બનેલી ન હોય તેવું) ખાવું નહિ. પણ ખીર, દૂધપાક, બાસુંદી વિગેરે દુધની બનેલી ચીજ ખવાય.

(૨) દહીંની વિગઈ કાચી ત્યાગ હોય તો કાચું દહીં ખાવું નહિ. પણ દહીંની બનેલી ચીજ શીખંડ, રાયતું વિગેરે ખવાય. પરંતુ કઠોળની સાથે ન ખવાય તે લક્ષ્યમાં રાખવું, (મગ ચણા વિગેરેની સાથે ગરમ કર્યા વિનાનું દૂધ, દહીં અને છાશ ખવાય નહીં. કેમકે ભેગું થતાની સાથે જ તેમાં બેઇન્દ્રિય જીવોની ઉત્પત્તિ થાય છે.

(૩) ઘીની કાચી વિગઈ ત્યાગ હોય તો કાચું ઘી ખાવું નહિ. ઘીની બનેલી ચીજ ખવાય, પરંતુ નીવીયાતાંની છૂટ રાખેલ હોય તો આજની કરેલી સુખડી આજ ન ખવાય. બીજે ત્રીજે દિવસે ખવાય.

(૪) ગોળની કાચી વિગઈ ત્યાગ હોય તો કાચો ગોળ ખાવો નહિ. પણ સાકર, ખાંડ, કે ગોળની બનેલી ચીજ ખવાય. પરંતુ આજની બનેલી સુખડી આજ ન ખવાય.

(૫) તેલની કાચી વિગઈ ત્યાગ હોય તો કાચું તેલ ખાવું નહિ. પરંતુ ચૂલે ચડેલ પાકું થયેલ ખપે.

(૬) કડા વિગઈ સર્વથા ત્યાગ હોય તો તે દિવસે તળેલી વસ્તુ ખાવી નહિ. કડા વિગઈમાં તળેલી વસ્તુમાં પણ જો ત્રણ ઘાણ પછીની ચોથા ઘાણની વસ્તુ હોય અને જો નીવીયાતું છુટું રાખ્યું હોય તો તે કડા વિગઈવાળાને ખપે. કડાવિગઈ ત્યાગ હોય તો પણ શીરો, લાપશી, ઘી, તેલના ઢેબરા તે દિવસે પણ ખવાય.

4. **ઉપાનહ :** એટલે પગરખાં–મોજાં વિગેરે, તેની એક જોડ, બે જોડ, વિગેરે જરૂરી હોય તે રાખવી; જોડા વિના ચાલી શકે એમ હોય તો સર્વથા ત્યાગ કરવો.

5. **તંબોલ :** એટલે પાન–સોપારી–વરીયાળી મુખવાસ, વિગેરે. તે પાંચ રૂપિયાભાર, ૦। શેર, વિગેરે જેટલી જરૂર લાગે તેટલો રાખવો.

6. **વત્થ :** એટલે વસ્ત્ર, તે ૧૦–૧૫ કે ૨૫. જેટલાં પહેરવાં હોય તેટલાં રાખવાં, ધર્મકાર્યમાં જરૂર પડે તેની જયણા રાખવી.

7. **કુસુમ :** એટલે સુંઘવાનું, તે ૦। શેર કે શેર જેટલું જરૂર હોય, તેટલું રાખવું. પણ ઘી કે તેલનું ભરેલું કુંડું કે ડબ્બો વિગેરે સુંઘવું નહિ.

8. **વાહન :** એટલે હરતાં-ફરતાં-ચરતાં કે તરતાં વાહનની ગણત્રી કરીને રાખવાં. તેમાં હરતાં-ફરતાં ગાડી, વેલ વિગેરે ગણત્રી કરીને રાખવાં.- રેલગાડી ને હરતાં - ફરતાંમાં સમજવી. ચરતાંમાં - ઘોડા, બળદ વિગેરેની ગણત્રી કરીને રાખવાં, તરતાંમાં - આગબોટ, વહાણ વિગેરેનીગણત્રી કરીને રાખવાં.

9. **શયન :** એટલે ખાટલા પલંગની ગણત્રી કરવી. ગાદી તકીયાં, શેતરંજીની જયણા રાખવી. અથવા ગણત્રી કરવી.

10. **વિલેવણ :** એટલે તેલ, સુખડ, અત્તર વિગેરે શરીરે વિલેપન કરવાની ચીજ, તે અમુક રૂપિયાભાર અથવા ૦। શેર વિગેરે રાખવી.

11. **બંભ :** એટલે બ્રહ્મચર્ય. તે કાયાએ કરીને પાળવું, મન વચનથી જયણા, જેઓને સ્વદારા સંતોષ હોય તેઓએ પ્રમાણ કરી લેવું. વિધવા બાઈઓએ કુમાર-કુમારિકાઓએ તથા જેઓ ચતુર્થ વ્રતધારી હોય તેઓએ "સર્વથી બ્રહ્મચર્ય પાળું" એમ ધારવું અને બીજાઓએ "પરસ્ત્રી ત્યાગ, સ્વસ્ત્રી તથા સ્વપુરૂષમાં સંતોષ" એમ ધારવું.

12. **દિસિ :** એટલે ચાર દિશામાં અમુક ગાઉ જવાનું પ્રમાણ કરવું, તથા ઉંચું-નીચું કેટલું જવું....? એનું માપ નક્કી કરવું.

13. **ન્હાણ :** એટલે એક વાર, બે વાર, એમ સ્નાન કરવાની ગણત્રી કરવી, તેમાં ધર્મકાર્યની જયણા રાખવી.

14. **ભત્ત :** એટલે ભાત, પાણી, તે પાંચશેર, દસશેર,

કે અરધો મણ, ઈચ્છા મુજબ રાખી લેવું. ઉપવાસ હોય તે દિવસે ફક્ત પાણી અને કારણસર અણુહારી ચીજ ખપી શકે માટે એક બે દ્રવ્ય રાખવાં. જમતી વખતે ભોજન તથા પાણી બન્નેનું માપ જેટલું થાય તેથી પણ કાંઈક વધારે રાખવું. કારણ કે તે બન્ને ભેગું ભાત–પાણીમાં ગણાય છે.

પૃથ્વીકાય : તે શરીરના ભોગમાં આવે તે, જેમકે માટી, મીઠું, સુરમો વિગેરે તોલ કરીને રાખવું. તે ૦। શેર, ૦॥ શેર, બશેર વિગેરે માપ કરીને રાખી લેવું. જરૂરી ન હોય તો ત્યાગ કરવો. આ પ્રમાણે નિયમ કરવાથી હજારો અને લાખો મણ પૃથ્વીકાયના આરંભ–સમારંભના બોજામાંથી છૂટી જવાય છે.

અપ્‌કાય : એટલે પાણી. તે બે મણ, ત્રણ મણ, જેટલું જરૂરી હોય તેટલું રાખવું. પછી કદાચ કારણસર નદી કે તળાવે જવું પડે તો ત્યાં પાણી બહાર કાઢીને વપરાશમાં લેવુ. પણ જો નદી કે તળાવમાં પડીને સ્નાન કરે અથવા કપડાં ધૂએ, તો આખી નદીનો કે આખા તળાવનો દોષ લાગે. માટે તેમ ન કરવું. જરૂર હોય તો નદી તળાવ વિગેરે ૧–૨–૩ની છુટ રાખવી પાણી બે મણ કે ત્રણ મણ રાખ્યું હોય તેટલામાં સુખેથી નિર્વાહ થઈ શકે છે. પીવાનું પાણી તથા વાપરવાનું પાણી વિગેરેનો આમાં સમાવેશ થાય છે.

તેઉકાય : એટલે ચૂલાનું અને લાઈટ વગેરેનું પ્રમાણ કરવું. દા. ત. ૨–૩–૪–૫ કે ૬ ચૂલા છુટા, તથા ૧૫થી ૨૦ લાઇટ છુટી, બાકી ત્યાગ. કંદોઇના ચૂલાની જરૂર હોય તો બે

ત્રણ રાખવા. ઈલેકટ્રીક પંખો તેઉકાય તથા વાઉકાય બન્નેમાં ગણાય. એક ઘર બરાબર એક ચૂલાની અપેક્ષા રાખે તો એક ઘરના બધા ચૂલા છુટા રહે છે.

વાઉકાય : પંખા, વીંઝણાની ગણત્રી કરવી, તથા હિંચોળા ખાટમાં હિંચકા ખાવાની ગણત્રી કરવી. નહિંતર ત્યાગ કરવા. સામાન્ય રીતે લૂગડું વિગેરે ઉડાવાય તેની જયણા.

વનસ્પતિકાય : તેનો તોલ કરી લેવો. જેમકે આજે શેર, બશેર, ત્રણ શેર વિગેરેની છુટ, બાકી ત્યાગ. તિથિ હોય અને વનસ્પતિકાય ત્યાગ કરવી હોય તો 'આજે ત્યાગ' એમ ધારવું.

ત્રસકાય : ત્રસકાયની જયણા, જાણી જોઈને હણવાની બુદ્ધિએ હણવા નહિ.

અસિ : ચપ્પુ, સૂડી, કાતર, સોય, વિગેર ગણત્રી કરીને જેટલા વાપરવા હોય તેટલા રાખવાં.

કસિ : કોદાળી, પાવડા, કુહાડા વિગેરેનો તથા ખેતીનો ત્યાગ કરવો; જરૂર હોય તેટલા રાખી લેવા.

રાત્રે : નિયમ લેતી વખતે બુદ્ધિથી વિચારવું કે 'મારે આ નિયમમાં આટલી વસ્તુની જરૂર પડશે', તેટલી રાખી બાકીનો ત્યાગ કરવો. જેમ કે ચોવિહારવાળાને દ્રવ્યનો ત્યાગ, અને કારણે અણહારીની જરૂર પડે તો રાત્રે એક–બે રાખવાં. સ્નાનત્યાગ વિગેરે રાતનું સમજી લેવું.

વિશેષ જાણવું હોય તો ગુરુગમથી જાણી લેવું.

નવા ધારનારે થોડા દિવસ દેશાવગાસિકનું પચ્ચખાણ

કરવું નહિં. પ્રથમ અભ્યાસ પાડવો અને ૮-૧૦ દિવસમાં અભ્યાસ પડી જાય પછી દેશાવગાસિકનું પચ્ચક્ખાણ કરવું.

— નોટ : દરરોજ સવાર-સાંજ નિયમો સંક્ષેપી નવા નિયમો ધાર્યા બાદ નીચે પ્રમાણે દેશાવગાસિકનું પચ્ચક્ખાણ લેવું.

દેશાવગાસિકનું પચ્ચક્ખાણ

દેશાવગાસિઅં, ઉવભોગં, પરિભોગં, પચ્ચકખાઈ, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરઈ.

卐

નિયમ ધારવાની રીત

જેઓને યાદ ન રહે તેઓ નિયમ ધારવા માટે નીચે પ્રમાણે ખાના પાડી અભ્યાસ પાડી પછી મોઢેથી ધારી શકે છે.

નામ	કેટલું વાપરવાનું	કેટલું વાપર્યું	લાભમાં
સચિત્ત	૧૦	૬	૪
દ્રવ્ય	૨૫	૧૫	૧૦
વિગઈ	૫	૪	૧
વાણહ	૨	૨	×
તંબોલ			
વસ્ત્ર			
કુસુમ			
વાહન			
શયન			
વિલેપન			
બ્રહ્મચર્ય			
દિશા			
સ્નાન			
ભાત પાણી			
પૃથ્વીકાય			
અપ્કાય			
તેઉકાય			
વાઉકાય			
વનસ્પતકાય			
ત્રસકાય			
અસિ			
મસી			
કૃષિ			

માનવજીવનના પાંત્રીસ ગુણો

માનવ નામ ધરાવવું સહેલું છે પણ માનવ બની જાણવું એ કઠણ છે.

ગુણ વિનાનો માનવ એટલે સુગંધ વિનાનું કાગલનું ફૂલ એની કોઈ કિંમત નહિ!

● ખેતરમાં બીજ ત્યારે વવાય કે જ્યારે જમીન શુદ્ધ થાય.

● ભીંત ઉપર રંગ ત્યારે થાય કે જ્યારે જુના રંગના જામેલા પોપડા ઉખેડી નંખાય.

● ધર્મનું બીજ પણ જીવનમાં ત્યારે જ વવાય જ્યારે જીવન ચોકખું થાય.

● મકાન ચણવું હોય તો ભૂમિ શુદ્ધિ કરી પાયો મજબૂત બનાવવો પડે.

● ધર્મની ઈમારત પણ જીવનમાં ચણવી હોય તો જીવનમાં નીતિનો સદાચારનો અને સદ્ગુણનો પાયો મજબૂત બનાવવો જોઈએ.

● જીવનના પાયાના ગુણો એટલે જ આ ૩૫ ગુણો.

● ધર્મશ્રવણની યોગ્યતા પણ આ ૩૫ ગુણ વિના પ્રાપ્ત થઈ શકતી નથી.

માનવ બનવાના 35 ગુણો

1. ન્યાયથી ધન મેળવવું

● સંસારમાં ધનની દરેક માણસને જીવન ચલાવવા જરૂર રહે છે. શરીરને જેટલી શ્વાસોશ્વાસની જરૂર એટલી સંસારી માનવને ધનની જરૂર રહે છે.

● ન્યાય નીતિ પ્રમાણિકતાથી વેપાર આદિ કરી ધન ઉપાર્જન કરવું તે ન્યાયોપાર્જિત ધન કહેવાય છે.

● ન્યાય-નીતિ પ્રમાણિકતાથી મેળવેલ ધન – સંપત્તિ જીવનમાં શાંતિ આપે છે.

● સમતા અને સમાધિપૂર્વક જીવન જીવવાથી પરલોકમાં પણ સુંદર જીવન મળે છે.

● અનીતિ–અન્યાય–અપ્રમાણિકતાથી મેળવેલ ધન ટકતું નથી. અશાંતિ આપે છે. ને તેના પાપો ધન કમાનારને ભોગવવા પડે છે.

● જે સમયે જન્મ્યા ત્યારે કાંઈ લાવ્યા નહોતાં. જવાના ત્યારે કંઈ લઈ જવાના નથી. બધું જ અહીં મૂકી જવાનું છે. તો પછી થોડી જીંદગી માટે અનીતિ કરીને પાપ શા માટે કરવું ?

● ન્યાય કે અન્યાયથી મેળવીએ પરંતુ ભાગ્યમાં જેટલું હોય તેટલું જ મળવાનું છે. ચિત્તની પ્રસન્નતા અને આંતરિક સમાધિ મેળવવા ન્યાયથી ધન ઉપાર્જન કરવું જોઇએ.

2. **શિષ્ટાચારની પ્રશંસા કરવી :**

● શિષ્ટ પુરૂષો એટલે સજ્જન પુરૂષો તેમના ગુણોની પ્રશંસા કરવી. સર્વ ઠેકાણે નિંદાનો ત્યાગ કરવો. સાધુ પુરૂષોના ગુણોની પ્રસંશા કરવી. આપત્તિ સમયે દીનતા કરવી નહીં. અભ્યુદય સમયે નમ્રતા રાખવી.

શિષ્ટ પુરૂષોના ગુણો :

1. પોતાની પ્રશંસા ઇચ્છે નહિ.
2. પોતાની પ્રશંસા સમયે ગર્વ કરે નહિં.
3. કોઈની સાથે વિરોધ કરે નહિં.
4. સાચી સલાહ આપે.
5. પોતાની નિંદા સમયે ક્રોધ કે ખેદ કરે નહિં.
6. કોઈની નિંદા કરે નહિ.
7. સંપત્તિ આવે ત્યારે ગર્વ કરે નહિ.
8. સંપત્તિના સમયમાં નમ્રતા રાખે.
9. આપત્તિના સમયમાં દીન બને નહિ.
10. કુળાચારનો આગ્રહ રાખે.
11. સન્માર્ગથી જ દ્રવ્ય મેળવે.
12. સન્માર્ગે દ્રવ્ય ખર્ચ કરે.
13. નિઃસ્વાર્થપણે દીનદુઃખીને મદદ કરે.
14. નિત્ય પરોપકાર કરવામાં તત્પર રહે.
15. ઉપકારનો બદલો ભૂલે નહિ.

16. ગુણવાનોની પ્રશંસા કરે.

17. જ્ઞાન ક્રિયાનું આચરણ કરે.

18. સ્વાર્થનો ત્યાગ કરી સર્વનું ભલું ઇચ્છે.

● આવા ગુણોવાળા સાધુ–સજ્જન પુરૂષો હોય છે. તેના કાર્યોની પ્રશંસા કરવી.

3. સરખા કુળાચાર સાથે વિવાહ :

● સર્વથા બ્રહ્મચર્ય પાળવું શ્રેષ્ઠ છે. પરંતુ અનાદિના કામવાસનાનાં વિકારો રોકી ન શકાય તો તેની મર્યાદા માટે વિવાહ સંબંધ, સરખા કુળ અને આચારવાળા સાથે હોવો જોઇએ.

● ભિન્ન ભિન્ન કુળ અને આચારવાળા સાથે સંબંધ જોડાવાથી કલેશ–કંકાશ થાય છે. અને જીવન છિન્નભિન્ન થાય છે. આ રીતે માનવ જીવન હારી જવાય છે. ઉદ્વેગ અને ખેદ આંતરિક સમાધિ લૂંટી લે છે.

● બન્નેના ધર્મ જુદા જુદા હોય તો પણ એકબીજાનો ધર્મ પાળવાની ફરજ પાડતા જીવન કલહમય બનવાનો સંભવ રહે છે. માટે સમાન–વિચાર–સમાન ધર્મ–સમાન કુળ –સમાન આચારવાળા સાથે વિવાહ સંબંધ હોવો જોઇએ.

4. પાપનો ડર રાખવો :

● ગૃહસ્થ ધર્મમાં ડગલે ને પગલે પાપ થયા કરે છે. પરંતુ પાપને પાપ તરીકે માની, પાપનો ડંખ તો સદાય જીવંત રહેવો જોઈએ.

● ન છુટકે કુટુંબના નિર્વાહના કારણે પાપ કરે, પણ પાપને પાપ તરીકે સમજીને ડરતો રહે તો તે કોઈ દિવસ પાપથી બચે છે ને પાપ એના જીવનમાં ઓછા થાય છે.

● જુગાર, માંસભક્ષણ, દારૂ પીવો,–વેશ્યાગમન, શિકાર કરવો, ચોરી કરવી અને પરસ્ત્રીગમન, આ સાત વ્યસનો છે જે અનેક પાપોને લાવનાર છે. તેનો અવશ્ય ત્યાગ કરવો જોઇએ.

● મલીન વાસનાથી, સ્વાર્થવૃત્તિથી, સત્તાધારીના કહેવાથી, દબાણથી, મમત્વથી, અજ્ઞાનતાથી પાપ થઇ જાય તો પણ પાપભીરૂતા રાખીને શુદ્ધ માર્ગે ચાલવા પ્રયત્ન કરવો જોઇએ.

5. દેશના પ્રસિદ્ધ આચારોનું પાલન કરવું :

● લોકાચાર – દેશાચાર પ્રમાણે નહીં ચાલવાથી લોક વિરુદ્ધ વર્તનના કારણે વિરોધ થવાનો સંભવ રહે છે. દેશાચાર:પ્રમાણે ચાલવાથી લોકલાગણી પોતાના તરફ રહે છે. ને.લોકપ્રિય બનાય છે.

● ઉત્તમ પુરૂષોએ જેને સંમતિ આપી હોય તેવા ધર્મ રિવાજોને માન આપી ચાલવું તે દેશાચાર છે. અને કુટુંબમાં ધર્મઅવિરુદ્ધ ચાલતો રિવાજ તેને પણ માન આપી ચાલવાથી લોકપ્રિય થઈ ધર્મના કાર્યો કરાવી શકાય છે.

6. કોઈની નિંદા કરવી નહિ :

● દેવ નિંદાથી દરિદ્રતા, ગુરૂ નિંદાથી નારકી, શાસ્ત્ર નિંદાથી મૂર્ખપણું અને ધર્મ નિંદાથી કુળનો ક્ષય થાય છે.

● કોઈની નિંદા કરવાથી તે સાંભળે કે 'મારી નિંદા કરી છે' તો વૈરની પરંપરા વધે છે. પરસ્પર દુશ્મનાવટ જામે છે.

● નિંદા કરનારનો કોઈ વિશ્વાસ કરતું નથી. નિંદા કરનારને ચીકણાં કર્મોનો બંધ થાય છે. લોકોમાં તેની અપકીર્તિ થાય છે, તપ, જપ વગેરે ધર્મકરણી તેની નિષ્ફળ જાય છે.

● આત્મનિંદા જેવું કોઈ સત્કર્મ નથી અને પરનિંદા જેવું કોઈ પાપ નથી. માટે નિંદા કરવી તો પોતાની કરવી 'હું કેવો પાપી છું?'

● અવગુણ હરેકમાં હોય છે. આપણે ગુણવાન બનવું હોય તો હરેકમાંથી વિવેકપૂર્વક ગુણ લઈ ગુણી બનવું જોઈએ.

7. **કેવા ઘરમાં રહેવું?** (સારા પડોશવાલા સ્થાનમાં રહેવું) :

● સંસારી માણસમાત્રને રહેવા માટે મકાનની જરૂર પડે. પરંતુ ઘર તદ્દન એકાંતમાં હોય તો આકસ્મિક પ્રસંગોએ કોઈનો સાથ મળે નહિ. લૂંટફાટ આગ થાય તો મુશ્કેલી પડે. જેથી ગલીખુંચી કે એકાંત ઘરમાં રહેવું જોઈએ નહિ.

● જાહેર રસ્તા ઉપર હોય તો લોકોની નજર પડે. સ્ત્રી વગેરેની મર્યાદા સચવાય નહિ, ઘરના માણસોના સંસ્કાર બગડતાં વાર લાગે નહિ.

● ઘણાં બારી બારણાંવાળા મકાનમાં રહેવાથી ચોર

૧૧

વગેરે ક્યાંથી આવીને ક્યાં નીકળી જાય તેની ખબર પડે નહિ. જેથી તેવા ઘરમાં રહેવું નહીં.

● ઘર બહુ જાહેરમાં નહીં, બહુ ગલીખૂંચીમાં પણ નહીં, તેમ જ જ્યાં ન્યાતી, ધર્મી વગેરે સંબંધીઓ તથા પાડોશીઓ સારા હોય તેવા સજ્જન-કુટુંબોના ઘરની પાસેના ઘરમાં રહેવું. જેથી ધર્મકુળાચાર વગેરે સચવાય.

8. સદાચારી સાથે મિત્રતા રાખવી.

શિષ્ટ લોકોમાં ખરાબ બોલાય તેવું વર્તન કરે નહિ. દીન દુઃખીના ઉદ્ધાર માટે આદર રાખે. કરેલો ઉપકાર ભૂલે નહિ. પરોપકાર કરવાની વૃત્તિ વાલો હોય. અને દાક્ષિણ્યતા ગુણવાળો હોય તે સદાચારી કહેવાય છે. તેની સાથે મિત્રતા કરવી.

● ચોર, જુગારી, લંપટી, કપટી, દારૂડીયા, અસત્યવાદી વગેરે દુષ્ટ માણસોની સાથે મિત્રતા રાખવાથી તેનો ચેપ સારા માણસને પણ લાગે છે ને જીવન અધોગતિના માર્ગે જાય છે.

● નદીનું મીઠુ પાણી સમુદ્રમાં ખારૂં થાય છે. દ્રાક્ષના વેલા સાથે કારેલાંના વેલા હોય તો દ્રાક્ષ કડવી બને છે. આંબાની જોડે લીમડો હોય તો કેરીમાં કડવાસ આવે છે. તેમ દુર્જનની સોબત સારા માણસને પણ ખરાબ કરે છે. માટે સદાચારી એવા સજ્જનની મિત્રતા કરવી.

9. માતા-પિતા વડીલની ભક્તિ કરવી :

● માતા પિતાદિ વડીલોનો ઉપકાર ઘણો છે. બાળવયમાં મળમૂત્ર ધોયાં. નાનાથી મોટા કર્યા, ભણાવ્યા ગણાવ્યા

સંપત્તિ સોંપી. જીવનને ઉન્નત બનાવવા સારા સંસ્કારો જેમણે રેડ્યા. આવા વડિલોની ભક્તિથી આશીર્વાદ મળે છે. ને સુખી થવાય છે.

● પ્રભુ પોતાની માતાને ગર્ભમાં દુઃખ ન થાય તે માટે સ્થિર રહ્યા હતા. શ્રવણ કઠિયારાએ પોતાના માતાપિતાને ખભા ઉપર કાવડમાં બેસાડી ૬૮ તીર્થની યાત્રા કરાવી હતી. સંસારી જીવો માટે આ એક આદર્શ ઉદાહરણ છે.

● માતા-પિતા ઉપકારી છે, તો તેમની આજ્ઞા પાળવી. પગે લાગવું. વિનય કરવો. તેમ ન થાય તો છેવટે તેમની સામું ન બોલવું. સ્વાર્થના કારણે તેમનું. અપમાન કરવું નહિ. કડવા વચન કહેવા નહિ તેમજ તેમને ધર્મના માર્ગે જોડીને ઋણ મુકત થવા પ્રયત્ન કરવો.

10. **ઉપદ્રવવાળા સ્થાનનો ત્યાગ કરવો :**

● સાપ, વીંછી, ચોર, ધાડ, મરકી, પ્લેગ, કોલેરા તેમજ લડાઈ વગેરેનો ભય કે ઉપદ્રવ રહ્યા કરે તેવા ગામનો કે ઘરનો ત્યાગ કરવો જોઈએ.

● ઉપદ્રવોથી ચિત્તની સ્થિરતા રહે નહિ. કોઈ કાર્યમાં ચિત્ત ચોંટે નહિ. ધારેલું કાર્ય પૂર્ણ થાય નહિ. જેથી નિર્ભય સ્થાને જઈ રહેવું જેથી ધર્મક્રિયા વિગેરે સારી રીતે થાય.

11. **નિંદનીય કાર્ય કરવું નહિ.**

● દેશ, કુળ, જાતિ અને કુળધર્મની અપેક્ષાએ જે જે કાર્યો નિંદિત ગણાતા હોય તે તે કાર્યો કરવા નહિ.

● દારૂ, માંસભક્ષણ, તેમજ સાત વ્યસન તથા માદક

પીણાઓ પીવાથી ક્રૂરતા–નિર્દયતા વધે છે. ક્રોધ વધે છે. કજીયા કલેશ થાય છે. વિષયવાસના વધે છે. અનીતિ,–અનાચાર વધતાં આ ભવ અને આવતો ભવ બંને ભવો બગડે છે. જેથી નિંદા થાય તેવા કાર્યો કરવાં નહિ.

12. આવક પ્રમાણે ખર્ચ કરવો :

● દુનિયામાં મોટા દેખાવા, નાક વધારવા, સત્તા મેળવવા, દેખાદેખીથી કે કોઈના દબાણથી લગ્નાદિ પ્રસંગે દેવું કરી આવક કરતાં વધારે ખર્ચ કરે તેને પાછળથી શોષાવું પડે છે.

● શક્તિ હોય તો પરમાર્થ કાર્યોમાં કંજુસાઈ કરવી નહિ. આવક પ્રમાણે ઉચિત દાન, પુણ્ય કાર્ય, ધર્મ માર્ગે સદ્દ્રવ્યય કરવો ઉચિત છે. તે ન કરે તો નિંદા પણ થાય માટે ઉચિત ખર્ચ કરવો જોઇએ. સાંસારિક કાર્યોમાં કરકસર કરવી, ને ધાર્મિક કાર્યોમાં ઉદારતા કરવી.

● શક્તિ ન હોય તો જે દાન–પુણ્ય કરતા હોય તેની અનુમોદના – પ્રશંસા કરવી અને બીજાને સારા માર્ગે ખર્ચ કરવા પ્રેરણા કરવી.

13. ધન અનુસારે વેશ ધારણ કરવો :

● માથે કરજ હોય – આવક હોય નહિ અને દેવું કરી અપ – ટુ – ડેટ ફેન્સી કપડા પહેરી, ફ્રેન્ચ કટ, પફ પાવડર, ફેન્સી ઘડીયાળ પહેરે, ફેન્સી ચશ્મા ચઢાવે, વગેરે ઉદ્ભટ વેશ પહેરે તો તેની અપકીર્તિ થાય ને કોઈ વિશ્વાસ કરે નહીં.

● શ્રીમંતાઈ હોવા છતાં ભિખારી કે ગરીબની માફક

મેલાં, ફાટેલાં, તુટેલાં કપડા પહેરે તો લોકોમાં કંજુસ તરીકે નિંદાય માટે પોતાના વૈભવ પ્રમાણે વેશ પહેરવો જોઈએ.

● નિંદા થાય તેવો નહિં, તેમજ ઉદ્દભટ્ટ વેશ પણ નહિ પહેરવો. પરંતુ સાદાઈવાળા સ્વચ્છ કપડાં પોતાની આવક પ્રમાણે પહેરવા. કંજુસાઈથી મેલાં ફાટેલા કપડા પહેરવા નહિ.

14. **બુદ્ધિના આઠ ગુણો કેળવવા :**

● **શુશ્રુષા :** સદગુરૂ મુખે શાસ્ત્ર ધર્મ સાંભળવાની ઈચ્છા.

● **શ્રવણ :** શાસ્ત્રનું શ્રવણ કરવું....શાસ્ત્ર સાંભળવા.

● **ગ્રહણ :** ઉપયોગપૂર્વક સાંભળેલું ગ્રહણ કરવું.

● **ધારણ :** ગ્રહણ કરેલું ભૂલી ન જવું. યાદ રાખવું.

● **ઉહા :** સાંભળેલ અને ગ્રહણ કરેલ અર્થમાં તર્ક કરી ઘટાવવો તે સામાન્ય જ્ઞાન.

● **અપોહ :** સાંભળેલા વચનોથી વિરૂદ્ધ વસ્તુનો ત્યાગ કરવો અથવા અપોહ એટલે પદાર્થનું તે તે ગુણ–પર્યાયપૂર્વકનું જ્ઞાન.

● **અર્થવિજ્ઞાન :** ઉહાપોહ દ્વારા થયેલ જ્ઞાનમાં સંદેહરહિત બનવું તે યથાર્થજ્ઞાન.

● **તત્ત્વજ્ઞાન :** ઉહાપોહથી સંશયાદિરહિત થયેલ જ્ઞાનમાં 'આ એમ જ છે' એવો નિશ્ચય કરવો તે તત્ત્વજ્ઞાન.

● બુદ્ધિના આઠ ગુણો હોય તો મારો દેશ કયો છે? હું કોણ છું? કાળ કયો છે? મારા મિત્રો કોણ છે? મારી

શક્તિ કેટલી છે? આવક-ખરચ મારે શું છે? મારો ધર્મ કયો છે? મારું કર્તવ્ય શું? વગેરે વિચારી પ્રવૃતિ કરે તો વ્યવહાર સુખમય ચાલે અને ધર્મમાં પ્રવૃત્તિ કરી સમાધિ-પૂર્વક જીવન જીવી પરમપદને પ્રાપ્ત કરી શકાય.

15. ધર્મ નિરંતર સાંભળવો :

● બુદ્ધિના આઠ ગુણોમાં સમાવેશ થઈ જાય છે. છતાં નિરંતર ધર્મનું નવું નવું સાંભળવાથી શ્રદ્ધા સ્થિર થાય છે. ત્યાગ કરવા લાયક શું? આદર કરવા લાયક શું? જાણવા લાયક શું? તેનું જ્ઞાન મેળવવાથી બુદ્ધિની મલીનતા ઓછી થાય છે ને ચિત્ત શુદ્ધ બને છે.

16. અજીર્ણ થતાં ભોજન કરવું નહિ :

● ભૂખ વગર હરતાં ફરતાં જે આવે તે, જ્યારે ને ત્યારે પોતાની હોજરીની શક્તિનો વિચાર કર્યા વગર ખાવું તે બરાબર નથી. પેટમાં અજીર્ણ હોય ત્યારે ભૂખ્યા રહેવું જોઈએ.

● મન ઉપર કાબૂ રાખવો ને જીહ્વા ઇન્દ્રિયનો કાબૂ રાખવો, અપચો મટે ત્યાં સુધી વાપરવું નહિ. કકડીને ભૂખ લાગે ત્યારે જ વાપરવું, જેથી આરોગ્ય સચવાઈ રહે. ડૉકટર, વૈદ્યને ઘેર જવું પડે નહિ.

● ઉપવાસ કરવાથી અજીર્ણ આપમેળે દૂર થાય છે. શરીર સારું હોય તો મન પ્રફુલ્લિત રહે અને ધર્મકાર્યોમાં પ્રમાદ આવે નહીં.

● જૈન શાસનમાં પણ પ્રભુની આજ્ઞા છે કે 'દર પંદર દિવસે એક ઉપવાસનો તપ અવશ્ય કરવો, તે ન થાય તો

બે આયંબિલ, ચાર એકાસણા, આઠ બેસણા, છેવટે ૨૦ નવકારવાળી અવશ્ય ગણવી જેથી પ્રભુની આજ્ઞાનું પાલન થાય.

17. પ્રકૃતિ અનુસાર ભોજન કરવું :

● મનુષ્યોએ સાત્વિક આહાર કરવો જોઈએ. પ્રમાણો પેત આહાર લેવો જોઈએ. બને ત્યાં સુધી ઓછો આહાર વાપરવો જોઈએ જેથી તેને વૈદ્ય ડોકટરની જરૂર પડે નહિ.

● શિયાળો, ઉનાળો કે ચોમાસામાં કયો આહાર પોતાને અનુકુળ છે? તે વિચારી આહાર વાપરવાથી શરીરની અનુકૂળતા રહે તો ધર્મારાધના કરી શકાય. ધર્મારાધના કરવા માટે જ શરીરને આહાર આપવાનો છે.

18. ધર્મ–અર્થ–કામ–ને પરસ્પર બાધ ન આવે તેમ કરવું :

● ધર્મ, અર્થ, અને કામ એ ત્રણે, માનવે ધર્મનો અભ્યુદય થવા સાથે મોક્ષની પ્રાપ્તિ થાય તે રીતે જીવનમાં આચરવાં જોઈએ.

● ગૃહસ્થપણામાં રહી ધર્મની ઉપેક્ષા કરી કેવળ અર્થ અને કામની સાધના કરવાથી ધર્મરૂપી બીજ ખવાઈ જાય છે ને દુઃખી થવાય છે. ધર્મ સિવાય સંસારમાં સાચા સુખી થવાનો કોઈ માર્ગ નથી.

● અર્થ એટલે ધન ઉપાર્જન કરવામાં મશગુલ રહે ને ધર્મ અને કામનો ત્યાગ કરે તો ધનના ભોકતા બીજા થાય અને પાપ પોતાને જ ભોગવવું પડે.

● કામ એટલે ભોગાદિ વિષયોમાં આસક્ત થાય તો

ધર્મ ને અર્થ બન્નેથી ભ્રષ્ટ થવાય છે. પુણ્ય નાશ પામતાં દુઃખી થવાય છે. માટે ધર્મ, અર્થ ને કામ ત્રણેને વાંધો ન આવે એટલે કે અર્થને વાંધો આવે તે રીતે કામ નહિ અને ધર્મને હરકત આવે તે રીતે અર્થોપાર્જન નહિ. તે રીતે ગૃહસ્થે જીવન જીવવું જોઈએ.

14 સાધુ, અતિથિ, દીન દુઃખીની સેવા કરવી :

● દયા, સત્ય, સંતોષ, સહનશીલતા, વિનય, નમ્રતા, સરળતા, ઉદારતા, પરોપકાર, સમતાભાવ વગેરે ગુણો સહિત એવા ત્યાગી સાધુ–સંતો કે ગૃહસ્થો હોય તેની સેવા ભક્તિ બહુમાન કરવું જોઇએ. તેમને દવા, ઔષધ, ભોજન, પાત્ર વગેરે આપવું જોઇએ. તેની ભકિત કરવાથી આપણામાં તેવા ગુણો આવે છે.

● દીન દુઃખી, ગરીબ, આંધળા, લૂલા, લંગડા પશુ–પક્ષીઓ વગેરેની અનુકંપાબુદ્ધિથી સહાયતા કરવી તે માનવતાનો ગુણ છે.

● જૈનશાસનમાં પણ વિધાન છે કે શ્રાવક સાધુ-મહારાજને વહોરાવે નહિ ત્યાં સુધી વાપરે નહીં તેમજ ભોજન સમયે દરવાજાની ઉપર દૃષ્ટિ કરી કોઈને આપી પછી ભોજન કરે અને એટલા માટે જ સદ્‌ગૃહસ્થના દ્વારો હમેશાં અભંગ હોય.

20 કદાગ્રહ કરવો નહિ :

● આગ્રહમાંથી કદાગ્રહ થાય પછી હઠાગ્રહ થાય તે પછી દુરાગ્રહ થાય તે છુટે નહીં "મારૂં તેજ સાચું" માને.

પ્રમાણિક-હિતેચ્છુ તટસ્થ માણસો સમજાવે તોય સમજે નહીં તે કદાગ્રહ છે.

● "સાચું તે મારૂં" એ મુદ્રાલેખ રાખી ચાલે તે બધાને પ્રિય લાગે છે. તેનું બહુમાન વધે છે. તે વિશ્વાસુ બને છે. કદાચ માનવથી ભૂલ થાય, કારણ છદ્મસ્થ છે. ભૂલ થવી શકય છે, પરંતુ ભૂલ કબૂલ કરે, કદાગ્રહ ન કરે તે માનવ મહાન બની શકે છે.

21. ગુણીજનોનો પક્ષપાત કરવો :

● ક્ષમા-નમ્રતા, સરલતા-સંતોષ સજ્જનતા ઉદારતા-દાક્ષિણ્યતા-સ્થિરતા-પવિત્રતા ધર્મશીલતા-પરોપકારતા-નિરિહતા-આત્મ રમણતા પાપભીરૂતા પરોપકાર પરાયણતા ઇત્યાદિ ગુણો ગુણી આત્મામાં રહે છે. એટલે ગુણનો પક્ષપાત કરવો.

● ગુણાનુરાગ દીપકના જેવો છે. એક દીવામાંથી સો દીવા પ્રગટાવીએ પરંતુ પહેલાં દીવાનું તેજ ઓછું થતું નથી તેમ ગુણાનુરાગથી પોતે ગુણવાન બને છે.

● ગુણાનુરાગથી ધર્મ પ્રાપ્તિની યોગ્યતા આવે છે. માટે અવશ્ય ગુણવાન બનવા ગુણાનુરાગ કરવો.

22. અયોગ્ય દેશકાળમાં ફરવું નહિ :

● વેશ્યાના નિવાસો, જુગારના અડ્ડાઓ, દારૂના પીઠાઓ, ચાંડાળના ઘરો. માછી મારો-કસાઈખાનાઓ વગેરે સ્થળે જવાનો નિષેધ છે. ત્યાં જતાં આવતાં સદાચાર તથા સુસંસ્કારોથી ભ્રષ્ટ થવાય છે ને વારંવાર હૃદય નિષ્ઠુર થઈ જાય છે. કોમળતા ને દયાની લાગણી ઓછી થઈ જાય છે.

● રાજાએ-સંઘે કે જ્ઞાતિજનોએ નિષેધ કરેલ સ્થળે જવાથી આજ્ઞા ભંગ થાય છે. રાજ્યદંડ તથા આબરૂ પર કલંક લાગવાનો સંભવ રહે છે. જેથી નિષેધ કરેલ સ્થળે જવું નહિ.

● આવા ખરાબ સ્થળો પાસે રહેવાથી તેમ જ અતિ પરિચય થવાથી માનવ નાલાયક અને કુપાત્ર બની જાય છે. માનવભવ હારી જાય છે. માટે તેવા સ્થળે રહેવું કે જવું નહિ.

23. શક્તિનો વિચાર કરી કામ કરવું :

● શરીરબળ – મનોબળ – આત્મબળ – ધનબળ વગેરે પોતાની શક્તિ, સંયોગો અને સાધનોનો વિચાર કરી ડહાપણથી કામ કરવાથી પસ્તાવાનો વખત આવતો નથી.

● બળવાન સામે અશક્તોએ પોતાની સબળતા કે શક્તિનો વિચાર કરી કાર્યનો આરંભ કરવો. જેથી કાર્યમાં વિજય મળે છે. વગર વિચારે સામનો કરવાથી કોકવાર સાચા હોવા છતાં ખોટા ઠરવાનો વખત આવે છે.

24. વ્રતધારીની સેવા કરવી :

● ઇંદ્રિયો અને મનને વશ કરનાર વૃદ્ધ કે યુવાન એવા તપસ્વી–ત્યાગી–જ્ઞાની–સાધુ–સંત પુરૂષો સંયમી જીવન પસાર કરે છે. તેથી પોતાની સંપત્તિ અનુસાર તેમની સેવા – ભક્તિ કરવી. હૃદયથી સ્તુતિ કરવી. છેવટે વચનથી પણ સત્કાર કરવો.

● પૂ. આ. મ. શ્રી હરિભદ્રસૂરિશ્વરજી મહારાજ જણાવે છે કે 'સાધુઓની સદા સેવા – ભક્તિ કરવી. કારણ

સંતસમાગમનું ફળ વિનય છે. વિનયનું ફળ જ્ઞાન છે. જ્ઞાનનું ફળ વિરતિ છે. વિરતિનું ફળ કર્મ-વિનાશ એટલે મોક્ષ છે.

25. પોષણ કરવા લાયકનું પોષણ કરવું :

● સચ્ચારિત્ર્યમાં રહેલ જ્ઞાનવૃદ્ધ તેમજ માતા-પિતાની સેવા ભક્તિ કરવા સાથે પોષણ કરવા લાયક, પત્ની, પુત્ર, પુત્રી, વિધવા બહેન, નાના ભાઈઓ, ભત્રીજાઓ, નોકર ચાકર, પશુપક્ષીઓ, વગેરે પણ આશ્રિતો છે તેનું પોષણ કરવું જોઈએ. અનાજ, વસ્ત્ર, મકાન વગેરે સગવડ આપવી જોઈએ.

● આપણને સુખ ગમે છે દુઃખ ગમતું નથી તેવી જ રીતે બીજાને પણ સુખ ગમે છે. દુઃખ ગમતું નથી. માટે પહેલાં આશ્રિતોનું પોષણ કરવું જોઈએ. તેના સુખે સુખી થવું જોઈએ.

માતાપિતા ઘરડા થયા હોય, ભાઈ-બહેનો અપંગ હોય, નિરાધાર, રખડતા મૂકવાથી કુળ-ધર્મ-લજવાય છે. તેના નિસાસા લાગે છે. હૃદયમાં નિર્દયતાની વૃદ્ધિ થાય છે. અવર્ણવાદ બોલાય છે. આબરૂ ઓછી થાય છે. લાયકાત નાશ પામે છે. માટે માતાપિતાની સેવાભક્તિ અને આશ્રિતોનું પોષણ કરવું એ ઉત્તમ પુરૂષોનું લક્ષણ છે.

26 દીર્ઘ દ્રષ્ટા બનવું :

● કોઈપણ કાર્યની શરૂઆત કરતાં પહેલાં પરિણામ શું આવશે ? તેનો વિચાર કરી કાર્યનો આરંભ કરવો. 'આગ લાગે ને કુવો ખોદે' તેવું ન થાય 'પાણી આવે તે પહેલા પાળ બાંધે' તેને દીર્ઘ દ્રષ્ટા કહેવાય છે.

● જે કાળે જે કરવા યોગ્ય હોય તે કરે. સારા સાર સમજી દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવનો વિચાર કરી વર્તનાર માણસની કીર્તિ ફેલાય છે. પંચમાં પૂજાય છે. લોકપ્રિય બને છે. તેમજ પોતાનો અને પરનો તે ઉદ્ધાર કરી શકે છે.

27 **સારા-ખોટાના જાણકાર થવું :**

● મનુષ્ય જાત એક છતાં રાજા-રાજામાં, પ્રધાન-પ્રધાનમાં, શેઠ શેઠમાં, નોકર નોકરમાં, પિતા-પિતામાં, પુત્ર-પુત્રમાં, ભાઈ-ભાઇમાં, પણ સ્વભાવનો તફાવત આપણે જોઇ શકીયે છીએ.

● દુધ નામથી એક જ છે-છતાં-ગાયનું દૂધ, ભેંસનું દૂધ, ઊંટડીનું દૂધ, ગર્દભીનું દૂધ, બકરીનું દુધ, થોરનું દૂધ, આકડાનું દૂધ, વડનું દૂધ એમ બધાનાં ગુણ દોષમાં મોટો તફાવત દેખાય છે.

● જનાવરમાં પણ વાઘ-સિંહ-ઘોડા-હાથી, બળદ, ગાય, ભેંસ વગેરેમાં ગુણ દોષ જુદા જુદા દેખાય છે. તેને સમજીને જે વિશેષજ્ઞ પુરૂષ પોતાનામાં ગુણોને વિકસાવવા ગુણ-દોષ વચ્ચેનું અંતર જાણે અને દોષનો ત્યાગ કરી પોતાનામાં ગુણ વિકસાવે તે દીર્ઘદ્રષ્ટા જાણવો.

● આત્માનું કર્તવ્ય - અકર્તવ્ય, પુદ્ગલનું કર્તવ્ય - અકર્તવ્ય,-જાણીને વિચાર કરી વર્તન કરનાર પરંપરાએ દીર્ઘદૃષ્ટા બની સુખી થાય છે.

28. **ઉપકારો જાણવા કૃતજ્ઞ બનવું :**

● કટોકટીના પ્રસંગે, દુઃખના સમયે, દરિદ્રતાના સમયે,

ભૂખના કે તરસના સમયે સહાનુભૂતિની, પૈસાની, અન્નપાણીની કે જ્ઞાન ભણવા જ્ઞાનના સાધનોની, ઇત્યાદિ કઈ પણ સહાય કોઈએ કરી હોય તો તેનો ઉપકાર ભૂલવો નહિ.

● થોડો પણ ઉપકાર કરનારનો ગુણ ભૂલવો જોઈએ નહિ, કયારે પ્રસંગ આવે અને ઉપકારનો બદલો વાળું એવો ભાવ રાખવો જોઈએ.—શ્રીપાળ મહારાજાને ધવલ શેઠે વહાણમાં આશરો આપ્યો—એટલા ઉપકારને પણ તેઓ ભૂલ્યા નહિ અને અનેકવાર તેને બચાવ્યો.

● ઉપકારના બદલામાં ઉપકાર કરવો તેનાં કરતાં "અપકારી ઉપર ઉપકાર કરવો તે ખરો ઉપકાર છે." આપણે કોઈનો ઉપકાર ભૂલવો નહિ, અને આપણે કોઈના ઉપર ઉપકાર કર્યો હોય તો તેનો બદલો લેવાની ભાવના રાખવી નહિ, ને કોઈના અપકારને યાદ કરવો નહિ.

● કૂતરાને રોટલો આપો તો કેટલો વફાદાર રહે છે. સિંહ-હાથી જેવા-પ્રાણીઓ પણ વફાદારી બતાવે છે. તો માનવથી કોઈનો કિંચિત્ માત્ર ઉપકાર તેમ જ ધર્મગુરુઓનો ઉપકાર શી રીતે ભૂલી શકાય ?

29. લોકપ્રિય બનવું :

● વિનય કરવાથી, પ્રિય બોલવાથી, નમ્રતા રાખવાથી, સરળતા ધારણ કરવાથી,–લોકપ્રિય બનાય છે. સત્ય બોલનાર, પરોપકાર કરનાર, નિસ્વાર્થ કામ કરનાર લોકપ્રિય બને છે.

● સારૂ વર્તન કરવાથી આપણું જ ભલું થાય છે. લોકોને બતાવવા માટે સારૂં વર્તન કરવાનું નથી. પરંતુ

આપણું વર્તન બીજાને દુઃખરૂપ ન થવું જોઈએ એ ભાવથી સારૂં વર્તન કરવાનું છે.

● પ્રાચીન કાળમાં ભામાશાહ, જગડુશાહ, વસ્તુપાળ, તેજપાળ, સંપ્રતિ મહારાજા, કુમારપાળ, વિમળમંત્રી, પેથડશાહ, વગેરે બીજા માટે કાર્યો કરી લોકપ્રિય બનેલ છે. તેના કાર્યો સૌને સારાં લાગે છે. સરળતા, નિષ્કપટતા એ મોક્ષનો સરળ માર્ગ છે. નિષ્કપટી જીવન જીવનાર જ આગળ વધી શકે છે ને લોકપ્રિયતા ટકાવી શકે છે.

30. **લજ્જાવાવ થવું :**

● લજ્જા હોય ત્યાં મર્યાદા હોય, મર્યાદા હોય ત્યાં સદાચાર, શિષ્ટતા તેમજ નીતિ હોય, નીતિ હોય ત્યાં જ ધર્મની પ્રાપ્તિ હોઈ શકે છે.

● નિર્લજ્જ બનવાથી આત્માનું અહિત થાય, બીજાનું અહિત થાય, રાજા દંડે, લોકો નિંદે, વ્યભિચાર, જુગાર, હિંસા, ઈર્ષા, નિંદા, કજીયા, કલેશ વગેરે જીવનમાં પગ પેસારો કરે. એનાથી બચવા અવશ્ય લજ્જાવાન બનવું જોઇએ અર્થાત્ ખરાબ કાર્યો કરવામાં લજ્જાવાન બનવું જરૂરી છે.

● ઈશારો કરે ને નઠારા કાર્યોથી પાછો ધરે તે લજ્જાવાન છે. તે દોષોને ભૂલોને સુધારવા આનાકાની કરતો નથી. ભૂલોને સુધારી ગુણોને તે પ્રાપ્ત કરી શકે છે માટે લજ્જાળુ બનવું જોઈએ.

31 **દયાળુતા રાખવી :**

● આંધળા–લુલા–લંગડા–પાંગળા–મૂંગા, બ્હેરાં, રોગી, હાથ પગ વિનાના, અશકત, નિરાધાર, નિર્ધન, વિપત્તિવાળા દુઃખી જીવોને મદદ કરવી જોઈએ. કારણ દયા ધર્મનું મૂળ છે.

● આપણને દુઃખ જોઈતું નથી. સુખ જોઇએ છે. તેમ બીજાને દુઃખ જોઇતું નથી સુખ જોઈએ છે. તો આપણે તેમને સુખ આપવું જોઈએ. સુખ આપવાથી સુખ મળે છે. દુઃખ આપવાથી દુઃખ મળે છે. માટે દુઃખી જન ઉપર દયા કરવી. પશુ–પક્ષી–ગાય–ભેંસ–કીડી–મકોડા આદિ જીવ માત્ર પ્રત્યે કરૂણા રાખવી તે માનવતા છે. મેઘકુમારે અઢી દીવસ સુધી સસલાને બચાવવા પગ ભોંય પર મૂકયો નહોતો તો માણસ જેવો માણસ બીજા જીવો પ્રત્યે નિર્દય શી રીતે બની શકે ?

32. શાંત સ્વભાવવાળા બનવું :

● શાંત અને સુંદર સ્વભાવવાળો સદા આનંદિત રહે છે, પ્રસન્ન રહે છે. બધાને વિશ્વાસ ઉપજાવી શકે છે.

● કોઈના હાથે નુકશાન થાય ત્યારે ક્રોધી બને, ગાળો દે, કજીયો કરે તો નુકશાન થયેલું પાછું આવતું નથી. માટે શાંત–સ્વભાવવાળો કહે : ‘ભાઈ હરકત નહિં, થયું તે થયું. હવે ધ્યાન રાખજો.’ પોતે ક્રોધી બને નહિ બીજાને કડવા વચન સંભળાવે નહિ. ગમે તેવી વિપરીત પરિસ્થિતિમાં પણ ક્રોધને વશ ન થતાં શાન્ત, પ્રશાંત તેમજ ઉપશાંત રહેવું જોઇએ.

33. પરોપકારમાં તત્પર રહેવું :

● સ્ત્રી – માતા – પિતા – પુત્ર – ભાઇ – ભત્રીજા બેન વગેરે કુટુંબીની સાર–સંભાળ કરાય તે ઉપકાર નથી. માત્ર ફરજ છે. પરંતુ બીજા જીવોની દયા લાવી, નિસ્વાર્થપણે મનથી – વચનથી – કાયાથી અને ધનથી – ઉપકાર કરવો તે ઉપકાર છે.

● શરીરના રક્ષણ કે પોષણ સંબંધી જે જે મદદ આપવામાં આવે તે દ્રવ્ય ઉપકાર છે. અને આત્માનું ભાન

કરાવી બીજાને ધર્મ માર્ગે દોરવો, બીજાને સ્થિર કરવો, તે ભાવ ઉપકાર છે. અપકારી ઉપર ઉપકાર કરવો તે ખરો ઉપકાર છે.

34. કામક્રોધાદિ શત્રુઓને જિતવા :

● કામ–ક્રોધ–લોભ–માન–મદ અને હર્ષ આ છ શત્રુઓ આપણને સંસારમાં રખડાવે છે.

● બહારના શત્રુઓને ઉત્પન્ન કરનાર અંતરના શત્રુઓ છે. માટે તે અંતર શત્રુઓને દૂર કરવા પુરૂષાર્થ કરવો.

35 ઇંદ્રિયોને વશ રાખવી :

● સ્પર્શના, રસના, ઘ્રાણ, ચક્ષુ ને શ્રાવણ (ચામડી–જીભ–નાક–આંખ અને કાન) આ પાંચ ઇંદ્રિયો છે ને છઠ્ઠું મન છે. તેને વશ રાખવું. અંકુશમાં રાખવું. શરીર રથ છે. ઇંદ્રિયો ઘોડા છે. મન સારથિ છે. આત્મા રથમાં બેસનાર માલિક છે. ઇંદ્રિયોરૂપી ઘોડાને અંકુશમાં મૂકી આત્મા જીવનરથ ચલાવે તો સુખી થાય. ઇન્દ્રિયોનો અસંયમ દુઃખનો માર્ગ છે.

● આ પાંત્રીશ ગુણો માનવ–જીવન માટે મોક્ષમાર્ગમાં ઉપર ચઢવા માટેના પાંત્રીસ પગથિયા છે.

— માનવ પોતે આ પાંત્રીસ ગુણો સમજી જાય ને જીવનમાં ઉતારી જાણે તો એના જીવનનું ગુલાબ, ખિલખિલાટ હાસ્ય વેરતું અને સંસ્કારની સુવાસ ફેલાવતું સહુને માટે આકર્ષણ રૂપ બન્યા વિના રહે નહિ.

પાંત્રીસ ગુણ એ ધર્મનો પાયો છે. જેટલો પાયો મજબૂત હશે એટલી જ ધર્મની ઇમારત મજબૂત બનશે.

卐

ભક્ષ્યાભક્ષ્ય વિચાર

આત્માનો સ્વભાવ આહારી નથી.

આત્માનો સ્વભાવ અણાહારી છે.

આત્માને શરીરનો વળગાડ વળગ્યો છે માટે ખાવા આપવું પડે છે. શરીરને પણ એ માટે આપવાનું છે કે એનાથી કંઈક ધર્મની સાધના થઈ શકે.

શરીર તો માટી છે. ધર્મ આરાધના સોનું છે. માટી વેચી અંતે તો ખરીદાય એટલું સોનું જ ખરીદવાનું છે.

આવા માટી જેવા શરીરને એવું તો ખાવાનું ન જ અપાય કે જેથી શરીર માથે ચડી બેસે ને ધર્મ પગ નીચે રહી જાય.

શરીરને આહાર એ માટે જ આપવાનો છે કે 'આહારની સહાયથી શરીર દ્વારા અણાહારી પદ પ્રાપ્ત કરી શકાય'

તો ખાવાનું આપતા પહેલા એ વિચારવું જોઇયે કે 'શું ખાવાનું આપવું....? ભક્ષ્ય કે અભક્ષ્ય? ક્યારે ખાવાનું આપવું....? રાત્રે કે દિવસે? કેટલી વાર ખાવાનું આપવું....? એકવાર બેવાર કે ત્રણવાર?

એ જાણવા માટે ભક્ષ્યાભક્ષ્ય વિચાર વાંચવા ભલામણ છે.

☆

આહાર વિચાર

● આહાર શુદ્ધિથી વિચાર શુદ્ધિ અને વિચાર શુદ્ધિથી વર્તન શુદ્ધિ આવે છે. રાજસીને તામસી આહારથી મનમાં કલુષિત વિચારો જન્મે છે. અનેક રોગોની ઉત્પત્તિ, અનેક જીવોની હિંસા અને અનાચારોની પ્રવૃત્તિ થાય છે, એ પ્રવૃત્તિ જીવનને અધોગતિમાં લઈ જાય છે.

● રાજસી અને તામસી આહાર ત્યાગ કરવા લાયક છે. અને તે માટે બાવીશ અભક્ષ્યો શાસ્ત્રકારોએ બતાવ્યા છે.

● અભક્ષ્યો એટલે ન ખાવા લાયક પદાર્થો. તે પદાર્થો ખાતા ન હોઈએ છતાં પચ્ચખાણ નહિ લેવાના કારણે તેના પાપો લાગે છે. માટે નિયમ લઈ અવશ્ય ત્યાગ કરવો. જેથી અનેક પાપોથી બચી જવાય.

બાવીશ અભક્ષ્યો

1. મધ	9. બોળ અથાણું	17 વડના ટેટા
2. માખણ	10 રાત્રિ ભોજન	18 ઉંબરના ટેટા
3. માંસ	11 દ્વિદળ	19 કાળા ઉંબરાના ટેટા
4. મદિરા (દારૂ)	12 ચલિતરસ	20 પારસ પીંપળાના ટેટા
5. બરફ	13 બહુ બીજ	21 પ્લક્ષની ટેટી
6. કરા	14 વેંગણ	22 અનંતકાય.
7. ઝેર	15 તુચ્છ ફળ	
8. માટી	16 અજાણ્યા ફળ	

● **મીઠાઈ, ખાખરા, લોટ** વગેરેનો કાળ નીચે

જણાવ્યો છે. તે સમય થઈ ગયા બાદ અભક્ષ્ય છે. તે સમય પહેલાં પણ સ્વાદ બદલાઈ જાય તો અભક્ષ્ય જાણી ત્યાગ કરવો.

1. અષાઢ સુદ–૧૫ થી કારતક સુદ ૧૫ સુધી **પંદર દિવસ** પછી અભક્ષ્ય.

2. કારતક સુદ–૧૫ થી ફાગણ સુદ ૧૫ સુધી **ત્રીસ દિવસ** પછી અભક્ષ્ય.

3. ફાગણ સુદ ૧૫ થી અષાઢ સુદ ૧૫ સુધી **વીસ દિવસ** પછી અભક્ષ્ય.

● કેરી અને રાયણ, આદ્રા નક્ષત્ર પછી અભક્ષ્ય છે. ખજુર, ખારેક, સુકો મેવો, અને સર્વ ભાજી, તાંદળજો, મેથી, કોથમીર, પતરવેલીયાના પાન વગેરે ફાગણ સુદ ૧૪ થી કારતક સુદ ૧૫ સુધી ૮ મહિના અભક્ષ્ય છે.

ખાસ: જરૂરી : આપણે કુળાચારથી – દેશાચારથી કે–વ્યવહારથી ઘણી વસ્તુઓ વાપરતાં નથી. છતાં તેના પચ્ચક્ખાણ નહિ લેવાથી તેનો દોષ લાગે છે. માટે નિયમ અવશ્ય લેવો જોઈએ. જેમ ઉપવાસ કર્યો હોય પણ પચ્ચક્ખાણ ન લઈયે તો ઉપવાસનો લાભ મળતો નથી એમ કોઇપણ વસ્તુનો નિયમ ન લઈયે તો પાપથી બચી શકાતું નથી.

બાવીસ અભક્ષ્યો

ચાર મહા વિગઈઓ :

૧. મધ, ૨. મદિરા, ૩. માંસ, ૪. માખણ.

● મધ, મદિરા, માંસ, માખણ આ ચાર મહા વિગઇઓ

છે. વિગઈ એટલે વિકૃતિ કરે તે. ચારે મહા-વિગઈમાં તે તે રંગના અતિસૂક્ષ્મ જીવો ઉત્પન્ન થાય છે ને મરે છે.

● જે વાપરવાથી વિકારી વૃત્તિ, કામાવાસના તેમજ અનેક રોગોની ઉત્પત્તિ થાય છે.

● અનેક જીવોની હિંસા થાય છે. દરેક ધર્મમાં તેનો નિષેધ કરેલ છે. મહાવિગઈ વાપરવાથી બુદ્ધિ ભ્રષ્ટ થાય છે. જીવનની અધોગતિ થાય છે.

● 1. **મધ :** માખી, ભમરી, કુંતાની થુંકમાંથી બને છે. મધમાખીને ત્રાસ આપી મધ કઢાય છે. મધપુડામાંથી અશક્ત એવા અનેક બચ્ચાઓ ધુમાડાથી ગુંગળાઈને મરી જાય છે તેના મધુરરસના કારણે અનેક ત્રસ જીવો,-કીડીઓ, ઉડતા જીવો, ચોંટીને મરી જાય છે. મધમાખીઓની અશુચિ તથા તેના ઈંડાનો રસ મધમાં ભળે છે.

● દવા માટે પણ તે વાપરવું જોઈએ નહિ. તે અતિ દુર્ગંછનીય છે. મધના બદલે પાકી ચાસણી, મુરબ્બાનો રસ કે ઘીસાકરથી પણ દવા લઈ શકાય છે.

● 2. **મદિરા :** મદિરાથી બુદ્ધિ ભ્રષ્ટ થાય છે. મદિરા પીનાર માણસ માતા, બેન, દીકરી, સાથે સ્વસ્ત્રી જેવું વર્તન કરે છે. રસ્તામાં, બજારમાં નગ્નપણે સુવે છે. બેભાન બની પડ્યો રહે છે. ગુઢ વાતો પ્રગટ કરે છે. વિવેક, સંયમ, સભ્યતા, ક્ષમા, આદિ સર્વ ગુણોનો હાથે કરીને નાશ કરે છે.

● સુરા, કાદંબરી, વીસ્કી, દારૂ, શરાબ, દ્રાક્ષા-સવ, વાઈન, લઠ્ઠો, બીયર કે વોટ, સર્વેમાં સૂક્ષ્મ જીવો નિરંતર

ઉત્પન્ન થાય છે ને મરે છે. તેનું સેવન કરવાથી અનેક જીવોની હિંસાનું પાપ લાગે છે. ને જીવન બરબાદ બને છે.

● 3. **માંસ :** પંચેન્દ્રીય જીવોના વધથી માંસ મળે છે. શુક્ર અને લોહીથી ઉત્પન્ન થયેલા વિષ્ટાના રસથી વધેલા લોહી વડે તૈયાર થયેલ દુર્ગંછનીય માંસનું ભોજન કોણ કરે?

● જેને જન્મ મરણ જોઈતા નથી. તેને કોઈના મરણમાં નિમિત્ત બનવું ન જોઈએ. અનેક જીવોની હિંસા રૂપ માંસ આ ભવ, આવતો ભવ અને ભવોભવને બગાડે છે.

● માંસાહારના મહાપાપથી ઇષ્ટનો વિયોગ, દુઃખ, દરિદ્રતા, દુર્ભાગ્ય, નિરાધારપણું, પરાધીનપણું વગેરે અનેક સંકટો પાપથી ભોગવવા પડે છે. માટે માંસાહારનો ત્યાગ કરવો જોઈએ.

4. ● **માખણ :** માખણને છાશમાંથી બહાર કાઢયા પછી તરત જ તે જ રંગના સૂક્ષ્મ જીવોનો સમૂહ તેમાં પેદા થાય છે. તેથી માખણ અભક્ષ્ય છે.

માખણ છાશમાં હોય ત્યાં સુધી ભક્ષ્ય છે. બહાર કાઢતાં તરત જ અભક્ષ્ય થઈ જાય છે.

● માખણ કામવાસના ઉત્પન્ન કરનારું છે. ચારિત્ર, સદાચાર માટે હાનિકર્તા છે. જેથી સર્વજ્ઞ ભગવંતોએ જ્ઞાનથી જોઈ જાણી નિષેધ કરેલ છે.

5. 6. **બરફ (હિમ) કરા :** ત્રણે ચીજોમાં સરખો દોષ છે. પાણીના એક બિંદુમાં અસંખ્ય જીવો હોય છે. એમ જ્ઞાનીઓ કહે છે.

● પાણીને મશીનમાં ખૂબ જ ઠંડુ કરવાથી બરફ જામે છે. કણે કણે અસંખ્ય જીવો બરફમાં હોય છે.

કરા–હિમ એ પાણીનું ઘનસ્વરૂપ છે. બરફ, આઈસ્ક્રીમ, બરફના ગોળા, શરબતો, કુલ્ફી, ઠંડા પાણી વગેરે વાપરવાથી અજીર્ણ થાય છે. અનેક રોગોની ઉત્પત્તિ થાય છે.

7. **ઝેર :** સોમલ, વચ્છનાગ, તાલપુટ, અફીણ, હડતાળ, ઝેર, કોચલા, ધતુરો, આંકડો, રસાયણો વગેરે અનેક પ્રકારના છે. જે વધુ પડતા વાપરતાં પ્રાણઘાતક બને છે. ડી. ડી. ટી. પણ ઝેર છે માટે તેનો ઉપયોગ પણ કરવો નહીં, તમાકુ પણ ઝેરી વસ્તુ છે. તેનાથી બનતાં બીડી, સીગારેટ, ચીરૂટ, ચલમ, છીંકણી વગેરે દ્રવ્યો ભાવ આરોગ્યને નુકસાન કરનાર છે.

8. **માટી :** માટીથી કેન્સર વગેરે રોગો થાય છે.

● સર્વ પ્રકારની માટી, કાચું મીઠું, ખડી, ખારો, ભૂતડો વગેરે સર્વ અભક્ષ્ય છે. કણે કણે પૃથ્વીકાયના અસંખ્ય જીવો એમાં હોય છે.

● માટીથી પથરીનો રોગ, પાંડુ રોગ, આમવાત પિત્તની બિમારી વગેરે રોગો થાય છે. માટી સમૂર્ચ્છિમ જીવોની યોનિરૂપ છે, જેથી અભક્ષ્ય છે.

● ચાક, ચૂનો, ગેરૂ, અચિત્ત હોવાથી તેનો ઉપયોગ કરી શકાય છે.

9. **સંધાણ બોળ અથાણું :**

● કેરી, લીંબુ, ગુંદા, કોરડા, કરમદાં, કાકડી, ચીભડાં, મરચાના સંભારો વગેરે ભરી તૈયાર કર્યા હોય તો ત્રણ

દિવસ ઉપરાંત ચોથે દિવસે અથાણામાં અનેક ત્રસ જીવો ઉપજે છે ને મરે છે.

● તડકે કડક થયા વિનાના અથાણામાં બેઇંદ્રિય જીવો ઉત્પન્ન થાય છે. એંઠે હાથે સ્પર્શ કરાય તો પંચેન્દ્રિય સમૂચ્છિંમ જીવો ઉપજે છે. ત્રસ જીવોની હિંસાનો દોષ લાગે છે.

● છુંદા મુરબ્બાઓ ત્રણ તારની ચાસણી ન થઈ હોય તો ખપે નહિ.

કેરી, ચીભડાં, મરચાં, ગુંદા, કાકડી, ખંગડી જેવા કડક ન થાય તો તે અભક્ષ્ય છે. સ્વાદ ફરી જાય અથવા લીલફુલ કે છારી વળી હોય તો પણ ખપે નહિ.

(10) **રાત્રિ ભોજન :** સૂર્યાસ્ત થયા પછી બીજે દિવસે સૂર્યનો ઉદય થાય ત્યાં સુધી ચાર પહોરની રાત્રિ ગણવામાં આવે છે.

● સૂર્યાસ્ત થયા પછી અનેક સૂક્ષ્મ જીવોની ઉત્પત્તિ થાય છે. જે લાઈટના પ્રકાશમાં પણ દેખી શકાતા નથી. જે ભોજનમાં આવી જવાથી નાશ પામે છે.

રાત્રે જમવાથી અજીર્ણ થાય છે. આરોગ્ય બગડે છે. આળસ વધે છે. ને સવારે ઉઠવાનું મન થતું નથી. અનેક રોગની ઉત્પત્તિ થાય છે.

● રાત્રે ભોજન કરતાં ઝેરી જંતુઓની લાળ આવી જાય તો મૃત્યુ થાય છે. સૂર્યાસ્ત થયા પછી પાણી પીવું લોહી

બરાબર છે. ને અનાજ ખાવું માંસ બરાબર છે. એમ માર્કંડ પુરાણમાં માર્કંડ ઋષિએ પણ જણાવેલ છે.

● રાત્રિ ભોજન કરવાથી ઘુવડ, કાગડા, બિલાડી, ગીધ, ભૂંડ, સર્પ, ઘો, સાબર, વીંછી વગેરેના ભવોમાં જન્મ લેવો પડે છે.

● દિવસની ને રાત્રિની નજીકની બે ઘડી એટલે સૂર્યાસ્ત પહેલાંની અને સૂર્યોદય પછીની બબ્બે ઘડીઓ ભોજનમાં અવશ્ય તજવાની છે.

● રાત્રિ ભોજનમાં અન્ન, પાણી, ખાદિમ, અને સ્વાદિમ ચારે આહારનો ત્યાગ કરવાનો હોય છે; પૂર્વાચાર્યોએ નરકના દ્વારમાં રાત્રિ ભોજનને પ્રથમ બતાવેલ છે.

● (1) ભોજનમાં જુ આવી જાય તો જલંધર થાય છે. (2) કીડી આવે તો બુદ્ધિમંદ બને છે. (3) માખી આવે તો ઉલ્ટી થાય છે. (4) કરોળીયો આવે તો કોઢ થાય છે. (5) વીંછી આવે તો તાળવું વિંધાય છે. (6) ગરોળી કે તેના અવયવો આવે તો ગંભીર સ્થિતિ થાય છે. (7) મચ્છરો આવે તો તાવ આવે છે. (8) સર્પનું ઝેર આવે તો મરણ થાય છે. (9) રોગીષ્ટ જંતુ આવે તો કેન્સર થાય છે. (10) ઝેરી પદાર્થ આવે તો ઝાડા ઉલ્ટી થાય છે. (11) વાળ આવે સ્વરભંગ થાય છે.

11. **દ્વિદળ :** જેમાંથી તેલ નીકળે નહિ તે દ્વિદળ કહેવાય છે.

● ઘોલવડાં એટલે દ્વિદળ કઠોળની સાથે કાચાદૂધ,

દહીં કે છાશ, તેમજ તેની સાથે મેળવણી કરેલ કોઈપણ ચીજ હોય તેમાં તરત જ બેઇન્દ્રીય જીવોની ઉત્પત્તિ થાય છે.

● દ્વિદળને સામાન્ય રીતે કઠોળ ધાન્ય કહીએ છીએ. જેમાંથી તેલ ન નીકળે-બે સરખી ફાડ થાય અને ઝાડના ફળરૂપ ન હોય તે દ્વિદળમાં ગણાય છે.

● ચણા, મગ, મઠ, અડદ, તુવેર, વાલ, ચોળા, કળથી, વટાણા, લાંગ, મેથી, લીલવા વગેરે તથા તે કઠોળના લીલાં સુકાં પાન-પાંદડા, ભાજી તથા તેનો લોટ, દાળ અને તેની બનાવટો વગેરે પણ દ્વિદળ ગણાય છે. જેમ કે :-વાલોળ, ચોળાફળી, તુવેર, લીલા વટાણા, લીલા ચણા, પાંદડીવાળું શાક તથા તેની સુકવણી, સંભારો, અથાણું, દાળ, કઢી, શેવ, ગાંઠીયા, ખમણઢોકલાં, પાપડ, બુંદી, વડા, ભજીયાં વગેરે સાથે કાચા દૂધ, દહીં કે છાસનો યોગ થતા અભક્ષ્ય બને છે.

● દુધ, દહીં, છાશ ને હાથે દાઝે તેવું ખુબ ગરમ કરેલ હોય તો ઠંડા થયા પછી ઉપરની કઠોળની ચીજો તેની સાથે વપરાય તો દોષ લાગે નહિં.

છાશ, દહીંને વધુ ગરમ કરવાથી ફાટી જાય તો તે માટે મીઠું કે બાજરીનો લોટ નાંખવાથી ફાટી જતાં નથી માટે રાયતાં, દહીંવડા, શ્રીખંડ, કઢી, મેથી નાંખેલા અથાણાં, મેથીની ભાજી, ખમણ-ઢોકળાં, વાલની દાળ વગેરે સાથે કઠોળ વસ્તુ વાપરતાં બહુજ ઉપયોગ રાખવો જરૂરી છે. કેવળી ભગવંતોએ અનેક જીવોની ઉત્પત્તિ જ્ઞાનથી જોઈ છે.

12. **ચલિતરસ :**

● રૂપ, રસ, ગંધ, સ્પર્શ, વગેરે બદલાઈ જાય તેને

"**ચલિતરસ**" કહેવાય છે. કોહાઈ ગયેલી વાસી વસ્તુઓ વગેરે તેમજ જેનો સ્વાદ બદલાઈ જાય તે બધા ચલિતરસ છે.

● સ્વાદમાં ખોરાશ કે અરૂચિકર લાગે, ગંધ ખરાબ થઈ જાય, તે વસ્તુમાં ત્રસજીવો–તેજ રંગના લાળીયા જીવો ઉત્પન્ન થાય છે. લીલી સફેદ છારી પાપડ પર ઉપસે તેમાં નિગોદના જીવો ઉત્પન્ન થાય છે અનંતજીવમય નિગોદની અને ત્રસ જીવોની હિંસાને કારણે ચલિતરસ અભક્ષ્ય છે.

● રોટલો, રોટલી, ભાખરી, દાળ, ભાત, શાક, ખીચડી, શીરો, લાપશી, ભજીયા, થેપલાં, પુડલાં, વડા, નરમપુરી, ઢોકળાં વગેરે રાત્રિ વ્યતીત થયા પછી વાસી ગણાય છે. તેમાં પાણીનો અંશ હોવાના કારણે **બેઇન્દ્રીય જીવોની** ઉત્પત્તિ થાય છે. જે ગરીબોને કુતરા, ગાય કે ઢોરોને આપતાં ત્રસજીવોની હિંસા થાય છે, તેનો દોષ આપનારને લાગે છે.

● કાળ વીતી ગયેલ **મીઠાઈ, ફરસાણ, લોટ** તેમજ બે રાત્રિ ઓળંગી ગયેલ દહીં, છાશ અને તેમાં બનાવેલા બનાવેલાં વડાં, થેપલાં, બીજી રાત પછી અભક્ષ્ય બને છે. ચલિતરસ તથા વાસી વસ્તુ ખાવાથી આરોગ્ય બગડે છે. ઝાડા ઉલ્ટી થાય છે. ને કોઈ સમયે મરણ પણ થાય છે. તેવા અનેક દાખલા વર્તમાનપત્રોમાં વાંચવા મળે છે. માટે તેનો ત્યાગ કરવો જોઈએ.

13. **બહુ–બીજ :**

● જે ફળોમાં કે શાકમાં બે બીજ વચ્ચે અંતરપડ હોય નહિ અથવા બીજે બીજ અડેલાં હોય તેમજ જેમાં

ગર્ભ થોડો અને બીજ ઘણાં હોય તેમજ જેમાં બીજને જુદા જુદા ખાસ સ્થાન કે ખાના ન હોય. તે બહુ બીજ જાણવાં.

● બહુ બીજમાં ખાવાનું થોડું આવે છે, ને જીવહિંસા ઘણી જ થાય છે. જેથી તેનો ત્યાગ કરવો જોઈએ, લીલા અને સુકાં અંજીરમાં બીજ ઘણા હોય છે. જે જુદાં પાડી શકાતાં નથી. તેમજ જામફળ, જમરૂખ, દાડમ, તેના બીજ કડક હોવાને કારણે સચિત્ત જીવવાળા હોય છે. જેથી તે એકાસણા કે બેસણામાં કલ્પે નહીં.

● કોઠીંબડાં, ટીંમરૂ, રીંગણા, ખસખસ, રાજગરો, પંપોરા, પટોલમાં પુષ્કળ બીજો હોય છે. જેથી આરોગ્ય અને જીવહિંસાની દૃષ્ટિએ તેનો અવશ્ય ત્યાગ કરવો.

14. **વેંગણ :** ● સર્વ જાતિના રીંગણા અભક્ષ્ય છે. તેમાં બીજો બહુ સંખ્યામાં હોય છે. તેની ટોપીમાં સૂક્ષ્મ ત્રસ જીવો હોય છે. રીંગણાની સુકવણીનો પણ નિષેધ છે.

51. **તુચ્છફળ :** ● ચણીબોર, પીળું પીચું, ગુંદી, જાંબુ, સીતાફળ, વગેરે ફળો જેમાં ખાવાનું થોડું અને ફેંકી દેવાનું ઘણું હોવાથી તૃપ્તિ થતી નથી. અને શક્તિ પણ મળતી નથી. તે તુચ્છ ફળ હોવાથી વાપરવાં જોઈએ નહિ.

16. **અજાણ્યા ફળ :** ● અજાણ્યા ફળો કે જેનું નામ આપણે જાણતા નથી. જેના ગુણો આપણે જાણતાં નથી. તેમ બીજા કોઈ તેના નામ ગુણ જાણતા નથી તે બધા અજાણ્યા ફળ–ફૂલ ખાવાથી કોઈ વખત આત્મઘાત થાય છે. તેવા અજાણ્યા ફળો વાપરવા નહીં.

અજાણ્યા ફળનો ત્યાગ કરવાથી વંકચૂલ મરણથી બચી ગયો હતો. તો સમજીને આપણે પણ ત્યાગ કરવો જોઈએ.

17. ● ઉંબરો 18. કાળો ઉંમરો 19. વડના ટેટા 20. પીપલાની ટેટી 21. પ્લક્ષની ટેટી આ પાંચ ઉંબર ફળો છે. જેમાં રાઈના દાણાથી ઝીણાં સજીવ અગણિત બીજો હોય છે. જે જીવન નિર્વાહ માટે જરૂરી નથી અને રોગોત્પાદક છે, જે વાપરવાથી એક એક બીજે રહેલા જીવોનો નાશ થાય છે. તેથી તે અભક્ષ્ય છે.

22. **અનંતકાય :** ● વનસ્પતિકાય બે પ્રકારે છે.

● એક શરીરે એક જીવ હોય તેવી વનસ્પતિ. જેને ફળ, ફૂલ, છાલ, થડ, કાષ્ટ, મૂળ, લાકડું, અને બીજમાં અલગ અલગ જીવ હોય છે. તે પ્રત્યેક વનસ્પતિ કહેવાય છે.

● એક શરીરમાં અનંતા જીવો હોય છે. તે સાધારણ વનસ્પતિ કહેવાય છે. તેને અનંતકાય કહેવાય છે. અનંતકાયના લક્ષણો જીવ વિચારમાં નીચે પ્રમાણે જણાવેલ છે.

● આમ કંદમૂલાદિ અનંતકાયમાં અનંતા જીવો છે જે નહીં ખાવાથી અનંતા જીવોને અભયદાન આપ્યાનું ફળ મળે છે. આપણી જીભ અનંતા જીવોને કચરવા માટે મળી નથી. અનંતા જીવોને કચરવાથી ભવાંતરમાં જીભ મળતી નથી. ને અનંતકાયમાં અનંતકાળ રખડવું પડે છે. માટે તેનો ત્યાગ કરવો જોઈએ.

☆

બત્રીસ અનંતકાયના નામો

1. ભૂમિકંદ
2. લીલી હલદર
3. લીલો આદુ
4. સુરણ કંદ
5. વજ્ર કંદ કચુરો
6. લીલો કચુરો
7. શતાવરી વેલી
8. વિરાલી–લતા
9. કુંવર–પાઠું
10. થોર
11. ગળો
12. લસણ
13. વાંસ કારેલા
14. ગાજર
15. લુણી
16. લોઢક
17. ગરમર
18. કિસલય
19. ખીરસુઆકંદ
20. થેગ
21. લીલી મોથ
22. લુણ વૃક્ષની છાલ
23. ખીલોડા કંદ
24. અમૃત વેલી
25. મૂળો
26. બિલાડીના ટોપ
27. વત્થુલાની ભાજી
28. અંકુરા ફુટેલ કઠોળ
29. પાલક ભાજી
30. સુઅરવલ્લી
31. કોમળ આમલી
32. આલુ, રતાલું, પીંડાળુ

● બટાકા વગેરે અનંતકાય છે વધુ વિગત માટે અભક્ષ્ય. અનંતકાયવિચાર વગેરે વાંચી ગુરૂગમથી જાણી પૂછી ત્યાગ કરી શ્રાવકે અનંતા જીવોને અભય દાન આપવું જોઈએ.

નિયમ લેવાથી જ ત્યાગનો લાભ મળે છે. માટે અવશ્ય નિયમ લઈ ત્યાગનો લાભ મેળવવો જોઇએ.

[સ્મૃતિ શ્રેણિ આદિના આધારે]

☆

પચ્ચક્ખાણની આવશ્યકતા

પચ્ચકખાણ શા માટે....? આ એક આજના જમાનાનો ખાસ પ્રશ્ન છે....? એ પ્રશ્નનો જવાબ આ આખો વિભાગ વાંચવાથી મળી રહેશે.

બગીચામાં પાણી આવવા માટે નીક (નહેર) હોય છે. નગરમાં મનુષ્યોને આવવા માટે દરવાજા હોય છે. બંગલામાં હવા, ધૂળ અને પ્રકાશ આવે છે એનું કારણ બારી બારણા હોય છે. એ જ રીતે પાપનો કચરો પણ આત્માની અંદર આવીને ચોંટે છે તો એને આવવાના કોઈને કોઈ માર્ગ હોવા જ જોઈએ.

એ માર્ગનું જ્ઞાન ન થાય ત્યાં સુધી શકય જ નથી કે એ માર્ગને બંધ કરી આપણે આત્મ-મકાનને પાપ વિનાનું બનાવી શકીયે.

તીર્થંકર પરમાત્માએ કર્મને-પાપને આવવાનાં ચાર માર્ગો બતાવ્યા છે. જેમાં બધા જ માર્ગનો સમાવેશ થઈ જાય છે.

1. મિથ્યાત્વ 2. અવિરતિ 3. કષાય 4. યોગ.

1. સર્વજ્ઞ ભગવાને કહેલા તત્ત્વથી વિરૂદ્ધ માન્યતા ધરાવવાથી પાપ આવે છે.

2. કોઈ પણ પાપ પ્રવૃત્તિને પ્રતિજ્ઞા દ્વારા નહિ રોકવાથી પાપ આવે છે.

3. ક્રોધ, માન, માયા, અને લોભથી પાપ બંધાય છે.

4. મન, વચન અને કાયાને પાપવૃત્તિમાં જોડવાથી પાપ આવે છે.

— પાપને આવવાનાં ચાર માર્ગમાંથી બીજા નંબરના માર્ગને અવિરતિ કહેવામાં આવે છે. અવિરતિ એટલે કોઈ પણ પાપ પ્રવૃત્તિને પચ્ચક્ખાણ દ્વારા ન રોકવી તે !

આથી એક વસ્તુ નક્કી થાય છે કે કોઈપણ વસ્તુ ખાવ કે ન ખાવ, પીઓ કે ન પીઓ, ભોગવો કે ન ભોગવો પણ તે વસ્તુની પ્રતિજ્ઞા ન હોવાથી આત્મામાં પાપ આવીને ચોંટે જ છે. કારણ પાપને આવવાની બારી ખૂલ્લી છે. વસ્તુ ન વાપરવા છતાં વસ્તુની અભિલાષા ઇચ્છા રૂપ નીક ખુલ્લી–રહેવાથી પાપ આવે છે.

વસ્તુ ન હોવા માત્રથી કે વસ્તુ ન ખાવા માત્રથી તેનો ત્યાગ ગણાતો હોય તો જગતનો સૌથી મોટો ત્યાગી ભીખારીને જ ગણવો પડશે. પરંતુ કોઈ એને ત્યાગી કહેતું નથી.

વ્યવહારમાં પણ....

1. હાથમાં ચપ્પણિયું લઈ ભીખ માંગી ખાનાર અને ફૂટપાથ પર સૂનારને કોઈ બાગ બંગલા કે બાગીચાનો ત્યાગી કહેશે ખરૂં ?

2. જંગલમાં રહેનારા ભીલો અને ગરીબ મીલમજુરો કે જેમને ઘી, દૂધ ખાવા–પીવાનું તો શું જોવાનુંય ભાગ્યમાં નથી લખાયું તેમને એ વિગઈના ત્યાગી કોઈ કહેશે ખરાં ?

3. મૂંગા માણસને સત્યવાદી, ઠુંઠાને અહિંસક, પાંગલાને દિશાપરિમાણ વ્રતધારી કે નપુંસકને કોઈ બ્રહ્મચારી કહેશે ખરો ?

4. ટાઈફોઈડમાં કંઈ ન ખાનારાને અને સંગ્રહણીમાં માત્ર છાશ પીનારાને કોઈ મિષ્ટાન્નનો ત્યાગી કહેશે ખરો ?

5. દેવોને હજારો વર્ષ સુધી ખાવાની ઇચ્છા કે ભૂખ લાગતી નથી તેટલા માત્રથી તેમને કોઈ ઉપવાસી કહેતું નથી. કારણ પચ્ચક્ખાણ નથી.

6. કસાઈ પણ રાત્રે ઉંઘમાં હિંસા ન કરતો હોવાથી એને અહિંસક કોઈ નહિ કહે કારણ એને હિંસા ન કરવાની પ્રતિજ્ઞા નથી.

7. શક્તિ ન હોય કે સાધનનો અભાવ હોય એટલા-માત્રથી પાપ ન કરનારને પુણ્યશાળી કહેવાય તો સહુથી વધુ પુણ્યશાળી ઝાડ ગણાશે, બિચારૂં કાયમ સ્થિર રહે છે. કોઈને મારતું નથી કે પીડતું નથી. છતાં એનો સ્વર્ગ કે મોક્ષ થતો નથી કારણ એણે પ્રતિજ્ઞાપૂર્વક પાપ ન કરવાનો નિશ્ચય કર્યો નથી.

8. ખૂદ તીર્થંકર ભગવંતો કે જે જન્મથી જ પવિત્ર જીવન જીવનારા હોય છે. તેઓ પણ સમસ્ત સંસારનો ત્યાગ કરતી વખતે **सव्वं सावज्जं जोगं पच्चक्खामि ।** આ પ્રમાણે કરેમિભંતે સૂત્ર બોલીને હજારો માણસોની ને દેવોની વચ્ચે પ્રતિજ્ઞા કરે છે.

એથી એક વાત નક્કી થાય છે કે જીવનમાં પ્રતિજ્ઞાની ખૂબ જ મહત્તા છે ! પ્રતિજ્ઞા વગરનું કે પચ્ચકખાણ વિનાનું જીવન પશુજીવન છે.

— વ્યાજ નક્કી કર્યા વિના કોઈને ત્યાં પૈસા મૂકી દેવા

માત્રથી જેમ વ્યાજ મળતું નથી. તેમ ભક્ષ્ય કે અભક્ષ્ય પદાર્થોની પ્રતિજ્ઞા લીધા વિના તેનું પુણ્ય પણ મળતું નથી.

— પેઢીનો ભાગીદાર પેઢીમાંથી પોતે છૂટા થવાની નોટીસ ન આપે ત્યાં સુધી તે પેઢીમાં થતા નફા તોટાનો ભાગીદાર પોતે ગણાય જ છે તેમ પાપ કર્મની પેઢીમાંથી આત્મારૂપ ભાગીદાર પ્રતિજ્ઞારૂપ નોટીસ આપી છૂટો ન થાય ત્યાં સુધી પાપનો ભાગીદાર બને જ છે.

— આ ઉપરથી પચ્ચક્ખાણની શું મહત્તા છે એ સમજાઈ જાય છે તેથી ભક્ષ્ય કે અભક્ષ્ય ન ખાતા હોય કે ન ખાવું હોય તો તેનું પચ્ચક્ખાણ શ્રાવકે અવશ્ય લઈ જ લેવું જોઈએ. જેથી પુણ્ય બંધ શરૂ થઈ જાય અને પાપકર્મની નિર્જરા અને ગુણસ્થાનક પ્રત્યયી પાપકર્મ અલ્પરસ અને અલ્પસ્થિતિવાળું બંધાય.

માનવભવની વિશેષતા જ એ છે કે માનવ તપ–જપ–વ્રત–પચ્ચક્ખાણ કરી ભવને સફલ કરી શકે છે.

☆

શ્રાવકે શું કરવું જોઈએ?



—પરિશિષ્ટ

1. મુહપત્તિના પચાસ બોલ
2. મુદ્રાચિત્રો
3. પ્રશ્નોત્તર
4. પચ્ચક્ખાણનું ફળ
5. પચ્ચક્ખાણો
6. શ્રાવકના 21 ગુણો
7. શ્રાવકજીવનના નિયમો.

મુહપત્તીના પચાસ બોલ

સૂત્ર. અર્થ, તત્ત્વ કરી સદ્દહું	૧
સમ્યક્ત્વમોહનીય, મિશ્રમોહનીય, મિથ્યાત્વમોહનીય, પરિહરું	૩
કામરાગ, સ્નેહરાગ, દ્રષ્ટિરાગ પરિહરું	૩
સુદેવ, સુગુરુ, સુધર્મ આદરુ	૩
કુદેવ, કુગુરુ, કુધર્મ પરિહરું	૩
જ્ઞાન, દર્શન, ચારિત્ર, આદરું	૩
જ્ઞાન વિરાધના, દર્શન વિરાધના ચારિત્ર વિરાધના પરિહરું	૩
મનો ગુપ્તિ, વચન ગુપ્તિ, કાય ગુપ્તિ આદરું	૩
મનોદંદ, વચનદંડ, કાયદંડ પરિહરું	૩
	૨૫
હાસ્ય, રતિ, અરતિ પરિહરું	૩
ભય, શોક, જુગુપ્સા પરિહરું	૩
કૃષ્ણુ લેશ્યા, નીલ લેશ્યા, કાપોત લેશ્યા પરિહરું	૩
રસગારવ, રિદ્ધિગારવ, સાતાગારવ પરિહરું	૩
માયા શલ્ય, નિયાણુ શલ્ય, મિથ્યાત્વશલ્યપરિહરું	૩
ક્રોધ, માન પરિહરું	૨
માયા, લોભ પરિહરું	૨
પૃથ્વી કાય, અપ કાય, તેઉકાયની રક્ષા કરું	૩
વાયુ કાય, વનસ્પતિ કાય, ત્રસકાયની જયણા કરું	૩
	૫૦



←
ઊભા ઊભા કાઉસ્સગ્ગ શી રીતે કરવો...? એ સામેની જિનમુદ્રા જોવાથી સમજાશે.

જિનમુદ્રા

→
ખમાસમણ શી રીતે દેવું...? એ સામેની પંચાંગપ્રણિપાતમુદ્રા જોવાથી સમજાશે.

પંચાંગપ્રણિપાતમુદ્રા

પેજ નં. 64 પર આપેલ મુદ્રાત્રિકના ચિત્રો

યોગમુદ્રા

ચૈત્યવંદનના પ્રારંભથી
‘ઉવસગ્ગહરં’ સુધીની મુદ્રા

મુક્તાશુક્તિમુદ્રા

જયવીયરાય વખતની મુદ્રા
(આભવમખંડા સુધી)

અર્ધાજયવીયરાય બોલ્યા પછીની
‘વારિજ્જઈ’થી ‘જૈનંજયતિશાસનમ્’
સુધીની ચૈત્યવંદનની મુદ્રા

પ્રતિક્રમણમાં ચરવળો,
મુહપત્તિ હાથમાં લઈ હાથ
જોડી ઊભા રહી સૂત્રો
બોલવાની મુદ્રા

સંવત્સરિ પ્રતિક્રમણ સરળ વિધિ–સચિત્રમાંથી – સાભાર

પ્રશ્ન : નિયમ લઈને તોડી નાંખવો એ કરતા ન લેવો શું ખોટો ?

ઉત્તર : નિયમ હંમેશા પાળવા માટે જ અપાય છે. અને લેનારાઓ પણ પાળવા માટે જ લે છે. આમ છતાં નિયમ તોડી નાંખવો અને તૂટી જવો એ બેમાં ઘણો તફાવત છે.

નિયમ લેતાં પહેલાં જ 'ભાંગી જશે તો' એમ વિચારી ન લેનાર જો સંસારમાં પણ એ જ રીતનો વિચાર કરી પગલું ભરે તો એ કંઈ જ ન કરી શકે.

પણ, ધર્મના વિષયમાં એ આ બધા વિચાર કરે છે. સંસારમાં તો વગર વિચાર્યે ઝંપલાવે છે.

— દુકાન ખોલતી વખતે 'દેવાળું આવશે તો'? એમ એ વિચારતો નથી!

— છોકરી પરણતાં 'રંડાપો આવશે તો' એવો એ વિચાર કરતો નથી.

— ઘર બાંધતા 'ધરતીકંપ થશે તો' એવો એ વિચાર કરતો નથી.

— ડૉકટર વકીલ આદિની ડીગ્રી મેળવવા હજારો રૂપિયા ખરચતાં 'કદાચ ડૉકટર બનીને તરત જ મરી જઈશ તો' એવો વિચાર એ કરતો નથી.

સ્ટીમરમાં બેસી વિલાયત જતાં 'કદાચ સ્ટીમર વચમાં જ ડૂબી જશે તો!' એવો વિચાર એને આવતો નથી.

પ્લેનમાં બેસીને અમેરિકા, આફ્રિકા કે રશિયા જતાં તે વિચાર નથી કરતો કે પ્લેન તૂટી પડશે તો? માત્ર ધર્મના વિષયમાં જ કોઈ વ્રત પચ્ચખાણ કે નિયમ લેવાની વાત આવે ત્યારે એ વિચાર કરે છે કે તૂટી જશે તો?

પણ, ભવિષ્યમાં શું થશે? એની આપણને આજ ક્યાં કંઈ ખબર છે....? છતાં વેપાર કરવો,.... લગ્ન કરવા, ભણવું આદિ બધું જ કરીયે છીએ તેમ પ્રતિજ્ઞા તૂટી જશે તો? એવી શંકા કર્યા વિના પ્રતિજ્ઞા કે પચ્ચખાણ લઈ એને પાળવા પ્રયત્ન કરવો જોઈએ....છતાં તૂટી જાય તો પ્રાયશ્ચિત લઈ શુદ્ધ થઈ જવું જોઈએ. પણ પ્રતિજ્ઞા કે પચ્ચખાણ વિનાનું જીવન તો ન જ જીવવું જોઈએ.

— પ્રતિજ્ઞા લઈને અખંડ પાળનાર આત્મા અખંડ સૌભાગ્યવતી જેવો છે.

— પ્રતિજ્ઞા લઈને જેની તૂટી ગઈ છે તે આત્મા વિધવા જેવો છે.

— પણ, બિલકુલ પ્રતિજ્ઞા જ ન લેનાર આત્મા વેશ્યા જેવો છે....

માટે પ્રતિજ્ઞા કે પચ્ચકખાણ અવશ્ય કરવું જોઈએ.

☆

પચ્ચક્ખાણનું ફળ

સવારના ઓછામાં ઓછું નવકારશીનું અને સાંજના ચોવિહારનું પચ્ચકખાણ કરનારો પ્રાયઃ તિર્યંચ કે નરકગતિમાં જતો નથી. નવકારશી આદિ પચ્ચકખાણ કરનાર કેટલો લાભ મેળવે છે એ પણ જાણવા જેવું છે.

— નારકીમાં રહેલો આત્મા અકામ નિર્જરાથી અસહ્ય દુઃખો સહન કરી સો વર્ષમાં જેટલા કર્મ ખપાવે છે તેટલા કર્મો માત્ર નવકારશીનું પચ્ચકખાણ કરનારો ખપાવે છે.

— પોરસિથી એક હજાર વર્ષના, સાઢપોરસિથી દસ હજાર વર્ષના, પરિમૂઢથી એક લાખ વર્ષના, એકાસણાથી દસ લાખ વર્ષના, નિવીથી એક કરોડ વર્ષના, એકલઠાણાથી [માત્ર હાથ મોં સિવાય એકે અંગ હાલવું ન જોઈએ અને ઠામ ચોવિહાર કરવો જોઈએ] દસ કરોડ વર્ષના, એકલદત્તથી સો કરોડ વર્ષના, આયંબિલથી એક હજાર કરોડ વર્ષના, ઉપવાસથી દસ હજાર કરોડ વર્ષના, આમ એક એક ઉપવાસની વૃદ્ધિએ દસ ગુણા વર્ષો વધારતાં જવા–આટલા વર્ષના દુઃખો ભોગવી નારકી અકામ નિર્જરાથી જે કર્મ ખપાવે તે, શ્રાવક ઉપરના પચ્ચક્ખાણ કરવા માત્રથી ખપાવે છે.

માટે નવકારશી, પોરસિ, આયંબિલ, એકાસણું, ઉપવાસ આદિ પચ્ચક્ખાણ શ્રાવકે અવશ્ય કરવા જોઈએ.

વિશેષમાં મુટ્ઠસિ–ગંઠસી અને વેઢસી આદિ પચ્ચક્ખાણ પણ શ્રાવક માટે બહુ ઉપયોગી અને બહુફળ આપનારા છે.

મુઠસિ પચ્ચક્ખાણ : એટલે મુઠ્ઠસિ પચ્ચક્ખાણ લઈ જ્યારે પણ કંઈ ખાવું પીવું હોય ત્યારે મુઠ્ઠીવાળી ત્રણ નવકાર ગણી ખાવું પીવું અને પાછું તરત મુઠ્ઠસિ પચ્ચક્ખાણ લઈ લેવું.... આ પચ્ચક્ખાણથી ખાવા પીવાના સમય સિવાય આખો દિવસ પચ્ચક્ખાણમાં-વિરતિમાં રહેવાય છે.

ગંઠસિ પચ્ચક્ખાણ : ગંઠસિ પચ્ચક્ખાણ એટલે ગાંઠ મારી ગંઠસિનું પચ્ચક્ખાણ લઈ જ્યારે પણ કંઈ ખાવું પીવું હોય ત્યારે કપડાની ગાંઠ છોડી નવકાર ગણી ખાવું. પછી પાછી ગાંઠ મારી પચ્ચક્ખાણ લઈ લેવું.

આ રીતના જૂદા જુદા સંકેતોથી ૧ અંગૂઠો - ૨ મુઠ્ઠી ૩ ગાંઠ - ૪ ઘર - ૫ - પરસેવો - ૭ શ્વાસોશ્વાસ ૭ બિન્દુઓ અને ૮ દીવાની જ્યોત આદિના સંકેતથી પચ્ચક્ખાણનો લાભ લઈ શકે છે. દરેકમાં પચ્ચક્ખાણ નીચે પ્રમાણે જ લેવું માત્ર 'મુઠ્ઠી સહિયં'ને ઠેકાણે 'ગંઠિ સહિયં' આદિ બોલવું. આ પચ્ચક્ખાણથી મહિનામાં ઓગણત્રીસ ઉપવાસનો લાભ મળે છે.

મુઠસિ પચ્ચક્ખાણ : મુઠ્ઠિસહિયં પચ્ચક્ખાઈ, ચઉ-વિહંપિ આહારં, અસણં પાણં - ખાઈમં - સાઈમં - અન્નત્થણા ભોગેણં, સહસાગારેણં મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયા ગારેણં, વોસિરઈ.

☆

પચ્ચક્ખાણો

નમુક્કારસહિઅં મુટ્ઠિસહિઅં

ઉગ્ગએ સૂરે, નમુક્કારસહિઅં મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાઈ, ચઉવ્વિહંપિ આહારં, અસણં પાણં ખાઈમં સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરઈ.

પોરિસિ-સાઢપોરિસિ

ઉગ્ગએ સૂરે, નમુક્કારસહિઅં. પોરિસિ સાઢપોરિસિ મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાઈ ઉગ્ગએ સૂરે, ચઉવ્વિહંપિ આહારં, અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં સહસાગારેણં પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરઈ.

આયંબિલ નિવિ-એકાસણું-બિયાસણું

ઉગ્ગએ સૂરે, નમુક્કારસહિઅં, પોરિસિ, સાઢપોરિસિ મુટ્ઠિ સહિઅં પચ્ચક્ખાઇ ઉગ્ગએ સૂરે, ચઉવ્વિહંપિ આહારં, અસણં, પાણં, ખાઈમંસાઈમં અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં; આયબિલં નિવ્વિગઈઅં વિગઈઓ પચ્ચક્ખાઈ અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, લેવાલેવેણં ગિહત્થસંસટ્ઠેણં, ઉક્ખિત્તવિવેગેણં, પડુચ્ચમક્ખિએણં પારિટ્ઠાવણિયાગારેણં મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિયાગારેણં, એકાસણું, બિયાસણં પચ્ચક્ખાઈ તિવિહંપિ આહારં, અસણં; ખાઈમંસાઈમં અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, સાગારિયા-

ગારેણું, આઉંટણપસારેણું, ગુરુઅબ્ભુટ્ઠાણેણું, પારિટ્ઠાવણિયાગારેણું, મહત્તરાગારેણું, સવ્વસમાહિવત્તિયાગારેણું પાણસ્સ લેવેણ લા, અલેવેણ વા અચ્છેણ વા, બહુલેવેણ વા સસિત્થેણ વા, અસિત્થેણ વા વોસિરઈ.

ચઉવિહાર ઉપવાસ

સૂરેઉગ્ગએ અબ્ભત્તટ્ઠં પચ્ચક્ખાઈ ચઉવ્વિહંપિઆહારં, અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, વોસિરઈ.

તિવિહાર ઉપવાસ

સૂરે ઉગ્ગએ અબ્ભત્તટ્ઠં, પચ્ચક્ખાઈ તિવિહંપિ આહારં, અસણં ખાઇમં, સાઇમં અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયારેણં, પાણહાર પોરિસિ, સાઢપોરિસિ મુટ્ઠિસહિઅં પચ્ચકખાઈ, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયારેણં, પાણસ્સ લેવેણ વા, અલેવેણ વા, અચ્છેણ વા, બહુલેવેણ વા, સસિત્થેણ વા, અસિત્થેણ વા વોસિરઈ.

ચોવિહાર તિવિહાર

દિવસચરિમં પચ્ચક્ખાઇ ચઉવિહંપિ આહારં, તિવિહંપિ આહારં અસણં પાણં ખાઇમં સાઇમં અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, વોસિરઈ.

પાણહાર

પાણહાર દિવસચરિમં પચ્ચક્ખાઇ, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, વોસિરઈ.

☆

શ્રાવકના એકવીસ ગુણો

1. **અક્ષુદ્ર :** શ્રાવક તુચ્છ હૃદયવાલો ન હોય પરંતુ દિલાવર હૃદયવાલો હોય.

2. **રૂપવાન :** પાંચ ઈંદ્રિયો જેને સંપૂર્ણ મળી હોય.

3. **પ્રકૃતિ સૌમ્ય :** સ્વભાવે શાંત હોય, ચીડીયા સ્વભાવવાળો ન હોવો જોઈએ.

4. **લોકપ્રિય :** જ્ઞાન, સદાચાર, વિનય, મીષ્ટ બોલનાર આદિ ગુણોને ધારણ કરનારો હોય જેથી લોકોમાં પ્રિય બની શકે છે.

5. **અક્રૂર :** સ્વભાવથી દયાળુ હોય પણ ક્રૂર ન હોય.

6. **ભીરૂ :** પાપની કાર્યવાહીથી તેમજ અપયશથી ડરનારો હોય.

7. **અશઠ :** ઠગ વિદ્યા કરી અન્યને છેતરનારો ન હોય. શઠતાને આચરનાર ન હોય.

8. **સદાક્ષિણ્ય :** કોઈની પણ પ્રાર્થનાનો છતી શક્તિએ ભંગ કરનારો ન હોય.

9. **લજ્જાળુ :** અપકાર્યને કરતાં ડરનારો હોય.

10. **દયાળુ :** તમામ જીવો ઉપર અનુકમ્પા રાખનારો હોય, દુઃખીને જોઈને જેનું હૃદય પીગળતું હોય, એટલું જ નહિ પરંતુ શક્તિ હોય તો તેના દુઃખને દૂર કરવા તૈયાર હોય.

11. **મધ્યસ્થ :** વિપરીત વૃત્તિવાલા પ્રાણીઓની કર્મની ગહન ગતિનો વિચાર કરી તેના ઉપર દ્વેષ નહિ કરનારો.

12. **ગુણાનુરાગી :** સર્વ જીવો થોડા ઘણા અવગુણથી ભરેલા તો હોય છે. માટે જ્યાં ગુણો દેખાય તેને જ ગ્રહણ કરવા તત્પર રહેનારો અને નિર્ગુણી ઉપર ઉપેક્ષાભાવ રાખનારો હોય.

13. **સત્કથ :** વિકથાઓને છોડી ધર્મકથાને જ કરનારો હોય.

14. **સુપક્ષયુક્ત :** સુશીલ અને અનુકુલ પરિવારવાળો હોય.

15. **સુદીર્ઘદર્શી :** લાભાલાભનો વિચાર કરીને કાર્ય કરનારો હોય, આંખ મીંચીને ભુસકો મારનારો ન હોય.

16. **વિશેષજ્ઞ :** ગુણને, દોષને, ધર્મને અને અધર્મને સારી પેઠે સમજનારો હોય.

17. **વૃદ્ધાનુગ :** જ્ઞાનવૃદ્ધ, વયોવૃદ્ધ, ચારિત્રવૃદ્ધ આત્માઓનો સેવક હોય, તેમની આજ્ઞાને અનુસરનારો હોય, વૃદ્ધને પાંજરાપોળમાં જવાની સલાહ આપનારો ન હોય.

18. **વિનીત :** આપણાથી અધિક ગુણાવલાની ઉચિત સેવા વિનય, વિવેક–અને મર્યાદા સાચવનારો હોય–પણ થોડું ઘણું જાણ્યું એટલે અક્કડ રહેનારો ન હોય.

19. **કૃતજ્ઞ :** કોઈએ આપણા ઉપર સહેજ પણ ઉપકાર કર્યો હોય તેને મોટા રૂપમાં બતાવવો અને તે ઉપકારને કદી ભૂલવો નહિ, બની શકે તો બદલો વાળવા પ્રયત્ન કરવો. પરંતુ અપકાર કરવાની નીચી હદે તો જવું જ નહિ.

20. **પરહિતકારી :** બદલાની જરાપણ આશા રાખ્યા વિના ગમે તેનું પ્રસંગ આવે હિત–ભલું કરવામાં તત્પર હોય..

21. **લબ્ધ લક્ષ્ય :** દરેક પ્રકારના ધર્મ કૃત્યમાં સુશિક્ષિત હોય, જે કાંઈ ધર્મ ક્રિયા કરે તે ધ્યેયબિંદુને લક્ષ્યમાં રાખીને ઈંગિત આકારથી અન્યના માનસિક ભાવોને જાણવાવાલો હોય.

શ્રાવક જીવનને દીપાવનારા નિયમો

1. સવારે ઓછામાં ઓછું નવકારશીનું તથા સાંજે ચઉવિહારનું પચ્ચક્ખાણ કરવું.

2. નિરંતર (ત્રણ ઉકાલા આવેલું) ઉકાળેલું પાણી વાપરવું. તેથી સુપાત્ર ભક્તિ અને આરોગ્ય આદિ અનેક લાભો થાય છે.

3. ઉભયકાલ આવશ્યક પ્રતિક્રમણ નિયમિત કરવું.

4. મહિનામાં બે ચતુર્દશીએ ઉપવાસ કરવો.

5. બાર તિથિ તથા છ અઠ્ઠાઈ લીલોતરી વાપરવી નહિ.

6. ત્રિકાલ જિનદર્શન સામગ્રીયોગે અવશ્ય કરવા.

7. વિધિપૂર્વક અષ્ટપ્રકારી પૂજા રોજ પોતાની લક્ષ્મીથી ઉત્તમ દ્રવ્યો લાવીને કરવી.

8. મહિનામાં ઓછામાં ઓછું એકવાર સ્નાત્ર ભણાવવું.

9. રોજ ઓછામાં ઓછી એક બાંધી નવકારવાલી ગણવી.

10. મહિનામાં બાર તિથિ અથવા છેવટે પાંચ તિથિ ઉપવાસ, આયંબિલ કે એકાસણું, પોતાની શક્તિ મુજબ કરવું.

11. જીંદગીનું બ્રહ્મચર્ય ન લઈ શકે તેમને બાર તિથિ, અને છ અઠ્ઠાઈમાં તો અવશ્ય બ્રહ્મચર્ય પાલવું.

12. બાવીશ અભક્ષ્ય અને બત્રીસ અનંતકાયનો જીંદગી પર્યંત ત્યાગ કરવો.

13. મુલ્લાના થડ, મોગરા, ફૂલને પાંદડા પણ અભક્ષ્ય છે. તેનો સર્વદા ત્યાગ કરવો. તથા ભાજીપાલો, પતરવેલીયા અને અડવીના પાંદડા, આઠ મહિના અભક્ષ્ય છે. ફાગણ મહિનાથી કાર્તિક સુદ ૧૫ સુધીના કાલ દરમિયાન ખાવા નહિ.

14. જેમની શકિત હોય તેમણે ચોમાસામાં લીલોતરીનો ત્યાગ કરવો.

15. હોટલમાં જવું નહિ, નાટક સીનેમા, જોવા નહિ, પાન, બીડી, સિગારેટ વગેરે વાપરવા નહિ.

16. શ્રી પાર્શ્વનાથ પ્રભુના જન્મ કલ્યાણકનું એકાસણું દર મહિનાની વદિ દસમે અવશ્ય કરવું તેથી સમાધિ મરણની પ્રાપ્તિ થાય છે.

17. રોજ ઓછામાં ઓછું એક સામાયિક કરવું.

18. મહિનામાં અમુક પૌષધ કરવા.

19. તત્ત્વજ્ઞાનના અભ્યાસ માટે રોજ એક કલાક ગોખવું. સ્વાધ્યાય કરવો.

20. શ્રી વર્ધમાન તપની ઓલીનો પાયો નાખવો.

21. આસો તથા ચૈત્ર માસની શ્રી નવપદજી ભગવંતની શાશ્વતી ઓલીમાં નવ આયંબિલો જિંદગી પર્યંત કરવા.

22. ચૌદ નિયમો સમજી લેવા અને હંમેશા ધારવા.

23. સદ્ગુરૂનો યોગ હોય તો વંદન તથા વ્યાખ્યાન શ્રવણ અવશ્ય કરવું.

24. રોજ થાલી ધોઇ પીવી. થાલી ધોઈ પીનારને શાસ્ત્રમાં એક આયંબિલનો લાભ બતાવ્યો છે.

25. દીક્ષા ન લેવાય ત્યાં સુધી ઓછામાં ઓછી કોઈપણ એક ભાવતી વસ્તુનો ત્યાગ કરવો.

26. રાત્રી ભોજનનો ત્યાગ કરવો.

27. માંસ, મદિરા, મધ અને માખણ ચાર મહા વિગઈઓનો જીવનપર્યંત ત્યાગ કરવો.

28. નીતિમય જીવન એ ધર્મનો પાયો છે. માટે માર્ગાનુસરિતાના ૩૫ ગુણો જીવનમાં ઉતારવા સતત પ્રયત્ન કરવો. કોઈએ આપણા ઉપર કરેલો ઉપકાર ભૂલવો નહિ બીજાનું જે કંઈ હિત આપણાથી થઈ શકે તે અવશ્ય કરવું. દિનદુઃખી ભૂખ્યા પ્રત્યે અનુકંપા કરવી. આપણાથી જે કંઈ થઈ શકે તે આચરણમાં ઉતારવું.

29. ● સાત વ્યસનનો જીવનપર્યંત ત્યાગ કરવો.

30. ● વર્તમાન શાસનનાનાયક દેવાધિદેવ શ્રમણ ભગવંત શ્રીમહાવીરપરમાત્માના પાંચ કલ્યાણકોની તપ તથા જાપ દ્વારા આરાધના કરવી. જેથી જૈન શાસનની પ્રાપ્તિ ભવાંતરમાં સુલભ બને.

● શુભકામના :

શ્રાવક જીવનને ઉદ્દેશીને તૈયાર થયેલ આ પુસ્તકને વાંચી, શ્રાવક પોતે પોતાના જીવનમાં યથાશકિત અમલમાં મૂકે, આંખ સામે સાધુ ધર્મ જલ્દીમાં જલ્દી લેવાની ભાવના રાખે અને જયાં સુધી ગૃહવાસમાં છે ત્યાં સુધી શ્રાવકજીવનને દીપાવી સાધુતાના પોતાના આદર્શને વહેલી તકે પાર પાડે એ જ શુભ કામના.

卐

શ્રાવક એટલે સંસારનો દ્વેષી !
શ્રાવક એટલે સંયમનો પ્રેમી !
શ્રાવક એટલે મુક્તિનો અભિલાષી !

શ્રાવકને કોઈ પૂછે કે 'તારે શું થવું છે.'? તો જવાબ એક જ મળે કે 'મારે સાધુ થવું છે.' બીજો પ્રશ્ન પૂછે કે 'કેમ થતો નથી'? તો કહે 'અભાગીયો છું. સાધુ થવા માટે જ મંદિરે જાઉં છું, વ્યાખ્યાને જાઉં છું, પૂજા કરૂ છુ, પણ હજુ સંસાર છૂટતો નથી એ મારા પરમદુર્ભાગ્યની વાત છે.'

સંયમ માટે અસમર્થ છતાં સંયમ માટે ટળવળતો શ્રાવક સંસારમાં રહેવું પડે તો ય શી રીતે રહે? શી રીતે શ્રાવક જીવનને દીપાવે? એ માટે જ આ પુસ્તક પ્રકાશિત થયેલ છે. જેનું નામ છે 'શ્રાવકે શું કરવું જોઈએ'?

આ પુસ્તક લેખનમાં હું તો નિમિત્તમાત્ર જ છું. આશીર્વાદ પૂજ્ય ગચ્છાધિપતિ–પરમગુરૂદેવ શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાનાં છે. કૃપામયદૃષ્ટિ પૂજ્ય પ્રગુરૂદેવ શ્રીમદ્–વિજયમુક્તિચન્દ્રસૂરીશ્વરજી મ. તથા પૂજ્ય પિતાગુરૂ મુનિરાજશ્રીજયકુંજરવિજયજી મ.ની છે. પ્રેરણા પૂજ્યપાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજયમહોદયસૂરીશ્વરજી મ. તથા મુનિપ્રવર શ્રી હેમભૂષણવિજયજી મ. અને મુનિપ્રવરશ્રી દિવ્યભૂષણવિજયજી મ. ની છે.

મેં તો માત્ર અનેક શાસ્ત્ર ગ્રન્થોનો આધાર લઈ કલમની શાહી કાગળ પર રેડવાનું કાર્ય જ કર્યું છે.

આ પુસ્તક દ્વારા શ્રાવક પોતે સાચું શ્રાવકજીવન જીવતો થઈ જાય અને સંયમજીવન જીવવાનાં એનાં અંતરાયો દૂર થતાં જ સંયમ લઈ મુક્તિના બારણે ટકોરા મારતો સહુને 'ધર્મલાભ'ની આશિષ આપતો ઊભો રહે એ જ શુભેચ્છા.

— મુનિ મુક્તિપ્રભવિજય